સર જમશેદજી જીજીભાઇ મદરેસાની જ્યુબીલીને લગતો બીજો મેલાવડો તા૦ ૪ ઠી મારચે સર જમશેદજી ઇનસટીટયુટના હોલમાં મુંબઇના નામદાર ગવરનરની કારોબારી કાઉનસીલના સભાસદ ઓનરેબલ સર કલોડ હીલના પ્રમુખપણા હેઠળ કરવામાં આવયો હતો. શરૂઆતમાં સેકરેટરી સમ-શુલ ઓલમાં એરવદ ડા૦ છવણજી જમશેદજી મોદીએ મદરેસાની ટુંક તવારીખ અને છેલલાં બે વરસના કારોબારનો એક રીપોરટ વાંચીયો હતો. એ રીપોરટમાં જણાવયું હતુ કે પેહેલા પારસી બેરોનેટ મરહુમ સર જમશેદજી જીજીભાંઇ કે જેવણ ૧૮૫૯ ના એપરીલના તા૦ ૧૫ મીએ ગુજરી ગયા હતા, તેમની યાદગીરી કાયમની જળવાઇ રહે તે હેતુથી તેમનાં ધણીયાણી લેડી આવાંબાઇએ પારસી પંચાયતના તરસતીઓ કે જેના પ્રમુખ તરીકે તેમના પુત્ર મરહુમ શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઇ તે વખતે બીરાજતા હતા, તેના ઉપર તા૦ ૨૯ મી મે ૧૮૬૨ નો પત્ર તથા બંગાળ બેંકના ૨૫૩૦૦૦ ના શેરો મોકલી આપયા હતા. તે રકમ તેમના ધણીના નામે અલાહેદા હીસાબમાં જમે કરવાનું જણાવવામાં આવયું અને પંચાયતના ચોપડામાં પહેલા સર જમશેદજી જીજી-ભાઇને નામે તે રકમ નોંધી તે રકમની આવક થાય તેમાંથી એક સકુલ અથવા એક મદરેસા ચલા-વવાનું જણાવવામાં આવયું હતું. આ મદરેસાનાં ધરમગુરૂઓના છોકરાઓને અને તરસટીઓને યોગય લાગે તો બીજા વરગના છોકરાઓને પણ ઝંદ અને પેહેલવી ભાષાનું તથા ઝોરાસ્ત્રીઅન ધરમને લગતું શીક્ષણ આપવાની ગોઠવણ કરવી એવી તે પત્રમાં સુચના કરવામાં આવી હતી. તેજ તારીખે જવાબ લખીને પારસી પંચાયતના તરસટીઓએ તે સખાવત ઉપકાર સહીત સ્વીકારી હતી. તા૦ ૪ થી મારચ ૧૮૬૩ ના રોજે મદરેસા ખોલ્લી મુકવામાં આવી હતી, અને તેના પ્રીનસીપાલ તરીકે પહેલવીના જાણીતા વીદવાન દસતુર ડો૦ પેશોતન બેરામજી સંજાણાની નેમણુક કરવામાં આવી હતી. તે ઉપરાંત પેહેલા સુપ્રીનટેનડંટ તરીકે મરહુમ શેઠ સોરાબજી શાપુરજી બંગાલીની અને અવ-સતા ફારસી તથા સંસકરૂતના શીક્ષકો તરીકે એરવદ શેહેરીયારજી દાદાભાઇ ભરૂચા, શેઠો ખરશેદજી મંચેરજી કટેલી અને રમાકાંત કરૂપણ ભંડેની નેમણુક કરવામાં અવી હતી. શરૂઆતમાં ૧૨ વીદયા-રથીઓને દાખલ કરવામાં આવયા હતા જે દરેકને ૨૦ રૂપયાની સ્કોલરશીપ આપવામાં આવી હતી. ૧૮૯૮ માં દસ્તુર પેશોતન ગુજરી જવાથી તેમની જગયાએ તેમના દીકરા શમસુલ ઓલમા દસ્તુર દરાબ બી. એ. ની નેમણુંક કરવામાં આવી હતી. પ્રથમ દાખલ થયલા બાર વીદયારથીઓમાંથી એરવદ એદલજી કેરસાસ્પજી આંટીયા મદરેસાની સાથે શરૂઆતથી આજસુધી જોડાયલા રહયા છે. આ મદરેસાના પહેલ વહેલા ૧૨ વીદયારથીઓમાંથી હઇયાત રહેલા ચાર વીદયારથીઓ એરવદ એદલજી કેરસાસપજી આંટીઆ, એરવદ શેહેરયારજી દાદાભાઇ ભરૂચા, સુરતવાળા દસતુરજી રૂસતમજી જમશેદજી અને શેઠ ફરામજી હોરમસજી અરજાનીની ઓનરેબલ મી૦ કલોડ હીલની સાથે ઓળખાણ કરાવવામાં આવી હતી અને તેઓને મીસ કલોડ હીલે જ્યુબીલી મેડલો એનાયત કરયાં પછી મદરેસાના ફતેમંદ વીદયારથીઓને મેડલો સરટીફીકેટો અને ઇનામો વેંહેચી આપ્યાં હતાં. એ પછી મીસ કલોડ હીલે ડા૦ સોરાબ ખરશેદજી નરીમાનને ચાંદીના બે સુંદર વાઝ પારસી ફીવર ઓસપી-ટલના ઓનરરી ફીઝીશયન તરીકે તેવણે બજાવેલી મોટી સેવાઓની પીછાણમાં એનાયત કરયાં હતાં.

ડાૅ૦ નરીમાને પોતાને આપેલા માન માટે ઉપકાર માન્યા બાદ પ્રમુખ એ૦ મી૦ કલોડ હીલે ભાષણ કરતાં જણાવ્યું કે મને અને મારી સ્ત્રીને આ પ્રસંગે તમે આમંત્રણ આપ્યું હતું તેથી હું તમારો ઉપકાર માનું છું. મારા સસરાએ એમ. એ. ના અભ્યાસમાં અવસ્તા અને પહેલવી દાખલ કરવા માટે પ્રયાસ કર્યો હતો તેથી આ મદરેસા સાથે અમારો સારો સંબંધ છે. આ મદરેસાનાં ૫૦ વરસની જ્યુબીલીનો પ્રસંગ ઘણો ખુશી થવાજોગ છે. આ ખાતું ઘણું જુનું છે, છતાં તે વખતને અનુસરતા ફેરફાર કરી આગળ વધતા જમાનાને અનુસરીને કામ કરે છે તે ખુશી થવા જોગ છે. ડાૅ૦ મોદી જરથોસ્તી ધરમ અને તેના ઇતીહાસના ઉંડા અભ્યાસી છે, અને ૨૫૦૦ વરસ પહેલાં જરથોસ્તે જે ધરમ શીખવ્યો હતો, તેના કેટલાંક તતવો આજે ખરાં પડતાં માલુમ પડે છે, તેને માટે તમારે મગરૂર થવું ઘટે છે. એ પછી ઓનરેબલ સર જમશેદજીએ પ્રસંગને અનુસરતા ભાષણો કરવા બાદ મેલાવડો વીસરજન થયો હતો. આ મેલાવડામાં એવું જાહેર કરવામાં આવ્યું હતું કે મરહુમ શેઠ નવરોજી માણેકજી વાડીઆના વસીઆ તરફથી આ મદરેસાની જ્યુબીલીના પ્રસંગે મરહુમ શેઠ નવરોજી વાડીઆની યાદગારીમાં અવસતા અને પહેલવી ભાષાના અભ્યાસ માટે સકાલરશીપો સથાપવા સારૂ ૨૫૦૦૦ બક્ષેશ આપવામાં આવશે. વળી એજ દીને સવારે શેઠ વાડીઆજીના આતશ બેહરામમાં સમસુલ ઓલમાં દસ્તુર દારાબ પેશોતનજી સંજાણાની આગેવાની હેઠળ જ્યુબીલીની ખુશાલીમાં જશન થયું હતું.

એલેકઝાનડરા નેટીવ ગરલસ ઇંગ્લીશ ઇનસટીટયુટને સ્થાપવાને પચાસ વરસ પુરાં થવાથી તેની જ્યુબીલીનો કોનવરકેશનનો એક મેળાવડો તા૦ ૧૦ મી માર્ચે શેઠ જેહાંગીર બમનજી પીટીટનાં બંગલામાં નામદાર ગવરનરનાં પ્રમુખપણા હેઠળ થયો હતો. પ્રસંગને અનુસરતાં વીવેચનો થયાં હતાં તથા નામદાર ગવરનરે પણ ભાષણ કર્યું હતું, જે પછી સકુલની બાનુ શીક્ષકાએ મી૦ અને મીસ ખરશેદજીને એક માનપત્ર એનાયત કર્યું હતું. આ જ્યુબીલીની ખુશાલીમાં રમતગમતના મેલાવડાઓબી થયા હતા અને વળી રોયલ ઓપેરા હાઉસમાં એક કોનસરટનો મેલાવડો થયો હતો.

જોરાસ્ત્રીઅન બીલડીંગ સોસાઇટીની ગઇ વારસીક સભામાં પ્રમુખ શેઠ સોરાબજી બેહલજી વોરડને રીપોર્ટ બાહલ રાખવાની દરખાસ્ત રજુ કરતાં જે ભાષણ કર્યું હતું તેપરથી જણાય છે કે હમણા સોસાઇટી હસ્તકની ચાલીઓમાં લગભગ ૫૦૦ આસામીઓ લાભ લે છે. રૂપયા પાંચ લાખના શેરો તમામ ભરાઇ ગયા હતા અને સોસાઇટીએ પોતાની થાપણ વધારી ૧૦ લાખની કરવાનો એરાદો રાખ્યો છે, અને શેરો ઉપાડી લેવાને અરજ કરવામાં આવી હતી. સર જમશેદજી જીજીભાઇ બેરોનેટ, શેઠ હોરમસજી મનચેરજી કામા, શેઠ શાપુરજી એન. ચાંદાભાઇ તથા ડાૅ૦ જેહાંગીર ખરશેદજી દાજીને ડીરેકટરો તરીકે ફરી ચુંટી કાઢી શેઠ નશરવાનજી બાપુજી તચકરા અને મેસરસ એસ. બી. બીલીમોરીઆ એંડ કંપનીને ઓનરરી ઓડીટરો નેમયા હતા અને મંડળીના પ્રમુખ, ડીરેકટરો, સેકરેટરી, આરકીટેકટ સોલીસીટરો, પલીડર તથા ઓડીટરોનો તેઓની સારી અને બીનસ્વારથી સેવા માટે આભાર માનવામાં આવ્યો હતો.

જરથોસતી કોનફરંસની ત્રીજા વરસની બેઠક તા૦ ૮ મી નવેમબરથી ૩ દીવસ સુધી નોવેલટી થીએટરમાં શેઠ હોરમસજી અરદેશર વાડીઆ બેરીસ્ટરના પ્રમુખપણા હેઠળ મળી હતી, જે વખતે હમેશ મુજબ જાણીતા ઘણા શેહરીઓએ પ્રસંગને અનુસરતા ભાષણો કીધા હતા અને રેશાલાઓ વાંચવામાં આવયા હતા. તેમજ કેટલાક ઠરાવોબી પસાર કરવામાં આવયા હતા.

જરથોશતી કોમના લાભ સાચવનારી મંડળી તરફથી જરથોશતીઓની એક જાહેર સભા તા૦ ૧૬ મી ફેબરવારી ૧૯૧૨ ને દીને કોટમાં સર જમશેદજી જીજીભાઇ પારસી બેનીવોલંટ ઇનસટીટયુશનવાળા મકાનમાં શેઠ હોરમસજી અરદેશર વાડયાનાં પ્રમુખપણાં હેઠળ બોલાવવામાં આવી હતી. તે સભામાં પારસી કોમમાં ગરીબાઇ, લાચારી અને બેરોજગારી કેટલી હદ સુધીની છે તે ચોકકસ કરવા માટે તથા ઘટતી જુસતેજો કરી તેનાં કારણો શોધી કાઢવા માટે, તેમજ તે ટાળવા

અથવા કમતી કરવાના વયવહારૂ પગલાંઓ શું લેવા જોઈએ તે બાબે રીપોર્ટ કરવા માટે એક કમીટી નેમવામાં આવી હતી. મજકુર કમીટી તેને સોંપવામાં આવેલા સવાલ બાબે પુખ્ત વીચાર કરી એવા ઠરાવ ઉપર આવી હતી કે પારસી કોમની હાલની સંસારી તથા આસથીક સ્થીતી બાબેની ખરી હકીકત જાણવાને બની શકે એટલા માટે શરૂઆતમાં જુદાં જુદાં ધરમખાતાંઓમાંથી તેમજ સેનસસ અને બીજાં સાધનો મારફતે મળી શકતી વીગતો ભેગી કરવી. ઉપર જણાવેલું કામ આરંભવા માટે નીચલી એક સબ કમીટી નેમવામાં આવી હતી. શેઠ હોરમસજી અરદેશર વાડયા, શેઠ રતન જમશેદજી તાતા, શેઠ હોરમસજી મનચેરજી કામા, શેઠ જીજીભાઇ પેસ્તનજી મીસ્ત્રી, શેઠ જહાંગીર જમશેદજી વીમાદલાલ, શેઠ કાવસજી ધનજીભાઇ માહાલક્ષમીવાળા, શેઠ ફરામરોઝ રૂસતમજી જોશી, ડા૦ કાવસજી એદલજી દાદાચાનજી, શેઠ રૂસતમજી પેસતનજી કરકરયા, શેઠ રૂસતમ પેસતનજી મસાની, ડૉ૦ દીનશાહ બમનજી માસતર, ડા૦ જહાંગીર ખરશેદજી દાજી, શેઠ ફરામજી બમનજી માસતર, શેઠ ફરેદુન કેરશાસ્પ દાદાચાનજી, શેઠ સોરાબજી એદલજી વોરડન, શેઠ દોરાબજી એદલજી ગીમી, શેઠ જહાંગીર બમનશાહ વકીલ. પારસી ગરીબાઈ બાબે તપાસ કરવા અરથે સેનસસ તેમજ બીજાં સાધનો મારફતે વીગતો ભેગી કરવા માટે કમીટી તરફથી એક ફંડ ખોલવામાં આવયું છે.

દીલ્હી શેહેરને હીંદની નવી બ્રીટીશ રાજ્યની બાદશાહી રાજધાની તરીકે સથાપવાનું કામ તા૦ ૨૩ મી ડીસેમબરે કરવામાં આવયું હતું. હીંદનું પાયતખત કલકતાને બદલે દીલ્હીને બનાવવાનો ઠરાવ નામદાર શહેનશાહ જયોરજ પાંચમાએ દીલ્હી દરબાર ટાંકણે જાહેર કરયો હતો. તે મુજબ તા૦ ૨૩ મી ડીસેમબરે દીલ્હી ખાતે દરબાર ભરી એ દીનથી દીહલીને રાજધાનીનું શેહર ગણી હીંદી સરકારની મુખ્ય બેઠકોની ત્યાંજ રહેશે એમ નક્કી કરવામાં આવ્યું હતું. એ દીવસ ધામધુમથી પાળવામાં આવયો હતો અને નામદાર વાઈસરાય લોરડ હારડીંજ અને લેડી હારડીંજની તયાં થયલી પધરામણીથી ખુશાલી વયાપી રહી હતી. એ બંને નામદારોને સ્ટેશન ઉપર ઘણો સારો આવકાર આપી મ્યુનીસીપાલીટીનું માનપત્ર એનાયત કરવામાં આવયું હતું. દબામદાર સરગસ સાથે નામદાર વાઇસરાય લોરડ હારડીંગ અને લેડી હારડીંગ ચાંદની ચોક આગળ આવી પહોંચતા તેમના ઉપર કોઈ નહી જણાયલા બદમાશ તરફથી એક બોમ ફેંકવામાં આવયાથી તે નામદારોની પાછળ ઉભેલો જમાદાર તરત મરણ પામયો હતો. બોમ નામદાર વાઇસરાયના હાથી ઉપરની બેઠક ઉપર ફુટયો હતો. નામદાર વાઇસરોયને થોડી ઘણી ઇજા થઇ હતી પણ સારે નસીબે સહીસલામત લેડી હારડીંગ બચી ગયા હતા. નામદાર વાઇસરોયે સરઘસ આગળ ચલાવવા હોકમ કરયો પણ થોડા સમયમાંજ તે નામદારને મુરછા આવવાથી તરત તે નામદારને હાથી ઉપરથી ઉતારી લઈ મોટરમાં બેસાડી વાઇસરીગલ લોજમાં લઈ જવામાં આવયો હતો. તે નામદારના હોકમથી સરઘસ આગળ વધયું હતું અને પ્રોગ્રામમાં જણાવયા મુજબ દીવાને આમમાં દરબાર 'કીધા' તે નામદારને બદલે કાઉનસીલના વડા મેંબર સર ગાઇ ફલીટવુડ વીલસનના પ્રમુખપણા નીચે થઇ હતી અને સર ગાઇ ફલીટવુડ વીલસને ધારાસભાના પ્રજાકીય સભાસદોનાં અને પંજાબના લેફટેનંટ ગવરનરના માનપત્રનો નામદાર વાઇસરોયનો જવાબ વાંચી બતાવયો હતો. એ પછી સરગસ બીખેરાઈ ગયું હતું.

નામદાર વાઇસરાય ઉપર કરેલા હુમલા માટે તીરસકાર દેખાડનારો પારસી કોમ તરફથી સર જમશેદજી જીજીભાઇએ તે નામદારના ખાનગી સેક્રેટરી ઉપર નીચલો તારનો સંદેશો રવાના કીધો હતો:- "નામદાર વાઇસરાય ઉપર કરવામાં આવેલા કરપીણ હુમલાની ખબર પારસી કોમે ભારે ગુસ્સા અને કમકમાંટની લાગણી સાથે સાંભળી છે, અને એ કોશેશ નીશફળ નીવડી છે માટે ખુદાનો આભાર માને છે. તે નામદાર જલદીથી સાજા થાય એવી પારસી કોમ દુવા ગુજારે છે."

નામદાર વાઇસરાય પોતાની બીમારીમાંથી જલદીથી સાજા થાય એવી ભલી દુવાઓ ચાહવા માટે જરથોસતી કોમ તરફથી મરહુમ શેઠ હોરમસજી બમનજી વાડીયાના આલશબેહેરામમાં

તા૦ ૨૯ મી ડીસેમબરે પારસી પંચાયતના ત્રસટી સાહેબોની આગેવાની હેઠલ એક જાહેર જશન અને બંદગી કરવામાં આવી હતી. એ પ્રસંગે દસતુરજી દારાબજીએ નામદાર વાઇસરોયની સલામતી ચાહતાં ઘણા અસરકારક શબ્દોમાં વીવેચન કરયું હતું અને નામદાર વાઈસરાય ઉપર એક તારનો સંદેહશો મોકલી આપવાનો ઠરાવ કીધો હતો. તેમજ મુંબઇના અંજુમનના આતશબેહરામમાં, શેઠ દાદીશેઠના આતશબેહરામમાં વીગેરે વીગેરે ઠેકાણે જાહેર બંદગી જશનો થવા ઉપરાંત પુણા, ઇલાવ, સુરત, નવસારી વગેરે જુદા જુદાં દેશાવરો ખાતેબી જાહેર જશનો બંદગીઓ કરીને ત્યાની જરથોસ્તી અંજુમનને આ નીચ કામ તરફ તીરસકાર દેખાડનારા અને નામદાર વાઈસરાય સહીસલામત બચી ગયા તે માટે ખુશાલી દરશાવનારા મુબારક બાદીના સંદેશાઓ મોકલાવ્યા હતા. નામદાર વાઇસરાય ઉપર ફેકાયલા બોંમ માટે પોતાનો તીરસકાર જાહેર કરવા તેમજ આવા ભયાનક બનાવવેળા નામદાર લેડી હારડીંગે જે શાંત હીંમત બતાવી હતી તેની ઉંચી પીછાન કરવા તે નામદાર બાનુને હીંદુસતાનના બાનુઓ તરફથી એક એડરેસ એનાયત કરવાની હીલચાલને દીલોજાની ભરયો ટેકો આપવાને મુંબઇના બાનુઓની જાહેર સભા નામદાર ગવરનરના બાનુ લેડી સીડનહેમનાં પ્રમુખપણા હેઠળ ટાઉન હોલમાં તા૦ ૧૫ મી જાનેવારીએ મળી હતી. જયા પ્રમુખે તથા કેટલીક બાનુઓએ પ્રસંગને અનુસરતાં તીરસકાર બતાવનારા વીવેચનો કરવા બાદ નામદાર લેડી હારડીંગ ઉપર માનપત્ર મોકલાવાનો ઠરાવ થયો હતો. એ મુજબ જુદા જુદા દેશાવરો ખાતેબી બાનુઓની સભાઓ ભરાઇ હતી અને એ હીલચાલને પોતાનો ટેકો આપયો હતો.

નામદાર વાઇસરોયની મુબારક સાલગરેહ તા૦ ૨૦ મી જુને પડવાથી એ દીવસ એક જાહેર તેહેવાર તરીકે આખા હીંદમાં તથા મુંબઇમાં જાહેર પ્રજા તરફથી નામદાર લેડી હારડીંજની ઇચછાને અનુસરીને ચીલડરનઝ ડે તરીકે પાળવામાં આવયો હતો. એ બનાવની ખુશાલીમાં મુંબઇની સ્કુલોના લગભગ પચાસ હજાર છોકરાંઓને તેમજ દરેક દેશાવરો ખાતેની સકુલોના હજારો છોકરાંઓને મેલાવડાઓ કરી મીઠાઈ વગેરેના પડીકાં ભેટ આપવામાં આવયા હતા. મુંબઇની પારસી કોમ તરફથી પારસી કોમના માનવંત અકાબર ઓનરેબલ સર જમશેદજી જીજીભાઇ તરપથી નીચલો તારનો સંદેશો તે નામદારના ખાનગી સેકરેટરી જોગ રવાના કરવામાં આવયો હતો:—
"નામદાર વાઇસરોયની વરશગાંઠના માંગલીક પ્રસંગે સમાનય ખુશાલીમાં પારસી કોમ ભાગ લે છે અને તે નામદાર તથા લેડી હારડીંજને લાંબી જીંદગી સુખ અને તંદોરસતી ઇચછે છે." ઉપલા સંદેશાનો નામદાર વાઈસરોયના ખાનગી સેકરેટરી તરફથી સર જમશેદજીને નીચે મુજબ જવાબ મલયો હતો:— "મુંબઈની પારસી કોમનો તેઓના મુબારકબાદીના માયાલુ સંદેશા માટે અંતકરણપુર્વક ઉપકાર માનવાની નામદાર વાઇસરોયે મને ફરમાસ કરી છે." એ ઉપરાત જુદા જુદા દેશાવરો ખાતેથીબી પારસી કોમ તરફથી તારના સંદેશાહ મોકલવામાં આવ્યા હતા. મુંબઈની યંગ લેડીઝ હાઈ સ્કુલના પ્રીનસીપાલ મીસ આઈમાય હીરજીભાઇ પટેલે સ્કુલ તરફથી એક કીમતી સુખડનો કાસકેટ લેડી હારડીજ ઉપર મોકલાવયો હતો.

નામદાર શહેનશાહે તા૦ ૪ થી ફેબરવારીએ બર્કીંગહામ પેલેસમાં એક લેવી ભરી હતી, જે વેળાએ નીચલા પારસી ગ્રહસથોને નામદાર શહેનશાહની રૂબરૂ હાજર કરવામાં આવયા હતા. સર દોરાબ જમશેદજી તાતા, શેઠ ફરદુન ફીરોઝ તારાપોર અને શેઠ તેહેમુરસ કાવસજી મોદી હતા.

નવસારીના વડા દસતુરજી કેકોબાદજી દારાબજીને વડોદરાના મહારાજાએ છત્રી મસાલનું માન આપવાનો ઠરાવ ગયા મારચ મહીનામાં કીધો હતો.

ભાવનગર રાજયનાં માજી ચીફ મેડીકલ ઓફીસર ડા૦ બરજોરજી બેહરામજીની યાદગારી જાળવી રાખવા માટે પ્રજા તરફથી ઉભા થયલાં ફંડમાંથી સર તખતસીંહજીની ઓસપીટલમાં તેઓનું એક અરધા કદનું બાવલું મેલવામાં આવયું હતું અને તયાની હાઈ સકુલની પડોશમાં ઉભો કરેલો એક ફુવારો ખુલ્લો મેલવાની કીયા ઓ૦ શ્રીયુત પ્રભાશંકર દલપતરામ પટણીએ તા૦

૧૧ મી ડીસેમબરે એક મેળાવડા સનમુખ કીધી હતી. જયા ડાᵒ બરજોરજીએ રાજયની બજાવેલી કીમતી સેવાઓની સ્તુતી કરવામાં આવી હતી.

મરહુમ ડાᵒ કાવશ લાલકાકા લંડનખાતે સર કરઝન વાઇલીનાં થયલાં ખુન વેળાએ તેવણુને બચાવવાની કોશેશ કરવા જતાં ગોળીથી મારયા ગયા હતા, તેવણુનું એક બસટ લોરડ જયોરજ હેમીલટને લંડનમાં ઇમપીરીયલ ઈનસટીટયુટની સીડી ઉપર ખુલ્લું મેલવાની ક્રીયા તાᵒ ૧૧ મી એપ્રીલે સર મનચેરજી બાવનગરીના પ્રમુખપણા હેઠણ કરી હતી, જેવણે મુંબઇના નાણાં ભરનારાઓ તરફથી તે બસટ ભેટ આપેલું જાહેર કીધુ હતું.

મરહુમ શેઠ બેહેરામજી એદલજી કલેકટરની સબી કરાંચી ખાતેની કાંપની અગીઆરીમાં દસ્તુર ધાલાએ શેહેનશાહી ખોરદાદસાલને દહાડે ખુલ્લી મુકી હતી.

જરથોસતી છોકરીઓની નીશાળ મંડળીના મરહુમ સેકરેટરી ખાᵒ બાᵒ દારાશાહ રતનજી ચીચગરનાં તાᵒ ૧૩ મી મારચે પડેલા મરણુના પહેલા વારસીક દીવસની યાદમાં કોટની બાઈ બીખાઇજી બંગાલીવાળી નીશાળના હોલમાં એક મેળાવડો થયો હતો જે વેળાએ મરહુમ શેઠ ખરશેદજી રૂસતમજી કામાજી અને મરહુમ ખાᵒ બાᵒ ચીચગરની તસવીરો શેઠ નવરોજી જાહંગીર ગામડયાએ ખુલ્લી મુકી હતી.

એલફીનસટન કોલેજના પ્રોફેસર અને યુનીવરસીટીના રેજીસ્ત્રાર શેઠ ફરદુનજી મનચેરજી દસ્તુરની સબી કોલેજની લાઇબેરીમાં તાᵒ ૨૮ મી આગસટે પ્રીનસીપલ મીᵒ કોવરનટને એક મેળાવડા સનમુખ ખુલ્લી મુકી હતી.

પુસ્તકોની પહોંચ.

આ વખતે નીચલાં ચોપડી ચોપાન્યાં અમારા અભીપરાય અરથે મલેલાંની પોંહચ માન સાથે સ્વીકારીએ છીયે:—

શાહાનામું ભાગ બીજો—આપણી કોમના માનવંત નાયબ દસ્તુરજી મીનોચેરજી જામાસપજી જામાસ્પઆશાનાં પોતાનાં શાહાનામા છાપવાના શાહશમાં ફાવ્યા છે તે જોઈ આપણુને ખુશાલી ઉતપન થાય છે, અને તે માટે તેમને મુબારકબાદી આપીએ છે. આગળે એક વરશમાં તેમનું શાહાનામાનું પેહલું વાલમ પ્રગટ થયું હતું અને હવડાં તેવુંજ દલદાર, જહલેદાર સુંદર બીજું પુસતક બાહાર પડી ચુકું છે, અને તેની નકલો પણુ જાણુવામેળે શારી ખપી છે. અને તેમ ખપવીજ જોઇએ, કેમકે દશતુરજી સાહેબે તેનાપર અઠાગ મેહનત લીધેલી લાગે છે આ ઉપરથી હવે ખાતરી મળે છે કે આજ લાંબો વખત થયો શાહાનામા જેવી મોહટી માહાભારત કેતાબ શમપુરણુ કરવાને બીજા કોઇ ફાવેઆ નહી ત્યારે આ માનવંત દશતુરજી તેમાં ફતેહમંદ ઉતરયા છે, અને આશા રખાય છે કે આ અરધો અરધ શાહાનામું બે ભાગમાં પુરૂં થયું છે તેમ બીજા બાકીના બાગમાં શમપુરણુ પુરૂં થઇને એક ગમથી જેમ દશતુરજીની કીરતીમાં વધારો થશે તેમ તેમનાં કામની કદર બુજાયાથી આખી પારશી કોમને હાવાં એક માહાભારત પુશતક પુરૂં થવાનો લાભ મલશે. પેહલી શરૂઆતનાં જેવો છેલે શુધી આશરો આપવાનું જાહેર પ્રજા તરફથી રેહશે હેવી આશા રાખવામાં આવે છે.

ખરો જરથોસતી રેહનમુન—આ શંજોગ અજબ મલતો આવ્યો છે, કે ઉપર કહેલાં શાહાનામાના પેહલા ભાગની વખતે આપણુા માનવંત વાહડીઆજીનાં આતશબેરાંમવાલા નાયબ દશતુર રૂશતમજી એદલજી દશતુર પે. સંજાણુા, બી. એ. પણુ તેજ હીંગામે શાથે બાહેર પડયા હતા અને તે વેળાએ તેવો શાહેબે જરથોસત નામાનુ એક નામીચું પુસતક પરસીધ કરી નામના મેળવી હતી. વળી હમણુા શાહાનામાના બીજા ભાગની વખતેજ આપણુા સંજાણુા દશતુરજી સાહેબનું ઉપલું. "ખરો જરથોસતી રેહનમુન" એક નામચીન પુસતક બાહાર પડયું છે. એ રીતે જવાંન દશતુર શાહેબોમાં હાવો ઉમંગ વધેલો જોઇને જરથોસતી કોમને ખચીત આનંદ મલવો જોઇએ. આ

રેહનમુનનાં પુસતકમાં તહરેકીશમના કામેલીયત ભરેલાં અને હેવાં સરસ લખાંણો દુનીઆઇ જ્ઞાનને લગતી બાબદોપર રચાયલાં જોવામાં આવે છે તેથી આવાં રીસ્રશુશી ભરેલા લખાંણની પીછાંણ ઘણી સારી થયેલી હોવી જોઈએ. જુદા જુદા રેશાલાઓ કેટલાક અંગરેજી વીશયોની સાથે મેળવીને હેવી ઢબનું વાંચણ પુરૂં પાડયું છે કે તેનું સુંદર પુશતક એકવાર હાથમાં લીધા પછે મુકવાણી ગમે નહી. એની કીમત રૂ ૩) તરણ છે. પણ તેની મેહનત તરફ જોતાં તે ઘણી કેહવાઇ શકાય નહી અને તેથી આપણા માનવંત શરાંણાં દશતુરજી સાહેબનાં પુસતકનો શારો ઉઠાવ થવો જોઇએ કે તેથી તેવો શાહેબ શોડે હેવાં બીજા ઘણાં શરસ લખાંણો એકઠાં થયેલાં હશે તે પરગટ થવાની શવલતા મળે. કોમનાં શોખીન શકતીવાળા લોકો એની નકલો ખરીદી ઉતેજન આપશે એવી આશા છે.

પએવનદ નામે ઇરાંણી જરથોસતી યાને ઇરાણના જરથોસ્તીઓના લગન કરવાની વીધી—આ મજકુર ચોપડીબી એક દશતુરજાદાની બનાવેલી છે, એમ વાંચનારાઓ જાણશે ત્યારે તેઓમાં પાછી નવેશરથી ખુશાલી વ્યાપી નીકલ્યા વના રેહશે નહી. આ કેતાબના લખનાર મુબદ મહેરવાંનજી ખુરશેદજી બેરાંમકામદીનના તે કલકતાનાં મરહુમ શેઠ રૂશતમજી કાવશજી બનાજીનાં આતશઆદરાન શાહેબનાં પંથકી છે. ઘણા કાબેલ અને હોશીયાર અથોરનાન છે. દશતુર શાહેબો અને અથોરનાંનો એ રીતે તહરેકીસમનાં નાહાનાં મોટાં પુસતકો પરશાય કરે એ તેમને થોડું માન ભરેલું નથી. આ દશતુરજીમાં હેવાં લખાંણો કરવાનો અજબ શોખ માલમ પડે છે. આ તેમની ચોપડી તો એક છે પણ તેમાં તરણ જુદા જુદા વીશયો શમાયલા છે. પહેલા ભાગમાં ઇરાંનનાં લગનની રસ્મી શમાયલી છે તેની અંકડી વીગત કેવી જાણવાજોગ અને છોકરા છોકરીના મા બાપો તથા વાલીઓ વચ્ચે પેહલેથી કેવી વાતચીત રીતભાત અને કીરીઆ કાંમો પેહરાંમણી હોથામણી વીગરે હેવું થાય છે કે વાંચનારને જરાકે જરાક વાંચનમાંથી બઘો રશ કશ મળે છે અને અંતે વર કન્યા કેમ ઠેકાણે પડે છે તેનું ચોખેચોખ્ખું વરણન હીંદુસથાનના દરેક જરથોસતીને વાંચવાને ઘણું ઉપયોગી છે. બીજા ભાગમાં **ઈરાંન અને ઇરાંનીઓને લગતી પરચુટણ વીગતો** શમાયલી છે. ઇરાંની કોંમ અને ઇરાની ધરમ વીશે આગલા જમાનાના આલમાઓ અને અશલી ઈરાંની અરબી તથા અંગ્રેજી વીદવાનોનાં મત હેવાં દીપી નીકળયાં છે કે તેનાથી કોઇબી જરથોસતીનાં દીલ બેશક ખુશાલ થયા વના રહેઆં નથી. ભાગ તીજો વલી એક જુદાંજ વીશયથી રજુ થાય છે એટલે **આતશ બેહરાંમની રખ્યાનું તીલક અને તે ઉપરથી ઉપજતા વીચારો** શમાયલા છે. આ રખયાનું વરણન અને તેનાથી મલતી ઉંચી શમજન ઘણીજ ઉપીઓગી છે.

ઝેરી જાનવરોના ડંખના તત્કાલીક ઇલાજો—આ ચોપડી શેઠ દીનશાહ દાદાભાઇ દોરડીએ પોતાને મલેલા અનુભવથી રચી છે જયારે ગોરખા ગ્રંથ પ્રસારક મંડળી તરફથી છપાવી પ્રગટ કરવામાં આવી છે અને એ ચોપડી લોકોમાં મુફત આપવામાં આવે છે. એ ચોપડીમાં સાંપ, વીછુ, હડખાએલાં કુતરાં, વગેરે ઝેરી જનાવરોના ડંખો માટે જુદી જુદી કીસમના ઘણીક જાતના ઉપાયો કેમ કરવા તે સુચવવામાં આવ્યા છે. દરદીને વઇદક મદદ મલે તે અગાઉ આમાનો કોઇ નુસકો અજમાવવાથી તતકાળીક મદદ તરીકે કામે લાગે તેમ છે. લખનારે જુદા જુદા ડંખના ઉપાયોનો સંગ્રહ કરવા ઘણી મેહેનત લીધેલી લાગે છે.

કાકા કાહાંનનાં ચુંટી કાઢેલાં લખાંણો—કાકા કાહાન તે મરહુમ શેઠ ફરાંમજી દોરાબજી પાંડે નામના ગ્રહસ્થ એક જબરા જાહેર લેખક હતા. તેવોનાં ઘણાક લખાંણો જાહેર પેપરોમાં ચોપડી ચોપાનીઆંમાં પ્રગટ થયલા છે અને તેબી તરેહકીશમની બાબદોપર ચીતરાયલાં છે—રમુજ ગંભીરાઇ ચાનાક, ચતુરાઈ, કેલવણી, શંશાર, મોહત જીવત જેવી દરેક જાહેર બાબદ, એમાં શમાયલી છે. પોતાની જુઇઆનીમાં શાહીત્યનો અજબ સોખ ધરાવતા હતા. એકબી જાહેર આયો તેમના લખાંણથી બાકી રહેઓ હોય હેવું લાગતું નથી. વીદયા મીત્ર નામનાં આબાદરીતે એરવદ અને એરવદના જેવા બીજા શોખીન લખનારાઓ ખુબ ખીલવતા તેને

માટે ખાસ ઉભી થયલી મંડળી હતી—જેમા આપણી કોમના જાહેર લેખક મરહુમ શેઠ જીજીભાઇ પેશતનજી મીસતરીબી શામેલ હતા. તેવોએ પોતાના ભાઈબંધ વીદવાનોનાં અહીં તહીનાં છુટાં પડી ગયલાં લખાંણો એકઠાં કરીને ખરી જેહમતનાં ઉઠાવેલાં કામોમાં ઉપલુ પુસતકબી આવી જાય છે. તેનાં છુટા જુદા જુદા બાબો પાડીને એ પુસતક પરશીધ કીધું છે, અને વાંચનારી આલમને ઉપ્યોગી થઇ પડશે.

ગુલેસતાન—ફારશી બાશા જાતેજ લેજતદાર શીરીન લેહજતનો અકેકો શબ્દજ હેવો રસીલો છે કે બોલતાંજ ને શાંભલતાંજ મોહમાં મહજા અને મગજને તાજગી મળે આ વીના રેહે નહી. તેમાં વલી ઉપલો **ગુલેસતાન** બોલ ઉમેરાવાથી તેની લેહજતમાં ઓરજ વધારો થઇ જાય છે. ગુલેસતાનની કેતાબ હેવી શવાદદાર—રશરશની અને દેલપજીર છે કે તે જાંણે વાંચેઆજ કરવી જોઈએ. દુનીઆમાં પેદા પડેલાં દરેક ઇનશાન જાતે પોતાની આખી જીંદગીમાં હેવું રશીલું પુસતક એકવારબી વાંચી લેવું જોઈએ છે. મરહુમ શેઠ જમશેદજી નશરવાંનજી પીટીટ શેઠયા વરગમાં જનમેલા અને ઉછરેલા હત—છતાં તેવોનો વીદયા અભયાશ પાછળનો શોખ કંઇ ઓરજ હતો—ખુદરતે તેમ-નાંમાં કેલવણીનું જહવેર એટલું ઉમેરેલું હતું કે બધી શેઠાઇ-બડાઇ અને લાડમાં ઉચરવું તદન વીશારી મેલીને એક વીદયા પુજારી શનેઆશી જેવા હતા પોતાનાં બોહલા ધંધાની રોકાણ એકકોરે મેલીને વીદયા દેવીના ને છાપા શાહીત્યમાં ભારે શોખ પણ ધરાવતા હતા. શોખતો ઘણોબી હોય પણ તેની શાથે દુન્યાઇ-ગ્નાનનું ગહવેર એટલું તો ધરાવતા કે તેવો શાહેબે જેબી ગુજરાતી પુસતકો રચવાના પશંદ કીધેલાં તે ઘણાં સરશમાં સરસ શઉથી પેહલાં નંબરનાં ગણાતાં અને ઘણા ઉપીઓગી કામમાં આવતાં એવાંજ નામીચાં દુન્યાવરણનાં વખનાયલાં પુસતકોજ તેવો રચવાનાં કામમાં લેતા—તેવી રીતની પશંદગી પાંમેલું આ ગુલેસતાન પુસ્તક છે એમાં શું શું રચના છે કેવી કેવી બાબદો નશીયતો—અને દરેક તથા શઘલી ચીજો માટેનાં લખાંણો મલી આવે છે. ફીલશુફીના વાકયો, ખુશ કેહણીઓ, તવારીખી વારતાઓ, જીંદગી જોગવવાની અને રાજ પ્રકરણની શલાહો, ઇનશાને આ દુન્યામાં કેમ વરતવું વીગેરે વીગેરેની નશીએતો, એબાદતો, કેહવતો ગુલેશતાનમાં એટલા જઠામાં શમાયલી છે કે તે વાંચેઆ ને જોયા વગર તેનો કશો ખયાલબી બાંધી શકાય નહી. નીતી રીતીની હેકાયતો તો આજેબી બાળકોને શેકશાયદીનાં ગુલેશતાન અને બીજાં પુશતકો-માંથી મળે છે. મી૰ બરાઉન નામનો એક અંગ્રેજી લેખક કેહછે કે દરેક શોખના આદમીને માટે શેક શાયદીનાં લખાણમાંથી કાંઇને કાંઈ મળી આવે છે જેમ ઉંચામાં ઉંચા અમીરને તેમ હલકામાં હલકા પદવીનાં ઈનશાંનને તેમાંથી કાંઈ પણ મલી આવે છે હેવાં હેવાં શાયદીના બનાવેલાં બાવીશ પુસતકો છે. અને તે પોતે ફારશી ઉપરાંત ઉરદુ, અરબી, હીંદુશથાની વીગેરે બીજી ભાશાઓનો પણ જાણકાર હતો. ગુલેશતાંનનો તરજુમો દુનીઆની બોલાતી શઘળી યુરોપ વીગેરેની તમામ ભાશામાં થઈ ગયો છે, તે ઉપરથીજ તેનું ઉપીઓગીપણું જણાઈ આવે છે. ઉપર કહયા મુજબ મરહુમ શેઠ જમશેદજી નસરવાનજી પીટીટે જે પોતાની તરફના મારી મજાહ વિગેરેના પુસ્તકો રચેલાં તેમાં એકનો વધારો કરવા માટે ઉપલું ગુલેસ્તાનનું નામીચું પુસ્તક હાથ ધર્યું અને જયારેબી થોરી ઘણી પોતાના કામ ધંધાની ફરાગાટ મળતી ત્યારે એ ફુલવારીના બાગને આગલ ખીલવવા લઈ બેસતા એમ કરતાં ગુલેસ્તાનના જે આંઠ બાબ હતા તેમાના ચાર પુરા થયા યાને અરધોઅરધ પુસ્તક લખાયું—તેવામાં ઘણાંજ માથા ભાયગે શેઠ જમશેદજીની તબીયેત લડરી પડી અને બચારા ગુજર પામ્યા. એ રીતે અધુરું પડેલું આય નામીચું પુસતક શેઠ જમશેદજીના એક ગોઠીઆ અને આપણી ટાપુના માનવંત જાહેર લેખક શેઠ જીજીભાઈ પેસતનજી મીસ્ત્રી એમ. એ. ના જોવામાં આવયું કે પોતાના ખાસ દોસ્તે હાથમાં ધરેલું પુસતક બોરંબે પડયું છે ત્યારે તરતજ મોટા ઉમંગ ધરીને તે પુસતક પુરું કરવાની હામ બીડી. જાણે કે શેઠ જીજીભાઈ એવાજ કામો કરવાને જનમ્યા હોય તેમ કેટલાંએક પુસતકો એવણની રસીલી કલમથી રચાયેલાં આપણ જોઇએ છઇએ તેમ ગુલેસ્તાન હાથમા લઇને બાકી ચાર બાબનો તરજુમો કરવા મંડી ગયા અને સારું થયું કે તેવણ પોતાની હઇયાતીમાંજ તે પરગટ થયેલું જોવા પામ્યાં એવાં એવાં તો કેટલાં બધાં પુસતકો એવણ રચી ગયા છે તેની લંબાણ નોંધ લેવાઈ ચુકી છે. એ બધામાં ગુલેસ્તાનનું પુસ્તક જેવું રસીલું અને મહાભારત છે તેવું તેને સુંદર અને મનપસંદ કરવાની કચી કસર રાખવામાં આવી નથી. ગુંથણી

ચાલતાં છાપખાનાઓ દહાડે દહાડે પોતાના કામોની સુંદરતામાં એટલો બધો વધારો કરતા આવીયા છે કે એવાં મનમોહન કામો અને મનોરંજક પુસતકોની સોભા આગાઉ થોડી જોવામા આવતી હતી. આ પુસતક ખરેખર મનોરંજક છે અને સુંદરતામાં કસી કચાસ બાકી રહેલી જોવામાં આવતી નથી. ધી જમશેદજી નસરવાનજી પીટીટ પારસી ઓરફનેજના પ્રીનટીંગ વરકસના કરનારા આગેવાનોને સાબાશ છે કે તેઓએ પોતાની કળા ને કળપનાથી દેખાવમાં છક કરી નાખ્યું છે. સારાં સોનાં ઉંચા કાગળો વાપરીને સફાઇદાર છપાઈ એવી લીધી છે કે બે ઘડી જોયાજ કરીએ. ટાઇટલની ખુબીતો કંઇ ઓરજ છે–પુઠાંપરનો પહેલો પેજ એવો દીપાવી મુકયોચ કે જાતજાતના રંગીન વેલા લઇને તેને ગુલાબી ફુલોની જાલીમાં ગુઠી લીધું છે અને તેથી બંધાઈની સોભામાં ઓર વધારો થયો છે. તેની સાથે ગુલેસ્તાનનું શરૂઆતનું પહેલું પાનું પણ ઓરફનેજે પોતાની કળા કુશળતાથી ખુબ દીપાવી મુકયું છે. ટુંકમાં ગુલેસ્તાનનાં શીરીન જબાનના નામ પ્રમાણે પુસ્તકની શોભામાં ખુબ વધારો કીધેલો માલમ પડે છે. જેવું તે દેખાવલું ને ભપકામાં પુર છે તેવું વળી તેમાનું લખાણ એવું સરસ છે કે અમે આગળ કહી ગયા તેમ કોઇબી વાંચનારે એક વખતબી વાંચવાથી બેનસીબ નહિ રહેવું જોઇએ.

બીલીમોરાની જરથોસ્તી અંજુમને ઉભાં કીધેલા ફંડનો, વાંદરાના બાઇ શીરીનબાઇ મનચેરજી કામાવાળાં કોનવેલેસંટ હોમનો, મરહુમ શેઠ કાવશજી બેરામજી બનાજીના આતશબેહરામ સાહેબના કદની મહમબારના ફંડના હીસાબના તેમજ બીજા ઘણાક ધરમનાં ફંડોના હીશાબના ચોપડી ચોપાન્યા મળયાં છે જેની પોંહચ ઉપકાર સાથ સ્વીકારીએ છીએ.

સુખડના જાણીતા વેપારી શેઠો ફરેદુન અને બરજોરવાળું બીતે ટાંગવાનું કાગળોપર છાપેલું કાલેનડર હમેશ મુજબ બહાર પડયું છે. એમાં પારસી રોજ માહ સાથ તારીખ વાર આપેલા છે જેથી ઠીક ઉપયોગી થઇ પડે છે.

જાણીતા જરતોસ્તીઓનાં મરણો.

શેઠ સોરાબજી ફરામજી મધરાસવાલા ૬૮ વરસની વયે રોજ ૨૯ મો માહા ૧૨ મો મ. સને ૧૨૮૧ ને દીને મરણ પામ્યા હતા. મરહુમે સર જમશેદજી સ્કુલમાં કેળવણી લઇ ૧૮૬૪ માં મધરાસની મુળજી ઠાકરસીની પેહડીમાં પોતાના બાઇ શેઠ બેહરામજી સાથ જોડાયા હતા, અને રૂનો વેપાર કરતા હતા. એ પેહડી બંધ થવા પછી એવણે મધરાસીઓ સાથ ફરામજી એન્ડ કંપનીને નામે બાગમાં વેપાર કરવા માંડયો હતો. એ પછી મરહુમ મુંબઇમાં આવી વસ્યાં હતા અને વેપાર કરવા શરૂ કીધો હતો. એ વખતે એવણને સર દીનશાહ પીટીટ બેરોનેટની મીલો માટે રૂ ખરીદવાનું કામ મલ્યું હતું, અને સર દીનશાહ વગેરે સાથ હુબલી, ગડગ વગેરે ઠેકાણે બાગમાં પ્રેસો ચલાવ્યા હતા. વળી એવણે પોતાના બેટાઓ સાથ વેલાત, જાપાન સાથે રૂની ચઢતનો વેપાર પણ કીધો હતો. સને ૧૯૦૮ થી એવણ ધંધામાંથી રીટાયર્ડ થયા હતા. મરહુમ મધરાસ ખાતે હતા તે વખતે કોમને લગતા કામોમાં તથા અંજુમનના ફંડો ભરાવવામાં ઉલટભરીયો બાગ લેતા હતા અને ત્યાંની પારસી અંજુમનનાં ફંડોનાં સેક્રેટરી બી હતા. મરહુમે રૂ ૧૦૦૦ મધરાસની અંજુમનને લગતા એક ફંડમાં આપ્યા હતા.

અતરેના જાણીતા કવી શેઠ ફીરોઝ રૂસ્તમજી બાટલીવાલા ૬૬ વરસની વયે રોજ ૬ ઠો માહા ૧ લા ને દીને મરણ પામ્યા હતા. મરહુમનો જનમ નવસારીમાં થયો હતો અને મુંબઇની એલફીનસટન ઇનસટીટયુશનમાં કેળવણી લીધી હતી. મરહુમને નાનપણથીજ કવીતા જોડવાનો શોખ હતો. એવણે ૧૮૬૪ માં ઈંગ્રેજી ગાયન શાસ્ત્ર પ્રમાણે 'સટાફ નોટેશન' કરીને હીંદુસ્તાનની રાગરાગણીમાં ગાયનોનું એક પુસ્તક રચ્યું હતું. એ ઉપરાંત મરહુમે ફીરોઝી ગાયન, સરોદે અવસ્તા, વગેરે ઘણાક ગીતોના પુસ્તકો રચ્યા હતા. જરથોશ્તી છોકરીઓની નીશાળ મંડળી હસ્તકની શાળાઓને પોતાના હુનરનો લાભ વારનવાર આપતા હતા અને જાહેર મેલાવડાઓ માટે ગાયનો જોડી આપતા હતા. ગાયન ઉતેજન મંડળીએ ૧૮૮૯ માં પોતાની મંડલીના એવણને ઓનરરી લાઇફ મેમબર નેમીયા હતા અને એ મંડળીને મરહુમે પોતાના પુસ્તકોનો સંગ્રહ બેટ આપ્યો હતો. એવણે કેટલાક નાટકોને લગતા ગાયનો તેમજ કીનડર ગારટનના ગાયનો જોડીયા હતા, જે ઘણા વખણાયા હતા.

એરવદ દોરાબજી એદલજી જમસીના અથવા મીઠાઇવાળા ૬૭ વરસની વયે રોજ ૧૪ મો માહા ૧લા ને દીને મરણ પામ્યા હતા. મરનાર પોતાની જાતિ મેહેનતથી આગળ વધી પઇસા પેદા કરી પોતાના મરણ સુધીમાં આશરે રૂપ્યા એક લાખની સખાવત કરી ગયા છે. મરહુમે પહેલાં મોબેદી ધંધો કરવા માંડયો હતો જે પછી બહારગામોમાં જીનીંગ અને પ્રેસીંગના કારખાનાના ધંધામાં પડયા હતા. પોતાને જેમ પઇસો મળતો ગયો તેમ ગરીબોને મદદ કરી કેટલાક કુટુંબોની છોકરીઓને પરણાવવામાં મદદ આપી હતી. ગ્રાંટરોડ તરફ અગીયારીની અગત દેખાવાથી ત્યાં એક પાક મકાન નજદીક રૂ ૬૦૦૦૦ ના ખરચે બાંધી આપ્યું છે. પારસી આસપીટલમાં એક સારી રકમ ભરી હતી અને જયારે પંચાયતના ત્રસ્ટીઓની ચુંટણી થઈ તે વખતે એ આસપીટલમાં ચોકસ નાણું ભરનારાઓને હક મળે એવો સવાલ ઉભો થવાથી હાઇ કોરટમાં તે બાબદ ગઇ હતી, જયાં પોતાના ખરચે પોતાની તરફથી વકીલ બારીસ્ટરોનો ખરચ આપ્યો હતો.

શેઠ અરદેશર જહાંગીર વાછાડયા ૭૨ વરસની વયે રોજ ૨૦ મો માહા ૧ લાને દીને મરણ પામ્યા હતા. એવણ એલફીનસ્ટન કોલેજમાં કેલવણી લેવા પછી ચીન મધે શેઠો મનચેરજી જમશેદજી વછાઆની પેઢી પર રહયા હતા અને ૧૮૬૬ માં તેમના પીતાના ગુજરવા બાદ અત્રે સરકારી નોકરીમાં કસટમ ખાતાંમાં નેમાયા હતા. એવણ ૧૮૫૯ માં ફ્રીમેસનોની લોજમાં

'રાઇઝીંગ સટાર' માં જોડાયા હતા. ૧૮૫૦ માં એવણુ અત્રેની કસટમના ત્રીજા એસીસટંટ કલેકટર નેમાયા હતા. છાશટીમાં વડવાઓને મળેલી જમીનનો પણ વહીવટ એવણુ બાહોશીથી કરતા હતા. સને ૧૮૯૧ ના અકટોબર માસમાં એવણુ છાશટીની મ્યુનીસીપલ બોરડમાં નેમાયા હતા. મરહુમ લગભગ ૧૭ વરસ થયા નોકરીપરથી રીટાયર થયા હતા.

શેઠ પેસતનજી દીનશાહજી સોપારીવાલા ૬૨ વરસની વયે રોજ ૩ જો માહ ૨ જા ને દીને મરણ પામ્યા હતા. મરહુમે ૧૮૬૮ માં મેત્રીકની પરીક્ષા પસાર કીધી હતી. એવણ વરસો સુધી મેસરસ ઇવરટ લાદમની કંપનીમાં સેલ્સમેન હતા અને એ ઓહ્દા ઉપર સારૂં માન મેલવતા હતા. એવણુ ૧૮૭૮ માં અત્રેની ફ્રીમેસોની લોડજ સાયરસમાં જોડાયા હતા. મરહુમનું કુંટબ સખાવતના કામો માટે જાણીતું છે અને એવણુના પીતાએ ૧૮૭૨ માં ખોરદેહ અવસ્તાના પદેપદના તરજુમાની ચોપડી છપાવી સસ્તી કીમતે બહાર પાડી હતી.

ડા૦ અરદેશર બેરામજી મસાની ૪૫ વરસની વયે રોજ ૧૮ મો માહા ૨ જા ને દીને રંગુન ખાતે મરણ પામ્યા હતા. મરહુમ ૧૮૫૮ માં ડાકટરની સેવટની પરીક્ષા પસાર કરી લગભગ ૧૭ વરસ થયા તેઓ દખણ હેદરાબાદથી રંગુનમાં જઈ એક ફતેહમંદ તબીબ તરીકે ધંધો ચલાવતા હતા અને સારી નામના મેલવી હતી. મરહુમે ગરીબોને વગર દામે દવા આપતા હતા. એવણુ નમરતાવાલા અને પરોપકારી ગ્રહસ્થ હતા.

શેઠ સોરાબજી જમશેદજી સોડાવાટરવાલા અથવા આમરીયા ૬૫ વરસની વયે રોજ ૨૩મો માહા ૨ જાને દીને મરણ પામ્યા હતા. મરનાર થોડો વખત થયો મીઠી પીસાબના મરજથી હેરાન થતા હતા. મરનાર જાતે ઘણા ભલા, મીલનસાર, અને દયાલુ દીલના હતા. તેઓ અત્રેની મરીનલાઇનસ આગળની સોડાવાટરવાલાની દરેમેહરને નામે ઓલખાતી દરેમેહરના માલેક તથા ત્રસતી હતા અને પોતાના બીજા જોડયા ત્રસતીની સાથે તેનો વહીવટ ઘણીજ મનમાનતી રીતે કરતા હતા. એ દરેમેહર મરહુમના પીતાએ સ્થાપી હતી. વળી એવણે લાંબો વખત વેર અત્રેની ડેવીડ સાસુનવાલી જાણીતી વેપારી પેઢીપર મુકાદમીનું કામ કરીને પોતાના શેઠોનો ઘણો સારો વીશવાસ મેલવ્યો હતો અને તેમાંથી તથા બીજી પોતાની નાણાં ધીરવાની કુનેહથી સારૂં નાણું મેલવ્યું હતું અને તેનો સદ ઉપયોગ કરીને કેટલુંક ધરમ ધ્યાંન પણ સારૂં કરી ગયા છે. પોતાની બાપીકી દરેમેહરના ફંડમાં કેટલીક રકમો પોતાની હયાતીમાં આપી હતી અને ગુજરતી વખતે બીજા બે હજાર રૂપયા બી ભરયા છે. તેની સાથે દેવલાલી ખાતે એક પારસી સેનીટેરીયમ બાંધવા માટે પંદર હજારની રકમ બક્ષેશ આપી છે.

શેઠ ખરશેદજી સોરાબજી ફરામજી પટેલ ૪૬ વરસની વયે રોજ ૨૧ મો માહા ૩ જા ને દીને મરણ પામ્યા હતા. મરહુમે ફોરટ હાઇ સ્કુલમાં કેળવણી લઇ મેટ્રીક થયા પછી ૧૮૮૧ માં પી. ઇ. ની, ૧૮૮૩ માં પેહલી બી. એ. ની અને ૧૮૮૪ માં બી. એ. ની પરીક્ષા પસાર કીધી હતી. એવણે ઘણીક વાર વેલાતની મુસાફરી કરી હતી. અતરે ચાલતી મેસરસ ફરામજી સનસ એન્ડ કંપનીની પેહડીમાં મરહુમ શેઠ ખરશેદજી એક ભાગીદાર હતા. એ પેહેડી યુરોપ અને જાપાનની સાથ આયાત તથા નીકાશ વેપાર ચલાવે છે અને ઘણાંક વરસ થયાં સીલોનની સરકારના એજંટ તરીકે કામ કરે છે.

વડોદરાની પારસી અંજુમનના ત્રસ્ટી ડા૦ રૂસ્તમજી આદરજી પાતરાવાળા ૫૧ વર્ષની વયે હાર્ટ ફેલ થવાથી રોજ ૨ જો માહા ૪ થા ને દીને મરણ પામ્યા હતા. એવણુના મરણથી ત્યાંની અંજુમને એક ખંતીલા, મહેનતુ અને દીલસોઝ ત્રસ્ટી ગુમાવ્યા છે કે જેવણુ આજ વર્ષો થયાં અંજુમનના લાભ અને બહેતરીના કામમાં ઘણો ઉલટભર્યો ભાગ લેતા હતા. મરહુમ સ્વભાવે રાંક અને એકમાર્ગી હતા. કરાંચીવાળા દસ્તુર ડા૦ ધાલા વડોદરે ગયલા તે વેળા તેવણુ માટેની દરેક હીલચાલમાં મરહુમે આગેવાન ભાગ લીધો હતો અને છેલ્લી જરથોસ્તી કોનફરંસ માટે એવણુ

ત્યાંની અંજુમન તરફથી એક ડેલીગેટ ચુંટી કઢાયા હતા. પોતાના ગોઠીયા ત્રસ્ટીઓ સાથે અંજુમનના કામમાં એવણુ કીમતી મદદ તથા સલાહ આપતા હતા.

બાઇ ધનબાઇ તે અતરેના જાણીતા શેહેરી ખાનબાહદુર પેસતનજી જાહાંગીર તાલયારખાન સી. આઇ. ઇ.ના ધણીયાણી રોજ ૪ થો, માહ ૪ થા ને દીને પુણામાં મરણુ પામ્યા હતા. એવણુનાં મરહુમ દીકરી મીસીસ મરઝબાનનાં એક પુરાં બેટીની શાદી થનાર હતી, જે આ ગમખાર બનાવને સબબે મુલતવી રાખી હતી. મરહુમ બાઇ પોતાના માયાળુ અને સાલેશ ખવાસ માટે ઘણાં જાણીતાં હતાં. મરહુમના ઉઠમણાની ક્રીયા નારગોળની દરેહમેહરમાં થઇ હતી. જ્યાં શેઠ ફરામજી રૂસ્તમજીએ મરહુમ બાઇના દયાલુ તથા ધરમચુસ્તપણા માટે કેટલુંક વીવેચન કરી મરહુમના કુટુંબ ઉપર દીલાસા પત્ર મોકલવાનો ઠરાવ કીધો હતો.

બાઇ જાઇજી જાહાંગીર મરઝબાન ૫૬ વરસની વયે રોજ ૧૮ મો માહા ૪ થા ને દીને મરણ પામ્યાં હતાં. મરહુમ બાઇ અતરેનાં જાણીતા જામે જમશેદવાળા શેઠ જાહાંગીર બેરામજી મરઝબાનનાં ધણીયાણી થતાં હતાં. મરહુમને કેટલાક મહીના થયા પેટમાં કેનસર થયું હતું. એ માટે જેટલાબી ઉપાયો કરવા ઘટતા હતા તેટલા લીધા હતા. વળી જરમનીથી ખાસ તાર કરાવી એક જાતની સીરમ મંગાવી હતી તે મરણુની એક દીવસ આગળ આવી પહોંચી હતી. મરહુમે બે જબરા ધા ખમ્યા હતા. તેમાં એક તો તેમનો ભર જુવાન બેટો સઘળી ઉમેદભર પાંચ વરસની વાતપર ગુમાવયો તેનાં અકાળ મોત માટે તો મરહુમ તવળતાં હતાં અને ગયે વરસે એક અતીશય વાહલી બેટી સેહેજ વખતની માંદગી ભોગવી તેબી ચાલતી થઇ. તેના લાગેલા ધા પછીજ આ જાલેમ દરદ તેમને લાગુ પડયું હતું. મરહુમના ઉઠમણાની ક્રીયા દેવલાલી ખાતેબી થઇ હતી, જે વખતે શેઠ તલાતીવાલી સ્કુલના મકાનમાં ત્યાંના જરથોસ્તીઓએ ભેગા મલી મરહુમના મરણુ માટે દલગીરી દેખાડી મરહુમના કુટુંબ તરફ દીલસોજી દેખાડનારો ઠરાવ પસાર કરી મોકલાવ્યો હતો. વળી અંજુમનને ખરચે ત્યાંની ડુંગરવાડી ઉપર જવાનો એક સરળ રસ્તો બનાવી તેને મરહુમ બાઇનું નામ આપવાનો ઠરાવ થયો. એ માટે તેજ વખતે ત્યાં સારી રકમ ભરાઇ હતી.

બાઇ મોટીબાઇ એદલજી બાટલીવાળા ૩૬ વરસની વયે રોજ ૨૨ મો માહા ૪ થા ને દીને મરણ પામ્યાં હતાં. મરહુમ મેટ્રીકની પરીક્ષા પસાર કરવા બાદ બાઇ બીખાઇજી બંગાલીવાલી સ્કુલમાં શીક્ષક તરીકે રહયાં હતાં. એ પછી થીઓસોફીકલ સોસાયટીમાં દાખલ થઇ થીઓસોફીનો અભયાસ કરયો, અને તેને લગતા વીશયો ઉપર તેમજ જશન કમીટી તરફના જશનોના પ્રસંગે તથા જરથોસતના દીસાને દીને જરથોસતી ધરમ અને નીતીના ઉંચા વીશયો ઉપર તથા જાહેર મેલાવડાઓમાં ભાશણો આપી અચ્છા છટાદાર બોલનાર તરીકે નામના મેળવી હતી. એ ઉપરાંત વેજીટેરીયન સોસાયટી, જશન મંડળી, સ્ત્રી જરથોસતી મંડળ વગેરે સંસારી સંસથાઓના કામકાજમાં બાઇ મોતીબાઇ બહુ ઉતસાહથી ભાગ લેતાં હતાં, તેમજ વરતમાન પત્રોમાં નીતીના લખાણોબી કરતાં હતાં. સને ૧૯૦૭–૧૯૦૮–૧૯૦૯ ના વરસોમાં કરાંચી, કવેતા, મઉ વગેરે દેશાવરો ખાતે શેઠ જાહાંગીર જ. વીમાદલાલ તથા બીજાઓ સાથ જઇ ધરમી બાબદો ઉપર વાયજો તથા ભાષાણો કીધા હતા. મરહુમ કુવારા હતા અને મળતાવડાં સ્વભાવના હોયાથી પોતા આસપાસ મોટુ મંડળ બેગું કીધું હતું.

બરૂચના જાણીતા રૂના વેપારી શેઠ પેસતનજી ફરદુનજી જીનવાળા ૫૪ વરસની વયે રોજ ૨૬ મો માહા ૪ થાને દીને બરૂચ ખાતે મરણુ પામ્યા હતા. મરહુમ લકવાની જીવલેણ બીમારીનો ભોગ થઇ ૧૨ કલાકની અંદર આ ફાની જાહાન છોડી ગયા હતા. બરૂચની શેઠો દીનશાહ ફરદુનજી એંડ બ્રધર્સની પેહેડીના એવણુ એક ભાગયા હતા. એવણે જરૂરજોગી અંગ્રેજી તાલીમ લઇ બચ-

પણુથી પોતાના ભાઈ દીનશાહ સાથ વેપારમાં જોડાઇ સારી નામના મેળવી હતી. એવણુ કેટલીક જીનીંગ ફેક્ટરીના જોડયા માલેક હતા. ભરૂચ મ્યુનીસીપાલીટીના એવણુ એક કાઉનસીલર હતા. મરનાર સ્વભાવે શરમાળ અને રાંક હતા.

ભરૂચની ડીસ્ત્રીક્ટ કોરટના વકીલ શેઠ ધનજીશાહ હોરમસજી કેરાંવાળા ૪૮ વરસની વયે સેપ્ટેંબર મહીનામાં મરણુ પામ્યા હતા. ૧૮૮૫ માં મરનારે મેત્રીકની પરીક્ષા પસાર કરી આરટસ કોલેજમાં જોડાયા હતા. તે વખતે ભરૂચમાં વકીલાતનો ધંધો બહુ ધીકતો હતો તેથી મરનારે કોલેજ છોડી ડીસ્ત્રીક્ટ પલીડરની પરીક્ષામાં પાસ થઈ એ ધંધામાં ઝુંપલાવયું હતું. મરનાર એકમારગી સ્વભાવના અને અસીલોને પ્રમાણીકપણે ખરી સલાહ આપતા હતા. મરનારના પ્રમાણીકપણા માટે સબ જડજોને ઉંચું મત હતું અને તેઓ મરનાર તરફ માનની નજરથી જોઇ ઇતબાર રાખતા હતા. મરનાર એક અચ્છા કલમકસ હતા અને વકીલ મંડળમાં સારો ચાહ ધરાવતા હતા.

મેસરસ મેકીનન મેકેનઝીની કુંપનીના વડા શરાફ શેઠ ફરામજી પેસતનજી ખરાસ ૬૯ વરસની વયે રોજ ૧ લો માહા ૫ મા ને દીને મરણુ પામ્યા હતા. મરહુમ ૧૭ વરસની ઉમરે રૂ૧૦૦ના પગારે પોતાના પીતા સાથ મેસરસ રીચી સટુઅરટ કંપનીમાં શરાફની નોકરીએ રહયા હતા. તયાર બાદ ૧૮૭૭ માં કાબુલની લડાઇમાં ખજાનચી તરીકે ગયા હતા અને ત્યાંથી આવવા બાદ જીવનજી ફરામજીને નામની પેઢી અત્રે કાળબાદેવી રોડ ઉપર કાઢી વેપાર કરતા હતા. પાછળથી તેવણુ નીકલ કુંપનીમાં વડા શરાફ તરીકે રહયા તથા એ કુંપની બંધ પડી અને મેસરસ મેકીનન મેકેનઝીની કુંપનીએ તે કંપની લીધી તેની સાથ વડા શરાફ તરીકે પોતાના મરણુની છેલ્લી ઘડી સુધી જોડાયલા હતા. તેવણુ અસલી વીચારના, સાદા અને ઘણા મજબુત બાંધાના હતા. મરનારને ફારસી કેતાબો વાંચવાનો શોખ હતો.

મરહુમ શેઠ કાવસજી એજનજી શેઠના ઇન્જનેર ૫૨ વરસની વયે રોજ ૩ જો માહ ૫ માને દીને મરણ પામ્યા હતા. મરહુમનો જનમ સુરતમાં થગો હતો. એવણે મુંબઈની એલફીનસ્ટન હાઇ સ્કુલમાં અભ્યાસ કરી, મેત્રીક થવા બાદ પુનાની ઇન્જનેરી કોલેજમાં જોડાઇ ૧૮૮૩ માં એલ. સી. ઇ.ની પરીક્ષા પસાર કીધી હતી. ૧૮૮૫–૧૮૮૬ માં મરહુમ અત્રેની મ્યુનીસીપાલીટીના ઇન્જનેરી ખાતાંમાં થોડો વખત રહી તે પછી સરકારી પબલીક વરકસમાં લગભગ ૨૨ વરસ વેર નોકરી કરી હતી. ત્યાર બાદ ૧૯૦૭ થી ચાર વરસ વેર ઇમપરૂવમેંટ ત્રસટમાં રહયા હતા. એવણુ ૧૮૮૫ માં અત્રેના ફ્રીમેશનોની લોડજ સાઇરસમાં જોડાયા હતા અને ૧૮૯૧ માં લોડજના માસતર થયા બાદ એવણુ જુદી જુદી લોડજોમાં જોડાઇ પ્રેસીડંટ, ત્રેઝરર, સેક્રેટરીના ઓધાઓ મેળવ્યા હતા. એવણે પ્રીનસ ઓફ ધી ઓરડરની મેમોનીક ડીગ્રી પણ મેળવી હતી. મરહુમ ફોટોગ્રાફી તથા પેનટીંગનો શોખ ધરાવતા હતા.

શેઠ સોરાબજી પેસતનજી વેરડન તથા મીસતરી ૬૦ વરસની વયે રોજ ૭ મે માહા ૫ મા ને દીને મરણુ પામ્યા હતા. એવણુ અત્રેની સરકારી ગોદીમાં લાંબી ચાર દાયકાવેરની નોકરી બજાવી ૧૯૦૯માં પેનશન ઉપર રીટાયર થયા ત્યારે ઓફીસ સટાફે એક માનપત્ર ચાંદીના કાસકેટ સહીત તેમને ભેટ આપ્યું હતું. તેવણુ ચાર દાયકા ઉપર એક ક્રીકેટર તરીકે પંકાયલા હતા અને અત્રેની એલફીનસટન ક્રીકેટ કલબ તથા સીટી ઓફ બોમ્બે ક્રીકેટ કલબનાં સભાસદ હતા. પચીસ વરસ ઉપર એવણે પોતાની ચઢયાતી પ્રકારની બોલીંગ માટે ક્રીકેટના ઘણાંક ઇનામો મેળવયાં હતાં. અને મેચમાં હાજરી આપી ઉલટ બતાવતા હતા. મરહુમના માનમાં એલફીન્સ્ટન ક્રીકેટ કલબ અને બેરોનેટ ક્રીકેટ કલબ બંધ રાખી હતી.

શેઠ કાવસજી ધનજીભાઇ રાણા ૭૨ વરસની વયે રોજ ૭ મો માહા ૫ મા ને દીને મરણ પામ્યા હતા. શરૂઆતમાં એવણ શેઠ પેસતનજી કામાની આફીસમાં રહેવા બાદ પોતાના સસરા શેઠ ધનજીભાઇ ફરામજી પટેલને ત્યાં ૬ તથા ઉનનો વેપાર કરયો અને તે પછી મરહુમ આશરે પાંચ વરસ વેર શેઠ અરદેશર મેરવાનજી શેઠની ડુંગરવાડી ઉપરની જમીનના મેનેજર થયા હતા. એવણે ૧૮૭૮ માં મુંબઇ બેંકમાં જોડાઇ ૩૦ વરસથી વધુ વેર નોકરી કરી બે વરસ ઉપર પેનશન લઇ રીટાયર થયા હતા.

શેઠ ફરદુનજી રતનજી મેહેતા ૫૭ વરસની વયે રોજ ૮ મો માહા ૫ માને દીને મરણ પામ્યા હતા. મરહુમ ફોરટ એંડ પ્રોપ્રાયટરી હાઇ સકુલની ચંદનવાડી ખાતેની સ્કુલના લાંબો વખત વેર વડા કલારક તથા કારભારી હતા અને એ સકુલના ભલાં માંટે બારે ઉલટ ધરાવતા હતા. તેવણ આજ ત્રણ દાહેકાથી વધુ મુદત થયા અતરેની જુદી જુદી સ્કુલો સાથે એક શીક્ષક તરીકે જોડાયલા રહયા હતા. વળી મરહુમ સર દીનશાહ પીટીટ જીમનેશીયમની લગભગ શરૂઆતથી તેના એક શીક્ષક તરીકે મરણ સુધી હતા. તેવણ હજારો વીદયારથીઓના સમાગમમાં આવયા હતા જેઓ સાથ તેવણ નરમાસથી વરતી તેમને પોતાનાં બંડોલનો બનતો લાભ આપતા. એવણ ડરીલ માસતર તરીકે જાણીતા હતા અને તેમની તાલીમની સરકારી ઇનસપેકટર તારીફ કરતા હતા. વળી અંગ-બળની રમતમાં મરહુમ ઉલટ ધરાવતા હતા. મરહુમ ભણનાર ગણનાર ભલા અને રાંક સ્વભાવના હતા. તેવણ જોશીપણું પણ સારી રીતે જાણતા હતા અને ઘણા ધરમચુસત હતા.

શેઠ પેસતનજી ધનજીભાઇ જાહાંગીર દાવર રોજ ૧૧ મો માહા ૫ મા ને દીને ૮૨ વરસની વયે મરણ પામ્યા હતા. મરહુમે અંગ્રેજી કેળવણી તે વખતને અનુસરતી લીધી હતી. એવણ ૧૮૬૪ માં ઓરીએંટલશીપ એસોસીએશનના એક ડાયરેકટર નેમાયા પછી ૧૮૬૬ માં મેસરસ ક્રીથ (રોબરટ) એંડ કંપની જે મધે એમના બાવા શેઠ ધનજીભાઈ ભાગીદાર હતા તે પેહેડીમાં તેવણ સાથે જોડાઇ લાંબી મુદત સુધી કામ કીધું હતું. એ પેહેડી બંધ થવા પછી એવણ લાયન કં. માં એક સેલસમેન તરીકે જોડાઇ ત્યાં કેટલી મુદતવેર કામ કરી પાછલથી લાહોરની મેસરસ જમશેદજી કાવસજી એંડ સનસની પેહેડીમાં મેનેજર તરીકે રહયા હતા. ત્યાંથી રીટાયર થઇ એકાંત જીંદગી ગુજારતા હતા અને કેટલોક વખત બંદગી કરવા પાછલ રોકતા હતા.

એરવદ અસપંદીયારજી બરજોરજી પંથકી તથા બેલીફ ૮૪ વરસની વયે રોજ ૧૭ મો માહા ૫ માને દીને મરણ પામ્યા. એવણ લગભગ ત્રણ દાહેકા સુધી અત્રેની સમોલ કોઝ કોરટના ઝંદ અવસ્તા ઉપર સોગંદ ખવાડનાર મોબેદ હતા અને પાછળથી બેલીફ થયા હતા જે પછી ૧૮૯૪ માં નોકરી પરથી રીટાયડ થયા હતા. એવણે ધરમ અને ક્રીયાને લગતા કેટલાંક ચોપાન્યા પ્રગટ કીધા હતા, અને એવણ ફારસી ભાષા તથા જોતીશ વીદયા બી જાણતા હતા. એવણે પ્રગટ કીધેલી ચોપડીઓમાં ફારસી ભાષાનો ભોમ્યો, ખોલાસે દીને જરથોસ્તી, અને જયોતીશ વીદયા અથવા કુદરતી તતવ જ્ઞાન વગેરે હતી. અંજુમનના આતશબેહરામના એક અધીકારી તેમજ ૧૮૯૫ માં સ્થાપાયલી પારસી મ્યુચલ લાઇફ એસ્યુરંસ કંપનીના સેક્રેટરી હતા. વળી એવણ પારસીઓનું નવું વરસ કયારે શરૂ થાયછે તેની તકરારમાં તેમજ બીજી એવી ઘણી બાબદોમાં આગેવાની ભરીયો ભાગ લેતા હતા.

શેઠ નાદીરશાહ હોરમજી બીલીમોરીયા દલાલ ૫૩ વરસની વયે રોજ ૨૧ મો માહા ૫ મા ને દીને મરણ પામ્યા હતા. એવણે ૧૮૭૫ માં મેટ્રીકયુલેશનની પરીક્ષા પસાર કરી આસરે ૩૦ વરસપર દલાલીનો ધંધો કરવા માંડયો હતો. નાણા સંબંધી બાબદોનો સારો અનુભવ મળવાથી શેરબજારમાં સારી ધરાકી મેલવી હતી. મરહુમના માનમાં શેરબજાર બંધ રાખવામાં આવ્યું હતું. ૧૮૯૦ થી એવણ લોડજ રાઇઝીંગ સનમાં મેસન તરીકે જોડાયા હતા અને ધરમચુસ્ત તથા મળતાવડા સ્વભાવના હતા.

ડા૰ ફરામજી શાપુરજી બરડી જી. જી. એમ. સી. ૭૯ વરસની વયે રોજ ૨૩ મો માહા ૫ મા ને દીને મરણ પામ્યા હતા. ૧૮૬૧ માં ગ્રાંટ મેડીકલ કાલેજમાંથી ડાકટરની પરીક્ષામાં પસાર થઈ અતરે તબીબ તરીકે ખાનગી ધંધો કરતા હતા. મરહુમે કોલેજના અભીયાસ દરમ્યાન કેટલીક સ્કોલરશીપો મેલવી હતી. એવણે ૧૮૭૮ માં રેમીટંટ ફીવર ઉપર એક રેસાલો વાંચ્યો હતો અને ૧૮૬૪ માં બાળકોની માવજત નામનું પુસ્તક પ્રગટ કીધું હતું. મરહુમ જાહેર કામોમાં આગેવાની ભરીયો ભાગ લેતા હતા, તેમાં મુખ્ય કરીને ખેતવાડીના લતાના જરથોસ્તીઓને લગતાં કામોમાં ઉલટ ભરીયો ભાગ લીધો હતો. ખેતવાડી ખાતેની જરથોસ્તી છોકરીઓની નીશાળના કારોબારી અને એ લતાની સરવ ગ્નાતના છોકરાઓની સ્કુલના મેનેજર હતા. ખેતવાડી રીડીંગ રૂમ એન્ડ લાયબ્રેરીના સરનશીન તેમજ એવાં બીજાં ખાતાંઓના કારોબારી હતા. ૧૮૯૩ માં મરહુમ જે. પી. નેમાયા હતા. મરહુમે રૂ૫૦૦) ખેતવાડીના લાચાર જરથોસ્તીઓને મદદ કરવાનાં ફંડમાં આપ્યા હતા. એવણ નીયમીત કસરત લેનારા સારા સ્વભાવના ગ્રહસ્થ હતા.

ડા૰ રૂસ્તમ દારાબશાહ કાપડયા ૩૦ વરસની વયે રોજ ૨૩મો માહા ૫માને દીને મરણ પામ્યા હતા. એવણે ગ્રાંટ મેડીકલ કાલેજમાં અભયાસ કરી ૧૯૦૬માં એલ. એમ. એન્ડ એસ.ની ડીગરી મેલવ્યા પછી વેલાત જઇ લંડનની એલ. આર. સી. પી. એંડ એસ.ની ત્રેવડી પડવી મેલવી હતી અને ગયે વરસે અતરે પાછા ફરીયા હતા. મરહુમ ગ્રાંડ મેડીકલ કાલેજમાં અભયાસ કરતા હતા ત્યારે ખહીના દરદીની ગાંઠ ઉપર ઓપરેશન કરતા કેટલાક વીધ્યારથીઓને ઝેર ચહડયું હતું તેમાં મરહુમબી એક હતા. આ ઝેરને લીધે તેઓ ઘણા હેરાન થયા હતા અને આખરે લખવાનો ભોગ થઇ પડયા હતા.

શેઠ કેકાઉસ માણેકજી તાતા ૭૨ વરસની વયે રોજ ૨૬ મો માહા ૫ મા ને દીને વાંદરા ખાતે મરણ પામ્યા હતા. એવણ નવસારીના વતની હતા અને ત્યાં નાવર મરાતબ થયા હતા. ૧૮૬૬ માં ટાઇમસ ઓફ ઇંડયામાં રીપોરટર અને ૧૮૭૨ માં આકોલામાં પેપર કરનસી ઓફીસમાં હેડ કલારક તરીકે હતા. એ ઉપરાંત મરહુમ ઘણા દેશાવરો ખાતે જુદી જુદી ફરમોમાં બી નોકરીએ ગયા હતા. ૧૮૭૮ માં બીરાર વોલનટીયર રાઇફલસમાં એવણ જોડાયા હતા અને એક સારા નીશાન તેમજ અચ્છા તરનાર હતા. મરહુમ ૧૯૦૩ માં જંગબાર સમાચારના અધીપતી હતા તે પછી મોમબાસા-સમાચાર નામે અઠવાડી પત્રબી એવણે કાઢયું હતું અને ઘણાક પેપરોમાં લખાન કરતા હતા. મરહુમ એક ફ્રીમેસન હતા.

એરવદ રૂસ્તમજી જામાસજી દસ્તુર મેહરજીરાણા ૬૫ વરસની વયે નવસારી ખાતે રોજ ૨૭ મો માહા ૫ માને દીને મરણ પામ્યા. મરહુમ નવસારી પ્રકાશના માલેક તથા અધીપતી હતા. આ પત્ર એવણે બે દાયકા ઉપર કાહાડયું હતું અને બે વરસ થયા રીટાયરડ થવાથી મરહુમના બેટા એરવદ દોરાબજી ચલાવે છે. મરહુમે નવસારીમાં કેળવણી લીધા પછી મુંબઇમાં સર જમશેદજી જીજીભાઇ મદરેસામાં જંદ, ફારસીનોબી અભીયાસ કીધો હતો. એવણે ૧૮૯૮ માં આશીરવાદ માયની સાથે છપાવી પ્રગટ કીધા હતા. તેમજ કીસસે આતશ બેહરામે નવસારીની ચોપડી બે ભાગમાં અને અથોરનાન ટોળાની ભગરસાથ વંશાવળીની ચોપડી વગેરે ઘણાક પુસ્તકો મરહુમે પ્રગટ કીધા હતા. એવણ નવસારીની દસ્તુર મેહરજીરાણા કેતાબખાનાના કારોબારી હતા. નવસારીની શેઠ વાહાડયાજીવાળી અગીયારીના સંબંધમાં ત્યાની અંજુમને માડેલા ડાવામાં એવણે આગેવાન ભાગ લીધો હતો, તેમજ એવા બીજા ઘણાક જાહેર કામોમાંબી આગેવાની ભરીયો ભાગ લેતા હતા.

શેઠ બેહરામ મેહરવાન નસરાબાદી ૫૧ વરસની વયે રોજ ૨ જો માહા ૬ ઠા ને દીને મરણ પામ્યા હતા. મરહુમે નાઘલી ઉમરે ઈરાનથી અતરે આવી બજારગેટમાં સાધારણ દુકાન-

કાઢી હતી. એ પછી ગ્રાંટરોડ તરફ વેલાતી ખોરાકી સામનની દુકાન ખોલી હતી અને વેલાતથી બારોબાર માલ મંગાવતા હતા. એઓને કાચની બરણીઓની એજનસીબી મલી હતી. એવણે પોતે પરસીયન બેકરી કાઢી હતી, જ્યાં પાંઉ, બીસ્કોટ, કેકો બનાવવામાં આવતા હતા. પોતાના ધંધામાંથી સારી પુંજી મેલવી કેટલીક ઇસ્ટેટો વેચાતી લીધી હતી. મરનાર ઘણા સાદા અને મીલનસાર સ્વભાવના હતા.

શેઠ મનચેરજી મેરવાનજી દાદીના તથા આસતર ૮૧ વરસની વયે રોજ ૭ મો માહા ૬ ઠા ને દીને વાંદરા ખાતે મરણ પામ્યા હતા. લોકરક્ષી શેઠ દાદાભાઇ નવરોજીના એવો વેવાઇ થતા હતા. એવણે એલફીનસ્ટન ઇનસ્ટીટયુટમાં કેળવણી લઇ ૧૮૫૨ માં કલેર સ્કોલરશીપ મેલવી બીજે વરસે વેસ્ટ સ્કોલર થયા હતા. એ પછી મરહુમે શેર દલાલનો ધંધો કરવા માડયો હતો અને એવણ કેટલીક કંપનીના ઓડીટરબી નેમાયા હતા. એવણ એક સુધારક હતા અને જાહેર કામોમાં આગેવાની ભરયો ભાગ લેતા હતા. વળી એવણ સાદા અને મીલનસાર સ્વભાવના હતા. મરહુમ કેટલાંક વરસ થયા વાંદરામાં એકાંત જીંદગી ગુજારતા હતા.

શેઠ નશરવાનજી નવરોજી વકીલ ૮૨ વરસની વયે રોજ ૧૪ મો માહા ૬ ઠાને દીને મરણ પામ્યા હતા. મરહુમ નવસારીના વતની હતા અને ત્યાં નાવર થયા હતા. ૧૮૫૦ માં એવણે એલફીનસટન ઇનસટીટયુશનમાંથી વેસ્ટ સ્કોલરની પદવી મેલવી હતી અને એ ઇનસ્ટીટયુશન-માંથી ૧૮૫૫ માં ૩૪૦ નું ઇનામ મેલવ્યું હતું. એવણે જ્ઞાન પ્રસારક મંડળી તેમજ બીજી મંડ-લીઓ તરફથી ઘણાં ભાષાણો, રેસાલાઓ વાંચ્યા હતા. ૧૮૬૦ માં એવણે સરકારી લો કલાસ-માંથી પસાર થઇ પોલીસ કોરટમાં વકીલતું કામ ચલાવવાની સનદ મેલવી અને ૧૮૬૯ માં હાઇ કોરટના વકીલની પરીક્ષા પસાર કીધી હતી. એ પછી એવણે અતરેની સમોલ કોઝ કોરટમાં વકીલ તરીકે ધંધો કરવા માંડયો હતો. એવણ જુના વકીલ હોવાથી એ કોરટના ન્યાયાસન પર બીરાજતા અથવા ઓધો છોડતા જડજોને વકીલ મંડળના પ્રતીનીધી તરીકે ઉપકાર માનવાની ફરજ ઘણી વેળા આવી પડતી હતી. એવણ સ્વતંત્ર વીચારના અને સારા સ્વભાવના ગ્રહસ્થ હતા ને છેલ્લા ચાર વરસ થયા રીટાયરડ જીંદગી ગુજારતા હતા.

શેઠ કાવસજી રૂસ્તમજી બોવારીવાલા રોજ ૧૯ મો માહા ૬ ઠા ને દીને નવસારી ખાતે મરણ પામ્યા હતા. એવણ બ્યારા, બારડોલી વગેરે ગામોના અગ્રેસર અને નામદાર ગાયકવાડ તેમજ અંગ્રેજ સરકારમાં મોટું માન પામેલા ગ્રહસ્થ હતા. એવણ મોટા પાયા પર કાથાનો વેપાર કરવા ઉપરાંત મોટા જમીનદાર અને દારૂવાલા હતા. વળી મોટાં મોટાં જંગલોની ઇરાજી રાખી મેધોરાની કંપની નામે લાકડકામનો વેપારબી કરતા હતા. એવણ પોતાના મુકામ ઉપર દરેક જણને ઉતારો આપી એક સદાવરત ખાતું ચલાવતા હતા.

દમણના જાણીતા રહીશ શેઠ રતનજી નાનાભાઇ વરકુંડવાલા માત્ર થોડાક દિવસની ટુંકી માંદગી ભોગવી ૫૪ વરસની વયે રોજ ૨૩ મો માહા ૬ થાને દીને દમણ ખાતે મરણ પામ્યા હતા. મરહુમ આપબળથી ઉગી નીકળેલા ગ્રહસ્થ હતા. બાળપણમાં ગામઠી નિશાળે ગુજરાતી શીખ્યા કેડે દમણના જાણીતા જાગીરદાર મરહુમ શેઠ દાદાભાઇ શાપુરજી મોદીને ત્યાં નોકરી રહ્યા હતા. જે વેલાએ વારસા હીસ્સાને લગતા વરસો વેર ચાલેલા " વરકુંડ કેસ" માં પોતાના શેઠોની સારી સેવા બજાવી હતી. મરનારને પોરટુગીઝ કોરટોમાં ચાલતાં કામકાજોનો તથા કાયદાનો સારો અનુભવ હતો. પાછળથી એ મોદી પરિવાર જોડે સગપણ ધરાવતા તથા વરકુંડ ગામના હકદાર વારસ ઠરી ચુકેલાં એક બાનુ જોડે મરનારની શાદી થવાથી પોરટુગીઝ સીવીલ કોડ પ્રમાણે મરહુમ મજકુર ગામના એક ભાગીદાર માલેક થયા હતા.

મરહુમ શેઠ શાપુરજી જીવાજી વાછા ૭૨ વરસની વયે રોજ ૨૨ મો માહા ૭ માને દીને મરણ પામ્યા હતા. મરહુમ ફોરટ પ્રેસ કંપનીના તથા બીજી કંપનીઓના ડાયરેકટર હતા અને ૧૮૬૫ માં સપેનસર સી. એંડ કંપનીના દલાલ નેમાયા હતા. ૧૮૭૮માં એવણુ વેલાત હતા ત્યારે નામદાર પ્રીનસ ઓફ વેલસે ભરેલી લેવીમાં મરહુમની મુલાકાત કરાવવામાં આવી હતી. મરહુમને ૧૮૯૦ માં સુલેહના અમલદાર અને ૧૮૯૧ માં પારસી મેટ્રીમોનીયમ કોરટના ડેલીગેટ નેમયા હતા. મરહુમે જુદાં જુદાં ફંડોમાં સારી રકમ ભેટ આપી હતી. એવણુ પેહેલા સર જમશેદજી જીજીભાઇના પુત્ર મરહુમ શેઠ રૂસ્તમજીના જમાઇ થતા હતા. મરનાર પોતાના મરણ સુધી બુઝોરગ વય થવા છતાં પણ પુરતી તંદરોસ્તીમાં હતા. લાંબી મુદત થઇ રીટાયરડ જીંદગી ગુજારતા હતા તોપણુ તેઓ પારસીને લગતા સવાલો તથા ધરમખાતાંઓમાં ભાગ લેતા રહયા હતા. તેઓ સર જમશેદજીનાં ઘણુંક ખાતાંઓના કારોબારી તથા ત્રસટી હતા તથા ખંડાળાની ધર્મશાળા, અલાહીબાગ વગેરે ખાતાંઓનાબી ત્રસ્ટી હતા. મરહુમના મરણ માટે નામદાર સર જમશેદજી જીજીભાઇએ પારસીઓ માટે કરેલી સખાવતના ધરમખાંતાંની કારોબાર મંડળી‑ની તા૦ ૧૩ મી જુને મલેલી સભામાં દલગીરીનો ઠરાવ પસાર કરી મરહુમના કુટુંબ ઉપર મોકલવામાં આવ્યો હતો.

ખા૦ સા૦ કાવસજી હોરમસજી દાદાચાનજી રોજ ૨ જો માહા ૮ માને દીને ૭૪ વરસની વયે નવસારીમાં મરણુ પામ્યા હતા. નવસારીના જાહેર તથા પારસીઓને લગતાં દરેક કામોમાં તેમજ દુકાળ, મરકી વખતે આગેવાનીભરીયો ભાગ લઇ પોતાથી બનતી મદદ આપતા હતા. શરૂઆતમા ૨૩ વરસની વયે એડનની દરેહમેહેરમાં એક મદદનીસ મોબેદ તરીકે ગયા હતા. જ્યાં દશ વરસ વેર રહયા પછી એદન ખાતે લશકરી કંટરાકટો લેવા માડયા હતા અને સરકારી તથા જાહેર ઇમારતો બાંધી સારી નામના મેલવી હતી. સને ૧૮૮૮ માં એવણુને ખાન સાહેબનો ખેતાબ મલ્યો હતો. ૧૮૯૪ માં એડન છોડવા પછી નવસારી ખાતે જાહેર ઇમારતો બાંધવાના કંટરાકટો લીધાં હતાં. મરહુમ જાહેર ફંડો ભરાવવામાં સારી મદદ આપતા હતા અને ઘણા ફંડોના ત્રસ્તીબી હતા.

શેઠ હીરાજી ફરામજી મરચંટ ૫૭ વરસની વયે રોજ ૩ જો માહા ૮મા ને દીને મરણુ પામ્યા હતા. શરૂઆતમાં કલેકટરની આફીસમાં જોડાઇ તે પછી એવણુ ઇગતપુરીઅને પુનાના મામલતદાર થયા અને થોડો વખત ડેપયુટી કલેકટર તરીકેબી નેમાયા હતા. ૨૦ વરસ નોકરી કરી રીટાયરડ થવા પછી અક્કલકોટ રાજયમાં ઇમારતો બાંધવાનું અને ફરનીચર પુરૂં પાડવાનું એવણે કંટ્રાકટ લીધું હતું. ૧૮૯૫ માં અક્કલકોટના રાજાએ એવણુને મામલતદાર નેમ્યા હતા. તે પછી રાજા રાણીના મરણ બાદ તેવણુના કુવરની સગીર વય હોવાથી શેઠ હીરાજીએ એક હીંદુ ગ્રહસ્થ સાથ રાજ્યનો કારભાર ચલાવ્યો હતો. એવણુને રાજ્યમાં મોટું માન મલતું હતું. એવણુના મરણુ માટે રૈયતે બે દીવસ શોક પાળ્યો હતો. મરહુમની લાસને સોલાપુર ખાતે લાવી યાં ઠેકાણે પાડવામાં આવી હતી.

એરવદ બમનજી કેકોબાદજી દસ્તુર મેહરજીરાણા ૬૪ વરસની વયે રોજ ૩જો માહા ૮માને દીને નવસારીમાં મરણુ પામ્યા હતા. એવણુ નવસારીમાં નાવર મરતબ થઇને મોબેદી કરતા હતા. વળી એવણુ નવસારીમાં મલેસરની સર જમશેદજી જીજીભાઇની સ્કુલમાં ધરમજ્ઞાન તથા અવસતાના શીક્ષક તરીકે ૩૦ વરસ હતા. એવણુના બાવાના મરણુ પછી એવણુ રાજકોટ અગીયારીમાં અને તે પછી બેરગામની દરેહમેહેરમાં પંથકી તરીકે આસરે પાંચ વરસર હતા અને તે પછી ચીખલીની દરેહમેરમાં પંથકી તરીકે ૧૪ વર્ષ રહ્યા હતા, ત્યાં બીમાર થવાથી નવસારી આવી ગુજરી ગયા હતા.

પુનાના જુના રહીશેઠ દાદાભાઇ સોરાબજી ચીનાઇ ૭૮ વર્ષની વયે પુનામાં મરણુ પામ્યા હતા. એવણુ ઘણાં વરસો સુધી પરાંની મ્યુનીસીપાલીટીના એક સભાસદ હતા અને સ્થાનીક સેવા ઘણી

ઉલટથી બજાવતા હતા. પુનામાં પલેગ ફાટી નીકળયો હતો ત્યારે તેને લગતાં કામ ઉપરજ એવણુને નેમવામાં આવયા, જ્યાં ખંતીલા વોલનટીયર તરીકે ઘણી કુશળતાથી તેવણે કામ કરવાથી તે માટે એવણુનો સરકારે ઉપકાર માન્યો હતો. પુનાની પારસી કોમના એવણુ એક આગેવાન મેમબર હતા અને દરેક હીલચાલમાં ભાગ લેતા હતા.

શેઠ જીજીભાઇ પેસ્તનજી મીસ્ત્રી ૫૪ વરસની વયે રોજ ૨૨ મો માહા ૮ માને દીને એવણુના ઉપર મરકીએ ગલબો કરવાથી બે ત્રણ દીવસની ટુંક માંદગી ભોગવી બેહસત-નશીન થયા હતા. મરહુમ એક જાણીતા શેહેરી હતા અને સારવજનીક કામમાં ઘણો ઉલટ ભરીયો ભાગ લેતા હતા. એવણે ૧૮૭૫ માં મેટ્રીકની, ૧૮૭૯ માં બી. એ.ની અને ૧૮૮૩ માં એમ. એ. ની પરીક્ષા પસાર કીધી હતી અને સોલીસીટરની પરીક્ષાબી મરહુમે આપી હતી, તેમાં નીશફળ નીવડયા હતા. મરહુમ ઘણા વરસો સુધી યુનીવરસીટીની મેટરીકયુલેશનની પરીક્ષાના ફારસીના પરીક્ષક નેમાયા હતા. ફારસી ભાષાનો માહવરો પાડવા માટે ૧૮૯૧ માં "અંજુમને એલમીએ ફારસી" નામની સ્થપાયલી કલબના એવણુ સેક્રેટરી હતા. મરહુમ શેઠ જીજીભાઇએ પોતાના મીત્ર મરહુમ શેઠ જમશેદજી નશરવાનજી પીટીટવાળી ઑરફનેજના એક સુકાની તથા સેક્રેટરી તરીકે શરૂઆતથી સેવટ સુધી કીમતી ભાગ લીધો હતો અને એ ખાતાંમાં એવણે કેળવણીને લગતા અનેક સુધારાઓ દાખલ કીધા હતા. બાઇ હમાબાઇ પીટીટની પારસી છોકરીઓ માટેની ઓરફનેજના એક કારોબારી હતા અને તેનાં કામકાજમાં ઉતસાહથી ભાગ લેતા હતા. એવણુ મરહુમ શેઠ નશરવાનજી માણેકજી પીટીટના ઘણા ધરમખાતાંઓના સેક્રેટરી હતા. એ ઉપરાંત જરથોસ્તી કોમના લાભ જાળવનારી મંડળીના એક આગેવાન કારોબારી તથા ખેતવાડીના જરથોસ્તીઓનાં મરણુ વખતના અરસપરસના લાભના ફંડના અને તેની વરકીંગ કમીટીના સભાસદ હતા. તેવણે જરથોસ્તી કોનફરન્સના કામકાજમાં ઉતસાહી ભાગ લીધો હતો અને તેના એક સેક્રેટરી હતા. શેઠ જીજીભાઇ ઇરાન દેશમાં વસતા જરથોસ્તીઓના લાભ માટેની અત્રેની મંડળીના સેક્રેટરી તરીકે ઇરાની જાતભાઇઓનાં કામમાં ઉલટભરીયો ભાગ લઇ તેઓના લાભો સાચવતા હતા. ધી જ. ન. પીટીટ ફ્રેરટ રીડીંગ રૂમ ને લાયબ્રેરીના એવણુ સેક્રેટરીબી હતા. મરહુમ એક અચ્છા ગુજરાતી લેખક હતા અને સરલ ગુજરાતી ભાષા લખતા હતા, તેમજ એક અચ્છા જાહેર બોલનાર હતા અને હીંમતથી સવતંત્રપણે પોતાના વીચારો દરશાવતા હતા. અત-રેના અઠવાડીક કેયસરે હીન્દ ન્યુસ પેપરમાં એવણુ ચાલુ લખાણો કરતા હતા અને ઘણાં વરસો ઉપર વીદયા મીત્ર નામના ચોપાન્યામાંબી લખાણો કીધાં હતાં. મરહુમ શેઠ જીજીભાઇને મરહુમ શેઠ જમશેદજી નશરવાનજી પીટીટ સાથ ઘાડી દોસ્તી હતી, અને શેઠ જમશેદજીનાં મરણુ પછી એવણુ સાહીત્યનાં જે જે પુસ્તકો બાહર પાડવાનો ઇરાદો રાખતા હતા તે તેમજ બીજાં લખાણોને વફાદાર મીત્ર તરીકે શેઠ જીજીભાઇએ ભારે ઝેહમત ઉઠાવી પોતે રચી છપાવી પ્રગટ કીધા હતા, તેમાં ૧૮૯૨ માં માહરી મજેહ નામની ગુજરાતી કવીતાની ચોપડી, ૧૮૯૫ માં કાકા કાહાનનાં ચુંટી કાઢેલાં લખાણોનું પુસતક, ૧૯૦૩ માં કેહવત માળાના બે ભાગો અને હમણા મરણુની થોડો વખત અગાઉ ગુલેસતાન કેતાબનો ગુજરાતી ભાષામાં તરજુમો કરી તેનું પુસ્તક બાહર પાડયું હતું. મરહુમ શેઠ જીજીભાઇને ઘણીક મંડળીઓ સાથ સંબંધ હોવાથી એવણુના મરણુ માટે દલગીરી દરશાવનારા ઠરાવો પસાર કરી મરહુમનાં કુટુંબ ઉપર મોકલવામાં આવ્યા હતા.

શેઠ શાપુરજી સોરાબજી મીસતરી ૬૧ વરસની વયે રોજ ૧ લો આહા ૯ માને દીને મરણુ પામ્યા હતા. મરહુમે ૧૮૭૫ માં મેકટ્રીકયુલેશનની પરીક્ષા પસાર કરી કેટલોક વખત સુધી વઇદાની કોલેજમાં અભયાસ કીધો હતો. એ પછી પોતાની બાપીકી ખોરાકીની દુકાન ચલાવ્યા પછી દશ

વરસ થયા રીટાયર થયા હતા અને જાહેર પ્રજાઉપયોગી કામ પાછળ રોકાયલા રહેતા હતા. મરહુમ ન્યુસ પેપરોમાંબી વારનવાર લખાણો કરતા હતા. એવણ એક ઉલટમંદ ક્રીકેટર હતા અને એલફીનસ્ટન ક્રીકેટ કલબના સભાસદ હતા. એવણે નારી દુઃખનીવારણ નામની ચોપડી તેમજ ક્રીકેટ અને પારસીઓને લગતા સંસારી સવાલો પર તથા બીજી બાબદો પર ચોપાન્યાઓ કાઢયાં હતાં. મરહુમ ૧૯૦૫ માં યુરોપની મુસાફરીએ ગયા હતા તે વખતે એવણને ત્યાંની નેશનલ લીબરલ કલબના મેમ્બર નેમયા હતા. એવણ અંત્રેની પ્રેસીડનસી એસોસીએશનના સભાસદ હતા અને ૧૯૦૭ થી અત્રેની મ્યુનીસીપલ કોરપોરેશનના સભાસદ ચુંટી કહાતા હતા અને કૉરપોરેશનમાં દરેક કામમાં ઉલટ ભરીયો ભાગ લઇ સ્વતંત્રપણે બોલતા હતા. એવણે વેલાત જવા સારૂ બધી ગોઠવણ કરી રાખી હતી તેટલાં મરકી લાગુ પડવાથી એવણનું મરણ નીપજયું હતું. તા૦ ૧૨ મી જુને મુંબઇની મ્યુનીસીપલ કોરપોરેશનની મલેલી સભામાં મરહુમના મરણ માટે દલગીરીનો ઠરાવ પસાર કીધો હતો.

કાનાનોરની જાણીતી પેઢી મેસર્સ હીરજી એનડ સનસના માલેક શેઠ હોશંગ કાવસજી માલેગામવાળા ૩૨ વરસની વયે રોજ ૪ થે માહા ૯ માને દીને કાનાનોર ખાતે મરણ પામ્યા હતા. મરહુમના મરણથી મલબારના પારસીઓમાં ભારે દલગીરી ફેલાઇ હતી. આ પેઢી મરહુમના પીતાએ ૫૦ વરસ ઉપર સ્થાપી હતી. મરહુમ ટેનીસના અચછા શોખીન તથા શીકારી હતા, અને વોલનટીયર તરીકે નીશાનબાજીમાં ઘણાં ઇનામ મેળવયાં હતાં. એવણ બ્રીટીશ સ્ટીમ નેવીગેશન-કંપનીના એજંટ હતા. પાયદસ્ત કીયા વખતે સારી મીજલસ એકઠી થઇ હતી.

શેઠ જમશેદજી એદલજી ચીનાઇ ૭૫ વરસની વયે રોજ ૯ મે માહા ૯ મા ને દીને સીકંદરાબાદમાં મરણ પામ્યા હતા. એવણે નવાબ સર ખોરશેદ જાંહબહાદુરની પાએગાહના ઇલાકાની જાગીરના તાલુકદાર અથવા કલેકટર તરીકે લાંબો વખત સુધી કામ કીધું હતું. અને ત્યાર બાદ તે ઇલાકાની કારોબારી કાઉનસીલના એવણ પ્રમુખ નેમાયા હતા અને ત્યાંથી પેનશનપર રીટાયર થયા હતા. નાનદેર પાસે ભેસાં ગામમાં એવણનો રૂ દાબવાનો એક પ્રેસ છે. મરહુમ હેદરાબાદ તથા સીકંદરાબાદના જાણીતા શેહેરી તેમજ ત્યાંની પારસી અંજુમનની મેનેજીંગ કમીટીના એક મેમ-બર હતા. સારવજનીક કામમાં ઘણો આગેવાની ભરીયો ભાગ લેતા હતા, અને નીઝામ સલતનત મધેના જરથોસ્તીઓને લગતાં અનેક કામોમાં ઉલટભરીયો ભાગ લઇ સારી મદદ કીધી હતી. મરહુમે છેલ્લા ત્રણ ચાર માસ સુધી સખત બીમારી ભોગવી હતી, અને છેલ્લે મુંબઇના પ્રખ્યાત ડા૦ એરચશાહ જમશેદજી હકીમને સીકંદરાબાદ બોલાવી તેવણની દવાખી કીધી હતી. મરહુમની પાયદસ્ત કીયા વખતે સારી મીજલસ એકઠી મલી હતી.

શેઠ મંચેરશાહ રતનજી લાલકાકા ૩૦ વરસની વયે રોજ ૧૪ મે માહા ૯ માં ને દીને અમદાવાદમાં મરણ પામ્યા હતા. મરહુમે ૧૯૦૨ માં બી. એ. ની, અને તે પછીનાં વરસે એમ. એ.ની અને ૧૯૦૬ માં એલ.એલ. બી.ની પરીક્ષા પસાર કીધી હતી. એવણે સોલીસીટરની પરી-ક્ષા માટે અભીયાસ કીવો હતો પણ તેમાં નીશફલ થયા હતા. શરૂઆતમાં મજગામની પોલીસ કોરટમાં વકીલ તરીકે ધંધો ચલાવવા માડયો હતો. તે પછી બરોડા રેલવેમાં પોલીસ પ્રોસીકયુટર તરીકે રહયા હતા. મરહુમે ટુક કારકીદી દરમ્યાન પોતાના ઓધાની ફરજો ઘણી સરસ રીતે બજાવી પોતાના ઉપરી અમલદારોનો સારો ચાહ મેલવ્યો હતો. એવણ સુરત ખાતે રેલવેના કેસ સારૂ ગયા હતા, જ્યાં તેમને તાવ લાગુ પડવાથી અમદાવાદ પોતાને વતન ગયા, જ્યાં મરણ પામ્યા હતા.

શેઠ નવરોજી ધનજીભાઇ ગોલવાળા, કે જેઓ નવરોજી નાટકવાળા તથા નવરોજી પરીને નામે ઓલખાતા હતા તેઓ ૬૦ વરસની વયે રોજ ૧૬ મે માહા ૯ માને દીને હાર્ટ એકદમ બંધ

પડી જવાથી ઓચીંતા મરણ પામ્યા હતા. તેઓ ગ્રાંટરોડ ઉપર આવેલી બોંબે થીએટરના માલેક હતા. મરહુમ નાની ઉમરથી નાટકના ધંધામાં પડયા હતા અને હળવે હળવે આગળ વધી એક નાટક કંપની ઉભી કીધી હતી. આ કંપનીએ વરસો સુધી મુંબઇમાં નાટકો કીધા પછી તેઓ અનેક વાર પોતાની કંપનીને હીંદુસ્તાનની મુસાફરીએ લઇ ગયા હતા અને કરાંચી વીગેરે શહેરમાં નાટકો કરી સારી નામના મેળવી હતી. કેટલાંક દેશી રાજ્યોમાં તેઓની કંપની રહી હતી. અને ત્યાં નવરોજીએ સારી કીરતી મેળવી હતી. કરાંચીમાં તેઓએ જગ્યા લઇ પોતાનું એક થીએટર બાંધ્યું હતું. મુંબઇમાં સીનેમેટોગ્રાફ્નો સહાસ પહેલ વહેલો દાખલ કરનાર મરહુમ શેઠ નવરોજી હતા અને પોતાના થીએટરમાં વિજળીક લાઇટ અને પંખા નાખવાનું પંદર વરસ પર તેમણેજ સાહસ કીધું હતું. એવણ એક સારા એકટર હતા અને નાનપણમાં તેઓ સ્ત્રીનો અને પરીયાંઓનો પાર્ટ લેતા હતા અને ઇંદર સભામાં પરીનો પાર્ટ એવી સરસ રીતે બજાવતા હતા કે તેઓને "નવરોજી પરી" તરીકેજ લોકો ઓળખવા લાગ્યા. એવો ગરીબોના સારા ખેરખાહ હતા અને ખેતવાડીની આઠમી ગલીમાં એક મોટી ચેહલી ગરીબ પારસીઓને સસ્તે ભાડે રાખવા માટે આસરે રૂપ્યા એક લાખની કીમતની તેઓ બંધાવતા હતા. તેઓ ઘણાજ સાદા અને મીલનસાર હતા.

શેઠ દોરાબ એદલજી મોદી ૪૧ વરસની વયે રોજ ૧૭ મો માહા ૯માં ને દીને મરણ પામ્યા હતા. મરહુમ ન્યુ હાઇ સ્કુલમાં કેળવણી લઇ ત્યાં એક સારા ક્રીકેટ રમનાર તરીકે જણાયા હતા. ૧૮૯૨ના દીસેમ્બરમાં લોરડ હોકના ટીમ સાથ પારસીઓ વચ્ચે રમાયલી મેચમાં તેમજ ૧૯૧૦ની ત્રાંગયુલર મેચમાં ઘણા રનો કીધા હતા અને ત્રાંગયુલર મેચના એવણને કેપટન ઠેરવ્યા હતા. મરહુમે થોડા વખતમાં બેટસમેન તરીકે સારી નામના મેળવી હતી. વળી એઓ હુશીયાર તરનાર હતા અને મેસરસ ગોલવાળા બીરાડરોના સ્વીમીંગ બાથના શરૂઆતથી લાઇફ મેમ્બર હતા અને તેની વોટરપોલો ટુરનામેંટમાં આગેવાની ભરયો ભાગ લેતા હતા. મરહુમના માનમાં બાથ બંધ રાખવામાં આવ્યો હતો. મરહુમ લાકડાંનો વેપાર કરતા હતા એવણનું આંગ કદાવર અને જોરાવર હતું.

પ્રોફેસર કેખુસરો કુવરજી કાપડયા ૫૭ વરસની વયે રોજ ૨૩ મો માહા ૯ મા ને દીને મરણ પામ્યા હતા. મરહુમ સુરતના વતની હતા. અત્રેની એલફીન્સ્ટન કોલેજમાંથી ૧૮૭૭માં બી. એ.ની અને ૧૮૭૮ માં એમ. એ.ની પરીક્ષામાં મરહુમ પસાર થયા હતા. ૧૮૭૯ માં સરકારી કેળવણીખાતાંમાં જોડાયા હતા અને રાજકોટ, ભરૂચ, સુરત વગેરે ઠેકાણે એવણની નેમણુક થઇ હતી. ૧૮૮૭ માં ઈંગ્લીશ વરડ બુકનું પુસ્તક રચ્યું હતું. ૧૮૮૮ મા એલફીન્સ્ટન હાઇ સ્કુલના કામચલાઉ વાઇસ પ્રીનસીપલ, ૧૮૯૩ માં નડયાદ હાઇ સ્કુલના હેડ માસ્તર, અને નડયાદની મ્યુનીસીપલ બોરડના મેમ્બર, ૧૮૯૫ માં એલફીન્સ્ટન કોલેજના ફીઝીકસના લેકચરર, નેમાયા હતા. ૧૯૦૦ માં એવણને યુનીવરસીટીના ફેલો નેમ્યા હતા. અને છેલ્લે ૧૯૦૧ થી એલ્ફીન્સ્ટન કોલેજના વડા પ્રોફેસર તરીકે એવણની નેમણુક થઇ હતી.

શેઠ અરદેસર ફરામજી ખરાડી ૬૦ વરસની વયે રોજ ૨૮ મો માહા ૯ માને દીને મરણ પામ્યા હતા. મરહુમ જુના વીચારના ધરમચુસ્ત હતા. એવણનો સ્વભાવ હસમુખો હતો અને પોતાની ચાલાકી તથા હાજરજવાબથી સરવેનાં દીલ જીતી લેતા હતા. મરહુમ વરતમાન પત્રોમાં અગાઉ લખણો કરતા હતા અને જાહેર કામોમાંબી સારો ભાગ લીધો હતો.

ખાનસાહેબ માણેકજી હોરમજી વજીફદાર ૬૨ વરસની વયે રોજ ૪થો માહા ૧૦માને દીને મરણ પામ્યા હતા. એવણે ૧૮૬૯માં મેટ્રીકયુલેશનની પરીક્ષા પસાર કરી પુણા સાયનસ કોલેજમાં જોડાઇ ૧૮૭૧માં પહેલી એલ. સી. ઇ. ની અને ૧૮૭૨માં સેવટની એલ. સી. ઇ.ની પરીક્ષા પસાર કરી હતી અને પરીક્ષા પસાર કરનાર તરીકે એવણ પહેલ વેહલા પારસી હતા. એ પછી સરકારી

નોકરીમાં જોડાઇ જબલપોર, એડન વગેરે ઠેકાણે કેટલીક મુદત સુધી મદદનીસ ઇજનેર તરીકે રહયા હતા. ને બાદ મુંબઇની પબલીક વરકસ ઓફીસમાં મદદનીશ ઇજનેર નેમાયા હતા. ૧૯૦૨માં એવણને ખાન સાહેબનો ખેતાબ મલ્યો હતો. એવણ એક જાણીતા ક્રીકેટર હતા અને એલફીનસ્તન કલબના તથા પારસી જીમખાનાના સભાસદ તેમજ જોન બાઇંત કલબના પ્રમુખ હતા.

શેઠ દીનશાહ આદરજી મસાની ૨૯ વરસની વયે રોજ ૧૦ મો માહ ૧૦ માને દીને મરણ પામ્યા હતા. મરહુમ વડોદરા રાજ્યના કેળવણી ખાતાંના વડા શેઠ આદરજીના બેટા થતા હતા. મરહુમે વડોદરા હાઇ સ્કુલમાં શરૂઆતની કેલવણી લઇ મેટ્રીક થવા પછી મુંબઇની એલફીનસ્ટન કોલેજમાંથી બી. એ. થવા પછી ગ્રાંટ મેડીકલ કોલેજમાં જોડાઇ એમ. બી. બી. એસ.ની છેવટની પરીક્ષા આપવા બેઠા હતા. એમાં બે દીવસના પેપરોમાં સારો દેખાવ કીધો હતો અને ત્રીજા દીવસના પેપર માટે જવા ઘરથી સવારના નીકલવા અગાઉ થાક જેવું લાગવાથી જરા આસાએસ લેવા સુતા તેવામાં એકાએક એવણનું હાર્ટ ફેલ થયું હતું. મરહુમ ખવાસે ઘણા રાંક, લાગણીવાલા તથા એકમારગી હતા અને પોતાના ભલા ખવાસથી પ્રોફેસરો વગેરેનો સારો ચાહ જીતી લીધો હતો.

બાઇ મહેરબાઇ સોરાબજી પેસ્તનજી પાલખીવાલા રોજ ૨૩ મો માહ ૧૦ મા ને દીને મીરજ ખાતે ૩૪ વરસની વયે મરણ પામયાં હતાં. મરહુમે અતરેની ચંદનવાડી ખાતેની છોકરીઓની નીશાળમાં કેળવણી લીધી હતી તે દરમીયાન ઘણા ઇનામો અને સ્કોલરશીપો મેળવી હતી. કેળવણી લીધા પછી ખાનગી શીક્ષક તરીકે શરૂઆત કરી હતી. ત્યાર પછી તેવણ ભરૂચમાં પારસી પંચાયત હસ્તક ચાલતી પીટીટ કન્યાશાળાનાં વડાં શીક્ષક થયાં હતાં, જ્યાં તેમના કામથી સઘળાં ખુશી થયાં હતાં. ૭ વરસપર તેવણનાં લગ્ન થવાથી તે ખાતાં સાથનો સંબંધ છોડી મુંબઇમાં આવી રહયાં હતાં અને પરેલપર ધી પ્રીન્સેસ ઓયઝ એંડ ગર્લસ નામની એક સ્કુલ ઉઘાડી હતી જ્યાં તેવણ ગરીબોને મફત તથા કેટલાકને નાહનો પગાર મેળવી કેળવણી આપતાં હતાં. ગયા માસમાં ભીતરનું દરદ લાગુ પડવાથી મીરજ ખાતેની ડા૦ વાનલેસવાલી ઓસ્પીટલમાં ઓપરેશન કરાવવા ગયાં હતાં ત્યાં તેમનું મરણ થયું હતું, જ્યાંથી તેમના રવાનને મુંબઇ લાવી અવલમંજલ પાંહોચાડવામાં આવ્યું હતું.

એરવદ માણેકજી ખરશેદજી માદન રોજ ૨૮ મો માહ ૧૦ મા ને દીને કરાંચી ખાતે મરણ પામ્યા હતા. એવણ કરાંચીમાં ગાડી ખાતાંની વહાડીયાજીની અગ્યારીના ઑનરરી સેક્રેટરી તથા છેલ્લાં પંદર વરસ થયા ખાનબાહદુર નશરવાનજીની દુકાનના મેનેજર અને તે અગાઉ લેધમ કંપનીમાં નોકરી હતા અને એક વખત ઉંટનો વેપાર કરવા ઓસ્ટ્રેલીયા પણ જઇ આવયા હતા. મરનાર પારસીઓના ફાયદા માટેનાં કામોમાં ઉલટમંદ ભાગ લેતા અને ગાડી ખાતાંમાં રહેતા પારસીઓને મરણ વખતે તેમના ઘરમાં ક્રીયા કરવાની અડચન પડવાથી એવણની કોશેશથી અગીયારીના કમપાઉંડમાં એક મકાન એક સખી શેઠે બંધાવી આપયું હતું. મરનારના ઉઠમણાની ક્રીયા વખતે એક મોટી મીજલસ મળી હતી.

ડા૦ ભીખાજી જીવાજી દમણીયા ૬૨ વરસની વયે રોજ ૨૮ મો માહ ૧૦ મા ને દીને કચ્છમાં મરણ પામ્યા હતા. મરહુમ દમણના વટની હતા. એવણે ૧૮૭૩ માં મેટ્રીકની અને ૧૮૭૮ માં એલ. એમ. એંડ એસ. ની પરીક્ષા પસાર કીધી હતી. એ પછી વેલાત જઇ ગલાસગોની એલ. એફ. પી. એસ. તથા એલ. એમ. અને લંડનની એલ. એસ. એ. ની પદવીઓ ૧૮૮૦ માં મેલવી હતી. તે પછી ૧૮૮૧ માં કછ ભુજ રાજ્યમાં તબીબ તરીકે રહયા હતા. ૧૮૮૮ માં કચ્છના મહારાજા વેલાતની મુસાફરીએ ગયા હતા ત્યારે પોતાની સાથે મરહુમ ડા૦ ભીખાજીને બી લઇ ગયા હતા, અને એજ મીસાલ માહારાજા પોતાની સાથે એવણને મુસાફરીએ લઇ જતા હતા.

૩૨ વરસ સુધી મરહૂમે ચીફ મેડીકલ આફીસર તરીકે એ રાજ્યમાં નોકરી કીધી હતી. ૧૮૯૫ માં એવણે ગુજરાતીમાં એક વધ્દક પુસ્તક પ્રગટ કીધું હતું. હાસપીટલમાં દરદીને ઓપરેશન કરતાં મરહૂમને ઝેર લાગવાથી એવણનું મરણ નીપજ્યું હતું.

શેઠ પીરોશાહ દાદાભાઇ મોદી ૫૬ વરસની વયે રોજ ૭ મો માહા ૧૧ માને દીને હારટ બંધ પડવાથી એકાએક મરણ પામ્યા હતા. મરહુમ પોતાના પીતા સાથે ધંધામાં જોડાયા હતા અને કરાફડ કંપનીને નામે લીલાઉંનો ધંધો ચલાવતા હતા. એવણની પેહેડી મારફતે અનેક સરકારી ખાતાંઓ જેવાંકે એડમીનીસ્ટ્રેટર જનરલ, પોસ્ટ માસટર જનરલ, વગેરેના માલના લીલાઉં થતા હતા એવણ રાંક સ્વભાવના, એકમારગી તેમજ પોતાના કામમાં બહુ મેહેનતું હતા. એવણ પોતાના સહાસીકપણાથી પેહેડીને ઘણી ધીકતી બનાવી ગયા છે.

શેઠ રૂશતમજી એદલજી દાદાચાનજી ૫૬ વરસની વયે રોજ ૯ મો માહા ૧૧ માને દીને મરણ પામ્યા હતા. મરહૂમે શરૂઆતમાં કસતમના દલાલ તરીકે કામ કરવા પછી કીસમીસ દરાખ વગેરે મોટા જથામાં હાંગકાંગ વગેરે ઠેકાણે ચડાવવાનો ધંધો કીધો હતો. એ પછી રેશમી કાપડ ઉન વેલાત ચડાવતા હતા. ૧૮૮૭ થી કાંદાનો ધંધો કરવા માડયો હતો અને ચીન, સીંગાપોર વગેરે દેશાવરો ખાતે મોટા જહાજમાં કાદા ચડાવતા હતા. એવણે નાસકમાં આવેલા ટાંકલી નામના પોતાના વજીફામાં ગરીબ જાત્રાળુઓ માટે રેસ્ટ હાઉસ બાંધી કુવાઓ ખોદાવ્યા હતા.

ડા૦ માણેકજી દોશાભાઇ કામા ૫૧ વરસની વયે રોજ ૧૨ મો માહા ૧૧ માને દીને મરણ પામ્યા હતા. એમને ૧૮૮૨ માં મેટ્રીકયુલેશનની પરીક્ષા પસાર કરી ગ્રાંડ મેડીકલ કોલેજમાં જોડાઇ ૧૮૮૬ માં પેહેલી એલ. એમ. એંડ એસ.ની પરીક્ષા પસાર કરી હતી. એ કોલેજમાંથી એવણને ૧૮૮૫ માં સ્કોલરશીપ મલી હતી. ૧૮૮૮ માં એવણ એલ. એમ. એંડ એસ.ની પરીક્ષામાં પસાર થયા પછી ડાકટર તરીકે ધંધો ચલાવતા હતા. એવણે એક માયાલુ તબીબ તરીકે ૨૫ વરસ સુધી મોટી ઘરાકી મેલવી હતી. મરહુમ કુવારા હતા.

શેઠ રૂશતમજી મોટાભાઇ મેઘોરા ૮૦ વરસની વયે રોજ ૧૫ મો માહા ૧૧ માને દીને બીલીમોરા ખાતે મરણ પામ્યા હતા. મરહૂમ અગાઉ પોતાના ભાઇઓ સાથ વેપાર ચલાવતા હતા. તે પછી પોતે એખલાએ બીલીમોરા ખાતે છોં પકાવવાનું કારખાનું કાઢયું હતું. એ પકવેલી છે. રેલવે વગેરે ખાતાંમાં પુરૂ પાડતા હતા. મરહુમ બીલીમોરાની જરથોસ્તી અંજુમનના એક ત્રસટી હતા. ૧૮૮૦ માં બીલીમોરામાં બંધાયલા અંજુમનના દોખમા માટે મરહુમે આગેવાનીભરીયો ભાગ લીધો હતો. તેમજ જાહેર કામોમાંબી ઉલટભરયો ભાગ લઇ બનતી મદદ આપતા હતા.

બાઇ જરબાનું ફ્રામરોજ મેહતા ૨૫ વરસની વયે રોજ ૨૦ મો માહા ૧૧ મા ને દીને મરણ પામ્યા હતા. એવણ ૧૯૦૬ માં મેટ્રીકયુલેશનમાં પસાર થઇ વીલસન કોલેજમાં જોડાઇ પ્રીવીયસ અને ઇનટરમીડયેટની પરીક્ષા પસાર કરી હતી અને તે પછી ૧૯૧૦ માં બી. એ.ની પરીક્ષામાં પસાર થયા હતા. મરહૂમનો ધરમ ઉપર સારો ચાહ હતો અને આતશ બેહરામમાં બંદગી કરવા આવતાં હતાં. મરહુમના મલતાવડા સ્વભાવથી પોતાની આસપાસ મોટું મંડળ ભેગું કીધું હતું.

સરદાર ખાન બાહદુર દસ્તુર બહમનજી જામાસપજી જામાસપઆશાના, સી. આઇ. ઇ. ૮૮ વરસની વયે રોજ ૨૧ મો માહા ૧૧ મા ને દીને વાંદરા ખાતે મરણ પામ્યા હતા. ઇસવી સને ૧૮૫૩ ની તા૦ ૨૬ મી જુલાઇથી એવણ સરકારી નોકરીમાં જોડાયા હતા. મરહુમ એક અચ્છા નીસાનબાજ હતા અને બલાપુર ઇલીચપુર વગેરે મથકોએ હીંદુઓ અને મોહમેદનો વચ્ચે થએલા ઝગડાઓ એવણે પોતાની બાહોશીથી દાબી દીધા હતા. ૧૮૫૭ ના બળવાના વખતમાં દખણ હેદરાબાદના સીપાહો બખેડામાં જોડાય કે નહી તે વીષે ખાનગી બાતમી મેળવવા એવણની

નેમણુક કીધી હતી. વળી રોહીલા અને આરબ લુટારાઓ માહેકર અને બીજા તાલુકાઓમાં ઉતરી પડયા હતા તેમની સામે એવણે ચાંપતા ઉપાયો લઇ બંદોબસ્ત કીધો હતો. એ મુજબ ઘણી વખત બલવાખોરોની સામે એવણને થવું પડયું હતું. ૧૮૬૭ માં મરહુમ દસ્તુરજી બહમનજીએ પોતાના ભાઇઓ સાથે પુણા ખાતે નાના પેઠમાં ત્રણ મોટી ટાંકીઓ બંધાવી હતી. ૧૮૬૮ માં આંકોલામાં ભરાયલા પ્રદરશનમાંથી મરહુમને ઉંચા રૂના નમુના માટે એક રૂપાંનો ચાંદ મળ્યો હતો. મરહુમના માતાજી બચીઆઇજીના ઉઠમણામાં ભરાયલા રૂપ્યામાં ઉમેરો કરી મરહુમની આગેવાની હેઠલ આકોલામાં એક દરેમેહર બાંધવામાં આવી હતી. ૧૮૭૫ની તા૦ ૧૦ મી નવેમ્બરે નામદાર પ્રીન્સ ઓફ વેલસે અત્રેની સેક્રેટરીએટના દીવાનખાનામાં ભરેલી લેવીમાં મરહુમને પણ હાજર થવાનું માન મલ્યું હતું. ૧૮૭૭ની તા૦ ૧લી જાનેવારીએ માહારાણી વીકટોરીયાએ કયસરે હીંદનો ખેતાબ આપ્યો હતો તેની ખુશાલીમાં મરહુમ દસ્તુરજી બહમનજીને એક જીઆફ્ત આકોલા ખાતે આપવામાં આવી હતી. પુણા ખાતે સ્થાપાયલી બઝમે રોજે બેહરામની મંડલીના પેત્રન તરીકે ૧૮૮૮માં એવણ નેમાયા હતા. ૧૮૭૮ માં મરહુમ બીરાર જીલ્લાને લગતાં ખામગામના જડજ નેમાયા હતા. ૧૮૭૯ માં નામદાર સરકારે મરહુમને સી. આઇ. ઇ. નો માનવંતો ખેતાબ આપ્યો હતો. એવણને મલેલા આ માન માટે પુણાના જરથોસ્તીઓએ તા૦ ૧૦ મી મારચ ૧૮૭૯ ને દીને એક મેલાવડો કરી માનપત્ર આપી ફૂલાવરવાઝ એનાયત કીધું હતું. દસ્તુર બમનજી ૧૮૮૧ માં નારનાલેનના કીલ્લા ઉપર જવા માટે આરકાટ ગયા હતા, જે વખતે ત્યાંના વેપારીઓએ એવણને માનપત્રો આપ્યાં હતાં. મરહુમે આસીસટંટ કમીશનર વગેરેના મોટા ઓધાઓ ભોગવી જાહેર પ્રજાની તેમજ નામદાર સરકારની કીમતી સેવા બજાવી ૧૮૮૧ થી રૂ. ૭૫૦ ના પેનસન ઉપર રીટાયરડ થયા હતા. તે વખતે નામદાર સરકાર તથા જાહેર પ્રજાએ મરહુમને ઘણું સારૂં માન આપી માનપત્રો અને ચીજો ભેટ આપી હતી. ૧૮૮૧ માં મરહુમ પુણા જીલ્લાના પેહલા વરગના ઓનરરી મેજીસ્ટ્રેટ અને ૧૯૧૨ માં દખણના પેહલા વરગના સરદાર નેમાયા હતા. ૧૮૮૨ માં બીરાર અને નાગપોરના જરથોસ્તીઓએ એક માનપત્ર આપ્યું હતું. મરહુમ દસ્તુરજીએ આખી જીંદગી સુધી સુખવાસીભરી તંદરોસ્તી ભોગવી સરવે તરફથી ઘણું સારૂં માન આબરૂ ઇજત પામ્યા હતા. મરહુમના થયલા ઉઠમણા વખતે એકમતે જાહેર ધરમ ક્રીયામાં મરહુમનું નામ દેવાનો ઠરાવ થયો હતો. વળી મરહુમનાં ઉઠમણાની ક્રીયા પુણા, સીકનદરાબાદ વગેરે ઠેકાણે થઇ હતી. મરહુમના મરણ માટે નામદાર વાઇસરાય તથા મુંબઇના નામદાર ગવરનરે દીલાસાના સંદેશાઓ મોકલાવ્યા હતા.

શેઠ મેરવાનજી અરદેશર ચીનાઇ ૫૨ વરસની વયે રોજ ૨૪ મો માહ ૧૧ મા ને દીને મરણ પામ્યા હતા. મરહુમ ઇ. ડી. સાસુન કંપનીના મીલખાતાંની હારીસના વડા દેશી મદદનીશ હતા. એવણે પચીસ વરસ સુધી ઇમાનદારીથી નોકરી બજાવી પોતાના ઉપરી અમલદારોનો સારો ચાહ મેલવ્યો હતો. મરહુમ શેઠ મેરવાનજી સુધા * હરથ હતા, અને પોતાની લાગવગથી મીલમાં ઘણા જરથોસ્તીઓને નોકરીએ રાખ્યા હતા. મરહુમના માનમાં મીલની હારીશ બંધ રાખી હતી.

શેઠ પીરોશાહ બમનજી જીજીભાઇ ૫૭ વરસની વયે રોજ ૨૯ મો માહ ૧૧ મા ને દીને મરણ પામ્યા હતા. એવણ જાણીતા ને પ્રખ્યાત શેઠ જીજીભાઇ દાદાભાઇ મુગાના ખાનદાનના હતા. એવણ મરહુમ નામદાર સર દીનશાહ માણેકજી પીટીટ પેહલા બેરોનેટના જમાઇ થતા હતા. એવણ વેલાત ઇજનેરી શીખવા ગયા હતા અને અત્રે આવવા બાદ ગોરડન મીલના મેનેજર થયા હતા, ત્યારબાદ તેવણ વેપાર કરતા હતા. મરહુમ શેઠ પીરોશાહ પોતાના પીતાની માફક અત્રેની પારસી ચીફ મેત્રીમોનીયલ કોરટના ડેલીગેટ હતા તથા એવણને નામદાર સરકારે એક સુલેહના અમલદાર નેમ્યા હતા. તેવણના પીતા શેઠ બમનજીએ લાચાર ઇરાનીઓની પરવરશી કરવા

માટે ૭ માસ સુધી દર મહીને રૂ ૧૦૦ની રકમ પહોંચતી કરી હતી. તેવણુના બેટાઓએ પણુ બીજા ૭ માસ સુધી ચાલુ કીધી હતી. મરહુમ શેઠ પીરોજશાહ ૧૮૭૯ નાં સાલમાં અત્રેની લોડજ ઇસટરન સટારમાં જોડાયા હતા. એવણુ આજ લાંબો વખત થયો કેનસરનાં દરદથી હેરાન થતા હતા.

શેઠ મેનાભાઇ મેહરવાનજી ભીખામેહરજીના ૮૬ વરસની વયે રોજ ૩૦ મો માહા ૧૧ માને દીને ખેરગામની હદ ઉપર આવેલાં બેહેજ ગામમાં મરણુ પામ્યા હતા. એવણુ ખેરગામની જરથોસ્તી અંજુમનના ટ્રસ્ટી અને પ્રમુખ હતા. તેમજ ખેરગામની હીંદુ અને મુસલમાન વગેરે પંચરંગી કોમની મહાજન પણુ એવણુને આગેવાનીતું માન આપતી હતી. મરહુમની વંશપરંપરા ઉતરી આવેલી મોટી જાગીરો હતી, જેનો એવણુ સારો વહીવટ કરતા હતા. મરહુમ મજબુત કદના અને બાધાના હતા અને સારી રીતે ઘોડે સ્વારી કરી જાણુતા હતા. મરહુમ રાંક સ્વભાવના, ભણુ-નાર ગણુનાર ને ધરમ ચુસ્ત હતા.

ડા૦ ખરશેદજી નવરોજી સહીયાર ૫૮ વરસની વયે રોજ ૧ લો માહા ૧૨ માને દીને મરણુ પામ્યા હતા. મરહુમનો જનમ નવસારીમાં થયો હતો અને અતરે કેળવણી લઇ ૧૮૭૫ માં મેત્રીકયુલેશનની અને ૧૮૮૪ માં સેવટની એલ. એમ. એન્ડ. એસ. ની પરીક્ષા પસાર કીધી હતી. એ પછી એવણે બહારકોટ ખાતે દવાખાનું કાઢયું હતું. મરહુમ હરસ મસાની ખાસ દવા માટે જાણીતા હતા અને એ દરદોમાં તેમની ખાસ કાબેલીયત હતી. એવણુ અત્રેના જાણીતા આલબલેસ કુંટુબના ખાસ પગારદાર ડાકટર હતા અને ચારેક વરસ થયા તે સંબંધ છોડયો હતો. મરહુમ નવસારીની મેહરજીરાણા લાયબ્રેરીના, મુંબઇની મુલ્લાંફીરોઝ મદરેસાના, અને દાદીશેઠ ત્રસ્ટ એસટેટનાં ત્રસ્ટી હતા. મરહુમ કદમી હતા અને કદમી ટોળાના ભલાં માટે ઉલટભરીયો ભાગ લેતા હતા. એ ઉપરાંત બીજા ઘણા ધરમ ખાતાઓ સાથે મરહુમને સંબંધ હતો તેનાં ભલા માટે સારી કાલજી રાખતા હતા. મરહુમને જોતિશ વાદયાનો સારો અનુભવ હતો.

શેઠ શાપુરજી રતનજી શેઠના ૬૭ વરસની વયે રોજ ૪ થો માહા ૧૨ મા ને દીને મરણુ પામ્યા હતા. મરહુમ શરૂઆતમાં ૫૦ વરસની વાત ઉપર જુની કમરસીયલ બેંકમાં નોકરીએ રહયા હતા. તે પછી નેશનલ બેંકમાં જોડાઇ વડા શરાફના ઓધા ઉપર આવ્યા હતા, જયાથી ૧૯૦૪ માં રીટાયરડ થયા હતા. એવણુ ઇંગ્લંડ ગયા હતા ત્યારે બેંકના જરથોસ્તીઓએ એવણુના માનમાં શેઠ મીનારમાં એક ખાણુાનો મેલાવડો કરયો હતો. નોકરી પરથી રીટાયર્ડ થવા પછી પણુ તેમનો પગાર પેનશન તરીકે મલતો રહયો હતો. એ ઉપરાંત દર સાલ વલી બોનસમી જુદુ મલતું હતું. એવણુના શરાફ ખાતામાં ઘણુાખરા જરથોસ્તીઓ હતા અને ઘણુાક જરથોસ્તીઓને નોકરી ધંધે લગાડી દીલશોજી દેખાડતા હતા. ડા૦ બાહાદુરજીએ મરકી વખતે કાઢેલી પારસી ફીવર હાસપીટાલને એવણુ સારી મદદ આપતા હતા. એવણુ અતરેની શેઠના કલબના મેમબર હતા. મરહુમને ડાયબીટીશ લાગુ પડયો હતો તેથીજ એવણુનું મરણુ નીપજયું હતું. મરહુમના એક બેટા શેઠ જાહાંગીરજી નેશનલ બેકમાં બુલીઓનકીપરના ઓધા ઉપર છે.

પાલીતાણા સ્ટેટના ચીફ મેડીકલ હાફીશર ડા૦ હોરમજી બેરામજી દસ્તુર રોજ ૧૧મો માહા ૧૨માને દીને ૫૪ વરસની વયે હારટ એકદમ બંધ પડવાથી મરણુ પામ્યા હતા. મરનાર પરોપકાર અને દયાના સદગુણુને લીધે પાલીતાણુાની પ્રજામાં માનતા થઇ પડયા હતા. કોઇબી દરદીને ઘરે જતા ઘણી કાલજીથી સારવાર કરતા હતા. એવોએ રાજયની લગભગ પંદર વરસ સુધી વફાદારીથી નોકરી કીધી હતી જેથી પાલીતાણુાના એડમીનીસટ્રેટર મેજર સ્ટ્રોંગે એવણુની ભારે વખાણુ કરી મરનારના માનમાં રાજયની હાફીશો તથા સ્કુલો બંધ રાખી હતી.

મરહુમ શેઠ મનચેરજી હોશંગજી જાગોશ.

મુંબઇ વરતમાન પ્રેસના અને ઝોરાસ્ટ્રીયન
કેલેંડરના માલેક.

ઉમર વરસ ૭૨.



સુરતમાં જનમ-રોજ ૧૩ મો તીર માહા ૧લો ફરવરદીન શેહેનશાહી સને ૧૨૧૧ યજદેજરદી.—તારીખ ૧૩મી અકટોબર સને ૧૮૪૧ ઇ૦ સંવત ૧૮૯૭ ના પરથમ આશો વદ ૧૨ ને સોમવાર.

મુંબઇમાં મરણ-રોજ ૨૦મો બેહરામ યજદ માહા ૧૦મો દેહ શેહેનશાહી સને ૧૨૮૨ યજદેજરદી.—તારીખ ૨૮મી જુન સને ૧૯૧૩ ઇ૦ સંવત ૧૯૬૯ ના જેઠ વદ ૯ ને વાર સની.

મરહુમ શેઠ મનચેરજી હોશંગજી જાગોશ.

મરહુમ શેઠ મનચેરજી હોશંગજી જાગોશ પારસી જરથોશતી કોમની સેવા જે અનેક રીતે બજાવી ગયા છે, તેમાં એક આ છે કે તેઓએ પોતાના "ઝોરાસ્ત્રીઅન કેલેંડર"માં જાણીતા પારસીઓનાં મરણો છાપી તેની નોંધો જાળવી રાખીને તે મરહુમોને યોગ્ય ઇન્સાફ આપ્યો છે, અને જાણે તેઓને અમર કીધા છે. આ કેલેન્ડરના સ્થાપક, વ્યવસ્થાપક, તથા માલેક મરહુમ શેઠ મનચેરજી હોશંગજી જાગોશ, રોજ ૨૦ મો માહ ૧૦ મો સને ૧૨૮૨ યજદેજરદી, તારીખ ૨૮ મી જુન ૧૯૧૩ ને સનીને દીને ૭૨ વરસની વયે આ ફાની જેહાનથી જીંદગીનો અસબાબ ઉઠાવી મીનોઇ તરફ કુચ કરી ગયા છે, અને તેથી આ કેલેન્ડર જોકે અટકી તો પડયું નથી, તોપણ તેણે પોતાનો જન્મ આપનાર, પાલનહાર તથા રક્ષણહાર માયાળુ તથા મેહનતુ મુરબ્બી તો ખોહયો છે. એમનાં મરણથી પારસીઓને ખોટ ગઇ છે અને અમોને તો તે ખોટ બહુ મોટાં પ્રમાણમાં ગઇ છે. પણ એ કુદરતનો બનાવ છે; તેના આગલ માણસજાત નાચાર છે. મરહુમે આરંભેલાં આ રૂડાં કામને ચાલુ રાખવાનો બનતો પ્રયાસ કરવો, અને તેમને ન્યાય આપવા મરહુમનાં રૂડાં કાર્યો તથા તેમના ભલા ગુણોની નોંધ, "પારસીની આરસી" ગણાતાં તેમનાં આ કેલેંડરમાં કરવી યોગય છે. મરહુમ શેઠ મનચેરજીની જીંદગી જેમ બનાવોથી ભરપૂર છે, તેમ તેઓની કારકીર્દી તથા તેમના સદગુણો નકલ કરવા જોગ છે. તેવણ ગરીબી હાલતમાં જન્મ પામી પોતાની જાતી ચાલાકી તથા અંગત સદગુણો વડે આગલ વધી એક વગવાલા, માનવંત ગ્રહસ્થ, એક સારા લેખક, એક અનુભવી જરનાલીસ્ટ તથા એક ધર્મચુસ્ત હમકોમી થઇ ગયા છે. કહો કે, તેઓ એક self made man એટલે "પોતાની જાતે બનેલા માણસ" હતા. એક પત્રકાર, લેખક, આ કેલેંડરના પીતા, અનેક ધર્મખાતાંઓના ટ્રસ્ટી, ઘણીક મંડલીઓના અધીકારી ઇત્યાદિ તરીકે તેઓ ખાસ કરી પોતાની કોમની તથા સામાન્ય રીતે લોકોની સારી સેવા બજાવી ગયા છે. એક ખાનગી ગ્રહસ્થ તરીકે તેમની જીંદગી પરમાર્થી, ધર્મચુસ્ત, તથા દયાળુ હતી. તેઓ અસલી વીચારના હતા, અને પોતાના ધર્મ ઉપર એવણનું એકીન ચીવટ તથા ચુસ્ત હતું. પોતાની લાયકી તથા લાયકાતથી સરવે કોમના શેઠયાઓ તથા અકાબરો જેવા મોટા લોકોનાં માન તથા મીત્રાચારી મેળવવાને ભાગ્યશાલી થયા હતા. મરહુમ જાગોશ જેટલા માયાળુ, નમાના હતા તેટલાજ ખુશમીજાજી પણ હતા, અને પોતાનાં દીલના એવા ઉમદા ગુણો વડે તેઓએ પોતાની આસપાસ એક મોટું મીત્ર મંડલ ઉભું કરયું હતું; તેઓ જાતે ભલા હતા, સઉ સાથ ભલાઇજ કરતા હતા. તેમની કારકીર્દી તથા સદગુણો વીષે સામાન્ય રીતે એટલા શબ્દો લખીને, તથા તેમનાં પાક રૂહ માટે ગરોથમાન બેહસ્તની દુવા ચાહીને, તેમનાં જન્મ ચરીત્રને લગતા બનાવોની વીગતો મુંબઇના તેમજ દેશાવરોના માનવંત ભાઇબંધોએ પોતાનાં પત્રોમાં લીધી છે તે અતરે આપ્યે છીયે:—

LATE Mr. M. H. JAGOSH.

We regret to announce the death of Mr. Muncherji Hoshangji Jagosh on 28th June last at the advanced age of 72 years. Mr. Muncherji was born in 1841 and received his early education in schools at Surat. When he first came to Bombay he started life as a compositor but his activity and shrewdness paved his way for new enterprises. He became the Manager "of the Bombay Chabook"

which was once a very popular paper. Soon after, he bought the Bombay "Vertaman Press" from its original Proprietor, and succeeded in making it very efficient. He became the publisher of "Satya Mitra" a paper treating mostly of the principles of the Zoroastrian religion. But this paper had to be discontinued within a period of five years owing to a fire which occurred in his press in the year 1898. He was the author and publisher of one of the most useful books the Zoroastrian Calendar. Slowly he brought this most useful book to perfection to such a degree that all the important and useful events relating to his community are comprehensively treated year. His management of the press did not deter him from taking part in public life. He was one of the Managing Trustees of a leading Agiary and acted as Chairman of the Zoroastrian Jashan Committee. During the excitement of the Juddin question, he wrote very strongly against it.

[The Daily Telegraph & Deccan Herald—18th July, 1913.]

અસલી વીચારનો એક ખરો ધર્મચુસ્ત જરનાલીસ્ટ.

મી૦ મનચેરજી હોશંગજી જાગોશના આજે નીપજેલાં મરણુની નોંધ લેતાં ઘણી દલગીરી ઉપજેછે. મી૦ જાગોશ એક અસલી વીચારના ખરા ધર્મચુસ્ત જરથોસ્તી હતા અને જોકે તેઓ તદન સાધારણ સ્થીતીના હતા તે છતાં પારસી કોમની સેવા બજાવવા માટે વખણુાવા જોગ કોશેશ કીધી હતી. તેઓ જુના વીચારના એક સહાસીક જરનાલીસ્ટ હતા. તેઓએ "મુંબઇ વર્તમાન પ્રેસ" એવે નામનું એક છાપખાનું કહાડયું હતું, જે જીંદગીના છેડા સુધી તેઓએ ચલાવ્યું હતું...... તેઓએ "સત્ય મીત્ર" નામનું અઠવાડીક પત્ર કહાડયું હતું, કે જેમાં મરહુમ મી૦ મનસુખ અને બીજા ધર્મચુસ્ત પારસીઓનાં લખાણો એટલી સરસ રીતે આવતાં હતાં કે ટુંક વખતમાંજ એ અઠવાડીક પારસીઓમાં લોકપ્રીય થઇ પડયું હતું, અને કમનસીબે તેનો ઓચીંતો અંત નહીં આવ્યો હતે તો આજે તે એક પહેલા નંબરના અઠવાડીક તરીકે ચાલુ રહી પારસી કોમની કીમતી સેવા બજાવતે. એ પત્ર શરૂઆતની મુશકેલીઓ પછી પગભર થવા આવ્યું તેટલામાંજ ધોબીતલાવ, જયાં મી૦ હારવરની ચા અને મસાલાની અસલ દુકાન હતી તેને માથે આવેલાં મી૦ જાગોશના પ્રેસમાં આગ લાગી અને આખું છાપખાનું તારાજ થઇ ગયું. આ કમનસીબ બનાવથી મી૦ જાગોશને મોટી ખોટમાં ઉતરવું પડયું અને "સત્ય મીત્ર" પત્રએ આગને દીવસથીજ બંધ પડયું. ત્યાર પછી મી૦ જાગોશે પોતાનું છાપખાનું પાછું સજીવન કીધુ, પણુ "સત્ય મીત્ર" પાછું સજીવન કરવાની તેઓની ઉમેદ પાર પડી નહી. મી૦ જાગોશે પારસી કોમની એ રીતે જે સેવા બજાવી છે તે થોડા વખતમાં કદાચ ભુલાઇ જશે, પણુ તેઓએ જે એક બીજું કામ માથે ઉઠાવ્યું હતું તેની યાદ લાંબો વખત સુધી જળવાઈ રહેશે. તે કામ "ઝોરાસ્ત્રીયન કેલેંડર યાને પારસી પંચાંગ" પ્રગટ કરવાને લગતું હતું. એ કેલેંડર તેઓએ ૪૨ વર્ષ સુધી પ્રગટ કીધું હતું. આખાં વર્ષ દરમ્યાન પારસીઓ મધે થયલી સખાવત અને પારસી કોમને લગતા દરેક મુખ્ય બનાવોનું

ટુંકમાં વર્ણન તેમાં આવતું હતું, તેથી લગભગ અરધી સદીની પારસી તવારીખ એ પંચાંગમાં સમાયલી હોવાથી તે તવારીખનવેશો અને અભ્યાસીઓ માટે બહુ ઉપયોગી છે. એ કેલેંડર પ્રગટ કરી તેઓએ પારસી કોમની ખરેખર સેવા બજાવી છે.

મી૦ જાગોશ જુના જમાનાના એક દીનચુસ્ત જરથોસ્તી હતા. તેઓ પાંચે ગેહમાં ભણતા હતા અને જ્યારે તંદરોસ્તી લથડી પડી ત્યારે બીછાણા ઉપર પડયા પડયા પણ તેઓ બંદગી કરતા હતા. તેઓ પોતાની આખી જીંદગીના છેલ્લા બે ત્રણ વર્ષ બાદ કરતાં દરરોજ આતસબેહરામ જઇ ભણતા હતા. તેઓ ઘણીજ નીયમીત રીતે પોતાની જીંદગી ગુજારતા હતા અને કુટુંબનાં વાહાલાંઓના ઉપરાસાપરી નીપજેલાં મરણોના ફટકા તેઓને લાગ્યા નહીં હતે તો તેઓની જીંદગી કદાચ હજી પણ લંબાતે. જોકે તેઓની તંદરોસ્તી લથડતી ચાલતી હતી, છતાં તેઓનું મરણ આજકાલ નીપજશે એમ અમોએ વકી રાખી હતી નહીં, કારણ કે હજી તો ગઇ પરમ દીનેજ તેઓ તરફથી હમારા પતેતી અંક માટે એક લખાણ મળયું હતું. તેઓનાં મરણથી અસલી વીચારના દીનચુસ્ત જરથોસ્તીઓની નાની સંખ્યામાં એક મોટો ખાડો પડયો છે. ખુદા તેઓનાં રૂહને શાંતી બક્ષે!

સાંજ વરતમાન, તા૦ ૨૮ મી જુન, ૧૯૧૩.

મરહુમ મી૦ મંચેરજી હોસંગજી જાગોસ.

મી૦ મંચેરજી હોસંગજી જાગોસનાં ગઇ કાલે નીપજેલાં મરણની નોંધ લેતાં દલગીરી ઉપજે છે. મરહુમ એક જરનાલીસ્ટ તરીકે ઘણા જાણીતા થયલા હતા અને તેઓએ "મુંબઇ વર્તમાન પ્રેસ" એવે નામનું એક છાપખાનું કાઢયું હતું, જે પોતાની જીંદગીના છેડા સુધી તેઓએ ચલાવ્યું હતું. તેઓ અવારનવાર જાહેર છાપાઓમાં લખાણો કરતા હતા તથા પોતે સાધારણ સ્થીતીના હોવા છતાં કોમની સેવા બજાવવાને તેઓએ પોતાની યથાશકતી ફાળો આપવા ઠીક કોશેશ કરી હતી. 'ઝોરાસ્ત્રીઅન કેલેંડર' યાને "પારસી પંચાગ" મરનારની આગેવાની હેઠળજ પ્રગટ થયું હતું. એ કેલેંડર તેઓએ ૪૨ વર્ષ સુધી પ્રગટ કીધું હતું. આખાં વર્ષ દરમ્યાન પારસીઓ મધે થયલી સખાવત અને પારસી કોમને લગતા દરેક મુખ્ય બનાવોનું ટુંકમાં વર્ણન તેમાં આવતું હતું, તેથી લગભગ અરધી સદીની પારસી તવારીખ એ પંચાંગમાં સમાયલી હોવાથી તે તવારીખનવેશો અને અભ્યાસીઓ માટે બહુ ઉપયોગી થઇ પડયું હતું. એ કેલેંડર પ્રગટ કરી તેઓએ પારસી કોમની સારી સેવા બજાવી છે.

પારસી, તા૦ ૨૯ મી જુન ૧૯૧૩.

મી૦ મંચેરજી હોશંગજી જાગોશનું મરણ—ગઇ કાલે મી૦ મનચેરજી હોશંગજી જાગોશનાં નીપજેલાં મરણની નોંધ લેતાં ઘણી દલગીરી ઉપજે છે. મી૦ જાગોશ એક અસલી વીચારના ખરા ધરમચુસ્ત જરથોસ્તી હતા અને જોકે તેઓ તદન સાધારણ સ્થીતીના હતા તે છતાં પારસી કોમની સેવા બજાવવા માટે વખાણવાજોગ કોશેષ કીધી હતી. તેઓ જુના વીચારના એક સહાસીક જરનાલીસ્ટ હતા. તેઓએ "મુંબઇ વરતમાન પ્રેસ" એ નામનું એક છાપખાનું કહાડયું હતું, જે છેવટ સુધી તેઓએ ચલાવયું હતું......તેઓએ "સત્ય મીત્ર" નામનું અઠવાડીક પત્ર કહાડયું હતું, કે જેમાં મરહુમ મી૦ મનસુખ અને બીજા પારસીઓનાં લખાણો આવતાં હતાં. "ઝોરાસ્ત્રીયન કેલેંડર યાને પારસી પંચાંગ" પ્રગટ કરવાને લગતું મરહુમે કામ ઉપાડયું હતું. એ કેલેંડર

તેઓએ ૪૨ વરસ સુધી પ્રગટ કીધું હતું. આખાં વરસ દરમ્યાન પારસીઓ મધે થયલી સખાવત અને પારસી કોમને લગતા દરેક મુખ્ય બનાવોનું ટુંકમાં વરણુન તેમાં આવતું હતું, તેથી લગભગ અરધી સદીની પારસી તવારીખ એ પંચાંગમાં સમાયલી હોવાથી તે તવારીખનવેશો અને અભયાસીઓ માટે બહુ ઉપયોગી છે. મી૦ જાગોશ જુના જમાનાના એક દીનચુસ્ત જરથોસ્તી હતા. તેઓ ઘણીજ નીયમીત રીતે પોતાની જીંદગી ગુજારતા હતા અને કુટુંબનાં વાહાલાંઓનાં ઉપરાસાપરી નીપજેલાં મરણોના ફટકા તેઓને લાગયા નહી હતે તો તેઓની જીંદગી કદાચ હજી પણ લંબાતે, જોકે તેઓની તંદરોસ્તી લથડતી ચાલતી હતી, છતાં તેઓનું મરણ આજકાલ નીપજશે એવી વકી નહોતી. ખુદા તેઓનાં રૂહને શાંતી બક્ષે!

કયસરે હિન્દ, તા૦ ૨૯ મી જુન ૧૯૧૩.

મરહુમ શેઠ મનચેરજી હોશંગજી જાગોશ.

લખનાર—રૂ. બ. પે.

આ જાણીતા છાપાકાર અને દીનદાર ગ્રહસ્થનું મરણ ગયા સનીવારે તા૦ ૨૮ મીએ સવારે ૧૦ વાગે ૭૩ વરસની વયે નીપજ્યું હતું તે વીશેની નોંધ લેતાં દીલગીરી ઉપજે છે.

તેમના વડવાઓ—તેમનો ધંધો.

તેવણુના બપાવાના બપાવાનું નામ શાપુરજી દોરાબજી જાગોશ હતું જેવણુના દીકરા હોરમસજી ૮૬ વરસની ઉમરે તા૦ ૧૩ મી જાનેવારી ૧૮૪૫ ને દીને ગુજરી ગયા હતા. શેઠ હોરમસજી સુરત મધે દોટી, ધીગમ, સુશ, ખાદી વગેરે કપડની વણુતનો મોટો રોજગાર ચલાવતા હતા અને તેમને હસતક દરરોજ આસરે ૩૦૦ કારીગરો કામ કરતા હતા. તેમનું કાપડ સુરતની વલંડા, ફરંગી તથા ફરેંચ વેપારીઓની કોઠીમાં પુષ્કળ ખપતું હતું. શેઠ હોરમસજીના દીકરા દોરાબજીએ પણ સુરત મધે થોડુંક સુધી એ કામ ચલાવ્યું હતું પણ પાછળથી સાંચાકામ દાખલ થવાથી મીલ ઉદ્યોગ શરૂ થતાં એ ધંધો પડી ભાંગ્યો અને તેમનું કુટુંબ ગરીબાઇમાં આવ્યું; તેટલા માટે મરહુમ મનચેરજીના બાવા શેઠ હોસંગજી દોરાબજીને મુંબઇ ચાકરી કરવા આવવું પડયું.

જાગોશ અટક કેમ પડી.

તેમના કુટુંબની અસલ ઓળખ દોતીવાલાની હતી જે એ કુટુંબના વડાના કાપડના ધંધા ઉપરથી પડી હતી. તેમની હાલની 'જાગોશ'ની ઓળખની ઉતપતી લગાર વીચીત્ર છે. મજકુર શેઠ શાપુરજી દોરાબજી જાગોશ તે મરહુમ શેઠ મંચેરજીના બપાવાના બપાવા વીશે કહે છે કે તેવણુ સવારના કારીગરોને કામ સોંપીને એક દીવસ બપોરે તેમનું ભોણું તેમનાં ધણીઆણી લઇ આવે તેટલાં જરા ઘોલયા ઉપર અલેટાયા ને આંખ લાગી. ધણીઆણી ભોણું લાવયાં પણ તે વખતમાં નામ દઇને ધણી ધણીઆણી એકમેકને હાંક મારીને બોલાવવાનો હીંદુઓ મીસાલ પારસીઓમાં રીવાજ નહી હોવાથી હાથમાં ભોણું પકડી રાખીને તેમના ધણીઆણીએ ધણીને 'જાગોશ કે' 'જાગોશ કે' એ રીતે સુરતી બોલીમાં હાંક મારયો જેથી ગડબડ થવાથી પડોશીઓનાં છોકરાં ત્યાં દોડી આવયાં ને ભોણુવાળી 'જાગોશ'ની વાત ફેલાવી મેલી ને તેથી 'જાગોશ' નામ પડયું.

તેમનો જનમ તથા કેળવણી.

તેમનો જનમ સુરત મધે નાનપરામાં રોજ ૧૩ મો તીર, માહા ૧ લો ફરવરદીન શેહેનશાહી સને ૧૨૧૧ યઝદેજરદી ૪. સ. તા૦ ૧૩ મી અકટોબર ૧૮૪૧ ને દીને થયો હતો. તેવણે

નાનપરાની ગુજરાતી સરકારી નીશાળમાં તથા સર જમશેદજી જીજીભાઇની ગુજરાતી તથા ઇંગ્રેજી સ્કુલોમાં અભ્યાસ કરયો અને જરથોસ્તી ધરમનું શીક્ષણ પણ મોબેદ તરફથી મેળવ્યું હતું.

કંપોઝીટર તરીકે શરૂઆત.

તેવણ ૧૪ વરસની ઉમરે સુરતથી આવ્યા બાદ અત્રે તેવણે પહેલાં મરહુમ શેઠ સોરાબજી દોરાબજી ચાનદારૂની માલેકી હેઠળના પારસી રીફોરમર નામના વરતમાનપત્રમાં કંપોઝીટર તરીકે રહયા હતા,

"મુંબઇ ચાબુક" સાથે સંબંધ.

ત્યાર બાદ મુંબઇ ચાબુક જે ૧૮૩૩ થી નીકળયું હતું અને જેનું અસલ નામ 'મુંબઇ વરતમાન' હતું તથા જે નવરોજજી દોરાબજી ચાનદારૂની માલેકીનું હતું તેના મરહુમ મી૰ મનચેરજી જાગોસ મેનેજર તથા પાછળથી સબ એડીટર થયા.

વરતમાન પ્રેસની સ્થાપના.

અસલ 'ચાબુક પત્ર' મરહુમ શેઠ નાનાભાઇ રૂસતમજી રાણીનાએ ખરીદી લીધું હતું તેનો જુનો પુરાણો સામાન મરહુમ મી૰ જાગોશે ૧૮૭૦ માં વેચાતો લેઇ મરહુમ મી૰ જાગોશે એક નવું છાપખાનુ કાઢયું અને તેને વરતમાન પ્રેસનું નામ આપ્યું.

નાટક મંડળીઓ સાથ સંબંધ.

તેવણ આગળા વખતમાં 'ઝોરાસ્ત્રીયન' નાટક મંડળી અને 'ઇરાની' નાટક મંડળીની મેનીજ કરતા હતા. છેલ્લી મંડળી ફારસી ભાશામાં ખેલો કરતી તે મધે જીવતા ઘોડાને સ્ટેજ ઉપર લાવતી. તે વેળાના નાટકોના ગુજરાતી તરજુમાં જોનારાઓને સમજવા સારૂ મરહુમ મી૰ જાગોશ બેટબાજીમાં જોડી આપતા.

ઝોરાસ્ત્રીઅન કેલેંડર.

તેવણ ઝોરાસ્ત્રીયન કેલેંડરના લાંબા વખતના બનાવનાર તરીકે જાણીતા થયલા છે. આગળ ય૰ ઝ૰ ૧૨૪૦ના સાલ એટલે ઇ. સ. ૧૮૭૦ થી પહેલવહેલા શેઠ બરજોરજી નશરવાનજી કુતારે ઝોરાસ્ત્રીયન કેલેંડર યાને જરથોસ્તી પંચાંગ છપાવી પ્રગટ કરવા માંડયું હતું તે પછી તેવણનાં મરણ પામવાથી ય૰ ઝ૰ ૧૨૪૪ થી તે આજ સુધી મરહુમ શેઠ મનચેરજી હોશંગજી જાગોશે ઘટતા સુધારા તથા વધારા સાથે તે પ્રગટ કરયા જાય છે અને આવતા નરોઝ માટેનો ઇનતેખાબ લખવા છાપવાનું કયારનું શરૂ થઇ ચુકું છે. શેઠ જાગોશે એ કેલેંડરનું ઉપનામ 'પારસી પંચાંગ' તરીકે રાખ્યું છે. તેમનું વરતમાન પ્રેસ ચંદનવાડી મધેના ત્રામના રસતા ઉપર આજ લાંબો વખત થયા ચાલુ છે. એ કેલેંડરમાં તેત્રણ વરસો વરસ કંઇને કંઇ સુધારા દાખલ કરતા હતા. છેલ્લાં કેટલાંક વરસ તેવણ આગેવાન જરથોસ્તીઓની સખી આપી તેમને લગતો ખાસ લંબાણ હેવાલ વરતમાનપત્રોના વીગતે ઉતારા સાથે આપતા. વળી નામદાર શેહેનશાહની તાજપોશીની ક્રીયા માટે હીંદમાં થયલી પધરામણીનો લંબાણ હેવાલ તેવણે છપાવી પોતાના યઝદેજરદી ૧૨૮૨ ના કેલેંડરમાં આપ્યો હતો અને એજ વેળા તેવણે જસટીસ સર દીનશાહ દાવર તથા સર શાપુરજી ભરૂચાની જીંદગીનો લંબાણ હેવાલ આપ્યો હતો. તેવણના કેલેંડરમાં જે જે લંબાણ જનમ ચરીત્રો છપાતાં તે તેવણ જુદાં ચોપડીના રૂપમાં છાપવાને ચુકતા નહી. એ રીતે તેવણે લેડી સાકરબાઇ, દસતુર પેશોતન બે. સંજાનાના જનમ ચરીત્રો બહાર પાડયાં હતાં. મરહુમનું પ્રેસ આજ લાંબો વખત થયાં ચાલુ છે અને તેમાં અંગ્રેજી તેમજ ગુજરાતી ભાશાઓમાં ચોપડી ચોપાનયાંઓ વીગેરે છપાય છે તે સાથ જોબ વરક પણ કરવામાં આવે છે. ખાસ કરીને

જરથોસ્તી ધરમ સાહીત્યને લગતી ચોપડીઓ આગલ એ છાપખાનામાંથી મોટે ભાગે બહાર પડતી હતી. જેની ટીપ અત્રે આપવી મુશકેલ છે. બેહેરામગોર અને બાનુ હોશંગ, બેજન અને મનીજેહ વીગેરે નાટકો ૧૮૭૩ ના સાલમાં એજ છાપખાનામાંથી મરહુમ કાવસજી દીનશાજી કપાસ તરફથી બહાર પડતા હતા. એજ છાપખાનામાં 'જાલમ જોર' નાટક અને બીજા અનેક નાટકો છપાવવામાં આવ્યા હતા.

વીદયા મીત્રના માલેક.

મરહુમ શેઠ મંચેરજી જાગોશે કેટલાંક ગુજરાતી ચોપાન્યાંઓ પણ એજ છાપાખાનામાંથી બહાર પાડયાં હતાં. ૧૮૭૭ ના સાલમાં 'વીદયા મીત્ર' નામના માસીકની માલેકી શેઠ જાગોશે લીધી હતી અને તે ચોપાન્યું તેવણે સાત વરસ વેર મરહુમ શેઠો ફરામજી દાદાભાઇ પાંડે (કાકા કાહાણુ), જીજીભાઇ પેસતનજી મીસ્ત્રી એમ. એ. તથા મરહુમ શેઠ જાગોશના વેહવાઇ શેઠ બેહેરામજી દાદાભાઇ મીઠાઇવાળા સાથે ચલાવયું હતું.

નાટક ગાયન સંગ્રહ.

તેવણે ૧૮૭૪ ના સાલમાં મુંબઇમાં અસલથી નીકલતી આવેલી તમામ દેશી નાટક મંડલીઓમાં ગવાયલાં ગુજરાતી ગાયનોનું સંગ્રહનું 'નાટક ગાયન સંગ્રહ'નું ૫૧૯ પાનાનું દલદાર પુસ્તક પોતાના વરતમાન પ્રેસમાં છપાવી બહાર પડયું હતું. એ પુસ્તક મધે તેવણે છેક શરૂઆતથી તે સને ૧૮૭૧ ની નાટકની મોસમની આખેરી સુધી ગવાયલાં ગીતો આપયાં હતાં.

'સતય મીત્ર' ના અધીપતી.

મરહુમ શેઠ મનચેરજી જાગોશે, મરહુમ શેઠ મનચેરજી કાવસજી મનસુખની માલેકીનું અઠવાડીક વરતમાનપત્ર નામે 'સત્ય મીત્ર' તા૦ ૧ લી જાનેવારી ૧૮૯૩ ના દીનથી ખરીદ કીધું હતું અને તેવણે તે ૫ વરસ ચલાવી એ પ્રેસમાં આગ લાગવાથી બંધ કીધું હતું. એ પત્ર પારસી સુધારાની વીરૂધ કહાડવામાં આવ્યું હતું. ૧૮૯૩ માં મરહુમે હીંદુ કેલેંડર પણ કાઢયું હતું.

તેવણે પ્રગટ કીધેલી ચોપડીઓ.

૧૮૯૬ ના સાલમાં તેવણે 'ધરમ નીતી' નામની નાનકડી ચોપડી ૩ ભાગમાં બહાર પાડી હતી. ૧૮૯૮ માં ફ્રવરદીન યસત સદુમ સાથે ઝંદ ભાશામાં છપાવી હતી. તે અગાઉ તેવણે ૧૮૮૩ ના સાલમાં પારસીઓનું લીસટ બને તેટલાં સંપુરણ આકારમાં પોતાનાં કેલેંડરમાં આપી તયાર બાદ તે છુટું સસતી કીંમતે છપાવ્યું હતું. એજ મીસાલ તેવણે પારસીઓએ છેલ્લાં ૩૦ વરસમાં છપાવેલી ચોપડીઓનો સંગ્રહ પોતાના કેલેંડર મધે બે ભાગમાં આપયો હતો.

એક જાહેર લેખક.

મરહુમ શેઠ મંચેરજી વરતમાનપત્રોમાં જાહેર બાબદો ઉપર કેટલીક વેળા લખાણો કરતા હતા. જેમાં પણ તેમની અસલી છપ જણાઈ આવતી હતી. તેવણનું છેલ્લામાં છેલ્લું લખાણ બે ત્રણ અઠવાડયાં ઉપરજ ત્રામવે લાઇન બેંડમેન થીયેટરની બાજુએ ગીરગામ તરફ લંબાવવાને બદલે પારસી સેનેટેરયમ, પારસી જનરલ ઓસપીટલ વિગેરે જાહેર ખાતાંને ઉપયોગી થઈ પડે એવા જાહેર લતાઓ ઉપર એ લાઇન લંબાવાને તેવણે જામે જમશેદ મધે ચરચાપત્ર લખી સુચના કીધી હતી. વળી તેવણ દર સાલ પટેટીના અંકોમાં કોમની દાઝ હઇડે ધરી પારસી બાબદો વિશે લખાણ કરતા હતા અને તેવણ જરથોસ્તી કોનફ્રન્સની વીરૂધ વિચાર ધરાવતા હતા.

મંડળીના સાથનો તેમનો સંબંધ.

મરહુમ શેઠ મનચેરજી જાગોશ જરથોસતી કોમના લગનના અરસપરસના લાભના ફંડના એક આગેવાન સભાસદ હતા. તે ઉપ્રાંત તેવણ શેહેનશાહી જશન મંડળીના સરનશીન ને ત્રસતી

તથા જરથોસતી 'ભાઇબંધી' મંડળીના ત્રસતી, 'જરથોસતી કોમની લાભ સાચવનારી મંડળીની જનરલ કમીટી'ના સભાસદ તથા અનજુમનથી નેમાયલી જુદદીનોના સવાલોની કમીટીના સભાસદ હતા.

દરેહમેહેરના ત્રસટી.

મરહુમ શેઠ મનચેરજી જાગોશ અત્રેની મરીનલાઇનસ તરફ આવેલી આમરીયા અગીયારી જે સોડાવાટરવાળાની અગીઆરીને નામે જાણીતી છે તેના એક ત્રસટી હતા. તેવણુ જાતે ભણુનાર ગણુનાર હતા અને મરહુમ સર દીનશાહ પીટીટ તથા બીજા શેઠયાઓ સાથે સારી ઓળખ ધરાવતા હતા. તેઓ અસલી વીચારના હતા અને ધરમ તથા સંસારમાં થાહોમ થતા સુધારાની વીરૂધ હતા.

તેમનું કુટુંબ.

ચરનીરોડના સાલેસ ખવાસના માજીસટેશન માસતર શેઠ રૂસતમજી હો. જાગોશના મરનાર ભાઇ થતા હતા. તેવણુને આઠ ફરજંદ થયાં હતાં તેમાંથી બે છોકરા અને બે છોકરી હયાત છે તેમને કેટલાંક બચાં મોટી ઉમરમાં ખોહવાનો ધા લાગયો હતો. હાલ તેમના બે પુત્રો શેઠો સોરાબજી તથા હોરમસજી તેમના છાપખાનાનો ધંધો ચલાવે છે. મરનારના કુટુંબના દુઃખમાં આ લખનાર અંતઃકરણથી ભાગ લે છે.

જામે જમશેદ, તા૦ ૩૦ મી જુન ૧૯૧૩.

મી૦ મનચેરજી હોશંગજી જાગોશનું દલગીરીભરયું મરણ—મુંબઈ વરતમાન પ્રેસના માલેક તથા "ઝોરાસ્ત્રીઅન કેલેનડર" યાને "પારસી પંચાંગ"ના કરતા મી૦ મનચેરજી હોશંગજી જાગોશનાં ગઇ પરમ દીને નીપજેલાં મરણુની નોંધ લેતાં દલગીરી ઉપજે છે. મરહુમ અસલી વીચારના એક ધરમચુસ્ત જરથોસ્તી હતા અને જોકે તેઓ સાધારણુ સ્થીતીના હતા છતાં પારસી કોમની સેવા બજાવવા માટે સારી કોશેષ કીધી હતી. જરથોસ્તી ધરમ સંબંધી આચાર વીચારો સામે લડત ચલાવવા તેમના તરફથી "સત્ય મીત્ર" નામનું એક અઠવાડીક પત્ર કહાડવામાં આવ્યું હતું, પણુ થોડાં વરસ ઉપર જે છાપખાનામાં તે છપાતું હતું તેમાં આગ લાગ્યા પછી તે પ્રગટ કરવાનું બંધ કરવામાં આવ્યું હતું. આ પત્રમાં કોમને લગતા સવાલોની ઠીક ચારવણી કરવામાં આવતી હતી. મરહુમ ગ્રહસ્થ આજ બેંતાળીસ વરસ થયાં "ઝોરાસ્ત્રીઅન કેલેનડર યાને પારસી પંચાંગ" પ્રગટ કરતા હતા. તેમાં આખા વરસ દરમ્યાન પારસી કોમને લગતા મુખ્ય બનાવોનું ટુંકમાં વરણુન આપવામાં આવતું હતું. લગભગ અરધી સદીની પારસી તવારીખ આ પંચાંગમાં જળવાઇ રહેલી હોવાથી તવારીખનવીસો અને અભયાસીઓને તે ઉપયોગી થઇ પડશે તેમાં શક નહીં. આ રીતે પારસી તવારીખ જાળવી રાખી મરહુમે પારસી કોમની ઉમદા સેવા બજાવી છે. મરહુમ મી૦ જાગોશનાં કુટુંબનાં વહાલાઓના ઉપરાઉપરી થયલાં મરણુથી તેમની તનદરોસ્તી ઉપર માઠી અસર થઇ હતી છતાં તેઓ ધરમ ઉપર આસ્થા રાખી પાંચે ગેહની બંદગી ચુકતા નહીં હતા. તેઓ નીયમીત જીંદગી ગુજારતા હતા અને તેમનાં મરણુથી અસલી વીચારના દીનચુસ્ત જરથોસ્તીઓની નાની સંખયામાં ખાડો પડયો છે.

મુંબઇ સમાચાર, તા૦ ૩૦ મી જુન ૧૯૧૩.

વર્તમાન પ્રેસવાળા મી૦ મનચેરજી જાગોશનું અકાળ મરણ.

વર્તમાન પ્રેસના માલેક અને ઝોરાસ્ત્રીયન કેલેન્ડરના કર્તા મી૦ મનચેરજી હોસંગજી જાગોશના ગઈ તા૦ ર૭મી જુને ૭ર વરસની વયે મુંબઇ મધે ચીરાબજાર વાંકા મોહલ્લામાં પોતાનાં રહેવાના મકાનમાં નીપજેલાં મરણુની નોંધ દલગીરી સાથે લઇયે છીએ. મી૦ જાગોશ અસલી

વિચારના અને ખરા ધર્મચુસ્ત જરથોસ્તી હતા અને જોકે તેઓ સાધારણ સ્થીતીના હતા છતાં તેમણે પારસી કોમની અનેક મરતબે સેવાઓ બજાવી હતી. મરનારે આજથી ૪૫ વરસ ઉપર મુંબઇમાં "વર્તમાન પ્રેસ" નામનું છાપખાનું કહાડયું હતું, જે છેવટની ઘડી સુધી પોતે ચલાવ્યું હતું. વળી તેઓ એક જરનાલીસ્ટ હતા......તેઓએ "સત્ય મીત્ર" નામનું અઠવાડીક પત્ર બહાર પાડયું હતું. એ "સત્ય મીત્ર" માં ધર્મને લગતાં લખાણો ઘણા લેખકો તરફથી આવતાં હતાં તેને લીધે એ પત્ર કોમમાં ઘણું લોકપ્રીય થઇ પડયું હતું અને પાછળથી તે બંધ પડયું ન હોત તો આજે "સત્ય મીત્રે" અઠવાડીક પત્રોમાં આગેવાન જગ્યા લીધી હોત. "સત્ય મીત્ર પગભર થવા પછીથી મી૰ જાગોશના છાપાખાનામાં કમનસીબે આગ લાગી અને તેથી આખું છાપાખાનું બળી ગયું. આ માઠા બનાવથી એઓ શેઠને મોટી ખોટમાં ઉતરવું પડયું તેને લીધે "સત્ય મીત્ર" પત્ર બંધ પડયું. તે પછી મી૰ જાગોશે નવેસરથી છાપાખાનું તો ઉભું કીધું પણ પત્રને સજીવન કરવાની તેમની બલી ઉમેદ પાર પડી નહોતી. મી૰ જાગોશે આવી રીતે એક જરનાલીસ્ટ તરીકેની પારસી કોમની અમુલ્ય સેવા બજાવી હતી પણ તેઓએ જે બીજી સેવા બજાવી છે તે કોમમાં જાવેદાન સુધી યાદ રહેશે. પારસીઓમાં આખાં સાલ દરમ્યાન જે કાંઇ સખાવત થાય અને કોમમાં અગત્યના બનાવો બને તેની વીગત પુસ્તક આકારે તેઓ દર સાલ બહાર પાડતા હતા. તેને "ઝોરાસ્ત્રીઅન કેલેન્ડર યાને પારસી પંચાંગ" નું નામ આપવામાં આવ્યું હતું. આ કામ તેવણે ૪૨ વરસ થયાં ચાલુ રાખ્યું હતું. મરનારનું આ કામ વખાણને પાત્ર છે અને લગભગ અરધી સદીની પારસી કોમની સખાવત વગેરેની તપસીલ તેમાંથી મળી આવે છે જે તવારીખનવેશો અને અભ્યાસીઓ માટે ભવીષ્યમાં ઘણી ઉપયોગી થઇ પડશે.

મરનાર જાગોશ શેઠનું પત્ર પ્રગટ થતું બંધ પડયું હતું છતાં તેઓ વરતમાનપત્રોમાં કોઇ કોઇ વેળા ધર્મ સંબંધી વીષયો લખી મોકલાવતા હતા. અને નવરોઝના ખાસ અંક બાબદ "જામે" અને "સાંજ વરતમાન" કહાડતા હતા તેમાં તેઓ પોતાનો અદના હીસ્સો આપતા હતા. તેવીજ રીતે આ સાલના પપેતીના આ અદના પત્રના અંક માટે પણ અમને મરણના આગમચના પાંચ દિવસ પહેલાં તેમનું લખાણ મળ્યું હતું અને મરનાર શેઠ આ પત્રના માજી માલેક સાથે નજીકનો ઘરોબો ધરાવતા હતા તેવો સંબંધ તેમના મરણ પછીથી પણ તેમણે અમારી સાથે ચાલુ રાખેલો તેથી મરહુમના હાથનું છેલ્લું કાગજ થોડા દિવસ ઉપર અમને મલ્યું હતું. તે વેળાએ અમો નહોતા જાણતા કે તે પછી તેમના એકાએક ગુજરવાની ખબર મળશે.

મી૰ જાગોશ જુના જમાનાના હોવાથી પાંચે ગેહમાં ભણતા હતા અને તંદરોસ્તી લથડી પડી ત્યારે પણ બીછાના ઉપર પડયા પડયાબી ભણવાનું ચાલુ હતું. તેઓ ધારમીક હતા અને નીયમીત જીંદગી ગુજારતા હતા અને કુટુંબી મોતના મારાઓને લીધે તેમની તંદુરસ્તી લથડી પડી હતી. મરણના ફટકાઓ નહી લાગ્યા હતે તો તેઓની જીંદગી હજી પણ લંબાતે. મરનારનું જન્મ ચરિત્ર જે તેઓના કેલેન્ડરમાં છપાએલું છે તે હવે પછી અમો પ્રગટ કરીશું.

છેવરે મરનારના કુટુંબીઓના ગમમાં ભાગ લેઇ તેમના આત્માને શાંન્તી ઇચ્છીએ છીએ.

ભરૂચ સમાચાર, તા૰ ૭ જી જુલાઇ ૧૯૧૩.

મી૰ મંચેરજી હોસંગજી જાગોશનું મરણ.

અત્રેના રહીશ અને મુંબઇના જાણીતા વર્તમાન પ્રેસના માલેક મી૰ મંચેરજી હોસંગજી જાગોશ મુંબઇમાં કેટલાક વખતની માંદગી પાછી ૭૨ વરસની બુજર્ગ ઉમરે ગઇ તા૰ ૨૮ મી

જુને મરણ પામ્યા છે. એક આગલા જમાનાના લખનાર દાખલ દેશી છાપખાના સાથે મરહૂમ મી૰ મંચેરજી જાગોશનો સંબંધ જુનો અને જાણીતો છે. "સત્ય મીત્ર" નામના અઠવાડીક ગુજરાતી પત્રના તેઓ કેટલોક વખત સુધી એડીટર હતા જે પત્ર પારસી ધરમ અને સંસારી સવાલોની ચારવણી અને ચકચાર કરવા માટે જુના વિચારના પારસીઓમાં એક વેળાએ જાણીતું થયું હતું અને પાછળથી બંધ પડયું હતું પણ સરવ કરતાં અગત્યની સેવા મરહુમ મી૰ મંચેરજી જાગોશ વારશીક ઝોરાસ્ત્રીયન કેલેનડર મારફને પ્રગટ કરી દર વરસે પારસી કોમને કરતા રહયા હતા. એક જુના લેખક દાખલ મી૰ મંચેરજી જાગોશનું નામ દેશી છાપા સાથે અતલગ સંબંધ રાખે છે. મી૰ મંચેરજી જાગોશ સાદા, રાંક અને સાલેસ ખવાસના હતા અને મોટું મીત્રમંડળ ધરાવતા હતા.

સુરત દેશી મીત્ર, તા૰ ૩ જી જુલાઇ ૧૯૧૩.

મરહુમ શેઠ મનચેરજી હોશંગજી જાગોશ.

આ ધર્માત્મા ગ્રહસ્થ તથા સુવિખ્યાત જર્નાલીસ્ટનાં અણચીતાં નીપજેલાં દુ:ખદાયક મરણની ખબર મુંબઇના છાપામાં માત્ર અમારા એક લેખક ભાઇબંધ તરીકેજ નહિ, પણ હમારા એક અંગત મિત્ર તરીકે બહુ ગમખ્વારી સાથ હમે વાંચી છે. હાલની પારસી જરથોસ્તી ઓલાદ મરહુમ મી૰ જાગોશને માત્ર "ઝોરાસ્ત્રીઅન કેલેન્ડર"ના સ્થાપક તથા કર્તા તરીકે તથા માજી "સત્ય મિત્ર" પેપરના માલેક તથા આધિપતિ તરીકે ઓળખે છે, કે જે પેપરે આજથી દોઢ-બે દાહેકાની મુદત પર પારસી ધર્મ સંસારી બાબતોની ચર્ચામાં આગેવાન ભાગ લઇ, તેમાં પારસી ધર્મચુસ્ત ઓરથોડોક્સ વિચાર આચારોની હિમાયતમાં સુધારાવાળા કહેવાતા પક્ષનાં શિક્ષણોનાં ખોટારાં દેખાડી, પારસીઓની સારી સેવા બજાવવા સાથે તેમના વચ્ચે બહુ લોક પ્રિયતા મેળવી હતી. તેઓએ પોતાની આ કાર્કિર્દી પહેલાં એકાદ બે નાટક તથા ફારસ પણ લખ્યા હતા; પ્રસંગોપાત પેપરોમાં લખાણો કરતા હતા. મુંબઇ વર્તમાન પ્રેસ કાહડી તેને સેવટ પર્યંત સારી હાલતમાં ચાલુ રાખી ગયા છે, અને મુંબઇના પારસીઓની ઘણીખરી જાહેર તેમજ ખાનગી હિલચાલોમાં ભાગ લેવા સાથે તેમનાં કેટલાંક ફંડો તથા મંડળોના અધિકારી પણ બન્યા હતા. તેમની વધુ કીર્તિ તેમનાં ખાનગી જીવનમાં હતી. તેઓ ઓરથોડોક્સ વિચાર તથા પક્ષના હોઇને અતિશય મિલનસાર, દયાળુ, ધર્મચુસ્ત અને પરહેજગાર હતા. તેમનો આ છેલ્લો સદગુણ એટલી હદ સુધી ખીલેલો હતો કે, તેઓ લગભગ પોતાની આખી જીંદગીમાં દર સાલ આદર તથા અરદીબેહસ્ત માસોમાં ઉદવાડા, નવસારી તથા સુરતના પાક આતશબેહેરામોમાં દર્શન, નમન પુજન કરવાની પોતાની અનિવાર્ય ફરજ માની, તે નિયમિતપણે અદા કરતા હતા. કોઇને પણ તેઓ પોતાનો શત્રુ સમજતા યા કરતા નહિ. તેમ કોઇની નારેસીમાં ભાગ લેવાથી પણ મુકત રહેતા હતા. પરમાત્મા મરહુમના આત્માને શાંતિ બક્ષે !

નવસારી સ્વતંત્ર, તા૰ ૧૩ મી જુલાઈ ૧૯૧૩.

મી૰ જાગોશનું જીવનચરિત્ર !

ઝોરાસ્ત્રીઅન કેલેન્ડરના કર્તા મી૰ મનચેરજી હોશંગજી જાગોશ આ ફાની જેહાંનથી સંબંધ છોડી સ્વર્ગે સીધાવ્યા છે. બાળવયથીજ કુળદિપકને યોગ્ય સદગુણો વડે સર્વને પ્રિય થઇ પડી, પંદરેક વર્ષની કુમળી વયથીજ છાપાકળાના હુન્નરમાં જોડાયા અને જીંદગીના છેવટ સુધી એકજ લાઇન પકડી રાખી, જનસેવા, કહો કે પારસી કોમની અમૂલ્ય સેવાઓ, બજાવી પોતાની કીર્તી આશકારા કરી છે. વર્તમાનપત્રકાર તરિકેની ફરજ દાયકાઓ સુધી બજાવી, છેલ્લાં ૪૪ વર્ષોથી "ઝોરાસ્ત્રીઅન કેલેન્ડર" યાને "પારસી પંચાંગ" પ્રગટ કરતા રહયા હતા, કે જે પંચાંગજ એ

ઉપયોગી-જીવનની સુયશ-કારકીર્દીનો સુવાસ સર્વત્ર પસરાવી રહયો છે. મરહુમની એ માટેની અથાગ ઝેહમતો, પારસી કોમને એવાં આભારના ભાર તળે મુકવા પામી છે, કે જો પારસી આલમ તે અનહદ ઉપકારોનો બદલો વાળી આપવામાં પછાત પડશે તો તે આ કોમના માથે જરૂર નગુણા-પણાનું કલંક ચોંટાડી દેશે, કે જેમ થવું કોઇ પણ પારસી કદી કબુલ રાખે એમ નથી. અમારી સુચના આ પ્રમાણે છે, કે એક સરખી રીતે મરહુમે બજાવેલી પોતાની કોમની સેવાનો કાંઇ પણ બદલો વાળી આપવાને પારસી આલમે ઉદારતા બતાવી જોઇએ. ૧૯૧૨ ની ૬ ઠી અકટોબરે 'ઝોરાસ્ત્રીઅન કેલેન્ડર' નો વાર્ષીક રિવ્યુ લેતાં, અમોએ આ "કોમી-હીરા" ની અથાગ ઝેહમતની કદર બુજવાની જરૂર પારસી કોમ માટે ખાસ ફરજરૂપ થઇ પડેલી જણાવી છે. અને હવે જ્યારે મરહુમની ચીરકાળ-યાદ રાખવાનો પ્રસંગ ઉભો થયો છે, ત્યારે ઉદાર દીલના પારસી નરનારીઓએ એક ધરખમ ફંડ ભેગું કરી, પોતાની ફરજનું કરજ અદા કરવું જોઇએ. અમો આશા રાખીશું, કે "મરહુમ મનચેરજી હોશંગજી જાગોશ સ્મારક ફંડ" ચાલુ થઇ એક ઉપયોગી જીવનની ભલી યાદ રાખવામાં સમર્થ થશે.

નવસારી પત્રીકા, તા૦ ૨૦ મી જુલાઇ ૧૯૧૩.

મી૦ જાગોશ.

આ પારસી ગ્રહસ્થ ઝોરાસ્ત્રીઅન કેલેન્ડરના પેદા કરનાર છે. તેઓએ પોતાની આશરે ૧૫ વર્ષની કુમળી વયથી છાપાખાનામાં પડી પાછળથી વર્તમાનપત્રના માલીક બની કેટલાંક પત્રો કાહાડેલા અને તેમાં તેઓએ સારી દીલસોજી જીતી લીધેલી એટલુંજ નહીં પણ પારસી ફીરકા પર તેઓએ કેટલાંક કામોને પેદા કરી એહસાન કીધું છે. તેઓએ પોતાનો બાપીકો કાપડનો ધંધો છોડી દઇ દેશ સેવા બજાવવાનું કામ હાથ પકડયું હતું જેમાં તેઓએ ખરે ઉમંગે ઉભા રહી પોતાની પ્રમાણીક ફરજ બજાવી છે. એક કોમ્પોઝીટરના નાના ઓહદા પર તેઓ પેહેલ પ્રથમ છાપખાનામાં જોડાયા હતા અને ત્યાં ઉંચું પ્રાક્રમ દેખાડતા રહી સબ એડીટર અને એડીટરના દરજ્જા સુધી પોહોચ્યાં હતાં અને તેમાં તેઓએ એક ચુંનદા લેખક તરીકેની નામના જીતી લીધી હતી. પારસી ફીરકાની આશરે ૧ લાખ માણસની વસ્તીમાં મી૦ મંચેરજી હોસંગજી જાગોસનું નામ મશહુર છે. વર્તમાન પત્રનો ઓધ્ધો પ્રજાની પસંદગી વચમાં ચલાવવો એ કામ ઘણું કેહેર છે છતાં તેઓએ ભલાઇ, સાદાઇ અને મીલનસારપણે એક બીજા સાથ ધાડી મિત્રાચારીમાં ઉભા રહી સારી રીતે એ કામ ચલાવવાનું માન જીત્યું છે. જાતે પારસી છતાં તેઓ પોષાકમાં ઘણા સાદા હતા, અને અસલી ઘરાની પોષાક પેહેરી પોતાના દિવસ સંતોષ સાથ આનંદમાં પસાર કરી રહયા હતા. "ઝોરાસ્ત્રીયન કેલેન્ડર" પેહેલ વેહેલું તેઓએ પોતાનાં ચંચળ ભેજાંમાંથી પેદા કરી પારસી ફીર્કાની એક ખરે જરૂરને સમયે ખોટ પુરી પાડી છે. આ કેલેન્ડર કાહાડવામાં તેઓએ ખરા તન મન અને ધનનો ઉપયોગ કીધો હતો અને પોતાની ચંચળાઇએ તેઓએ તેમાં જીતનું માન મેળવ્યું હતું. પારસીઓમાં ઘણા સારા સારા લખનારાઓ થઇ ગયા છે અને આજ હજુ તેમાંનો એક સારો વર્ગ વર્તમાન-પત્રનો ધંધો ચલાવી રહયો છે. મી૦ કાબ્રાજી પારસીઓમાં ઘણા ચુંનન્દા લેખક થઇ ગયા છે કે જેઓની કલમ તમામ દેશીઓમાં એક વાર ઘણીજ પ્રિય થઇ પડી હતી. તેઓ પોતાની અસલી ઘરાની ઢબ મુજબનો આચાર વીચાર પાળતા હતા. તેઓનો જન્મ સુરતમાં થયો હતો તેથી તેઓ પોતાની આ બર્થ ભુમી માટે મુંબઇમાં જઇ રહેવા છતાં વધુ માન ધરાવતાં હતા, અને દર સાલ બે ત્રણ વખત આ શેહેરમાં આવી જઇ પોતાના જુના મીત્ર અને દોસ્તો, ભાઇ-

બંધોને મળી જતા હતા એટલુંજ નહીં પણ એ કામ બેગામેગા આવી આતશબેહેરામની ખાસ મુલાકાત લઇ જતા હતા તેવા એક ઉપયોગી અને બુઝરોગ નર મી૦ મનચેરજી હોસંગજી જાગોસ આ દુન્યામાં રહી પ્રમાણીક જીવન વચમાં ફીર્કાની સેવા બજાવી રહયા હતા. તેઓના ગઇ તા૦ ૨૮ મી જુનને રોજ મુંબઇ ખાતે મરણ પામવાના સમાચાર ફાટી વળતા પીછાણનારા દોસ્ત બાઇ-બંધોમાં દલગીરી ફાટી નીકળવા પામી છે. મરનાર પોતાના પાછળ વારસામાં બે પુત્રો અને "મુંબઇ વતમાન" પ્રેસ મુકી ગયા છે. આશા છે કે "ઝોરાસ્ત્રીયન કેલેન્ડર" કે જેણે પોતાના પિતાનું નામ અમર કીધું છે તેવા એક ઉપયોગી અને ફીરકાની સેવા બજાવનાર એ કેલેન્ડરને તેમના પુત્રો હંમેશ સુધી ચાલુ રાખી પારસી ફીર્કાની સેવા બજાવવા પછાત પડશે નહીં. મરહુમ મી૦ મનચેરજીએ પોતાની કારકીર્દીની અચ્છી સરટીફીકેટ મેળવી છે. કે જે વાંચી કોઇને પણ તેઓની સાદાઇ ભલાઇનો ખ્યાલ ઉપજ્યા વીના ભાગ્યેજ રહી શકશે. દેશી પોષાક પેહેરવામાં જીવ્યા ત્યાં સુધી એક સરખા વીચારમાં તેઓ ઉભા રહયા હતા......... એઓનો જન્મ આજથી ૬૭ વરસ પર એટલે ૧૭૪૧ માં સુરતમાં થયો હતો. એ વેળાના ગુલજાર શેહેરમાં એમના વડવાઓ દેશી કાપડના વણાતના વેપારમાં વિખ્યાત અને આમદાનીમાં આબાદ હતા. પણ એ હુન્નરની અંગ્રેજ બચ્ચાએ અસલ બનાવટ પકડી પાડીને તેને સાંચાથી બનાવા માંડયાથી સુરતમાં એ ધંધો પડી ભાગ્યો અને મી૦ જાગોશના વડીલો મુંબઇ જઇ વસ્યા જે વેળા મી૦ મનચેરજીની વય ૧૫ વરસની હતી, પણ છાપાના હુન્નર અને મંડળમાંજ તેમની જીદંગી આજસુધી રોકાયલી રહેલી હતી. ૧૮૬૩ માં "મુંબઈ ચાબુક"ના મેનેજર ને મદદનીશ અધિપતિ નેમાયા બાદ એ પત્ર ના. ૨. રાણીનાએ વેચાતું લીધા પછી એમણે એ પત્ર સાથનો સંબંધ ૧૮૭૦ માં છોડી "મુંબઈ વર્તમાન" પ્રેસ સ્થાપયું ને તેને સારી રીતે ચલાવ્યું. ૧૮૯૩ માં મી૦ મનસુખવાળું અઠવાડીક પત્ર "સત્ય મિત્ર" એમણે ખરીદીને તેની અસલ હાલત અને અવતાર કરતાં સરસ ને શોભાભરી રીતે ધીકાવ્યું, પણ પાંચ વરસ પછી ૧૮૯૮માં એમના પ્રેસમાં અચાનક આગ લાગવાથી તે પત્ર બંધ કરવા સાથે એ ભલા અહસ્થે પ્રેસનો વીમો ન ઉતાર્યાથી મોટી ખોટ ખમી! ત્યાર પછી ઉપલા નામે મી૦ જાગોશે પોતાનું છાપખાનું પાછું ચાલુ કરેલું જ્યાંથી ઝોરાસ્ત્રીયન કેલેન્ડર પ્રગટ થાય છે.

સુરત સુર્ય પ્રકાસ—તા૦ ૧૯ મી જુલાઇ ૧૯૧૩.

મરહુમ મી૦ મનચેરજી હોશંગજી જાગોશ.

પારસી તવારીખ સાથે ઘણીક રીતે નીકટ સંબંધ ધરાવનાર એક વધુ યોધ્ધો ગુજર પાંમ્યો છે. ફકત મુંબઇજ નહિ પણ દેશાવરની અંજુમનો સાથબી ખબરઅંતરનો ચાલુ વ્યહવાર રાખી મરણ તુલીક દર વર્ષે કોમની નાડ તપાસી તની બન્ને બાજુ વિષે પોતાનું મત જાહેર કરવા માટે મરહુમ મી૦ જાગોશે અથંગ મહેનત કાધી છે..........જાહેર છાપા સાથ એવણની જીંદગીના સરસ વર્ષો રોકાયલાં હતાં. સત્ય મિત્રની કિમતી મદદ એજ મરહુમ તરફથી જુના વિચારના પક્ષને થોડોક વધુ વખત મળી હતી. પારસી જાહેર છાપાની વધઘટની તવારીખ ઘણી રસીલી છે, તે સાથ હાં આપણને સંબંધ નથી. પણ મરહુમ એ વિષે એક આખી સદીનો બહોળો અનુભવ ધરાવતા હતા તેથી, અને બહારનો ભપકા-સપકો બિલકુલ ત્યાગ કરી એવણે પોતાનો અદના ફાળો એક વાર આપેલો હોવાથી, એવણે સત્ય મિત્ર બંધ પડવા પછી વધુ વાર કોઇ જાહેર છાપા સાથ સંબંધ રાખ્યો નહિ હતો એ આપણી દલગીરી છે. એમનું 'પારસી કેલેંડર' દર વર્ષે એવણની કાળજી અને મેહનતનો પુરાવો રજુ કરતું હતું. જોકે મરહુમ નર ખોટ, આગ, અને મરણના ફટકાથી હેરાન હતા તે છતાં એમની ખાનગી જીંદગી એમના વિચારોને શોભા સમાન હતી. મરહુમ જેવા સાદા, ધર્મી, અનુભવી અને કોમના ખરા ખેરખાહો હવે જુની છાવણીમાં ભાગ્યે પાંચ છ રહ્યા હશે! તેથી એમનું મરણ જે જીંદગીની આફતોએ ઉતા-વળું બનાવ્યું છે તે કોમમાં એક ન પુરાય એવો ખાડો પાડે છે! ખુદા એમનાં રૂહને રોશન અરોથમાનની શાંતિ બક્ષો! ચેરાગ, ઓગસ્ટ ૧૯૧૩.

નવજોત-શેહાદી-વીગેરેના શુભ ટાકણાંનાં નોતરાનાં કારડો-ચીઠીઓ-વીગેરે-છપાવનારા સાહેબોને સુચના.

ઉપર લખેલાં કોઈબી શુભ ટાંકણેનાં તરેહવાર નકસીનાં જાત જાતનાં સલંગ તથા ઘડી વાલવાનાં તહરે કીશમનાં કારડો રંગ બેરંગી કલરના—અને ચીઠીઓ છાપવાનાં જાડાં પતલાં સફેદ તથા રંગ બેરંગી નકસીનાં નોટપેપરો—તેવાંજ સુંદર અને મનોરંજક કવરો—પરબીડાં—સાથે **મુંબઇ વરતમાન પ્રેસમાં** જથાબંધ મંગાવામાં આવ્યાં છે; જેનાં નમુના તથા ભાવ તાલ ચરનીવાડી પર નંબર ૧૪૧ વાલાં મકાંનમાં ઉપલા પ્રેસમાં પુછપરછ કરવાથી તરત માલમ પડી આવશે.

સઘલાના ભાવ સવલ પડતા અને કીફાયતથી રાખવામાં આવ્યા છે, અને તુરતજ તાકીદે જોઈતા વખતમાં છાપી આપવામાં આવે છે.

એ કારડો અને ચીઠીઓ બધી જાતની રંગીન શાહીએ જેવીકે **શુનેરી, રૂપેરી, લાલ, બલુ—કાલી** વીગરેની કોઈબી રંગથી ઘણી સુંદર અને મનપસંદ રીતે ગુજરાતી—અંગ્રેજી—મરાઠી—વીગરેની ભાશામાં છાપી આપવામાં આવે છે.

ઠેકાણું—મુંબઇ વરતમાન છાપાખાનું—ચરનીવાડી.

જાહેર ખબરો.

મુંબઈ વરતમાન પ્રેસમાં વેચાતી ચોપડીઓ.

ઠેકાણું:—નાં૰ ૧૪૧ ચરનીવાડી, મુંબઈ.

જરથોસ્તીઓનાં નામનું લીસ્ટ—આમાં મુંબઇ મધેનાં લગભગ સઘળા પારસી રેહવાસીઓનાં નામ નીસાન—ધંધા ચાકરી—હોદા—ખેતાબ અને રેહવાનાં ઠેકાણાં, વીગેરે, વીગેરે તેમજ આમાં હીંદુસ્તાનમાંનાં સઘલા જાણીતા દેશાવરો—અને નાહાનાં મોટાં ગામે ગામનાં જરથોસ્તી રેહવાસીઓનાં નામો સાથે હોદા—ધંધા—નોકરી વીગરેની તમામ જાણવા જોગ વીગતો—કીંમત ચાર આના, પોસ્ટેજ, બે આના વધુ.

એડવર્ડ નામુ યાને નામદાર શેહેનશાહ સાતમા એડવર્ડનું જીવન ચરીત્ર—**સબી સાથે કીંમત** બે આના પોસટેજ અરધો આનો.

મહાન પાદશાહ સાઇરસનું દખમુ અને અસ્તોદાન—આ જરથોસ્તી કોમને ઘણું ઉપયોગી ને વાંચવા લાયક રેસાલો છે. સબી સાથ કીંમત એક આનો, પોસટેજ અરધો આનો.

જરથોસ્તીઓના બારે માસનાં ૩૩ જશનો અને તેઓનું બ્યાન.—જરથોસ્તી કોમને ઘણી ઉપયોગી અને વાંચવા લાયક વાચન છે—લખનાર નામ‍ દસ્તુરજી મીનોચેરજી જામાસપઆશાના—કીંમત ચાર આના.

સખીવજુદ બાઇજી સાહેબ બાઇ આવાંબાઇ ફ્રામજી પીટીટ—તેમનું દુઃખદાયક મરણ અને તેમની જીંદગીનો તથા પરમાર્થી કામોનો હેવાલ, સબી સાથે,—કીંમત ચાર આના.

શેઠ અરદેશર નશરવાનજી મોદી—મુંબઇના એક સખી શેઠીઆ અને ચીનના મોટા વેપારનું મરણ; અને તેમનું જનમ ચરીત્ર, સબી સાથે,—કીંમત ચાર આના.

સર કાવસજી જેહાંગીર—"બેરોનેટ" નો અમીરી ખેતાબ પામેલા બીજા પારસી શેઠીઆ—એવણની જીંદગીનો હેવાલ—સબી સાથે,—કીંમત ચાર આના.

દખણના બીજા વડા દસ્તુર સમસુલ ઓલમાં સરદાર ડાક્ટર હોશંગજી જામાસપજી દસ્તુર જામાસપઆશાનાં—એમ. એ.; પી. એચ. ડી.; સી. આઇ. ઇ. નું મરણ તેમનું જનમ ચરીત્ર—તેમના પુસ્તકોના ટુંક અહેવાલ સાથ, સબી સાથે, કીંમત ચાર આના.

અવસતાનુ ભુગોળ યજદેના ઘોડા ગાડી ઇત્યાદી—આ ઘણી કીંમતી વાંચવા જોગ વાચન છે—કીંમત ચાર આના.

સર જમશેદજી જીજીભાઇ—ચોથા બેરોનેટ-તેમનું મરણ અને જનમ ચરીત્ર-સબી સાથે કીંમત ચાર આના.

શમસુલ ઓલમાં દસ્તુરજી સાહેબ પેશુતનજી બેહેરામજી સનજાણા—એ. એ., પી. એચ. ડી. નુ જનમ ચરિત્ર. સુંદર સબી સાથે-કીંમત બે આના.

આનરેબલ શેઠ નવરોજજી નશરવાનજી વાડીઆ, સી. આઇ. ઇ. નું મરણ—તેમના જનમ ચરિત્રની ચોપડી.—કીંમત—૨ આ૰, પોસ્ટેજ ૧ આનો.

માહારાણી વીકટોરીઆનું જીવન ચરીત્ર. કીંમત બે આના પોસ્ટેજ અરધો આનો.

પરજાત સાથે નકામા કાંય ફાંફાં મારોચ?

હવે પારસીઓ દરેક ધંધામાં પડે છે—અને નફટ નોકરીને
સલામ કરીને 'મોનોપોલી' લઇ બેઠેલા પરજાતવાળાઓ વચ્ચે
ફતેહમંદીથી આગળ વધે છે.

તેનો એક જાણવાજોગ પુરાવો. આ

આ. દરજી ડોસાભાઇ
ચોકસી, ઝવેરી,
મુસ બીલ્ડીંગ—ગ્રાંટરોડ.

ના પ્રસીદ્ધ ખાતાંનો છે.

અમારે ત્યાં તમને શું મલશે!

માંગો તેવા ઘાટના—માંગો તેવા કામના—અને ચાહો તેવી ફેશનના તરેહવાર
મોહક શોભે તેવા દાગીના.

વળી બાજું શું?

ઉત્તમ કામ—મધ્યમ દામ—એકજ
વાયદા—દગાની ચીંતા નહીં—
ઠગવાની ધાસ્તી નહીં.

દરેક કામ છેલ્લામાં છેલ્લી ફેશન મુજબ અપ—ટુ—ડેટ થાય છે—
ભલાં ભલાં ઘરાકોએ તે જોયું છે—અને જોઇને વખાણ્યું છે.

તમેબી એકવાર અમારી દુકાને પધારો.

એક ફેરો ખાશો તો કાંઈ નવુંજ જોશો—નવુંજ જાણશો—અને નવુંજ શીખશો.

મજુરીના ભાવ સેંકડે ૨૫ ટકા ઘટાડ્યા છે.

બહારગામના ઓર્ડરોપર તાકીદે ધ્યાન આપવામાં આવે છે.

માહા ૧ લો ફરવરદીન શેહેનશાહી શને ૧૨૮૩ યજદેજરદી.

પારશીઓના તીશે રોજ—તેના વાર. નામ શાથે		ઈંગ્રેજી તારીખ	હીંદુ તીથી	કદમી જરથોસ્તીઓનો રોજ ૧ થી ૩૦ સુધી, માહ ૨ જો અરદીબેહશત શને ૧૨૮૩ યજદેજરદી. ઈ૦ તા૦ ૧૨ મી સપટેમબરથી ૧૧ મી અકટોબર ૧૯૧૩ સુધી. હીંદુઓના સંવત ૧૯૬૯ ના ભાદરવા સુદ ૧૨ ને વાર સુકરથી તે આશો સુદ ૧૨ ને વાર શનેઉ સુધી.
૧—અહુરમજદ	શુકર	૧૨	૧૨	શેહેનશાહી "નોરોજ" (પપેતી.) જરથોસ્તીઓનું યજદેજરદી
૨—બેહમન ...	શની	૧૩	૧૩	[સને ૧૨૮૩ નું નવું વરસ.
૩—અરદીબેસ્ત	રવી.	૧૪	૧૪	હમકારો, શે૦ રપીથવન ઉજવાનો દીવસ—કદમી અરદીબેસ્ત
૪—શેહરેવર...	સોમ	૧૫	૧૫	[અમસાસપંદનું જશન.
				[હીંદુ શ્રાધપક્ષ સરૂ થયાં.
૫—સપંદારમદ	ભોમ	૧૬	૧	શેઠ નવરોજી ફરદુનજી શી. આઇ. ઇ. ગુજર્યા ૧૨૫૫.
૬—ખુરદાદ ...	બુધ.	૧૭	૨	શેનશાહીઓનો ખોરદાદશાલ, (ખાશ લોકોનો નોરોજ,) પેગંબર
૭—અમરદાદ.	ગુરૂ..	૧૮	૩	શેહનશાહી અમરદાદસાલ (વળાવો) { જરથોસ્તનો
૮—દેપાદર....	શુકર	૧૯	૪	સંકટ ચોથ. { જન્મ દીવસ.
૯—આદર.....	શની	૨૦	૫	હમકારો.
૧૦—આવાં.....	રવી.	૨૧	૬	
૧૧—ખુરશીદ....	સોમ	૨૨	૭	કદમીઓનાં 'મેદીઓજરેમ' ધંમબાર.
૧૨—મોહોર.....	ભોમ	૨૩	૮	૧૮૭૫ માં અમદાવાદમાં મોટી રેલ આવી. ઇસ્ટ ઇંડીયા
૧૩—તીર	બુધ.	૨૪	૯	હીંદુ અવીધવા નામ. [કંપની સ્થાપી, ૧૬૦૦.
૧૪—ગોશ	ગુરૂ.	૨૫	૧૦	
૧૫—દેપમેહર ...	શુકર	૨૬	૧૧	
૧૬—મેહર	શની	૨૭	૧૨	
૧૭—સરોસ.....	રવી.	૨૮	૧૩	હમકારો.
૧૮—રશને......	સોમ	૨૯	૧૪	હીંદુ સોમવતી અમાસ.
૧૯—ફરવરદીન..	ભોમ	૩૦	૩૦	શેહેનશાહી ફરવરદીઆંનનું જશન. પુણામાં શેઠ હો૦ શે૦ તાડીવાલાની ધરમશાલાને વરશ ૪૫ મું. મુંબઇમાંનાં મોદી હીરજી વાંછાગાંધીનાં દુખમાંને ૨૪૫ મું, માં૦ ન૦ શેઠનાવાલાં દખમાને ૧૫૯ મું, ગંદેવીમાંનાં અન૦ દખમાંને ૧૯૦ મું. નવશારીની મલેશેરની અનજુમનની દરેમેહરને ૧૧૭ મું. મુંબઇની શેઠ જ૦ દા૦ શોડાવાટરવાલાની અસલ દાદગાંની દરેમેહરમાં આદરીઆંન પરઠેઆં ય૦ સને ૧૨૫૪. હીંદુ સરવ પીત્રી અમાસ.
૨૦—બેહરાંમ....	બુધ	૧	૧	**આશો માસ**—ચાંદરાત. નોરતાં બેઠાં. **અકટોબર માસ.**
૨૧—રાંમ	ગુરૂ.	૨	૩	હમકારો. એડનવાલી શેઠ કા૦ દી૦ની દરેમેહરને વરસ ૩૧.
૨૨—ગુવાદ	શુકર	૩	૪	સુરતવાલા ખાનશાહેબ બેજનજી પાલનજી કોટવાલ ગુજર્યા
૨૩—દેપદીન....	શની	૪	૫	યઝદેજરદી ૧૨૨૦. લંડનની યુનીવરસીટી ઉંઘડી ૧૮૨૮.
૨૪—દીન......	રવી.	૫	૬	
૨૫—અરશેસવંગ	સે મ	૬	૭	ફસલી આજુર માસ. નવું વર્ષ શને ૧૩૨૩ નું.
૨૬—આસતાદ..	ભોમ	૭	૮	મહાલક્ષમીની હોમની જાત્રા.
૨૭—આસમાંન..	બુધ	૮	૯	હીંદુ બલીદાંનનો દીવસ.
૨૮—જમીઆદ.	ગુરૂ..	૯	૧૦	વીજયા દશમી અથવા દશેરા.
૨૯—મારેસપંદ..	સુકર.	૧૦	૧૧	
૩૦—અનેરાં ...	શની.	૧૧	૧૨	ગોવાલીઆ તલાવપર શ્રીલક્ષમીનારાયણના દેહરાની જાતરા. પ્રીન્સ [આફ વેલ્સ હીંદુસ્થાન આવવા ઇંગલંડથી નીકલ્યો, ૧૮૭૫

માહ ૨ જો અરદીબેહસ્ત શેહેનશાહી શને ૧૨૮૩ યજદેજરદી

પારશીઓના તીશે રોજ-તેના નામ સાથે.	વાર.	[illegible]	[illegible]	કદમી જરથોશતીઓનો રોજ ૧ થી ૩૦ સુધી, માહા ૩ જો. ખુરદાદ શને ૧૨૮૩ યજદેજરદી. ઈં૦ તા૦ ૧૨મી અકટોબરથી તા૦ ૧૦મી નવેમબર ૧૯૧૩ સુધી. હીંદુઓના સંવત ૧૯૬૯ ના આશો સુદ ૧૩ ને વાર રવેઉથી તે સંવત ૧૯૭૦ ના કારતક સુદ ૧૨ ને વાર સોમ સુધી.
૧—અહુરમજદ	રવી.	૧૨	૧૩	માહા ૩ જો ખુરદાદ કદમી. } બરનોજ.૧૫૪૨
૨—બેહમન	સોમ	૧૩	૧૩	દીલીના શેહનશાહ અકબરનું મરણ,૧૬૦૫. } દીલીના પા. અક
				{ ધી જમશેદજી ન૦ પીટીટ આરફનેજ ઉઘડી ય૦ ૧૨૫૮.
				{ શતી અંનજુમનના આતશબેહેરાંમને વરશ ૧૭ મું.
				{ શેહેનશાહી અરદીબેસતનું જશન. મુંબઇનાં જરથો-
૩—અરદીબેશત	બોમ	૧૪	૧૪	હમકારો. કાજ્ઞગરી મુ૦ પુણાની ક૦ શેહેનશાહી દરેમેહરને ૨૧.
૪—શેહરેવર...	બુધ.	૧૫	૧૫	નવજ પુણુમ.
૫—સપંદારમદ	ગુરૂ.	૧૬	૧	
૬—ખુરદાદ....	શુકર	૧૭	૨	ક૦ પારસીઓનું ખોરદાદ અમસાસપંદનું જશન.
૭—અમરદાદ..	શની	૧૮	૩	સંકટ ચોથ. સઇયદ બદરૂદીનનો ઉરસ—ચીચબંદર.
૮—દેપાદર.....	રવી	૧૯	૪	
૯—આદર.....	શોમ	૨૦	૫	હમકારો. [૧૨૫૪.
૧૦—આવાં.....	બોમ	૨૧	૬	પુણેવાલા દસ્તુર ખા૦બા૦સરદાર નોશીરવાન જા૦ ગુજર્યા ય૦
૧૧—ખુરશીદ..	બુધ.	૨૨	૭	શેન૦ 'મેદીઓમજરેમ' ઘંબાર. શેઠ ફ૦ ન૦ પટેલના મજગાંમ
૧૨—મોહોર.....	ગુરૂ.	૨૩	૮	[નાં આદ્રાનને ૬૯.
૧૩—તીર......	શુકર	૨૪	૯	ડા૦ કેખશરૂ ન૦ બાહાદુરજીનો જન્મ, ય૦ ૧૨૩૦.
૧૪—ગોસ	શની	૨૫	૧૦	વેપારીઓના ચોપડા લાવવાનું મુહુરત.
૧૫—દેપમેહર...	રવી.	૨૬	૧૨	[તરાવ હોલકરનું મરણ ઈ૦સ૦ ૧૮૧૧.
૧૬—મેહેર......	શોમ	૨૭	૧૩	ધનતેરશ. જાંહાંગીર પાદશાહનું મરણ ઈ૦ સ૦ ૧૬૨૭. જસવં
				{ ના શુરતનાં રૂશતમપુરાનાં આદરાંનને ૬૦ મું.
				{ ૯૨મું.શા૦શો૦કપાવાલાના આદરાંનને ૫૬મું. સર જ૦ જી૦
				{ જીના આ૦ ને ૮૪મું. મુંબઇમાંના મ૦ બ૦ શેઠના આદરાંનને
				{ ૧૪૯ મું. શુરતના શેહેનશાહી આ૦ને ૯૧મું. મું૦ના વાડીઆ-
				{ તથા આદરાંનેની સાલગરેહ, તેમાં નવસારીના આતશબેરાંમને
૧૭—શરેશ.....	બોમ	૨૮	૧૪	હમકારો. કાલીચોદસ. શે૦ જરથોસ્તીઓના ૩ આતશબેહેરાંમો
૧૮—રશને	બુધ.	૨૯	૩૦	લક્ષ્મીપુજાનો દી૦-દીવાલી. [બાઇહી૦ન૦મા૦મુલાંવાલીના૦ દ૦૧૮.
તે ઉપરાંતના દર ચાલીસ તોલા માટે ૨ આના વધુ તે ૪૪૦ તોલા સુધી.

૪૪૦ તોલા અથવા તેથી ઓછા વજનના કોઈપણ પારસલને રેજીસ્ટર કરાવવાની ફી...	૨ આના.
૪૪૦ થી ૪૮૦ તોલા સુધીના વજનના પારસલના	રૂ. ૩

તે પછીના દર ચાલીસ તોલા દીઠ ૪ આના વધુ તે ૮૦૦ તોલા સુધી. ૪૪૦ તોલાથી વધુ વજનનું દરેક પારસલ ફરજ્યાત રેજીસ્ટર કરાવવુંજ જોઇશે અને તે માટે બે આના વધુ થશે. પારસલો માટે લવાજમ આંગ ઉપરજ ભરવા જોઇશે.

કાગલો, બુક પોસ્ટ વગેરે રેજીસ્ટર કરવાની ફી ૨ આના.

રેજીસ્ટર કરેલી ચીજ હીંદુસ્તાનમાં જે ધણી ઉપર મોકલવી હોય અને તેના હાથની શહી પોંહોચ તરીકે મોકલનાર ધણીને જોઇતી હોય તો એક આનો વધારે પડે છે.

જે કાગજ, પેકેટ યા ખાનગી બનાવટના પોસ્ટ કારડ ઉપર લવાજમ આગલથી મુદલજ ભરયો નહી હશે તો તે માટે બેવડા લવાજમ લેવામાં આવશે, તથા અધુરો ભરયો હશે તો અધુરી રકમ બેવડી માંગવામાં આવશે.

ખાનગી બનાવટના ટપાલના પોસ્ટ કારડો.

× ખાનગી બનાવટનાં પોસ્ટકારડની સરનામાવાળી બાજુએ જે કાંઇ લખાણ, જાહેર ખબર વગેરે મુકવું હોય તે સરનામાવાળી બાજુના ફકટ ડાબા હાથપરના અરધા ભાગપરજ હોવું જોઇએ અને માલેકના નામ અને સરનામા શીવાય જમણા હાથપરના અરધા ભાગપર કંઇપણ લખેલું, છાપેલું અથવા બીજી રીતે દરશાવેલું હોવું જોઇએ નહી. એવા કારડની સરનામાવાળી બાજુનો જો લખાણ વગેરે માટે ઉપયોગ કરવો હોય તો તે બાજુનો એક ઉભી લીટી દોરી એવી રીતે વીભાગ કરવો કે લીટીની જમણી બાજુએ આખી જગયાનો ઓછામાં ઓછો અરધો ભાગ રહે. પણ છાપેલી ટીકીટવાલા પોસ્ટ કારડની સરનામાવાળી બાજુએ ફકટ માલેકનું નામ અને સરનામું, મોકલનારનું નામ અને સરનામું અને પોસ્ટ કર્યાની તારીખ (પણ કલાક નહિ); એ સિવાય બીજુ કાંઈ લખી, છાપી અથવા દર્શાવી શકાતું નથી. ખાનગી બનાવટના પોસ્ટ કારડો વધુમાં વધુ સાડા-પાંચ ઈંચ લાંબા અને સાડા ત્રણ ઈંચ પોહલા અને કમીમાં કમી પોણા પાંચ ઈંચ લાંબા અને ત્રણ ઇંચ પોહલા સાઇઝમાં હોવા જોઇએ અને તે ટીકીટવાળા કારડો જેટલાજ જાડાં હોવા જોઇએ.

ટપાલની ટીકીટો, પરબીડીઆંઓ તથા રેપરો નીચલા ભાવે વેચવામાં આવે છેઃ—

ટીકીટો.

¼ આનો, ½ આનો, ૧ આનો, ૨ આના, ૨½ આના, ૩ આના, ૪ આના, ૬ આના, ૮ આના, ૧૨ આના તથા રૂ૧, રૂ૨, રૂ૩, રૂ૫, રૂ૧૦, રૂ૧૫ અને રૂ૨૫.

ઉપલી બધી જાતની છુટી ટીકીટો ઉપર જણાવવામાં આવેલા ભાવેજ વેચવામાં આવે છે.

અરધા આનાવાળાં કમરસીયલ સાઇઝના પરબીડાં.

૧	પરબીડાંના	...	આ.	૦	પૈ.	૭
૨	,,	...	,,	૧	,,	૨
૩	,,	....	,,	૧	,,	૯
૪	,,	...	,,	૨	,,	૩
૫	,,	...	,,	૨	,,	૯
૧૦	,,	...	,,	૫	,,	૬
૧૫	,,	...	,,	૮	,,	૩
૨૦	,,	...	,,	૧૧	,,	૦

અરધા આનાવાળાં જાડા ચોરસ પરબીડાં.

૧	પરબીડાંના	...	આ.	૦	પૈ.	૮
૨	,,	...	,,	૧	,,	૩
૩	,,	...	,,	૨	,,	૦
૪	,,	...	,,	૨	,,	૬
૫	,,	...	,,	૩	,,	૦
૧૦	,,	...	,,	૬	,,	૦
૧૫	,,	...	,,	૯	,,	૦
૨૦	,,	...	,,	૧૨	,,	૦

અરધા આણાવાળાં લાંબ ચોરસ પરબીડાંઓ અરધા આનાને ભાવેજ મળશે.

એક આનાવાળાં ચોરસ પરબીડાં.

	આ.	પૈ.
૮ થી ઓછી સંખ્યા માટે દર પરબીડાં દીઠ	૧	૨
૮ પરબીડાંના દર પેકેટ દીઠ...	૯	૩

રજીસ્ટર ટીકીટવાળાં નાના પરબીડાં.

	આ.	પૈ.
૧૬ થી ઓછી સંખ્યા માટે દર પરબીડાં દીઠ... ...	૨	૨
૧૬ પરબીડાંના દર પેકેટ દીઠ... રૂ ૨	૨	૬

રજીસ્ટર ટીકીટવાળાં મોટાં પરબીડાં.

	આ.	પૈ.
૮ થી ઓછી સંખ્યા માટે દર પરબીડાં દીઠ... ...	૨	૮
૮ પરબીડાંના પેકેટ દીઠ ... રૂ૧	૫	૩

અરધા આનાવાળી ટીકીટવાળાં રેપરો.

૬ થી ઓછી સંખ્યા માટે દર રેપર દીઠ ૦ ૭

૬ રેપરના દર પેકેટ દીઠ ... આ. ૩ પૈ. ૬

એક આનાવાળી ટીકીટવાળાં રેપરો.

૬ થી ઓછી સંખ્યા માટે દર રેપર દીઠ ૧ ૧

૬ રેપરના દર પેકેટ દીઠ ... આ. ૬ પૈ. ૬

ચીજો પોસ્ટ કર્યા બદલની સરટીફીકેટ.

પોસ્ટ મારફતે જતી જે ચીજ માટે પોસ્ટ ઓફીસ તરફથી રસીદ આપવામાં આવતી નથી એવી દરેક ચીજ પોસ્ટ કરયા બદલનું સર્ટીફીકેટ મળી શકે છે. એ સર્ટીફીકેટ કાગળના કટકાપર યા ચોપડીમાં લખી જે ચીજ પોસ્ટ કરવાની હોય તેની સાથે પોસ્ટ ઓફીસમાં રજુ કરવું. જે ચીજને માટે સર્ટીફીકેટ જોઇતું હોય તે ઉપરનાં સરનામાંની બરાબર નકલ તેમાં હોવી જોઇએ અને જેટલી ચીજને બદલ સરટીફીકેટ જોઇતું હોય તે ચીજોની સંખ્યા શબ્દોમાં સર્ટીફીકેટની નીચે લખવી અને તે ઉપર નીચે મુજબ ટીકીટ મારીઃ—(૧) સાધારણ અથવા વેલ્યુપેએબલ રજીસ્ટર નહી કરાવેલી બેંગી અને વેલ્યુપેએબલ રજીસ્ટર નહી કરાવેલા બુક પેકેટ માટે એમાંની કોઇપણ જાતની દરેક ૭ અથવા તેથી ઓછી ચીજોને માટે ૦। આનો (૨) રજીસ્ટર ન કરાવેલા કાગળ, પોસ્ટ કારડ, બુકપેકેટ, (રજીસ્ટર ન્યુસ પેપર શુધ્ધાં) અને નમુનાના પેકેટ માટે એમાંની કોઇપણ જાતની દરેક ત્રણ અથવા તેથી ઓછી ચીજને માટે ૦। આનો. દરેક જાતની ચીજ માટે જુદાં સર્ટીફીકેટ ઉપર, "બેંગી પોસ્ટ કરયાં બદલનું સર્ટીફીકેટ" અથવા "કાગળ પોસ્ટ કર્યા બદલનું સર્ટીફીકેટ" એ પ્રમાણે જે જોઇતું હોય તે મથાળું લખી રજુ કરવાં. પોસ્ટ આફીસ ટીકીટ અથવા ટીકીટો રદ કરી સર્ટીફીકેટ ઉપર તારીખની છાપ મારી જે શખ્સે રજુ કરયું હશે તેને પાછું આપશે.

સાધારણ સ્થાનીક મની ઓરડરો તથા વેલ્યુ પેએબલ પોસ્ટથી જણસો મોકલવા માટેની સરકારની હકસાઈ.

હીંદુસ્થાનમાં એક ઠેકાણેથી બીજે ઠેકાણે ટપાલ મારફતે નાણું વાળવા તથા વેલ્યુ પેએબલ પોસ્ટથી જણસો મોકલવા માટે નીચલા ભાવે કમીશન લેવામાં આવે છેઃ—

પાંચ રૂપયા સુધી... ...	૧ આનો	પંદર રૂપયા સુધી...	૩ આના
દશ રૂપયા સુધી... ...	૨ આના	પંદરથી વધુ અને પચીસ રૂપયા સુધી	૪ આના

રૂ. ૨૫ થી વધુ રકમોના ઓરડરો ઉપર કમીશન લેતાં, દર રૂપયા પચીસની આખી રકમ દીઠ ચાર આના ગણવામાં આવે છે, અને વધારાની રકમ જો પાંચ રૂપયાથી વધુ નથી હોતી તો તે ઉપર માત્ર એક આનો વધુ; દશ રૂપયા વધુ હોય છે તો તે ઉપર બે આના અને ૧૫ રૂપયા વધુ હોય છે તો તે ઉપર ત્રણ આના તથા પંદરથી વધુ માટે ચાર આના વધુ લેવામાં આવે છે. દાખલા તરીકે રૂ. ૫૫ નો મની આરડર મોકલેલો હોયતો દર પચીસ રૂપયા પાછલ ચાર આના મલી આઠ આના અને બાકી રહેલા પાંચ રૂપયા ઉપર એક આનો વધુ લેવામાં આવે છે. જ્યારે રૂપયા ૬૦ ના મની આરડરપર દશ આના અને રૂ. ૬૫ ના મની આરડરપર અગ્યાર આના પણ રૂ. ૬૫ થી વધુ અને રૂ. ૭૫ સુધીના મની આરડરપર બાર આના લેવામાં આવે છે એકજ મની આરડરમાં રૂ.૬૦૦થી વધુ રૂપયા લેવામા આવતા નથી.

વેલ્યુ પેએબલ પોસ્ટ મારફતથી પારસલો, કાગલો, બુક પેકેટો, પોલીસીઓ, બીલડીંગો, રેલવેની રસીદો, ઇત્યાદી જે ધણીને પોહોંચાડી તેની પાસેથી તેનાં નાણાં મેળવવાં હોય તો તે ઉગરાવી આપવાનું કામ પોસ્ટ ખાતું બજાવે છે. મોકલવાની વસ્તુ ઉપર તેને જોઇતી ટપાલની ટીકીટ લગાડ્યા પછી અને તેની જેટલી કીંમત વસુલ કરવી હોય તેનાં આંકડા સાથે ટપાલ ખાતાંને સ્વાધીન કરયા બાદ, ટપાલ ખાતું તે વસ્તુ તે ધણીને પોહોંચાડી આંકડા પ્રમાણે તેની પાસેથી પઇસા વસુલ કરે છે. અને તે પઇસા, તે વસ્તુ મોકલનાર આસામીને લાવી આપે છે. અને તેના ઉપર પોસ્ટ ખાતું કમીશન લે છે. તે કમીશનના દર ઉપર જણાવેલા મુજબ મનીઆરડરના કમીશનના દરની બરાબરજ છે અને એ કમીશનના જેટલા પઇસા થાય તેટલી કીંમતની વધુ પોસ્ટની ટીકીટો મોકલવાની વસ્તુ ઉપરજ મારવી જોઇશે. જો મોકલેલી વસ્તુ લેનાર ધણી નહીં રાખે તો તે મોકલનાર ધણીને પાછી પુગાડવામાં આવે છે, અને તે માટે કશું દામ લેવાતું નથી. પણ તેના ઉપર ટપાલનો જે દર ભરયો હોય તે રદ થાય છે. એ બાબે કાંઇબી દાવો કરવો હોય તો તે મોકલ્યાની તારીખથી ૬ મહીનાની અંદર કરવો જોઇએ. પોસ્ટ હારીશ એ પછી કોઇબી રીતે જોખમદાર રહેતી નથી.

તાર મારફતે મોકલવાના મનીઆર્ડર માટે તારના સંદેશાનો તથા હકસાઇનો દર.

હીંદુસ્થાનમાં એક ઠેકાણેથી બીજે ઠેકાણે તાર મારફતે મોકલવામાં આવતો મનીઆરડર જેટલી રકમનો હોય તેટલી રકમ ઉપરનું કમીશન એક સાધારણ સ્થાનીક મનીઆરડરનું જે કમીશન હોય (ઉપર જણાવવા મુજબ) તે પરમાણે લેવામાં આવે છે. તે ઉપરાંત તારનો વધુ લવાજમબી લેવામાં આવશે. તે એમ કે તે તારના સંદેશામાં જેટલા શબ્દો મોકલવા લખ્યા હોય તેટલા શબ્દો ગણી જો તારનો સંદેશો એક્ષપ્રેસ હોય તો તેના હીસાબે અને ઓરડીનરી હોય તો તે પ્રમાણે લવાજમ લેવામાં આવે છે.

ઉપલા તારના સંદેશામાં મનીઆરડર મોકલનાર આસામી પોતા તરફનો ખાનગી સંદેશો પણ તેવા તારમાં ઉમેરી શકશે અને તેવા વધારાના શબ્દો માટે તે એક્ષપ્રેસ તાર હોય તો શબ્દ દીઠ બે આના અને ઓરડીનરી હોય તો શબ્દ દીઠ અરધા આનાનો વધારાનો દર લેવામાં આવે છે.

કોઇ પણ એક મનીઓરડર રૂ ૬૦૦ થી વધારેનો સ્વીકારવામાં નથી આવતો અને એક રૂપીઆથી ઓછી રકમ સ્વીકારવામાં આવશે નહી.

વીમા માટે સરકારની હકસાઈ.

રેજીસ્ટર કરેલાં કાગળો, વેલ્યુ પેએબલ રેજીસ્ટર કાગળો, રેજીસ્ટર કરેલાં પારસલો અને વેલ્યુ પેએબલ રેજીસ્ટર પારસલો માટે બ્રાંચ પોસ્ટ ઓફીસ ખાતે રૂ ૫૦૦ ની કીંમત સુધીનો અને બીજી પોસ્ટ ઓફીસો માટે રૂ ૨૦૦૦ ની કીંમત સુધીનો વીમો ઉતારી શકાય છે. પોસ્ટેજ અને રેજીસ્ટરેશનની ફી ઉપરાંત વીમા માટે નીચે મુજબ હકસાઇ લેવામાં આવે છેઃ—

રૂપીઆ ૫૦ સુધીની કીંમતની જણસ માટે ૧ આનો.
તે ઉપરાંત દર રૂપીઆ ૫૦ માટે ૧ આનો વધુ.

હીંદની બાહેરના અંગ્રેજી શેહેનશાહતના બીજા ભાગો સાથનો ટપાલનો દર.

હીંદની બાહેરના અંગ્રેજી શેહેનશાહતના નીચે જણાવેલા ભાગો જેવા કે,—ઈંગ્લંડ, વેલ્સ, સ્કોટલંડ, આયરલંડ, ઑસ્ટ્રેલીઆ, એનટીગ્વા, એસેનશન, બાહમાસ, બારબેડોસ, બરમ્યુડા, બ્રીટીશ ઇસ્ટ આફ્રીકા અને યુગેનડા, બ્રીટીશ ગાયના, બ્રીટીશ હોનડુરાસ, બ્રીટીશ નોરથ બોરનીઓ, બ્રીટીશ સોમાલી લેન્ડ, કેનેડા, કેપ ઓફ ગુડહોપ, કેમેન આયલંડસ, સાઇપ્રસ, ડોમીનીકા, ફાકલંડ આયલંડસ, ફીજી, ફેનીંગ આયલંડસ, ફ્રેનડલી આયલંડસ, ગેમ્બીઆ, જીબ્રાલ્ટર, ગોલ્ડકોસ્ત, ગ્રેનેડા, હાંગકાંગ, જમેકા, મેલે સ્ટેટસ, મોલટા, મોરીશીયસ, મોન્ટસેરાટ, મોરોકો, નેતાલ, નેવીસ, ન્યુ ફાઉન્ડલેંડ, ન્યુ ઝીલેન્ડ, નીયાસાલેન્ડ પ્રોટેક્ટોરેત (બ્રીટીશ સેનટ્રલ આફરીકા), ઓરેંજ ફ્રી સ્ટેટ, સેન્ટ હેલીના, સેન્ટ કીતસ, સેન્ટ લુશીયા, સેન્ટ વીનસેંટ, સીચેલી, સીએરા લીઓ, સોલોમન આયલંડસ સ્ટ્રેટ સેટલમેન્ટસ, ટોબેગો, તોરતોલા, ત્રાનસવાલ, ત્રીનીદાદ, તકસ આયલંડસ અને જંગીબાર—એમને માટે ઠરાવેલા ટપાલના ખાસ દરની વીગત નીચે પ્રમાણે:—

કાગળો.		કાયદાના અને વેપારી દસ્તાવેજો.	
દર એક આઉંસ માટે	૧ આનો	દશ આઉંસ સુધી...	૨॥ આના
પોસ્ટ કાર્ડ.		તે ઉપરાંત દર બે આઉંસ માટે ...	૦॥ આનો
એકવડો	૧ આનો	**નમુના.**	
જવાબ સાથે...	૨ આના		
વરતમાન પત્રો ચોપડી વગેરે.		ચાર આઉંસ સુધી...	૧ આનો
દર બે આઉંસ માટે	૦॥ આનો	તે ઉપરાંત દર બે આઉંસ માટે ...	૦॥ આનો

બીજા પરદેશો સાથનો ટપાલનો દર.

અંગ્રેજી શેહેનશાહતના જુદા જુદા ભાગો વચ્ચેના ટપાલના દર માત્ર એકજ બાબતમાં બીજા પરદેશો માટેના ટપાલના દરથી જુદો પડે છે, અને તે કાગળના દરની બાબતમાં છે. પરદેશો ખાતે મોકલવાના કાગળો માટે દર એક આઉંસ દીઠ અઢી આના અને એક આઉંસ ઉપરાંતનાં દર આઉંસ માટે દોઢ આનો લેવામાં આવે છે.

એડન, સીલોન તથા પોરટુગીઝ હીંદુસ્તાન માટેના ટપાલનો દર સ્થાનીક ટપાલના દર જેટલોજ રાખવામાં આવ્યો છે.

પરદેશ મોકલવાના મની આરડર માટેની હકસાઈ.

૧ પાઉંડ માટે ... ... ૩ આના	૫ પાઉંડ માટે ... ...૧૨ આના
૨ પાઉંડ માટે ... ... ૫ આના	૫ પાઉંડથી વધુ માટે જેટલા પાઉંડ વધુ હોય
૩ પાઉંડ માટે ... ... ૮ આના	તે માટે ઉપર જણાવેલા પ્રમાણ મુજબ હકસાઈ
૪ પાઉંડ માટે ... ...૧૦ આના	લેવામાં આવે છે.

બ્રિટીશ પોસ્ટલ ઓરડરો—૬ પેની, ૧ શીલીંગ, ૧ શી. ૬ પે., ૨ શી. અને એ પ્રમાણે ૨૦ શી. સુધી દરેક વધુ ૬ પે. ની કીંમતના તેમજ ૨૧ શીલીંગની કીંમતના પોસ્ટલ ઓરડરો ૧૫ રૂપીએ પોંડ પ્રમાણે કીંમત ઉપરાંત થોડી હકસાઈ લઈ પોસ્ટ ઓફિસે વેચાય છે. ૨ શી. ૬ પે. થી વધુ નહી એવી કીંમતના ઓરડરની હકસાઈ ૦॥ આનો ૩ શી. થી ૧૫ શી. સુધીના ઓરડરની હકસાઈ એક આનો અને ૧૫ શી. થી વધુ કીંમતના ઓરડરની હકસાઈ ૧॥ આનો લેવામાં આવે છે. બ્રીટીશ પોસ્ટલ ઓરડરોનાં નાણાં યુનાઇટેડ કીંગડમમાં તથા બીજા સંસ્થાનો અને બ્રીટીશ પોસ્ટ ઓફીસ એજંસીઓમાં તેમજ હીંદુસ્થાનમાં પણ અપાય છે.

હીંદી ચલણમાં મનીઆરડરો નીચલા દેશો ખાતે મોકલી શકાય છે:—બ્રીટીશ ઇસ્ટ આફ્રીકા, બ્રીટીશ નોરથ બોરનીઓ, સીલોન, કોરયાના કેટલાક ભાગ, ફોરમોસાના કેટલાક ભાગ, જરમન ઇસ્ટ આફ્રીકા, હાંગકાંગમાંની બ્રીટીશ આફીસો, જેપાન, લેબોઆન, મોરીશીયસ, સેશેલ્સ, સ્ટ્રેટસના સંસ્થાનો, જંગીબાર, પોરટુગીઝ, હીંદુસ્થાન, ચમ્બા, ફરીદ કોટ, ગોઆલીયર, ઝીંદ, નાભા અને પતીઆલા.

વીજળીક તારને લગતી જાણવાજોગ વીગતો.

સરવે તારો "સ્ટાંનડર્ડ" વખત પ્રમાણે નોંધી લીધામાં આવશે, જે વખત હીંદમાં ગ્રીનીચના વખત કરતાં સાડાપાંચ કલાક આગળ, તથા મદ્રાસ વખત કરતાં નવ મીનીટ આગળ છે; બરમાહમાં ગ્રીનીચના વખત કરતાં સાડા છ કલાક આગળ, અને હીંદના "સ્ટાનડર્ડ" વખત કરતાં એક કલાક આગળ છે.

તાર અંગ્રેજી કે દેશી, કોઇપણ ભાષામાં મોકલી શકાય છે. પણ તેનું લખાણ તો અંગ્રેજી અક્ષરોએજ કરવું જોઇએ. તાર બહુજ ખોલા અક્ષરે લખવો જોઇએ, કે જેથી ભુલચુક થવાનો સંભવ રહે નહીં. તાર મેલવામાં કોઇપણ ભુલચુક, ઢીલ વગેરે તારખાતું વકીક કરે તો તેના જોખમ લેનાર તથા મોકલનારનેજ માથે છે. જે મથક ખાતે તાર મુકેલો હોય ત્યાંની તાર આફીસથી પાંચ માઇલ સુધીની હદમાં સઘળા સંદેશા તારખાતું પોતાના માણસ જોડે પોંહોચાડી આપે છે, પણ તેથી દુરની હદના સંદેશા ટપાલ મારફત મોકલે છે. તેથી દુરની જગાએ મોકલેલા "એક્ષપ્રેસ" અથવા "ઓરડીનરી" સંદેશા, જો મોકલનાર તેને લગતો ખરચ આપે તો, તારખાતું ખાસ ખેપીયા કે બીજી ગોઠવણથી પુગાડે છે. મોકલનારની મરજી હોય તો સંદેશા પરબીડાંમાં બીડયા વીના ખોલા તાર આફીસ પુગાડે છે, કે જો લેનાર ધણી તે લેવાને ના પાડે છતાં તેની મતલબથી વાકેફ થાય. જ્યારે એક સંદેશો કોઇપણ કારણથી ઘટતે ઠેકાણે પુગી શકતો નથી ત્યારે મોકલનાર ધણીને તે બાબેની ખબર આપવામાં આવે છે. તાર ઓફીસમાં એક સંદેશો આપ્યા પછી તે ઘટતે ઠેકાણે મોકલાતો અટકાવી શકાય છે પણ જો સંદેશા ઉપરની તારની ટીકીટ સ્ટાંપ મારવાથી રદ થઇ હોય, તો તેના પઇસા પાછા આપવામાં આવતા નથી. તાર આફીસમાંથી જો સંદેશો રવાના થઇ ચુકેલો હોય છે, તો રદ કરવા માટે બીજો તારનો સંદેશો મેલવો પડે છે. તાર મુકનાર તથા પોહોંચાડનાર આફીસમાં ૭૨ કલાક સુધી તારની નકલ રહે છે; તે પછી એ નકલો કલકત્તે "એક આફીસ"માં જાય છે જ્યાં ચાર માસ સુધી તે રાખવામાં આવે છે. તાર મેલનાર અને લેનાર ધણીને દર ૧૦૦ શબ્દો દીઠ ચાર આના લઇ તેની નકલ આપવામાં આવે છે. વળી તારના જવાબ મેળવવા માટેની રીપલાઇ ટેલીગ્રામ મોકલી શકાય છે. તેની સમજણ એવી છે કે, જેવી જાતના તારમાં જવાબ મંગાવેલો હોય તે પ્રમાણે પઇસા આગળથી તાર આફીસમાં લેવામાં આવે છે. અને તે વીશેની ચેતવણી તાર લેનાર ધણીને તારની સાથેજ આપવામાં આવે છે. જો લેનાર ધણી ઉતર નહી મોકલે તો ભરેલા પઇસા તે લેનારનેજ રોકડા પાછા આપવામાં આવે છે.

ડીલીવરીને લગતી સુચના માટેના ઠરાવેલા દર છ આનાના કરવામાં આવેલા છે. ડીલીવરીને લગતી સુચના—એટલે કે તાર મોકલનાર તાર લેનારને કયા દીવસે અને કયા વખતે મળ્યો તે જાણવા માંગતો હોય તો તે ખબરને ઉપલી ફી ભરીને મંગાવી શકે છે અને એ ખબર પોંહોંચી તાકે તેને ખાતાં તરફથી પુરી પાડવામાં આવે છે.

તારનો એક સંદેશો એકજ ઠેકાણેથી બીજા સરનામે રવાના કરવાની જરૂર પડશે, તો તે નવાં ઠેકાણે અનરજીસટરડ પત્ર દાખલ પોસટમાં મુફત મોકલી આપવામાં આવશે.

હીંદુસ્તાનમાં એક શેહરથી બીજે શેહર મોકલવા માટેના તારના સંદેશાના દરો:-

તાકીદના (એક્ષપ્રેક્ષ) સંદેશા—સરનામા સહીત બાર શબ્દો માટે એક રૂપયો અને ને ઉપરના દરેક વધારાનાં શબ્દ દીઠ બે આના વધુ લેવામાં આવશે.

સાધારણ ઓરડીનરી સંદેસા—સરનામા સહીત બાર શબ્દો માટે છ આના અને તે ઉપરના દરેક વધારાના શબ્દ માટે અરધો આનો વધુ લેવામાં આવશે.

ઓરડીનરી કલાસના તારો રવીવાર અને તેહવારના દીવસોએ લેવામાં આવતા નથી.

વરતમાનપત્રો માટેના ખાસ દર નીચે મુજબ છે:—

તાકીદના (એક્ષપ્રેસ) સંદેશા— ઉડતાળીસ શબ્દો માટે એક રૂપીયો અને તે ઉપરાંતના દર છ શબ્દો દીઠ બે આના વધારે અને સરનામાના શબ્દો મુફત લેવામાં આવશે

સાધારણ (ઓરડીનરી) સંદેશા—ઉડતાળીસ શબ્દો માટે આઠ અને તે ઉપરાંતના દર છ શબ્દો દીઠ એક આનો વધારે અને સરનામું મુફત લેવામાં આવશે.

વરતમાનપત્રો માટેનો એક સંદેશો એકજ મથકનાં ગમે તેટલાં વરતમાન પત્રોને પહોંચાડવામાં આવે તોપણ તે ઉપર એકજ વખતનો દર અને નકલ કરવાનો સો શબ્દો દીઠ ચાર આના લેખે લવાજમ પડે છે.

છાપાના ડીફરડ સંદેશા (ડીફરડ પ્રેસ ટેલીગ્રામસ) ઇંગલંડ અને હીંદુસ્તાન વચે દર બોલ દીઠ ૪ પેનસ અથવા ૪ આનાના દરે લેવામાં આવશે. આ સંદેશાઓ ડીફરડ ખાનગી સંદેશા પછી રવાના કરવામાં આવશે.

મુંબઇની પારસી પંચાયતના ધરમખાતાંને લગતી જાણવાજોગ વીગતો.

પંચાયતના ધરમખાતાંઓના હાલના ટરશટી સાહેબોના નામ—સર જમશેદજી જીજીભાઇ (પાંચમા) બેરોનેટ, શેઠ જમશેદજી ખરશેદજી જમશેદજી, શેઠ બમનજી દીનશાજી પીટીટ, સર કાવશજી જાહાંગીર બેરોનેટ, શેઠ મનચેરજી પેસતનજી ખરેગાત, શેઠ હોરમજી અરદેશર વાહાડયા અને શેઠ નવરોજી જાહાંગીર ગામડયા.

સને ૧૯૧૧ ના સાલનો પંચાયતના હીસાબનો ટુંક ઇનતેખાબ.

આ સાલની શરૂઆતમાં પુંજી, જે ગયા વરસનાં ઇનતેખાબ પ્રમાણે રૂ૫૯૮૭૧૦૧-૧-૧૧ ની હતી, તે આ સાલની સેવટે રૂ૫૭૨૪૭૫૩-૮-૧ થઇ હતી. એટલે આએ સાલમાં ઘટાડો રૂ૨૬૨૩૪૭-૯-૧૦ નો થયો છે.

આ સાલ પુંજીમાં, સાધારણ રીતે ઘટાડો દેખાવાનું ખાસ કારણ આ છે કે, આએ સાલમાં ધી બમનજી દીનશાહ પીટીટ પારસી જનરલ હોસ્પીટાલ ખાતેથી અને શેઠ વોરદનવાલા ખાતેથી મલી રૂ૪૫૭૦૦૦ તે ખાતાંના સેકરેટરીઓએ માંગવાથી આપયા હતા.

જુદા જુદા ધણીઓએ રૂ૧૭૩૬૦૦ ની રકમ જુદે જુદે ખાતે આપી છે તેની સામટી ટીપ હેઠલ આપી છે. એ ટીપમાં છેલ્લી જે ૧૧ રકમો છે, તે રકમોનાં નવાં ખાતાંઓ પડયાં છે. તેમાં પેહેલું શેઠ જાલ ફીરોજવાલી મદરાસની દરેમેહેરનું છે અને તેની પછીનાં ખાંનગી ધણીઓનાં છે.

આ સાલમાં જુદા જુદા ધણીઓએ રૂ૧૭૩૬૦૦ ની રકમ જુદે જુદે ખાતે આપી છે તેની ટીપ.

૫૦૦ મરહુમ શેઠ હોર. નશ. કુપરના એકજીક્યુટરોએ કુલ જરથોસ્તી રવાંનોને અવલમંજલ પોહચાડવાના ફંડમાં.
૧૦૦૦ શેઠો કેખ. એદ. શેઠના તથા દીનશા પીરો. શેઠનાએ ઉપલા ફંડમાં.
૫૦૦ બાઇઓ હુમાબાઇ ફરદુનજી મોદી, જરબાઇ એદલજી મોદી તથા શેઠો રૂસ્તમજી, દોરાબજી અને કેખશરૂ એદલજી મોદીએ નવસારીના રવાનોના ફંડમાં.
૫૦૦ શેઠો રૂસ્તમજી એદલજી તથા જાંગીર બેરા. દારડીએ ઉપલાજ ફંડમાં.
૩૦૦૦ શેઠ નવરોજજી કાવસજી સાહેર તથા બાઇ પીરોજબાઇ નવરોજજી સાહેરે શેઠ ફરદુનજી સોરાબજી પારખની ધરમશાલાના ફંડમાં.
૫૦૦ મરહુમ શેઠ હોર. નશર. કુપરના એકજીક્યુટરોએ મુંબઇના આંધલાં પાંગલાં તથા લાચાર જરથોસ્તીઓની પરવરસી કરવા માટે પગાર આપવાના ફંડમાં.
૫૦૦ શેઠ તેમુલજી ફરામજી ગાએ ઉપલાજ ફંડમાં.
૧૧૦૦ શેઠો કેખ. એ. શેઠના તથા દીન. પીરો. શેઠનાએ ઉપલાજ ફંડમાં.
૧૦૦૦ શેઠ નવરોજજી બાપુજી તચકરાએ ગરીબ જરથોસ્તી વીધવાઓને આશરો આપવાના ફંડમાં.
૧૦૦૦ શેઠ નવરોજી બાપુજી તચકરાએ ગરીબ જરથોસ્તી છોકરીઓને પરણાવી આપવાના ફંડમાં.
૫૦૦ બાઇઓ હુમાબાઇજી ફરદુનજી મોદી, જરબાઇ એદલજી મોદી તથા શેઠો રૂસ્તમજી દોરાબજી અને કેખશરૂ એદલજી મોદીએ ગરીબ જરથોસ્તીઓને ધંધે લગાડવાના ફંડમાં.
૧૫૦૦ મરહુમ શેઠ એદ. ફરા. આલબલેસના છોકરાઓએ પલેગ હોસ્પીટાલના ફંડમાં.
૮૦૦ શેઠ શાપુરજી જીવાજીએ સર જમશેદજી મદરેસાના ફંડમાં.
૧૦૦૦ શેઠ નવરોજી બાપુજી તચકરાએ સર જમશેદજી સ્કુલના ફંડમાં.
૨૦૦૦ શેઠ પીરોજશા દાદાભાઇ બેહવારે પુના અનજુમનના ફંડમાં.
૫૦૦ શેઠ એદલજી બેરામજી ઉમરીગરે ધરમ સંબંધી કેળવણી આપનારી મંડલીના ફંડમાં.
૫૬૫૦૦ ધી બી. દી. પીટીટ પારસી જનરલ હોસ્પીટાલના ઓ. સેકરેટરીઓએ જનરલ હોસ્પીટાલના ફંડમાં.
૭૦૦ શેઠ શાપુરજી જીવાજીએ ઉપલાજ ફંડમાં.
૧૦૦૦ વલસાડ પારસી અનજુમનના ચેરમેને વલસાડ અનજુમન ફંડમાં.
૫૦૦ બેલગામ અનજુમનના ઓ. સેકરેટરીએ બેલગામ અનજુમન ફંડમાં.
૫૦૦ નાગપોર અનજુમનના ઓ. સેકરેટરીએ નાગપોર અનજુમન ફંડમાં.

૨૦૦૦ સતારાની અનજુમનની વતી બાઇ નવાજબાઈ દી. ભીખાજી ખાને સતારા અનજુમન ફંડમાં.

૧૫૦૦ અજમેરની અનજુમનના કારોબારીઓએ અજમેર અનજુમન ફંડમાં.

૫૦૦ દમણ અનજુમનના કારોબારીઓએ દમણ અનજુમન ફંડમાં.

૫૦૦ મઉની અનજુમનના ઓ. સેક્રેટરીએ મઉ અનજુમન ફંડમાં.

૧૭૦૦૦ સુરત અનજુમન ફંડના કારોબારીઓએ સુરત અનજુમન ફંડમાં.

૨૦૨૦૦ શેઠ હોરમજજી નવરોજજી તે મદરાસની અનજુમનના સરનશીને મદરાસની જાલ ફીરોજની દરેહમેહેરના ફંડમાં.

૫૦૦૦ શેઠ નવરોજજી જાંહગીર ગામડીઆએ બેહસ્તનશીન ભાઈ રૂસ્તમજી નવરોજજી જાંહાગીર ગામડીઆ એમ. એ. નાં પુનને સારૂં એઓના બાવા નવરોજજી જાંહાગીર ગામડીઆ તથા માતાજી બાઈ માણેકબાઇ અને ભાઇઓ બેરામજી જમશેદજી, જાંહાગીર, સોરાબજી તથા કુંવરજી અને બેહેન બાઇ નવાજબાઈએ કરેલા ધરમ ખાતે.

૧૧૫૦૦ શેઠ રૂસ્તમજી મનચેરજી કુકાએ શેઠ રૂસ્તમજી મનચેરજી કુકાના ધરમ ખાતે.

૫૦૦૦ શેઠ ફરામજી કાવસજી બેનેટ મરહુમ શેઠ ખરશેદજી જમશેદજી દમણીઆ જેઓ મુંબઇ મધે રોજ ૭ મો અમરદાદ માહ ૮ મો આવાં સને ૧૨૭૯ ય. જ. તા૦ ૧૭ મી એપરેલ સને ૧૯૧૦ ઇસ્વીને રોજે હક થયા તેઓના ઉઠમણા વખતે તેઓના દીકરા ભાઇ ફરામજી કાવસજી બેનેટે ધરમખાતાંમાં આપવા જાહેર કરેલા રૂ૫૦૦૦ ના ખાતે.

૫૩૦૦ શેઠ ધનજીભાઇ બમનજી પીટીટે શેઠ ધનજીભાઇ બમનજી પીટીટે તેવણના દીકરા ભાઇ માણેકજીની નવજોતની ખુશાલીમાં પડાવેલાં ધરમ ખાતે.

૫૦૦૦ શેઠ નવરોજજી જાંહાગીર ગામડીઆએ બેહસ્તનશીન બાઈ માણેકબાઈ તે શેઠ નવરોજજી જાંહાગીર ગામડીયાના ધણીઆણી તથા મરહુમ શેઠ કાવસજી અરદેશરજી સાહેરનાં બેટીના પુનને સારૂં એઓના ધણી નવરોજજી જાંહાગીર ગામડીઆ તથા દીકરાઓ બેરામજી જમશેદજી, જાંહાગીર, સોરાબજી તથા કુંવરજી અને બેહસ્તનશીન રૂસ્તમજી અને દીકરી બાઈ નવાજબાઇએ કરેલા ધરમ ખાતે.

૫૦૦૦ શેઠો કાવ. નવ. છોઇ તથા રૂસ્ત. મન. કુકાએ છોઇ કુકાની કંપનીના ધરમ ખાતે.

૫૦૦૦ બાઇ ગુલબાઇ જમશેદજી જીજીભાઈએ મરહુમ સર જમશેદજી જીજીભાઇ ચોથા બારોનેટનાં પુનને માટે તેવણની વીધવા વહુ તથા છોકરાઓએ પડાવેલા ધરમ ખાતે.

૫૦૦૦ શેઠ રૂસ્તમજી પેસ્તનજી ભરૂચાએ મરહુમ બાઈ ધનબાઇજી તે પેસ્ત. બમ. ભરૂચાના વીધવાના પુનને માટે તેઓના દીકરા ડા૦ રૂસ્તમજી પેસ્તનજી ભરૂચા તથા નબીરા મેરવાનજી રૂસ્તમજી ભરૂચાએ કીધેલા ધરમ ખાતે.

૫૦૦૦ મરહુમ શેઠ એદ. ફરા. આલબલેસના છોકરાઓએ ગુ. બેન દીનબાઇ તે ગુ. એદલજી ફરામજી આલબલેસની બેટી તથા ગુ. ભાઈ ફરામજી નવરોજજી ભાઇ સાહેબની વીધવાની યાદગીરી કાયમે રાખવા ગુ. એદલજી ફરામજી આલબલેસના છોકરાઓએ ધી બમનજી દીનશાજી પીટીટ પારસી જનરલ હોસ્પીટાલના નીભાવ માટે આપેલી સરકારી વ્યાજ ટકા ૩॥ વાલી નોટ રૂ૫૦૦૦ની સને ૧૮૬૫ના સાલના ખાતે.

૫૦૦૦ બાઈ નવાજબાઈ દીનશાજી ભીખાજી ખાને બાઈ નવાજબાઈ તે મરહુમ શેઠ દીનશાજી ભીખાજી ખાનના બેટી અને મરહુમ શેઠ પેસ્તનજી દોરાબજીમીસ્તરીના વીધવાએ કીધેલાં ધરમ ખાતે.

૧૭૬૯૦૦)

"પારસી પંચાયતના શેહેનશાહી ધહમબારના ફંડ" ખાતેથી આએ સાલમાં નીચલાં બાનુ અને ગ્રહસ્થોનો ધહમબાર કરવાનો વારો હતો અને તેઓએ અનજુમનનાં ધહમબારનાં ૬ જાહેર જમણો કરયાં હતાં.—બાઈ હમાબાઈ ફરામજી પીટીટ, શેઠ બમનજી દીનશા પીટીટ, શેઠ અરદેશર મેહેરજીભાઇ વીકાજી, બાઈ જરબાઈ નવરોજજી વાડીઆ, શેઠ રતનજી ખરશેદજી નવરોજજી વાડીયા, તથા શેઠ ફરદુનજી અરદેશર ખરશેદજી ફરદુનજી.

"કુલ જરથોસ્તી રવાનોને અવલમંજલ પોંહોચાડવાના ફંડ" ખાતાંમાંથી નશેસાલાર અને ખાંધીઆઓ મલી ૬૧ જણને રોકવામાં આવયા હતા, જેઓના અને એ ખાતાંના

મેહેતાજી, માણુસો, રામોસી અને માલીઓ વીગેરેનાં પગારના એ વરસે રૂ૨૪૫૨૯–૦–૯ થયા હતા. એ ખાતાંમાંથી વફાદારીથી લાંબી નોકરી બજાવનાર નશેશાલાર, ખાંધીઆઓ તથા તેઓના મરણ બાદ તેઓની વીધવાઓ મલી જણ ૧૯ ને દરેકને ૩૪ થી ૨૧૦ સુધીનો મારીક પગાર આપયો હતો.

"ચોપાટીની શેઠ ફરદુનજી સોરાબજી પારખની ધરમશાલા" ના આ સાલની સેવટે ૩૬ મરદો અને ૪ બાઇઓ મલી ૪૦ જણ આસરો લેતાં હતાં. ડા૦ અરદેસર હોરમજજી ધાસવાલાએ એઓની સારવાર કીધી હતી. જરથોસ્તીઓ તરફથી આ સાલ સરઅવસરે આખા દીવસનાં ૨૦૩ અને અરધા દીવસનાં ૪૪ ખાણાં થયાં હતાં.

"મુંબઇના આંધલાં, પાંગલાં તથા લાચાર જરથોસ્તીઓની પરવરશી કરવા માટે પગાર આપવાના ફંડ" ખાતેથી આસરો લેનારાં તા૦ ૩૧ મી ડીસેંબર ૧૯૧૧ ના દીને બધાં મલી ૪૬૯ હતાં તે આસામીઓને મોટે બાગે ૨૩ થી ૨૫ સુધી પગાર આપવામાં આવ્યો હતો. એ ૪૬૯ જણમાં ૪૧૫ બાઇઓ અને ૫૪ મરદો હતા. આ ખાતેથી પગારની ૧૧ માસની રકમ રૂ૨૦૮૧૭ થઇ હતી. એ સાલમાં જુનાં પગારદારોમાંથી ગુજરી જવાથી તથા બીજા સબબોને લીધે જણ ૪૯ કમી થયાં હતાં અને જણ ૬૮ ના નવા પગાર કીધા હતા.

મુંબઇના તંગદસ્ત હાલતમા આવેલા જરથોસતીઓને આશરો આપવાનાં ફંડ" ખાતેથી આબરૂદાર જરથોસ્તીઓ, જેઓ જમાનાની ગીરદેશાથી તંગદસ્ત હાલતમાં આવ્યાં હોય, તેઓને આસરો આપવામાં આવે છે. તા૦ ૩૧ મી ડીસેમબરે એઓની સંખ્યા મરદ ૧૬ અને સ્ત્રીઓ ૬૧ મલી ૭૭ ની હતી. એ ખાતેથી લવાજમનાં રૂ૪૫૧૯ આપવામાં આવ્યા હતા.

"ગરીબ લાચાર જરથોસ્તી વીધવાઓને આશરો આપવાનાં ફંડ" ખાતેથી આશરો લેનારી વીધવાઓની તા૦ ૩૧ મી ડીસેમબર ૧૯૧૧ ના દીને સંખ્યા ૧૪૭ હતી. તેઓને મોટે ભાગે ૨૩ થી ૨૫ નો માસીક પગાર આપવામાં આવયો હતો. તેની રકમ રૂ૬૩૪૬ ની થઇ હતી. એ સાલમાં જુના પગારદારોમાંથી ગુજરી જવાથી તથા બીજા સબબોને લીધે જણ ૧૧ કમી થયા હતા અને જણ ૧૫ ના નવા પગાર કીધા હતા.

"મુંબઇના ગરીબ, લાચાર જરથોસ્તીઓ ગુજરે તેઓનાં રવાનોને અવલ-મંજલ પોહોંચાડવા તથા ધરમની કીરીયા વીગેરની દીન ૪ નો ખરચ કરવા માટે આસરો આપવાનાં ફંડ"નાં ખાતાંને નામદાર સર જમશેદજી જીજીભાઇએ પારસીઓને માટે કરેલી સખાવતનાં વર્મ ખાતેથી રૂ૪૦૦ ની મદદ આપવાંમાં આવી હતી. એ ખાતેથી ૫૧ રવાંનો માટેનો ખરચ આપવામાં આવયો હતો.

"જરથોસ્તી માએબાપોને પેટે જનમેલાં બાલકોને સુદરો પેહેરાવવાના કારણુસર આસરો આપવાના ફંડ" ખાતેથી આ સાલ ૧૦ બચ્ચાંઓને સુદરેહ પેહેરાવવા માટે, તેઓના ગરીબ માબાપોને દરેક બાલક દીઠ રૂ૨૫ આપવામાં આવ્યા હતા.

"ગરીબ લાચાર જરથોસ્તીઓની છોકરીઓને પરણાવી આપવા માટે આશરો આપવાનાં ફંડ" માંથી આ સાલમાં ૨૦ છોકરીઓને પરણાવી આપવા માટે મદદ આપી હતી તેના રૂ૧૫૦૦ થયા હતા.

"મુકતાદને ટાંકણે દેશાવરો ખાતેના આંધલાં, પાંગલાં, તથા લાચાર જરથોસ્તીઓને વેહેંચી આપવા સારૂ રૂપીઆ વાલવાનાં ફંડ ખાતાં" માંથી એ સાલ દેશાવરોનાં ૭૫૪ ગરીબ જરથોસ્તીઓને રૂ૯૦૦૧–૭ ગામે ગામના મેનેજર સાહેબો હસ્તક વેહેંચી આપયા હતા. તથા મુક્તાદને ટાંકણે કોઇ પણ ઠેકાણાનાં આંધલાં, પાંગલાં તથા ગરીબ જરથોસ્તીઓને વેહેંચી આપવા સારૂ રૂપીયા વાલવાનાં બીજા ફંડ" ખાતેથી જણ ૪ ને રૂ૨૨૪ આપયા હતા. એ ગામોના નામ નીચે પ્રમાણે છેઃ–સુરત શેહેર, તથા સુરતનાં પરાંઓ, સુરતને લગતાં ગામો (વેસુ, ડુમસ, સુમાલી, દામકા, ટેણાં, ગંદરોઇ, એભાવ, રાંદેર, ભેસાણ, અડાજણ, સીગનપોર, કુદીઆણાં, ભગવા, ભાઠા,

માંડવી, કરંજ, અમરેલી, વરીઆવ, પુણા, ઓરપાડ, રૂડવાડા, ખજોદ, કુંડી, પાટલદેવી,) ઉદવાડા, દમણ, (નાની તથા મોટી) તારાપોર, વલસાડ, ગણદેવી, સાદરવેલ, દેગામ, અગાશી, બીલીમોરા, ચીખલી, મેઘોર, દેહણું, દેવીયર, નારગોલ, તડગામ, સરોડા, નવસારી, નવસારીને લગતાં ગામડાંઓ (તવડી, બારડોલી, મહુવા, વાડાપોસરા, સરપોર, પારડી, વીયારા, શીઓદ, પુની, હાલાવરેલી,) ભરૂચ, ભરૂચને લગતાં ગામડાં (અંકલેશર, હાંસોટ) ખેરગામ, વડોદરા, ખંભાત, પારડી, રાજકોટ, સોલાપોર, પુના અને દેવલાલી. ઉપલાં કારણસર પૂરતી કરેલી ટીપમાં ૩૭૦૯ ભરાયા હતા.

"મુંબઈના લાચાર જરથોસ્તીઓને મુફત અનાજ આપવાનાં ફંડ" માંથી આએ સાલ ગરીબ જરથોસ્તી જણ ૫૧ ને મુફત અનાજ અપાવ્યો તેના ૩૪૭૭-૧૦ થયા હતા.

"ગરીબ જરથોસ્તીઓને ધંધે લગાડવાના કામમાં મદદ આપવાના ફંડ" માંથી જણ ૨ ને ધંધો કરવા માટે ૩૨૬૦ આએ સાલમાં આપ્યા હતા.

"દીવાનાશાલા મધેના ગરીબ લાચાર જરથોસ્તીઓની પરવરશીને લગતાં ખરચને માટે મદદ આપવાના ફંડ" ખાતેથી શેઠ નશરવાનજી માણેકજી પીટીટનાં ધરમ ખાતે આએ સાલમાં ૩૧૫૯૨ આપ્યા હતા.

"ગરીબ પારસી બીમારોને હવાના ફેરફાર માટે જવા કાજે અને હડખાં અથવા બીજા દરદોના ઈલાજ વીગેરે સબબો માટે મદદ કરવાનાં ફંડ" માંથી જણ ૧૦ ને ૩૩૮૫ ની મદદ આએ સાલમાં આપી હતી.

"મુંબઇ તથા દેશાવરો ખાતેની જરથોસ્તી જંદ અવસ્તાની નીશાલોના ફંડ" ખાતેથી મુંબઇ અને દેશાવરો મલી ૩૨ નીશાલોમાં જંદ અવસ્તા અને જરથોસ્તી ધર્મને લગતાં મુલતત્વોનું જ્ઞાન આપવામાં આવ્યું હતું. ઉપરી સાથે એ ખાતાંમા ૪૦ શીક્ષકોને રોકયા હતા, જેઓના પગારો વીગેરેની વારસીક રકમ ૩૫૦૮૯-૫-૪ ની થઇ હતી. એ નીશાલોના ઉપરી તરીકે એરવદ એદલજી કેરશાસ્પજી આંટીઆએ કામ કરયું હતું. એ નીશાલો નીચે પ્રમાણે જુદાં જુદાં ગામો ખાતે હતી.—૫ મુંબઇ, ૧ મહુવા, ૧ ભરૂચ, ૧ દેવીયર, ૧ રાજકોટ, ૧ વલસાડ, ૩ નવસારી, ૧ બારડોલી, ૧ નારગોલ, ૧ ભાઠા, ૧ વીયારા, ૧ સરોડા, ૧ ઉદવાડા, ૧ કુદીઆણાં, ૧ ઇગતપોર, ૧ સોલાપોર, ૧ ખંભાત, ૧ બદનેરા, ૧ તારાપોર, ૧ ગણદેવી, ૧ બીલીમોરા, ૧ ખેરગામ, ૧ ઓરપાડ, ૧ તડગામ, ૧ કરંજ અને ૧ ભગવા.

"નામદાર સર જમશેદજી જીજીભાઇ પેહેલા બારોનેટની યાદગારીને સારૂ ઉભી કીધેલી જરથોસ્તી મદરેસાના ફંડ" ખાતેથી એ મદરેસાના પેહેલવી, અવસ્તા, અને સંસ્કૃત ભાષાઓનાં શીક્ષકો તથા માણસ મલી તેઓનાં પગારનાં આ સાલ ૩૪૭૮૫ થયા હતા અને વીદયારથીઓના સ્કોલરશીપના ૩૧૭૮૮ થયા હતા. આ સાલની સેવટે મદરેસામાં ૩૬ વીદયારથીઓ હતા. આ સાલની પરીક્ષા નામબ દસ્તુર રૂસ્તમજી એદલજી સંજાણા બી. એ., એરવદ બમનજી નસરવાનજી ધાભર એમ. એ. તથા શેઠ શાપુરજી કાવશજી હોડીવાલા બી. એ. એ લીધી હતી.

"નામદાર સર જમશેદજી જીજીભાઈ ટરાન્સલેશન ફંડ" ખાતેથી ૧૩ પુસ્તકોને નાનો મોટો આશરો આપવામાં આવ્યો હતો. જુદાં જુદાં પુસ્તકોને આશરો આપવા વીગેરે પાછલ એ સાલ કુલે ખરચ ૩૨૭૮૦ નો થયો હતો. એઓમાં નીચલાં પુસ્તકો જરથોસ્તીઓના ધર્મ તવારીખ, સંસાર અને સાહીતને લગતાં હતાં:—Zoroaster and the Bible; તારીખે જુહુરો ઝવાલે દવલતે પારસીયાન, For God and Iran; અવસ્તા પ્રમાણે પયગામ્બર જરથોસ્ત અને જરથોસ્તી દીન; Mazdayasnian Hymns; Life and Ethics of Zoroaster; શાહનામું (ગુજરાતી, તરજુમો) ભાગ ૧ લો; A study of Yasna 1; Avesta Reader; પ્રાચીન ઇતિહાસની વાર્તાઓ; A Catechism of the Zoroastrian Religion; શુદ્ધ ખોરદેહ અવસ્તા માયનીના સાર સાથે; દીનકરદ વોલ્યુમ ૧૨ મું.

"ધી વીકટોરીઆ જુબીલી પેહેલવી ફંડ" ખાતેથી નીચલાં ૩ પુસ્તકોને આશરો આપવામાં આવ્યો હતો. એ પાછલ કુલે ખરચ રૂ ૧૪૦૫-૧૨ નો થયો હતો:—બુન્દેહેશ (એ પુસ્તક ફોટો ઝીંકો પ્રોસેસથી છપાયું હતું તેનો દીબાચો, બંધામન વીગેરે આ સાલમાં તૈયાર કરી બાહાર પડાવામાં આવ્યું હતું); દાદીસ્તાને દીની ભાગ ૧ લો; દીનકર્ડ વોલ્યુમ ૧૨ મું ૮ (એ વોલ્યુમના આસરાના રૂ૧૫૦૦ મધેથી રૂ૧૦૦૦ સર જ. જી. ટરાન્સલેશન ફંડ ખાતેથી આપવામાં આવ્યા છે.) ઉપલા બે ફંડો ખાતેથી લેવાયલી ચોપડીઓમાંથી ૧૬૮ ચોપડીઓ મુંબઇ અને દેશાવરો ખાતેની જંદ અવસ્તાની નીશાલોના બચ્ચાંઓને ઈનામમાં આપી છે તથા આશરે ૭૧૩ ચોપડીઓ જરથોસ્તીઓનાં જાહેર પુસ્તકખાનાંઓ વીગેરેને ભેટ આપી છે.

આ સાલમાં ત્રસ્ટી સાહેબોની કુલે ૩૨ મીટીંગ મલી હતી. તેમાં ૩૦ ઓફીસ ખાતે, અને ૨ ડુંગરવાડી ઉપર મલી હતી.

આ સાલમાં પંચાયતના ખાતાંના કામકાજના સંબંધમાં નીચલા અગતના બનાવો બન્યા હતા.

શેઠ મેરવાનજી મનચેરજી કામાએ તા૦ ૨૩ મી ફેબરવારી ૧૯૧૧ ને દીને ત્રસ્ટી તરીકેના પોતાના ઓહદાનું રાજીનામું આપયું હતું. જે ત્રસ્ટી સાહેબોએ દલગીરી સાથે એવણુ સાહેબની સેવાની કદરસનાશીના એક ઠેડાવ સાથે બાહાલ રાખ્યું હતું.

એ સાલમાં ત્રસ્ટીઓની બોર્ડ પાંચને બદલે પેહેલવેહેલી સાતની બની હતી.

એ સાલમાં નામદાર શેહેનશાહ જીયોર્જ પાંચમાંની તાજપોશીનો અવસર ઉજવવામા આવયો હતો. તે દીને આ ખાતાંમાંથી જે ગરીબોને માસીક મદદ મલે છે તેઓ દરેકને રૂ૧ ભેટ આપવામાં આવયો હતો, અને જાહેર હાસ્પીટાલોનાં પારસી દરદીઓ અને દીવાનશાલા તથા ધરમશાળાના રહીશો વીગેરેને ફ્રુટ અને મીઠાઈ આપવામાં આવી હતી.

એ સાલમાં મુંબઇની જંદ અવસ્તાની નીશાલોનાં બાલકોને ઈનામો આપવા તથા સર જમશેદજી મદરેસાના વીદ્યાર્થીઓને ઇનામો આપવાના મેલાવડા થયા હતા. નામદાર શેહેનશાહ તથા શેહેનશાહબાનુને તાજ પેહેરવાના દીને તથા વરસાદ માટે પારસી કોમ તરફથી જશનો થયાં હતાં. નામદાર શેહેનશાહ તથા શેહેનશાહબાનુને પારસી કોમ તરફથી આપવાનાં માનપત્રનો ખરડો બાહાલ રાખવા અનજુમનની સભા મલી હતી.

નીચલાં ખાતાંઓ તરફ મદદ કાજે જરથોસ્તી સાહેબોનું ખાસ ધ્યાંન ખેંચવામાં આવે છે:—૧—પારસી પંચાયતના વખતો વખતના ત્રસ્ટીઓએ પોતાની નજરમાં આવે એવા જરથોસ્તીઓના ફાયદાને માટે ચુંટી કાઢેલા સખાવતી કામ યા કામોમાં વાપરવા માટેનું ફંડ. ૨—ગરીબ જરથોસ્તી બાપ વીનાના બચ્ચાં તથા વીધવાઓને મદદ કરવાનું ફંડ (આ ફંડ સને ૧૯૧૨ ના સાલમાં ઉઘાડવામાં આવ્યું છે તેની "મકસદ આ છે કે ગરીબ જરથોસ્તી બાપ વીનાનાં બચ્ચાં તથા વીધવાઓને કોઇપણ રીતે મદદ આપવી અથવા તેઓના લાભને માટે કોઇ પણ રીતે ખરચ કરવો, જેમકે બચ્ચાંઓને ઓરફનેજમાં મોકલવાનો, અથવા મા યા વાલી સાથે રહેતાં હોય તો ભરણ પોશણ અને કેલવણીનો ખરચ આપવો, અથવા વીધવાઓને વર્ક કલાસમાં જવા અથવા નરશીંગ શીખવા અથવા એવો બીજો ધંધો શીખવા અથવા ધંધાના ઓજારો વીગેરે લેવા માસીક અથવા ઉચક મદદ આપવી, અથવા જે ખાતાંઓ એવાં બચ્ચાંઓ અથવા વીધવાઓને મદદ આપતાં હોય તેઓને ઉચક અથવા માસીક મદદ કરવી વીગેરે.") ૩—જરથોસ્તીઓને રેહેવા કાજે મકાનો બાંધવા યા પુરા પાડવા તથા ગરીબ જરથોસ્તીઓ ઉપરથી ભાડાનો બોજો કમી કરવાનું ફંડ (આ ફંડ સને ૧૯૧૨ ના સાલમાં ઉઘાડવામાં આવ્યું છે.) ૪—પારસી સંકટ નીવારણ ફંડ. ૫—ગરીબ જરથોસ્તીઓને ધંધે લગાડવાના કામમાં મદદ આપવાનું ફંડ અને ૬—ગરીબ પારસી બીમારોને હવાના ફેરફાર માટે જવા કાજે અને હડખાં અથવા બીજા દરદોના ઈલાજ વીગેરે સબબો માટે મદદ કરવાનું ફંડ.

ચીનના જરથોસ્તી અનજુમનનાં ધરમનાં ફંડોની વીગત.

ટરસ્ટીઓ–શેઠ હોરમઝ કેખશરૂ ઈરાની, શેઠ મેરવાનજી પાલનજી તલાટી, શેઠ દીનશાહ કાવશજી શેઠના તથા શેઠ અ. એ. અવાસીયા.

હાંગકાંગનાં જરથોસ્તી જસટીસ ઓફ ધી પીસ–શેઠ ફરામજી હોરમશજી અરજાની.

ઉપલા ત્રસટી સાહેબો હસતક સને ૧૯૧૨ ના શાલની ચીનની જરથોસતી અનજુમનનાં નીચલાં જુદાં જુદાં ધરમખાતાંનાં ફંડોની કુલે પુંજી ડા. ૧૨૨૧૦૧)૭૨ ની છે, તેમાંથી હાંગકાંગ, કનટાન અને વાંમપુની રવાનની જગાનો તેમજ અનજુમનનાં મકાંનોનો સરવે ચાલુ ખરચ કરવામાં આવે છે. કોઇ ગરીબ જરથોસતી નાચારી હાલતમાં આવ્યો હોએ તો તેને આશરો આપવામાં આવે છે. તેમજ કોઈ લાચાર જરથોસ્તીનું મરણ નીપજ્યું હોય તો તેનો સરવે ઘટતો ખરચ કરવામાં આવે છે. લાચાર ચીનાઓને આસરો આપવા માટે ઉભાં કીધેલાં ફંડમાંથી દર સાલ તેવા લાચાર ચીનાઓને મદદ આપવામાં આવે છે, અને ધહમબાર ફંડમાંથી દર સાલ ધહમબારનું જશન તથા ખાનું કરવામાં આવે છે.

૨૬૧૮૮)૪૫ હાંગકાંગ, કનટાન અને મકાઉનાં જરથોસ્તીઓનાં ધરમનાં ફંડ ખાતે.

૧૫૫૧૯)૬૭ લાચાર આંધલાં પાંગલાં ચીનાઓને આસરો આપવાનાં ફંડ ખાતે.

૧૨૦૭૩)૧૧ વીકટોરીયા જુબીલી પારસી ચેરીટી ફંડ ખાતે.

૪૧૨૦)૮૪ હાંગકાંગની જરથોસ્તી અનજુમનનાં ઘમબારનાં ફંડ ખાતે.

૨૧૦૦૭)૭૨ શેહેનગાહીની રવાનની જગા બદલ મલેલી રકમ ખાતે.

૫૦૦) બેહેસતનશીન શેઠ નશરવાનજી નાનાભાઈ પટેલના પુણને સારૂ કીધેલાં ધરમ ખાતે.

૫૦૦) બેહેસતનશીન શેઠ રતનજી બેહેરામજી બીસનીનાં પુણને સારૂ કીધેલાં ધરમ ખાતે.

૫૦૦) બેહેસતનશીન શેઠ એદલજી ફરામજી કરાણીનાં પુણને સારૂ કીધેલાં ધરમ ખાતે.

૫૦૦) બેહેસતનશીન શેઠ નશરવાનજી બમનજી મોદીનાં પુણને સારૂ કીધેલાં ધરમ ખાતે.

૫૦૦) બેહેસતનશીન શેઠ દાદાભાઈ કાવશજી તાતાનાં પુણને સારૂ કીધેલાં ધરમ ખાતે.

૧૦૦૦) બેહેસતનશીન શેઠ ધનજીભાઇ રતનજી બીસનીની યાદગારી કાયમ રાખવા સારૂ હાંગકાંગ, કનટાનનાં જરથોસ્તીઓએ કીધેલાં ધરમ ખાતે.

૫૦૦) બેહેસતનશીન શેઠ ખરશેદજી બમનજી શેઠાનાં પુણને સારૂ કીધેલાં ધરમ ખાતે.

૫૦૦) બેહેસતનશીન શેઠ એદલજી નવરોજી મેહતાનાં પુણને સારૂ કીધેલાં ધરમ ખાતે.

૨૨૭૨)૭૩ મરહુમ સર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટે પોતાના ધણીયાંણી લેડી શાકરબાઇ તે મરહુમ શેઠ ફરામજી ભાખાજી પાંડેનાં બેટીનાં પુણને સારૂ કીધેલાં ધરમ ખાતે.

૯૦૯)૦૯ બેહેસતનશીન શેઠ ફરામજી દીનશાજી પીટીટ, શેહેનશાહબાનું વીકટોરીયાની જુબીલીનાં ટાંકણાંસર યુરોપ, અમેરીકા તથા જાપાનની મુસાફરી કરી હાંગકાંગ સને ૧૮૮૭ નાં સાલમાં આવ્યા હતા તેની યાદગારી રાખવા સારૂ આપેલી નોટને ખાતે.

૧૮૫૩)૭૮ કનટાનના જરથોસ્તીઓના ઘહમબારના ફંડ ખાતે.

૫૦૦) શેઠ અરદેશર હોરમસજી ચીનાઇએ પોતાના બાવાજી, માતાજી તથા ભાઇ કાવશજીનાં પુણને સારૂ કીધેલાં ધરમ ખાતે.

૯૦૯)૦૯ મરહુમ શેઠ નશરવાનજી માણેકજી પીટીટનાં પુણને સારૂ તેવણુની પુંજીમાંથી એવણુના વીધવા બાઇ દીનબાઇ તે મરહુમ શેઠ મેરવાનજી જીજીભાઇ મુંગાનાં બેટીએ આપેલા રૂ. ૨૦૦૦ નાં બોમબે પોરટ ટરસટ બાંડને ખાતે.

૨૬૭૨)૭૩ મરહુમ સર દીનશાજી મા. પીટીટ બારોનેટે પોતાની યાદગારી સારૂ કીધેલાં ધરમખાતે.

૫૦૦) બેહેસતનશીન શેઠ નશરવાનજી દાદાભાઇ ઓલીયાએ કીધેલાં ધરમ ખાતે.

૫૦૦) બેહેસતનશીન શેઠ મેહેરવાનજી બેહેરામજી પાલીસવાલાએ પોતાના બાવાજી શેઠ બેરાંમજી તથા માતાજી બાઈ કુંવરબાઈનાં પુણને સારૂ કીધેલાં ધરખાતે.

૫૦૦) **મરહુમ શેઠ એદલજી માણેકજી કાપડ્યાએ પોતાના બેહેસતનશીન દીકરા શેઠ અરદેશરજીનાં પુણ્યને સારૂ કીધેલાં ધરમખાતે.**

૧૦૦૦) શેઠ બમનજી પાલનજી કરંજીયા ૧૮૯૮ ની ૩ જી ડીસેમબરે મુંબાઇમાં હક થયા તેવણના પુણ્ય માટે તેવણની પુંજીમાંથી તથા તેવણનાં ખેશીઓએ ભરેલી રકમને ખાતે.

૫૦૦) મરહુમ શેઠ જમશેદજી જામાસપજી ઉનવાલા તે હાંગકાંગના રૂ તથા સુતરના દલાલે પોતાના બાવાજી આ૦ જામાસપજીનાં પુણ્યને સારૂ કીધેલાં ધરમખાતે.

૫૦૦) મરહુમ શેઠ જમશેદજી જામાસપજી ઉનવાલાએ પોતાના માતાજી માણેકબાઇ તે આ૦ એદલજી દોરાબજી કોટવાલના બેટીનાં પુણ્યને સારૂ કીધેલાં ધરમખાતે.

૩૨૧૭૪)૫૧ બેહેસતનશીન શેઠ દોરાબજી નવરોજીએ પોતાની યાદગારી સારૂ કીધેલાં ધરમખાતે.

૧૦૦૦) શેઠ માણેકજી પેસતનજી તલાટીએ પોતાનાં મરહુમ માતાજી બાઇ મોતીબાઇ તથા મરહુમ પીતાજી પેસતનજી મેરવાનજી તલાટી તથા કાકાના દીકરા મરહુમ શેઠ સોરાબજી નશરવાનજી તલાટીનાં પુણ્યને સારૂં કીધેલાં ધરમખાતે.

૫૦૦) મરહુમ શેઠ બમનજી બેરામજી ધણાપટેલે પોતાની દીકરી બેહેસતનશીન બાઇ બાઇમાએ તે શેઠ અરદેશર કાવશજી કામાનાં ધણીઆણીનાં પુણ્યને સારૂ કીધેલાં ધરમખાતે.

૨૫૦૦) મરહુમ શેઠ દોરાબજી નવરોજીએ પોતાના ધણીઆણી બાઇ મોતીબાઇની યાદગારી સારૂ કીધેલાં ધરમખાતે.

૭૦૦) બેહેસતનશીન શેઠ બમનજી બેહરામજી ધણાપટેલનાં પુણ્યને સારૂ તેવણના વીધવા બાઇ દીનબાઇએ કીધેલાં ધરમ ખાતે.

૧૦૦૦) શેઠ પેસતનજી ફરામજી તલાટીએ પોતાના મરહુમ બાવાજી શેઠ ફરામજી મેરવાનજી તલાટી અને ભાઇઓ બેજનજી તથા પાલનજીના પુણ્યને સારૂ કીધેલાં ધરમ ખાતે.

૫૦૦) મરહુમ શેઠ જમશેદજી જામાસજી ઉનવાલા તે હાંગકાંગના રૂ તથા સુતરના દલાલનાં પુણ્યને સારૂં તેવણનાં ભાણેજ મરહુમ બાઇ જાહાંગીર નવરોજી કાતરકે કીધેલાં ધરમ ખાતે.

૫૦૦) બેહેસતનશીન શેઠ એદલજી શાપુરજી લાહેરના પુણ્યને સારૂ તેવણના વીધવા બાઇ શીરીનબાઇએ કીધેલાં ધરમ ખાતે.

૫૦૦) મરહુમ શેઠ જાહાંગીરજી પેસતનજી ખરાસનાં પુણ્યને સારૂ તેણવની પુંજીમાંથી કીધેલ ધરમ ખાતે.

૨૫૦૦) મરહુમ શેઠ બેહરામ આદર ઇરાની કંડારીએ પોતાનાં તા૦ ૧ લી જુલાઇ ૧૯૦૧ ની તેરીખના વીલમાં ફરમાવ્યા મુજબ તેવણનાં અને તેવણનાં ખેશીઓનાં પુણ્યને સારૂ તેવણનાં એકઝીક્યુટર શેઠ ફરામજી હોરમજજી અરજાનીએ ઉઘાડેલાં ધરમ ખાતે.

૫૦૦) શેઠ ધનજીભાઈ દોરાબજીએ પોતાના મરહુમ બાવાજી શેઠ દોરાબજી નવરોજીની યાદગારી કાયમ રાખવા સારૂ કીધેલાં ધરમ ખાતે.

૧૦૦૦) મરહુમ શેઠ દોરાબજી નવરોજીના પુણ્યને સારૂ તેવણનાં ખેશીઓએ કીધેલાં ધરમ ખાતે.

૧૫૦૦) બેહેસતનશીન શેઠ દોરાબજી નવરોજીની યાદગારી કાયમ રાખવા સારૂ હાંગકાંગ, કંટાનનાં જરથોસ્તીઓએ કીધેલાં ધરમ ખાતે.

૫૦૦) બેહેસતનશીન શેઠ હોરમજજી નવરોજી કરંજીઆના પુણ્યને સારૂ તેવણની પુંજીમાંથી તથા તેવણના ખેશીઓએ કીધેલાં ધરમ ખાતે.

૫૦૦) બેહેસતનશીન શેઠ હોરમજી મેરવાનજી મેહેતાના પુણ્યને સારૂ તેવણના વીધવા બાઈ કુંવરબાઇએ કીધેલાં ધરમખાતે.

૫૦૦) મરહુમ શેઠ દોરાબજી નવરોજીની યાદમાં એવણના દીકરા શેઠ ધનજીભાઇએ પોતાની અને પોતાના માતાજી અને ખેશીઓ તરફથી કીધેલાં ધરમખાતે.

૫૦૦) બેહેસતનશીન શેઠ નવરોજી પાલનજી કાતરકના પુણને સારૂ તેવણના દીકરા મરહુમ બાઇ જાહાંગીરજી નવરોજી કાતરકે કીધેલાં ધરમખાતે.

૫૦૦) બેહેસતનશીન શેઠ જાંગીરજી નવરોજી કાતરકના પુણ સારૂ એવણની પુંજીમાંથી એવણના માતાજી બાઇ પીરોજબાઈ નવરોજી કાતરકે કીધેલાં ધરમખાતે.

૩૦૦૦) શેઠ ધનજીભાઇ દોરાબજીએ પોતાનાં ધણીઆની બાઇ ગુલબાઇની યાદગારી સારૂ કીધેલાં ધરમખાતે.

૫૦૦) બેહેસતનશીન શેઠ અરદેશર નશરવાનજી મોદીના પુણ સારૂ કીધેલાં ધરમખાતે.

૫૦૦) મરહુમ શેઠ બમનજી લીમજીભાઇ બાટલીવાળાના પુણ સારૂ તેવણના દીકરાઓ રૂશતમજી, કેખશરૂ, શીયાવક્ષ તથા દીકરી બાઈ ખરશેદબાઇએ કીધેલાં ધરમખાતે.

૭૦૦) મરહુમ શેઠ સોરાબજી બેરામજી ભાભાએ પોતાના મરહુમ બપાવા કુવરજી હોરમજી ભાભાના પુણ સારૂ કીધેલાં ધરમખાતે.

૭૦૦) મરહુમ શેઠ અરદેશર હોરમજી ચીનાઇનાં પુણ સારૂ તેવણની પુંજીમાંથી કીધેલાં ધરમખાતે

૫૦૦) મરહુમ શેઠ હોરમજી નશરવાનજી કુપરના પુણ સારૂ તેવણની પુંજીમાંથી કીધેલાં ધરમખાતે.

૫૦૦) મરહુમ શેઠ પેસતનજી એદલજી ખંબાતાનાં પુણ સારૂ તેવણની પુંજીમાંથી કીધેલાં ધરમખાતે.

૭૦૦) મરહુમ શેઠ કેખશરૂ અરદેશર ચીનાઇના પુણ સારૂ તેવણની પુંજીમાંથી કીધેલાં ધરમખાતે.

૫૦૦) મરહુમ શેઠ ધનજીભાઈ દોરાબજીના પુણ સારૂ તેવણના ધણીયાણી બાઈ ગુલબાઇએ કીધેલા ધરમખાતે.

૧૨૨૧૧)૭૨

ધરમના મકાનો.

હાંગકાંગ મધે જરથોસ્તી અનજુમનના ખરચે એક જાહેર મકાન બાંધવામાં આવેલું છે જેમાં સર અવસરે બેઠકો તથા ધરમને લગતી કીરીઆ કામો વીગેરે કરવામાં આવે છે; તેમજ એ મકાનમાં એક લાયબ્રેરી જરથોસ્તીઓનાં વપરાસ સારૂં છે.

મરહુમ શેઠ દોરાબજી નશરવાનજી કામાજીએ પોતાના ખરચે વામપુ મધેની જરથોસ્તી અંજુમન હસતકની રવાંનની જગો ઉપર એક બંગલો બંધાવી અંજુમનના વપરાસ સારૂં બક્ષેશ કીધો છે.

બેહેસતનશીન શેઠ ખરશેદજી શાપુરજી બનાજીના પુણને સારૂં તેવણના કેટલાક દોસતોએ કીધેલાં ફંડ મધેથી એ મરનારની યાદગારી કાયમ રાખવા સારૂં વાડી ૧) શ્રી મકાઉ મધે જરથોસ્તી અનજુમનને એનાયત કીધેલી તે કામમાં નહી આવવાથી તે વેચી તેને બદલે શ્રી મકાઉ મધે વેચાતું લીધેલું પરાઆ ગરામડી ઉપરનું ઘેર ૧) છે. જેમાં જરથોસતીઓને પોતાની તબીયતના સુધારા અરથે ઉતારો આપવામાં આવે છે.

બાઇ માણેકબાઈ તે સર હોરમસજી નવરોજજી મોદીનાં ધણીયાણી હાંગકાંગ મધે લાંબો વખત રહી સને ૧૮૮૬ માં મુંબઇ સીધારયાં તે સુભ ટાંકણાંની યાદગારી હાંગકાંગમાં જાળવી રાખવાના હેતુથી હાંગકાંગની અશો રવાનની જગા ઉપર ખુશનુમાં દેખાવનો સફેદ મારબલનો ફુવારો ૧ તથા તેને લગતું પાણીનું બાંધકામ, શોભઇતી લોઢાંની બેઠકો તથા પથરની પાકા બાંધણીનો ગંજાવર મેહેરાબ સાથનો લોખંડનો દરવાજો ૧ મલી સરવે પોતાને ખરચે બાંધી અંજુમનને ભેટ આપયું છે.

ઉપર જણાવેલાં સરવે મકાનોની મેનેજ અનજુમનનાં એક ત્રસ્ટી તથા આનરરી સેક્રેટરી હસ્તકથી થાએ છે.

કલકતાની જરથોસતી અનજુમનનાં ધરમનાં ફંડોની વીગત.

ટરસટીઓ—શેઠ કાવશજી માણેકજી રૂશતમજી, શેઠ પેસતનજી એદલજી ગજ્જર અને શેઠ નવરોજી જામાશપજી અરજાંની—એઓને હસતક નીચલાં ફંડો ચાલે છે અને તેની બાકી રકમ સને ૧૯૧૨ ના શાલની નીચે મુજબની છે:—

૨૦૫૩૮) ૯) ૧૧ કલકતાની જરથોસતી અનજુમનના ધરમનું ફંડ.

૧૨૭૫૦) ૫) ૧૦ કલકતાના દોખમાની આસપાસની તથા તેની બહારના બગીચાવાલી અનજુમનની આખી જગાપર પુરણી તથા મરામત કરવાનું ફંડ.

૧૯૧૮૭) ૨) ૨ મરહુમ શેઠ રૂશતમજી કાવસજી બનાજીના ગહમબારનું ફંડ.

૧૪૭૪૬) ૧૩) ૮ બેરામજી જીજીભાઇ શ્રી કલકતાના જરથોસ્તી રવાનોને અવલમંજલ પહોંચાડવાનું ફંડ.

૮૫૦૦) ૦) ૦ સર દીનશાહ માણેકજી પીટીટ બારોનેટના ધરમ ખાતે.

૧૦૦૦) ૦) ૦ બેહેસતનશીન શેઠ કાવશજી દીનશાજી પીટીટના પુનને સારૂ તેવણના છોકરાઓ શેઠો હોરમશજી, ખરશેદજી, અરદેશર તથા શોરાબજીને નામે તેઓના બાપાવા સર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટે આપેલી નોટ.

૫૦૦) ૦) ૦ બેહેસતનશીન શેઠ મેરવાનજી કાવશજી દીનશાજી પીટીટના પુનને સારૂ તેવણના બાપાવા સર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટે આપેલી નોટ.

૧૦૦૦) ૦) ૦ શેઠ બેરામજી જીજીભાઇ સી. એસ. આઇ. ના ધરમ ખાતે.

૧૦૦૦) ૦) ૦ શેઠ ફરામજી મનચેરજી બુમલાએ પોતાની દીકરી બેહેશતનશીન બાઈ ગુલબાનુના પુનને સારૂ આપેલી નોટ.

૧૦૦૦) ૦) ૦ મુંબઇવાલા શેઠ કાવશજી બેજનજી કરણીએ મરહુમ દીકરી બાઇ જીવનાઇજી તથા તેણીના દીકરા મરહુમ શેઠ બમનજી અરદેશર મોદીના પુણ સારૂ આપેલી નોટ.

૧૦૦૦) ૦) ૦ મરહુમ શેઠ કાવશજી ધનજીભાઈ પાંડેવાલાના પુણ સારૂ દીકરા શેઠ શોરાબજીએ આપેલી નોટ.

૧૮૭૭૮) ૫) ૩ શેઠ બેરામજી જીજીભાઈ સી. એસ. આઇ. એ આપેલી નોટ.

૧૦૦૦) ૦) ૦ શેઠો અરદેશરજી તથા જહાંગીરજી નસરવાનજી મોદીએ પોતાના બેહેસતનશીન સુરંબીજી નસરવાનજી બમનજી મોદીના પુનને સારૂ આપેલી નોટ.

૧૦૦૦) ૦) ૦ શેઠ કાવસજી બેજનજી દસતુરે આપેલી નોટ.

૧૦૦૦) ૦) ૦ સર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટે પોતાના નબીરા બેહેસતનશીન શેઠ અરદેશર કાવસજી પીટીટના પુનને સારૂ કાઢેલાં ધરમ ખાતે.

૨૫૦૦) ૦) ૦ હાંગકાંગ, કનતાંન તથા મકાવનાં જરથોસતી અનજુમનનાં ધરમ ખાતે.

૧૦૦૦) ૦) ૦ સર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટે પોતાના ધણીઆણી લેડી સાકરબાઇ તે મરહુમ શેઠ ફરામજી બીખાજી પાંડેનાં બેટીના પુનને સારૂ કાઢેલાં ધરમ ખાતે.

૧૫૦૦) ૦) ૦ શેઠ ફરામજી મનચેરજી બુમલાએ માતાજી બાઇ રતનબાઈ તે મરહુમ શેઠ મનચેરજી બુમલાબાવાના વાધવાની યાદગારી કાયમ રાખવા કાઢેલા ધરમ ખાતે.

૧૭૧૬) ૧૧) ૩ ધી ઓનરેબલ સર દીનશાજી માણે૦ પીટીટ બારોનેટ ઝોરાસ્ત્રીયન લાઇબ્રેરીનું ફંડ.

૧૧૧૯૬) ૫) ૧ સર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટે લાઇબ્રેરીના આશ્રા માટે આપેલી નોટ.

૩૫૦૦) ૦) ૦ મરહુમ લેડી સાકરબાઈ દીનશાજી પીટીટ તે શેઠ ફરામજી બીખાજી પાંડેનાં બેટીના પુણ સારૂ ધણી સર દી. મા. પીટીટ બારોનેટે તથા છોકરાઓએ કાઢેલાં ધરમ ખાતે

૧૦૦૦) ૦) ૦) કલકતાની જરથોસ્તી અનજુમન તરફથી લાઇબ્રેરીના ફંડમાં ભરાએલા નાણાં મધેથી લીધેલી નોટ.

૫૦૦) ૦) ૦ મરહુમ શેઠ નશરવાનજી માણેકજી પીટીટના પુણ સારૂ તેવણુની પુંજીમાંથી એવણુના વીધવા બાઈ દીનબાઇ તે મરહુમ શેઠ મેરવાનજી જીજીભાઇ મુગાનાં બેટીએ આપેલી નોટ.

૧૦૨૬) ૦) ૦ બેહેસતનશીન બાઈ નવાજબાઇ તે શેઠ રતનજી પાલનજી મીસતરીનાં બેનના પુનને સારૂ કાઢેલાં ધરમ ખાતે.

૧૦૨૧૪) ૨) ૪ કલકતાના જરથોસ્તી રવાનોને અવલગંજલ પહોંચાડવા વધુ માણસો બોલાવી રાખવાના અતરેની અનજુમને ઉભું કાઢેલું ફંડ.

૧૦૦૦) ૦) ૦ સર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટે કલકતાના જરથોશતી રવાનોને અવલમંજલ પહોંચાડવા વધુ માણસો રાખવાના અનજુમને ઉભા કાઢેલાં ફંડમાં આપેલી નોટ.

૫૦૯) ૦) ૦ બાઈ પીરોજબાઇ જમશેદજી માદને પોતાના મરહુમ માતાજી બાઈ દીનબાઇ તે ગુ૦ શેઠ નવરોજી કાવશજી મીનવાલાના ધણીઆણીના પુનને સારૂ આપેલી નોટ.

૧૦૦૦) ૦) ૦ શેઠ મેરવાનજી નાનાભાઇ મેહેતાએ પોતાના બેહેસતનશીન ધણીઆણી બાઇ નાલીબાઇના પુણને સારૂ આપેલી નોટ.

૫૦૦) ૦) ૦ મરહુમ શેઠ રતનજી પાલનજી મીસતરીના પુણ સારૂ તેવણુની પુંજીમાંથી તેવણુના વીધવા બાઇ ગુલબાઈ તે મરહુમ શેઠ જીવનજી ઉકરજી દારૂવાલાના બેટીએ આપેલી નોટ.

૫૦૦) ૦) ૦ મરહુમ શેઠ રૂસતમજી નવરોજી પટેલની યાદગારી કાયમ રાખવા સારૂ એવનના વીધવા બાઇ ટોશીબાઇએ આપેલી નોટ.

૫૦૯) ૦) ૦ શેઠ જમશેદજી ફરામજી માદને પોતાના મીત્ર મરહુમ શેઠ કુંવરજી બમનજી ગજદરના પુનને માટે આપેલી નોટ.

૨૩૭) ૧) ૯ કલકતાના જરથોસતી રવાનોને અવલમંજલ પહોંચાડવા સારૂ ગાડી મંગાવી તેનું ફંડ.

૨૦૦૦) ૦) ૦ બેહેશતનશીન બાઈ શીરીનબાઇ તે શેઠ રૂસતમજી ધનજીભાઇ મહેતા સી. આઇ. ઇ. ના ધણીઆણીના પુણને સારૂ આપેલી નોટ.

૫૦૦) ૦) ૦ શેઠો ફરામજી મનચેરજી તથા હીરજીભાઇ મનચેરજીએ મરહુમ માતાજી બાઇ રતનબાઇ તે ગુ૦ શેઠ મનચેરજી બુમલાખાઉના ધણીઆણીના પુણ સારૂ આપેલી નોટ.

૭૦૦) ૦) ૦ મરહુમ શેઠ માણેકજી રૂસતમજી તથા તેવણુના ધણીઆણી બાઇ સાકરબાઇ માણેકજી રૂસતમજીના પુનને સારૂ કાઢેલા ધરમ ખાતે.

૮૧૫) ૦) ૦ મરહુમ શેઠ કેખશરૂ દાદાભાઇ રૂ. બનાજીના પુણ માટે તેવણુની પુંજીમાંથી બાઇ શેઠ ફરામજી દાદાભાઇ બનાજી તથા બેહનો બાઇ શીરીનબાઇ સોરાબજી શાતીન તથા બાઇ જરબાઇ કાવસજી માણેકજી રૂસતમજીએ આપેલી નોટ.

૫૦૦) ૦) ૦ શેઠ ફરામજી મનચેરજી બુમલાખાઉએ પોતાના બહુ મરહુમ બાઇ શીરીનબાઇ તે શેઠ રૂસતમજી ફરામજી બુમલાખાઉનાં ધણીઆણીનાં પુન સારૂ કાઢેલા ધરમ ખાતે.

૩૬૮૪) ૧૦) ૧૧ મરહુમ શેઠ માણેકજી રૂસતમજી બનાજીની યાદગરી કાયમ રાખવા કલકતાની ધરમશાળાનું ખાતું.

૨૬૧૫) ૦) ૦ શેઠ જમશેદજી ફરામજી માદને, ખેશીઓએ તથા દોસતોએ પોતાના સગા તથા મીત્ર મરહુમ શેઠ રતનજી નવરોજી મીનવાલાના પુનને માટે આપેલી નોટ.

૫૦૦) ૦) ૦ મરહુમ શેઠ અરદેશરજી નશરવાનજી મોદીના પુનને સારૂ કીધેલાં ધરમ ખાતે.

૫૦૦) ૦) ૦ મરહુમ શેઠ અરદેશરજી નશરવાનજી મોદીના પુનને સારૂ ધરમશાળાને માટે કીધેલા ધરમ ખાતે.

૫૬૯) ૦) ૦ બાઇ પીરોજબાઈ જમશેદજી માદને પોતાનાં મરહુમ ભાઇ રતનજી નવરોજી મીનવાલાની યાદમાં આપેલી નોટ.

૧૦૦૦) ૦) ૦ મરહુમ શેઠ દીનશાહ બીખાજી બામજીના પુનને માટે આપેલી નોટ.

૫૪૪૦) ૧૦) ૦ શેઠ ફરામજી મનચેરજી બુમલાખાઉ અસલ નવસારી મલેશર વાડી મોહોલાનાં વતની તે હાલ કલકતાના રહીશે મરહુમ સખીવજુદ પરદુખભંજન સુરંબીજી રૂસતમજી જમશેદજી જીજીભાઇની યાદગારી કાયમ રાખવા કીધેલાં ધરમ ખાતે.

૩૨૭૬) ૦) ૦ શેઠ જમશેદજી ફરામજી માદને દારજીલીંગની આરામગાહની જગાના ખરચ યાને નીભાવ ફંડ માટે આપેલા રૂ. ૩૦૦૦ ના ધરમ ખાતે.

૧૦૧૫) ૦) ૦ શેઠ કાવશજી માણેકજી રશતમજી તથા એવણનાં દીકરીઓ બાઇ બીખાઇજી, ખરશેદબાઇ તથા મેહેરબાઈએ મરહુમ બાઈ જરબાઈ તે શેઠ કાવશજી માણેકજી રશતમજીનાં ધણીઆણીનાં પુણ્ય સારૂ આપેલી નોટ.

૫૦૦) ૦) ૦ મરહુમ શેઠ હોરમશજી નશરવાનજી કુપરનાં પુણ્ય સારૂ આપેલા રૂ. ૫૦૦ નું ખાતું.

૧૬૫૦૪૫) ૦) ૦

મુંબઇ શેહેરમાં દર વરશ પારસીઓમાં કેટલા જનમ થાયછે તેનો કોઠો.

(મયુનીશીપલ ખાતામાં રખાતી નોંધ ઉપરથી)

વરશ	છોકરા.	છોકરી	કુલે જનમ.	વરશ.	છોકરા	છોકરી	કુલે જનમ	વરશ.	છોકરા	છોકરી.	કુલે જનમ
૧૮૬૫	૩૪૫	૨૫૨	૫૯૭*	૧૮૮૧	૬૫૪	૬૭૧	૧૩૨૫	૧૮૯૭	૫૧૫	૪૮૭	૧૦૦૨
૧૮૬૬	૨૭૫	૨૩૧	૫૦૬	૧૮૮૨	૭૪૫	૭૨૦	૧૪૬૫	૧૮૯૮	૫૪૭	૫૩૯	૧૦૮૬
૧૮૬૭	૪૩૫	૪૧૪	૮૪૯	૧૮૮૩	૭૦૧	૬૭૨	૧૩૭૩	૧૮૯૯	૫૦૮	૪૭૦	૯૭૬
૧૮૬૮	૨૭૧	૨૦૪	૪૭૫	૧૮૮૪	૬૪૭	૬૫૦	૧૨૯૭	૧૯૦૦	૫૦૯	૫૧૭	૧૦૨૮
૧૮૬૯	૧૮૭	૧૬૯	૩૫૬	૧૮૮૫	૬૯૯	૬૮૩	૧૩૮૨	૧૯૦૧	૫૯૨	૫૪૮	૧૧૪૦
૧૮૭૦	૨૦૭	૧૪૭	૩૫૪	૧૮૮૬	૭૦૬	૬૧૭	૧૩૨૩	૧૯૦૨	૫૫૬	૫૭૯	૧૧૩૫
૧૮૭૧	૨૬૨	૨૬૩	૫૨૫	૧૮૮૭	૬૭૦	૬૪૫	૧૩૧૫	૧૯૦૩	૫૬૬	૬૦૨	૧૧૬૮
૧૮૭૨	૬૫૯	૫૭૫	૧૨૩૪	૧૮૮૮	૭૩૩	૭૬૮	૧૫૦૧	૧૯૦૪	૬૭૪	૬૧૭	૧૨૯૧
૧૮૭૩	૬૪૦	૫૫૩	૧૧૯૩	૧૮૮૯	૬૭૫	૬૦૪	૧૨૭૯	૧૯૦૫	૭૦૫	૬૨૮	૧૩૩૩
૧૮૭૪	૫૬૮	૫૪૯	૧૧૧૭	૧૮૯૦	૭૨૯	૬૭૯	૧૪૦૮	૧૯૦૬	૬૧૮	૬૮૦	૧૨૯૮
૧૮૭૫	૫૯૯	૫૩૩	૧૧૩૨	૧૮૯૧	૬૬૭	૬૭૭	૧૩૪૪	૧૯૦૭	૬૯૮	૬૩૫	૧૩૩૩
૧૮૭૬	૬૧૮	૫૮૦	૧૧૯૮	૧૮૯૨	૬૬૨	૬૧૮	૧૨૮૦	૧૯૦૮	૬૨૦	૬૨૦	૧૨૪૦
૧૮૭૭	૬૩૦	૬૩૫	૧૨૬૫	૧૮૯૩	૭૨૦	૬૪૯	૧૩૬૯	૧૯૦૯	૬૨૫	૬૪૭	૧૨૭૨
૧૮૭૮	૬૦૧	૫૨૮	૧૧૨૯	૧૮૯૪	૬૮૯	૬૩૭	૧૩૨૬	૧૯૧૦	૭૧૩	૬૭૬	૧૩૮૯
૧૮૭૯	૬૩૬	૫૪૦	૧૧૭૬	૧૮૯૫	૭૦૪	૬૬૯	૧૩૭૩	૧૯૧૧	૭૯૭	૬૯૦	૧૪૮૭
૧૮૮૦	૭૬૮	૬૪૩	૧૪૧૧	૧૮૯૬	૬૩૭	૬૧૯	૧૨૫૬	૧૯૧૨	૭૭૫	૬૫૮	૧૪૩૩

* સને ૧૮૬૫ થી તે ૧૮૭૧ સુધીના જનમોની સંખ્યા ઘણી ઓછી છે, તેનું કારણ કે તે વરશોમાં જનમોની નોંધ બરાબર ચોકસ રીતે નોંધાયલી લાગતી નથી.

સંવત ૧૯૨૭ થી યાને તા૦ ૧ લી નવેમ્બર ૧૮૭૦ થી તા૦ ૩૧ મી ડીસેમબર ૧૯૧૨ સુધી વરશ ૪૨) માં મુંબઈ મધે જરથોશતી કોમમાં રવાંનો થયાં તેની તારીખ:—

(મુંબઈની પારસી પંચાયતના દફતરોમાં રખાતી નોંધ મુજબ.)

સંવત.	રવાંન મોહોટાં.			રવાંન હાંનડાનાં.			રવાંન નાંખલાં.			જુમલે રવાંન.		
	મરદ.	ઓરત.	જુમલે.	છોકરા.	છોકરી.	જુમલે.	છોકરા.	છોકરી.	જુમલે.	પુરૂષ.	સ્ત્રી.	જુમલે.
૧૯૨૭	૨૩૦	૧૮૮	૪૧૮	૨૨	૧૬	૩૮	૨૭૬	૨૨૭	૫૦૩	૫૨૮	૪૩૧	૯૫૯
૧૯૨૮	૨૭૭	૨૫૨	૫૨૯	૩૬	૨૪	૬૦	૩૫૧	૩૫૯	૭૧૦	૬૬૪	૬૩૫	૧૨૯૯
૧૯૨૯	૨૧૫	૨૨૨	૪૩૭	૧૨	૧૧	૨૩	૨૮૦	૨૧૩	૪૯૩	૫૦૭	૪૪૬	૯૫૩
૧૯૩૦	૨૨૬	૨૦૨	૪૨૮	૨૦	૧૭	૩૭	૨૭૧	૨૩૩	૫૦૪	૫૧૭	૪૫૨	૯૬૯
૧૯૩૧	૨૬૧	૨૨૫	૪૮૬	૨૦	૩૦	૫૦	૩૪૧	૨૮૮	૬૨૯	૬૨૨	૫૪૩	૧૧૬૫
૧૯૩૨	૨૨૯	૨૪૮	૪૭૭	૨૩	૨૪	૪૭	૩૩૧	૨૯૦	૬૨૧	૫૮૩	૫૬૨	૧૧૪૫
૧૯૩૩	૨૯૨	૨૫૮	૫૫૦	૧૬	૩૦	૪૬	૨૭૮	૨૩૩	૫૧૧	૫૮૬	૫૨૧	૧૧૦૭
૧૯૩૪	૨૬૬	૨૭૧	૫૩૭	૧૭	૨૪	૪૧	૩૧૫	૨૭૧	૫૮૬	૫૯૮	૫૬૬	૧૧૬૪
૧૯૩૫	૨૩૨	૨૧૬	૪૪૮	૧૬	૫	૨૧	૨૬૬	૨૧૫	૪૮૧	૫૧૪	૪૩૬	૯૫૦
૧૯૩૬	૨૦૪	૨૪૨	૪૪૬	૧૪	૯	૨૩	૨૯૯	૨૬૪	૫૬૩	૫૧૭	૫૧૫	૧૦૩૨
૧૯૩૭	૨૪૩	૨૮૪	૫૨૭	૧૧	૧૦	૨૧	૨૫૭	૨૪૦	૪૯૭	૫૧૧	૫૩૪	૧૦૪૫
૧૯૩૮	૨૨૯	૨૩૧	૪૬૦	૧૪	૧૮	૩૨	૨૪૨	૨૫૯	૫૦૧	૪૮૫	૫૦૮	૯૯૩
૧૯૩૯	૨૮૬	૨૭૪	૫૬૦	૧૮	૨૬	૪૪	૩૨૧	૨૮૯	૬૧૦	૬૨૫	૫૮૯	૧૨૧૪
૧૯૪૦	૨૭૩	૨૯૦	૫૬૩	૧૬	૬	૨૨	૩૦૧	૩૧૦	૬૧૧	૫૯૦	૬૦૬	૧૧૯૬
૧૯૪૧	૨૬૩	૨૬૧	૫૨૪	૧૦	૯	૧૯	૨૯૩	૨૬૫	૫૫૮	૫૬૬	૫૩૫	૧૧૦૧
૧૯૪૨	૨૯૫	૨૫૫	૫૫૦	૧૦	૧૪	૨૪	૨૯૫	૨૯૬	૫૯૧	૬૦૦	૫૬૫	૧૧૬૫
૧૯૪૩	૨૭૬	૨૬૦	૫૩૬	૫	૧૧	૧૬	૨૭૭	૨૬૧	૫૩૮	૫૫૮	૫૩૨	૧૦૯૦
૧૯૪૪	૨૯૫	૨૮૦	૫૭૫	૧૨	૧૭	૨૯	૩૧૫	૨૬૨	૫૭૭	૬૨૨	૫૫૯	૧૧૮૧
૧૯૪૫	૨૮૨	૨૯૬	૫૭૮	૧૩	૧૧	૨૪	૩૨૦	૩૨૧	૬૪૧	૬૧૫	૬૨૮	૧૨૪૩
૧૯૪૬	૨૭૯	૨૬૨	૫૪૧	૧૫	૯	૨૪	૨૯૦	૨૬૦	૫૫૦	૫૮૪	૫૩૧	૧૧૧૫
૧૯૪૭	૨૫૬	૨૯૪	૫૫૦	૧૩	૧૬	૨૯	૩૨૭	૨૮૭	૬૧૪	૫૯૬	૫૯૭	૧૧૯૩
૧૯૪૮	૨૮૨	૩૫૦	૬૩૨	૧૦	૧૪	૨૪	૩૦૨	૨૮૭	૫૮૯	૫૯૪	૬૫૧	૧૨૪૫
૧૯૪૯	૩૧૧	૩૦૦	૬૧૧	૮	૧૩	૨૧	૨૯૩	૨૩૩	૫૨૬	૬૧૨	૫૪૬	૧૧૫૮
૧૯૫૦	૨૯૩	૨૬૫	૫૫૮	૪	૧૨	૧૬	૩૨૨	૨૪૩	૫૬૫	૬૧૯	૫૨૦	૧૧૩૯
૧૯૫૧	૨૮૨	૩૩૭	૬૧૯	૧૩	૭	૨૦	૨૭૪	૨૭૬	૫૫૦	૫૬૯	૬૨૦	૧૧૮૯
૧૯૫૨	૩૬૩	૩૩૪	૬૯૭	૧૪	૧૫	૨૯	૩૧૦	૨૯૦	૬૦૦	૬૮૭	૬૩૯	૧૩૨૬
૧૯૫૩	૬૦૪	૫૯૭	૧૨૦૧	૩૭	૩૫	૭૨	૨૫૦	૨૫૨	૫૦૨	૮૯૧	૮૮૪	૧૭૭૫
૧૯૫૪	૬૨૭	૬૩૦	૧૨૫૭	૩૬	૪૮	૮૪	૨૮૨	૨૫૮	૫૪૦	૯૪૫	૯૩૬	૧૮૮૧
૧૯૫૫	૫૫૯	૫૬૬	૧૧૨૫	૨૨	૩૧	૫૩	૩૦૭	૨૫૪	૫૬૧	૮૮૮	૮૫૧	૧૭૩૯
૧૯૫૬	૫૬૮	૬૪૭	૧૨૧૫	૨૮	૩૨	૬૦	૩૪૦	૩૩૬	૬૭૬	૯૩૬	૧૦૧૫	૧૯૫૧
૧૯૫૭	૪૯૫	૪૬૬	૯૬૧	૨૮	૨૪	૫૨	૨૭૩	૨૨૮	૫૦૧	૭૯૬	૭૧૮	૧૫૧૪
૧૯૫૮	૪૫૮	૪૮૦	૯૩૮	૧૮	૩૨	૫૦	૨૮૪	૨૬૫	૫૪૯	૭૬૦	૭૭૭	૧૫૩૭
૧૯૫૯	૪૮૬	૪૪૬	૯૩૨	૨૫	૨૫	૫૦	૨૪૩	૨૬૦	૫૧૩	૭૬૪	૭૩૧	૧૪૯૫
૧૯૬૦	૪૩૪	૪૩૬	૮૭૦	૨૭	૧૮	૪૫	૨૩૬	૨૪૨	*૪૭૯	૬૯૭	૬૯૬	*૧૩૯૪
૧૯૬૧	૪૪૪	૪૧૭	૮૬૧	૩૦	૨૧	૫૧	૨૬૩	૨૫૨	*૫૧૬	૭૩૭	૬૯૦	*૧૪૨૮
+ ૧૯૬૨-૬૩	૫૧૭	૫૪૯	૧૦૬૬	૧૬	૨૪	૪૦	૩૭૦	૩૨૦	૬૯૦	૯૦૩	૮૯૩	૧૭૯૬
ઇસવી સને												
૧૯૦૭	૪૨૪	૪૨૬	૮૫૦	૧૨	૧૬	૨૮	૨૮૨	૨૭૮	૫૬૦	૭૧૮	૭૨૦	૧૪૩૮
૧૯૦૮	૪૫૧	૪૨૦	૮૭૧	૧૯	૧૬	૩૫	૨૮૯	૨૩૪	૫૨૩	૭૫૯	૬૭૦	૧૪૨૯
૧૯૦૯	૪૨૩	૪૨૩	૮૪૬	૧૫	૧૨	૨૭	૨૩૪	૨૩૬	૪૭૦	૬૭૨	૬૭૧	૧૩૪૩
૧૯૧૦	૪૪૪	૪૧૭	૮૬૧	૧૬	૧૩	૨૯	૨૯૮	૨૪૯	૫૪૭	૭૫૮	૬૭૯	૧૪૩૭
૧૯૧૧	૩૯૬	૪૧૫	૮૧૧	૨૩	૨૩	૪૬	૨૭૨	૨૩૩	૫૦૫	૬૯૧	૬૭૧	૧૩૬૨
૧૯૧૨	૪૬૫	૪૩૬	૯૦૧	૧૩	૨૦	૩૩	૨૭૭	૨૨૦	૪૯૭	૭૫૫	૬૭૬	૧૪૩૧
	૧૪૭૩૫	૧૪૬૬૮	૨૯૪૦૩	૭૪૭	૭૮૮	૧૫૩૫	૧૨૨૫૭	૧૧૦૮૯	*૨૩૩૪૮	૨૭૭૩૯	૨૬૫૪૫	*૫૪૨૮૬

* આવી નીશાનીવાલાં નાખલાં રવાન ૨) જેની જાતી મુકરર થઈ નથી તે રવાન ૨) વધુ ગણવાં.

+ મુંબઈની પારસી પંચાયતનો હીસાબ અગાઉ હીંદુ સવંત પ્રમાણે રખાતો હતો, પણ સવંત ૧૯૬૨ પછી અંગરેજી વરસની ગણત્રી પરમાણે પારસી પંચાયતનો હીસાબ રખાતો કીધાથી આ સવંત ૧૯૬૨-૬૩ નાં સાલની ગણત્રી તા૦ ૧ લી નવેમબર ૧૯૦૫ થી તા૦ ૩૧ મી ડીસેમબર ૧૯૦૬ સુધી ચઉદ માસની જાણવી.

ઇસવી સને ૧૯૧૧ થી ૧૯૫૦ સુધીમાં થનારાં ચંદ્ર તથા સુર્યના ગ્રહણોના દીવશોની ટીપ.

નીચેની ટીપમાં ચંદ્ર તથા સુર્યના ગ્રહણો થવાના જેઅના દીવસો જણાવેલા છે પણ એમાના કેટલાંક ગ્રહણો આ દેશમાં દેખાશે અને કેટલાંક નહી દેખાશે.

ઇશવી શને.	ચંદ્ર ગ્રહણ.	સુર્ય ગ્રહણ.
૧૯૧૧	....	૨૨ અકટોબર..........................
૧૯૧૨	૧ એપ્રીલ-૨૬ શપટેમબર..........	૧૭ એપ્રીલ-૧૦ અકટોબર...........
૧૯૧૩	૨૨ મારચ-૧૫ શપટેમબર...........	....
૧૯૧૪	૧૧ મારચ-૪ શપટેમબર..	૨૧ આગરટ........................
૧૯૧૫	....	૧૪ ફેબરવારી-૧૦ આગસ્ટ..........
૧૯૧૬	૧૮ જાનેવારી-૧૫ જુલાઇ	૩ ફેબરવારી........................
૧૯૧૭	૮ જાનેવારી-૪ જુલાઈ-૨૮ ડીસેમબર	૨૩ જાનેવારી-૧૯ જુન.............
૧૯૧૮	૨૪ જુન...	૮ જુન-૩ ડીસેમબર..............
૧૯૧૯	૮ નવેમબર.......	૨૯ મેએ-૨૨ નવેમબર.............
૧૯૨૦	૩ મેએ-૨૭ અકટોબર.............	૧૦ નવેમબર........................
૧૯૨૧	૨૨ એપ્રીલ-૧૬ અકટોબર...	૮ એપ્રીલ-૧ અકટોબર............
૧૯૨૨	....	૨૮ મારચ............................
૧૯૨૩	૩ મારચ-૨૬ આગશટ.......	૧૭ મારચ-૧૦ સપટેમબર............
૧૯૨૪	૨૦ ફેબરવારી-૧૪ આગશટ.........	૩૦ આગસ્ટ...........................
૧૯૨૫	૮ ફેબરવારી-૪ આગશટ...........	૨૪ જાનેવારી........................
૧૯૨૬	૧૯ ડીસેમબર........................	૧૪ જાનેવારી-૮ જુલાઈ..............
૧૯૨૭	૧૫ જુન-૮ ડીસેમબર	૨૯ જુન...............................
૧૯૨૮	૩ જુન-૨૭ નવેમબર...............	૧૯ મેએ-૧૨ નવેમબર....... .....
૧૯૨૯	૨૩ મેએ	૯ મેએ-૧ નવેમબર................
૧૯૩૦	૧૩ એપ્રીલ-૭ અકટોબર............	.. ..
૧૯૩૧	૨ એપ્રીલ-૨૬ શપટેમબર...........	૧૭ એપ્રીલ......... ....
૧૯૩૨	૨૨ મારચ-૧૪ શપટેમબર..........	....
૧૯૩૩	. ...	૨૪ ફેબરવારી-૨૧ આગરટ ....
૧ ૩૪	૩૦ જાનેવારી-૨૬ જુલાઈ...........	૧૪ ફેબરવારી-૧૦ આગરટ. ....
૧૯૩૫	૧૯ જાનેવારી-૧૬ જુલાઈ............	....
૧૯૩૬	૮ જાનેવારી-૪ જુલાઈ..............	૧૯ જુન....... ....
૧૯૩૭	૧૮ નવેમબર........................	૨ ડીસેમબર....... ....
૧૯૩૮	૧૪ મેએ-૭ નવેમબર...............	૨૨ નવેમબર..........................
૧૯૩૯	૩ મેએ-૨૮ અકટોબર..............	૧૯ એપ્રીલ ....
૧૯૪૦	૨૨ એપ્રીલ	૧ અકટોબર.......... ....
૧૯૪૧	૧૩ મારચ-૫ સપટેમબર...........	૨૧ સપટેમબર........................
૧૯૪૨	૨ મારચ-૨૬ આગશટ............	૧૦ સપટેમબર........................
૧૯૪૩	૨૦ ફેબરવારી-૧૫ આગશટ..........	૪ ફેબરવારી........................
૧૯૪૪	૨૯ ડીસેમબર........................	૨૫ જાનેવારી-૨૦ જુલાઈ...........
૧૯૪૫	૨૫ જુન-૧૯ ડીસેમબર............	૧૪ જાનેવારી-૯ જુલાઇ............
૧૯૪૬	૧૪ જુન-૮ ડીસેમબર..............	૨૯ જુન................................
૧૯૪૭	૩ જુન	૨૦ મેએ...............................
૧૯૪૮	૨૩ એપ્રીલ-૧૮ અકટોબર	૯ મેએ-૧ નવેમબર................
૧૯૪૯	૧૩ એપ્રીલ-૭ અકટોબર............	૨૮ એપ્રીલ ....
૧૯૫૦	૨ એપ્રીલ-૨૬ સપટેમબર	૧૨ સપટેમબર........................

ખગોલ વીદયાને લગતી જાણવાજોગ બાબદો

(લખનાર—મી૦ પાલનજી એજનજી કોટવાલ,-સુરતવાલા)

"ગુડ ફ્રાઇડે"

"ગુડ ફ્રાઇડે" ઇંગરેજ લોકોનાં તેહેવારોમાંનો એક મુખ્ય તેહેવાર ગણાય છે. હેને "ગુડ ફ્રાઇડે" એટલા માટે કેહેછે કે, એ શુકરવારને દીને ઈંગરેજ લોકોનાં પેગમબર કરાઇશટે ફાંશી જઈ માણસ જાતનું પાપમાંથી તારણ કરેઉં હતું અને તેટલા માટે એ દીવશને ઈંગરેજ લોકો ઘણો પવીતર ગણે છે. હેની પછીનો રવીવાર તે "ઇશટર સનડે" કહેવાય છે. "ગુડ ફ્રાઇડે" ને શરવે કોમવાલા જાણે છે, અને એ દીવશ ઉપર શઘલી શરકારી, તેમજ ખાંનગી આફીશોમાં રજા આપવામાં આવે છે. એ દીવશ દર વરશનાં એક ચોકશ શુકરવારે આવેછે, પણ તેને માટે દર વરશે કંઈ એકજ તારીખ મુકરર હોતી નથી તોએ પણ કોઇબી વરશે તા૦ ૨૦ મી મારચની આગમજ તથા તા૦ ૨૩ મી એપરેલની પછી કોઈપણ દીવસે તેહેના જોગ આવતો નથી. અને હરેક વરશમાં કહી તારીખે "ગુડ ફ્રાઇડે" આવશે એ ગણતરી કાઢવાને ઘણાખરા દેશીઓ તેમજ જાણવામેલે ઓછી કેલવણી પામેલા કરીશટીઅનો પણ અંજાણા હોય છે. "ગુડ ફ્રાઇડે" શોધી કાઢવાની રીત આપણા દેશીઓમાં બરાબર માલમ નહી હોવાથી ઇશવી સન ૧૮૫૦ થી ૧૯૫૦ સુધીમાં થઇ ગએલા અને થવાના ગુડ ફ્રાઇડેનું એક લીશટ તાઈઆર કરીને જાહેરમાં મેલ્યું છે, તે શરવેને ઉપીઓગી થઈ પડશે, હેવી આશા રાખવામાં આવે છે :—

ઈશવી ૧૮૫૦ થી ૧૯૫૦ સુધીના વરશોના "ગુડ ફ્રાઇડે"ના દીવસો.

૧૮૫૦	મારચ	—૨૯	૧૮૭૬	એપરેલ	—૧૪	૧૯૦૨	મારચ	—૨૮	૧૯૨૮	એપરેલ	— ૬
૧૮૫૧	એપરેલ	—૧૮	૧૮૭૭	મારચ	—૩૦	૧૯૦૩	એપરેલ	—૧૦	૧૯૨૯	મારચ	—૨૯
૧૮૫૨	,,	— ૯	૧૮૭૮	એપરેલ	—૧૯	૧૯૦૪	,,	— ૧	૧૯૩૦	એપરેલ	—૧૧
૧૮૫૩	મારચ	—૨૫	૧૮૭૯	,,	—૧૧	૧૯૦૫	,,	—૨૧	૧૯૩૧	,,	— ૩
૧૮૫૪	એપરેલ	—૧૪	૧૮૮૦	મારચ	—૨૬	૧૯૦૬	,,	—૧૩	૧૯૩૨	મારચ	—૨૫
૧૮૫૫	,,	— ૬	૧૮૮૧	એપરેલ	—૧૫	૧૯૦૭	મારચ	—૨૯	૧૯૩૩	એપરેલ	—૧૪
૧૮૫૬	મારચ	—૨૧	૧૮૮૨	,,	— ૭	૧૯૦૮	એપરેલ	—૧૭	૧૯૩૪	મારચ	—૩૦
૧૮૫૭	એપરેલ	—૧૦	૧૮૮૩	મારચ	—૨૩	૧૯૦૯	,,	— ૯	૧૯૩૫	એપરેલ	—૧૯
૧૮૫૮	,,	— ૨	૧૮૮૪	એપરેલ	—૧૧	૧૯૧૦	મારચ	—૨૫	૧૯૩૬	,,	—૧૦
૧૮૫૯	,,	—૨[illegible]	૧૮૮૫	,,	— ૩	૧૯૧૧	એપરેલ	—૧૪	૧૯૩૭	મારચ	—૨૬
૧૮૬૦	,,	— ૬	૧૮૮૬	,,	—૨૩	૧૯૧૨	,,	— ૫	૧૯૩૮	એપરેલ	—૧૫
૧૮૬૧	મારચ	—૨૯	૧૮૮૭	,,	— ૮	૧૯૧૩	મારચ	—૨૧	૧૯૩૯	,,	— ૭
૧૮૬૨	એપરેલ	—૧૮	૧૮૮૮	મારચ	—૩૦	૧૯૧૪	એપરેલ	—૧૦	૧૯૪૦	મારચ	—૨૨
૧૮૬૩	,,	— ૩	૧૮૮૯	એપરેલ	—૧૯	૧૯૧૫	,,	— ૨	૧૯૪૧	એપરેલ	—૧૧
૧૮૬૪	મારચ	—૨૫	૧૮૯૦	,,	— ૪	૧૯૧૬	,,	—૨૧	૧૯૪૨	,,	— ૩
૧૮૬૫	એપરેલ	—૧૪	૧૮૯૧	મારચ	—૨૭	૧૯૧૭	,,	— ૬	૧૯૪૩	,,	—૨૦
૧૮૬૬	મારચ	—૩૦	૧૮૯૨	એપરેલ	—૧૫	૧૯૧૮	મારચ	—૨૯	૧૯૪૪	,,	— ૭
૧૮૬૭	એપરેલ	—૧૯	૧૮૯૩	મારચ	—૩૧	૧૯૧૯	એપરેલ	—૧૮	૧૯૪૫	મારચ	—૩૦
૧૮૬૮	,,	—૧૦	૧૮૯૪	,,	—૨૩	૧૯૨૦	,,	— ૨	૧૯૪૬	એપરેલ	—૧૯
૧૮૬૯	મારચ	—૨૬	૧૮૯૫	એપરેલ	—૧૨	૧૯૨૧	મારચ	—૨૫	૧૯૪૭	,,	— ૪
૧૮૭૦	એપરેલ	—૧૫	૧૮૯૬	,,	— ૩	૧૯૨૨	એપરેલ	—૧૪	૧૯૪૮	મારચ	—૨૬
૧૮૭૧	,,	— ૭	૧૮૯૭	,,	—૧૬	૧૯૨૩	મારચ	—૩૦	૧૯૪૯	એપરેલ	—૧૫
૧૮૭૨	મારચ	—૨૯	૧૮૯૮	,,	— ૮	૧૯૨૪	એપરેલ	—૧૮	૧૯૫૦	મારચ	—૩૧
૧૮૭૩	એપરેલ	—૧૧	૧૮૯૯	મારચ	—૩૧	૧૯૨૫	,,	—૧૦			
૧૮૭૪	,,	— ૩	૧૯૦૦	એપરેલ	—૧૩	૧૯૨૬	મારચ	—૨૬			
૧૮૭૫	મારચ	—૨૬	૧૯૦૧	,,	— ૫	૧૯૨૭	એપરેલ	—૧૫			

"વીનશ" એટલે શુકર શેતારાના અશત તથા ઊદયના દીવશો.

શુકર શેતારો ખુલી આંખે કોઇવાર સાંજની વેલાએ આકાશ તરફ નજર કરતાં સઘળા તારાઓમાં શઉથી વધારે ચકચકીત અને મોહોટો દેખાય છે. એ શેતારો ૨૫૨ દીવશ, એટલે ૮ મહીના ને ૧૨ દીવશ શુધી સુરજનાં આથમવા પછી શાંજની વેલાએ પશચીમ દીશામા દેખાયા કરેછે, તેવારે એ શાહાંજનો શેતારો કેહેવાય છે. અને એ મુદત પછી હેનો અશત થાય છે, કેમકે એ વખતે એ શેતારો, પરથવી તથા શુરજની વચે આવવા માડે છે, માટે શુરજનાં કીરણોનાં તેજમાં તે દકાઇ જાય છે. તેથી ૭૨ દીવશ એટલે ૨ મહીના અને ૧૨ દીવશ સુધી આપણી નજરે પડતો નથી. એટલી મુદત પછી જેવારે તેહેનો પાછો ઊદય થાય છે, તેવારે દરરોજ શહવારનાં સુરજ ઊગવાની આગમજ થોડા કલાક શુધી દેખાયા કરેછે જેવારે તે શહવારનો શેતારો કેહેવાય છે. એ વખતે તે શહવારનો શેતારો થઇને ૨૫૦ દીવશ, એટલે ૮ મહીના ને ૧૦ દીવશ શુધી દરરોજ શહવારમાં નજરે પડે છે, તેવાર પછી પાછો તેહેનો અશત થાય છે, એ અશતની વખતે શુકર તથા પરથવીની વચે શુરજ આવે છે. એ અશત થવા પછી શુકર ૯ દીવશ શુધી નજરે પડતો નથી. એ ૯ દીવશ પછી શાંજરે શુરજ આથમવા પછી પાછો શાંજનાં આપણી નજરે પડવા માડેછે અને તે ઉપર જણાવવા મુજબ ૨૫૨ દીવશ શુધી દેખાયા કરે છે—એ પરમાણે શુકર જેવારે શાંહાંજનો શેતારો થાય છે તેવારે ૨૫૨ દીવશ અને શહવારનો શેતારો થાય છે તેવારે ૨૫૦ દીવશ એ મુજબ દેખાયા કરે છે. અને શાંજનાં અશત પછી ૯ મે દીવશે શહવારનાં અને શહવારનાં અશત પછી ૭૨ મે દીવશે શાંજનાં આપણી નજરે પડે છે.

રૂતુનાં માહા નક્ષતરો.

આપણુ જોઈએ છિએ કે જે વાજબી રીતે જોતાં "સખાવત"નાં મથાળાં હેઠળ મુદલજ જઈ શકે નહિ. ફકત એકજ દાખલો આપીશું. જાહેર પુરૂષોની યાદગારી માટેનાં યા તેમને મેજબાની યા માનપાન વિગેરે આપવાનાં ફંડોમાં પારસીઓ તરફથી ભરાતી રકમોને મી૦ જાગોશા કાંઈ અજબ ખ્યાલથી "સખાવત" તરીકે ગણતા આવ્યા છે, જે ખરેખર જોતાં તેમ ગણાવી જોઇતી નથી. આવી રીતે પારસી સખાવતનો વારષીક આંકડો ઉપસાવવો એ ભુલ ભરયું છે. આ બાબદ ઉપર અમોએ આગળ પણ મી૦ જાગોશાનું ધ્યાન ખેંચ્યું હતું એવી અમોને યાદ છે, અને અમો ઉમેદ રાખ્યે છિએ કે આ તેમજ બીજી એવી તફસીલો કે જે વાજબી રીતે "સખાવત" તરીકે પસાર થઈ શકેજ નહિ તે સખાવતી નોંધોમાં નહિ સમાવવાનું વાજબીપણું તેઓ જોશે. અગર પારસી કોમે એવાં કામો માટે ખરચેલા પઈસાની નોંધો પણ સાચવી રાખવાની મી૦ જાગોશાની મરજીજ હોય તો તેઓએ તે નોંધો એક જુદાંજ યોગ્ય મથાળાં હેઠળ તે સમાવવામાં કશું ખોટું નથી. (ગ)

આ ઉપરાંત બીજી એક સુચના ઉપર મી૦ જાગોશાનું ધયાન ખેંચેલું વયરથ જશે નહિ એવી ઉમેદ છે. જે સફાઓ ઉપર દરેક જરથોશતી મહિનાનું પંચાંગ આપવામાં આવે છે તેમાં અમુક રોજની સામે તે રોજના બનાવોની છાપેલી નોંધ જો એક લીટીમાં પુરી થતી નથી તો તેવી નોંધોનો બાકીનો ભાગ, સરેસ્તાની રીતે, એકેકની હેઠળ ચાલુ લીટીઓમાં આપવાને બદલે તદન ઉલટીજ રીતે તેવી નોંધોની પહેલી લીટીને મથાળે અને તયાં પણ પુરી નહિ થાય તો વળી તેને મથાળે અને એ પ્રમાણે તે પુરી થાય તયાં સુધી દરેક લીટીને મથાળે આપવામાં આવે છે, જે ગોઠવણ લગાર વિચિત્રજ નહિ, પણ વાંચનાર માટે ઘણી અગવડ ભરેલી માલમ પડે છે. અગર એવી રીતે નોંધો "સપેસ"ની કાંઈ કરકસર કરવાની નેમથી તેમ છાપવામાં આવતી હોએ તો તે સમજી શકાય એવું છે, પણ તેવો કશો બચાવ "સપેસ"માં થતો હોય એમ અમો જોતા નથી. જેટલી જગયા લીટીઓ એકેકની હેઠળ છાપવામાં રોકાય તેટલીજ તે તે એકેકની ઉપર પેદરપે છાપવામાં પણ જાય છેજ, એટલે આવી રીતે નોંધો છાપવામાં બનાવનારની મતલબ શી હશે, તે અમો સમજી શકતા નથી.

તોપણ આવી સેહજસાજ ખામીઓ બાદ કરતાં મી૦ જાગોશાનું કેલેનદર જરથોશતીઓ માટે ઘણી ઉપયોગી ખબરો અને રસીલું તથા જાણવાજોગ વાંચન સમાવે છે તેમાં કશો શક નથી. આ વેળાના અંકમાં ઇરાની જરથોશતીઓમાં લગન કરવાની રીતને લગતી હકીકત તથા શામજાણ ખચીત વાંચવાજોગ છે. તેમજ સર દીનશાહ દાવર તથા સર શાપુરજી ભરૂચાનાં જનમ ચરિતરો પણ જાણવા જોગ છે, વળી આ અંક વિશેષ ઉપયોગી એમ થઈ પડયો છે કે તેમાં જરથોશતીઓ તરફથી સને ૧૮૮૯ થી ૧૯૦૮ સુધીમાં પ્રગટ થયલી ચોપડીઓનું એક વિગતવાર લીસટ આપવામાં આવયું છે. સને ૧૮૮૯ની આગમજની ચોપડીઓનું લીસત મી૦ જાગોશાનાં કેલેનદરના યઝદેજરદી સને ૧૨૬૦ નાં સાલના અંકમાં આવી ગયું છે, એટલે શરૂઆતથી તે ૧૯૦૮ સુધીનું આ લીસત અલબતાં ઘણું ઉપયોગી તથા કીંમતી થઇ પડવું જોઇએ. અમોને ઉમેદ છે કે મી૦ જાગોશ બાકીનાં સાલો માટેની ટીપ પોતાનાં આવતાં પુસતકમાં પુરી કરશે, અને તે જેમ બને તેમ સંપુરણ અને ખામી રહીત બનાવવાની કોશેશ કરશે. સને ૧૯૦૩ નાં સાલમાં પ્રગત થયલાં પુસતકોની ટીપમાં મરહુમ જમશેદજી નશરવાનજી પોતીતનાં પ્રગટ થયલાં "કેહવત–માળા"નાં પુસતકની વિગતોમાં કીમતની કોલમમાં રૂ૧-૮ લખવામાં આવયું છે, જે દેખીતી રીતે એક ભુલ છે, કારણકે આ પુસતક તદન મુફત વેંહચવામાં આવયું છે, અને તેની કશી પણ કીંમત ઠેરવવામાં આવીજ નથી. આવી આવી ભુલો રહી જવા નહી પામે તેની પુષ્કળ સંભાળ લેવાની જરૂર છે, કારણકે ભવિષના ઓલાદો આવી નોંધો ઉપર ભરૂસો રાખશે, અને તેમનો તે ભરૂસો ખોટો નિવડવો જોઈએ નહિ. પારસી પુસતકોની આ ટીપ એક જુદાંજ ચોપાનયાં રૂપે બાહેર પાડવાની મી૦ જાગોશાને અમારી મજબુત ભલામણ છે. તેમ કરવાથી લેખક તેમજ વાંચક બંધ વરગની તેઓ ઘણી કીમતી સેવા બજાવશે એમ અમો માનયે છિએ. મી૦ જાગોશાનું કેલેંડર કોમ માટે ખચીતજ એક ઉપયોગી હાજત સરીખું થઈ પડયું છે, અને તેના આ વેળાના અંકે તે ઉપયોગીપણું ચાલુજ રાખયું છે, જે માટે તેના એકમારગી મેહનતુ બનાવનારને મુબારકબાદી આપયે છિએ. અમો દર વેળા કેહતા આવયા છિએ તેમ આ પુસતકની જગયા ૨૧।) સરખી નજીવી રકમ ખરચી શકનાર દરેક જરથોશતીનાં ઘરમાં થવી જોઇયે છે.

કયસરે હિન્દ.—તા૦ ૨૦ મી અકટોબર ૧૯૧૨.

(ગ) આપના કયશરવાલા માનવંત ભાઈબંધે જાણવું જોઇએ છે કે, સખાવતની વીગત કંઈ કોંઈથી તાંથી મેલવાતી નથી પણ શાખી શેઠીઆઓ અને વેપારીઓના દફતરખાનેથી મેલવાય છે. હવે તેવો કંઇ પોતાના દફતરોમાં યાદગારીની રકમો અને ખાનપાનના મેળાવડાની રકમો જીનહાર હલાયદી ગણતા નથી પણ શામટી રીતે શખાવત તરીકે રોજે અવલથી લખતા ગણતા આવે છે. તેઓનાં દફતરોમાં જુદુ ને કાલેંડરમાં જુદી વીગત કેમ ગણાય. દાખલા તરીકે શેઠીઆનાં દફતરેથી ચોકશ રકમનો શરવાલો લખાઈ આવેલો હોય કે આટલી શખાવત તેવોએ કીધી. જેમાંથી એ ભાઈબંધે બતાવેલી યાદગારી વીગરેની રકમો બાદ કરતાં કાલેંડરનો ને શેઠોનો શરવાલો મલેજ કાંથી ! યાદગારીવાલી રકપ સખાવતમાં ગણતાં કયશરવાલા ભાઈબંધને ભાવતી નહી હોય તો ગામનાં બધા છાપામાં કેમ જુદી પડશે. કેમકે સંધે એજ રવેશે સખાવત તરીકેજ બધુ ગણાય છે તયારે કાલેંડરના કરતાને એવી સુચના કરવી એ ભાઈને શેહેલ લાગતો હોય પણ ભારી ગુચવાડા ભરેલી છે તેનો કંઇ વીચાર કરવો જોઇએ. વલી કેલેંડરના પંચાંગની કોઈ દીવસની વીગત ટુંકી હોય ને કોઈ દીવસનો બનાવ લાંબો હોય તો તે વીગત ઉપર હેઠેની લીટીઓમાં સમાવાની રીતી આજ કાલની નહી. એક બે કેલેંડર કે પંચાગની નહી પણ દુનયાંનાં બધા ભાગો ને બધી ભાશાના કેલેંડર કે પંચાંગમાં એજ તરીકે ચાલતું આવે છે. પણ એ તો જેના જેવા વીચાર તે ખરા. કેહવું ઘણું શેહેલ છે, પણ બજાવવું કેહવું મુશકેલ છે તે માત્ર હવાં કાંમના કરનારાઓનેજ અનુભવ મલેલો હોય છે. કેહવત માલાની કીંમતમાં ફેર હોય

તો ભાઈબંધે જાણવું કે ઉપલા બે ભાઈબંધોને આપેલા જવાબ મુજબ હેવાં લીશટ કંઈ મોહનેથી કે યાદદાશત ઉપરથી નહી પણ સરકારી હકીકત ઉપરથી ઉપજાવેલાં હોય છે, તેનો હવાલો એ ભાઈનેબી આપી શકાશે. પારસી પુસતકોની ટીપવાળું જુદું ચોપાંનયુંબી મોજુદ છે, પણ તેની કદર બુજે છે, કોણ? એવાં લખાણો વીગરેના છપાઈનાબી પઈશા ઉપજવા ભારી પડે છે, તેનો અનુભવ એ ભાઈબંધને નથી કે શું?

"ઝોરાસ્ત્રીયન કેલેનડર યાને પારસી પંચાંગ."—યઝદેઝરદી સને ૧૨૮૨ ના સાલનું-મુંબઈ વરતમાન પરેસ-ઈ. સ. ૧૯૧૨. દર વરસના રાબેતા મુજબ હંમેશાની જાળવી રાખેલી ઉલટ સહિત આ પંચાંગ બહાર પડયું છે. દર વરસ માફક શરૂઆતના બનાવોની નોંધ લેવામાં આવી છે, અને તયાર પછી ઈરાની જરથોશતીઓના લગનને લગતી હકીકત આપવામાં આવી છે જે જાણવા લાયક થઈ પડશે. ભરૂચના પારસીઓની ગણત્રીની વિગત પારસી કોમને ઉપયોગી થઈ પડશે. પછી આખી દુનિયાંની વસ્તીની વીગત આપવામાં આવી છે. નામદાર શહેનશાહ જયોરજ પાંચમાની હિંદની તાજપોશીની ક્રીયાનો હેવાલ, ઓ. સર દીનશા દાવરનું જનમચરીત્ર (સબી સાથે) અને સર શાપુરજી ભરૂચાનું જનમચરીત્ર (સબી સાથે) આપવામાં આવયાં છે. તયાર પછી સને ૧૮૮૯ થી સને ૧૯૦૮ સુધીના વરસોમાં જરથોસતીઓ તરફથી છપાયલાં ચોપડી ચોપાનયાંઓનો એક લાંબી ટીપ વીગત સાથે રજુ કરવામાં આવી છે જે પારસી કોમનાં મગજનું માપ દરશાવે છે. આપણા મીત્ર મી૦ જાગોશ પારસી કોમને માટે જે મહેનત કરે છે તે ખરેજ વખાણ અને ઉતેજનને પાત્ર છે. એમના દરેક ભલાં કામ તરફ આપણો સંપુરણ વિશ્વાસ અને દીલશોજી છે.

ચેરાગ—અકટોબર ૧૯૧૨.

ઝોરાસ્ત્રીયન કેલેન્ડર યાને પારસી પંચાંગ,—સને ૧૨૮૨.—રચનાર મી૦ મનચેરજી હોશંગજી જાગોશ,—ઉપલું પંચાંગ મુંબઈ વરતમાન પરેશના માલેક અને અમારા બુઝોરગ મીત્ર મી૦ જાગોશ તરફથી અમને ભેટ મોકલવામાં આવ્યું છે તે માટે તેમનો ઉપકાર માન્યે છીએ. મી૦ જાગોશે આ વરસ પણ પોતાના કેલેન્ડરને કોમોપયોગી બનાવવાને દરેક કાળજી કરી છે. રાબેતા મુજબ, અને કોમનો પેહેલો ગુણ—સખાવતનો—ધ્યાનમાં રાખીને, કેલેન્ડરની શરૂઆત સખાવતના પ્રકરણથી શરૂ થાય છે. દર સાલ પારસીઓ પોતાની હમકોમ પ્રત્યે કેટલો પઈશો સખાવતમાં આપે છે તથા કેઇ લાઈનમાં તે પઈશો વપરાય છે, તથા બીજી કોમોને પારસી સખાવતનો શો ફાલો ભાગે આવે છે, તેવીશેની વાજબી શરખામણી તથા ચુનોચરા કરવા ઇંતેજાર વાંચક યા લેખકને માટે આ પ્રકરણ ઉપયોગી થઇ પડે છે. રાબેતાની બીજી નોંધો ઉપરાંત, આ સાલ નાઇટહુડનો ખેતાબ મેળવનાર કોમના તુરાઓ સર દીનશાહ દાવર તથા સર શાપુરજી ભરૂચાના જનમવૃતાંતો આપવામાં આવયાં છે, જે તદન પ્રસંગોપાત છે. ગરીબ અવસથામાંથી ઉધરી સવબળે દીપી નીકળેલા એક સુનંદા નયાયાધીશ તથા એક પરગજુ સાહુબે કારના દાખલાઓ કોમને મગરૂર કરનારા તથા ઉધરતી કોમને ઉતેજન આપનારા થઈ પડશે. વળી વધારા તરીકે સને ૧૮૮૯ થી ૧૯૦૮ સુધીમાં પારસીઓ તરફથી બહાર પડેલાં સાહીતયનું કીમતી લીસટ આ કેલેનડરના ઉપયોગીપણાંમાં વધુ ઉમેરો કરે છે. અમો અમારા દરેક વાંચકને દરસાલ ઝોરાસ્ત્રીયન કેલેનડર ખરીદી પોતાના કુટુંબ માટે જાળવી રાખવા મજબુત ભલામણ કરીએ છીએ. કીમત ફક્ત રૂ ૧॥ છે.

ફુરશો—ગરદ—અકટોબર—નવેમબર—ડીસેમબર—૧૯૧૨.

ઝોરાસ્ત્રીઅન કેલેન્ડર.—બુઝોરગ મી૦ મનચેરજી જાગોશનો વારષિક પોથો હમારી ટેબલ પર આવી પડયો છે. આ પોથો પારસીઓને ગુજસતે સાલના બનાવો, સખાવતો ઇતયાદિકનું રસીલું વાંચન પુરૂં પાડે છે. દર વરષ મી૦ જાગોશ અથાગ મેહનત લઈ આ કેલેનડરમાં સુધારા વધારા કરયા જાય છે. એ બેસક તેમને અતિ માન ભરયુ છે. પારસી કોમે આવા સહાસિકોની તેમનાં પુસતકોને અચ્છું ઉતેજન આપી ઘટિત કદર બુજાવાની જરૂર છે. ગયા વરસની પારસી સખાવત સવા પચીસ લાખની છે. આ શું બતાવે છે? પારસીઓમાંથી હજી પણ સખાવતોનો ઝરો ઓછો થયો નથી તેનો આ અચુક પુરાવો છે. નવા નાઈટો સર દીનશાહ ધ. દાવર, અને સર શાપુરજી ભરૂચાના જીવનવૃતાંતો ખાસ ધયાન ખેંચે છે. હમો ઇચ્છીયે છીયે કે બુઝોરગ મી૦ જાગોશ આ કેલેંડરોમાં સુનંદા પારસી વકતાઓને અને ધરમ ગુરૂઓ પાસેથી લખાવેલાં એક યા બે અસરકારક લખાણો પરગટ કરવાનો વિચાર રાખે. આ વખતની આવૃતિમાં પારસી લેખકો તરફથી બહાર પડેલાં પુસતકોનો સંપુરણ ટીપ પરગટ થઈ છે પણ તે અધુરી છે (ધ) જો મી૦ જાગોશ તેને સંપુરણ કરવા માંગતા હોય તો બહાર ગામના લેખકોના પુસતકોની પણ ટીપ સહેલાઈથી મેળવી સાથે સાથે પરગટ કરી શકશે. પારસીઓના નામોની ટીપ પરગટ કરવાની સુચના મી૦ જાગોશ ભારે મેહેનતને લીધે પડતી મેલે છે એ ખરેજ દીલગીરીની વાત છે. હમો ઇચ્છીયે છે કે આ પોથો મોટી સંખ્યામાં ઉપકાય કે જેથી આવતે વરસ મી૦ જાગોશને આવી ટીપ પરગટ કરવાની ઉમેદ થાય. પુસતકનું કદ જોતાં દોઢ રૂપયો કાંઈજ નથી. મી૦ જાગોશને ફરી મુબારકબાદી આપી આવા અનેક અંકો પરગટ કરવાની શકિત ધરાવે એવું ઇચ્છીશું.

ગુલશને ઈલમ—તા૦ ૬ થી નવેંબર ૧૯૧૨.

(ધ) પારસી પુસતકોની કાલેંડરમાં છપાયલી ટીપ અધુરી કેહનારા માનવંત ભાઈબંધોએ ઉપર આપેલા જવાબો વાંચી ખાતરી કરવી કે તે તો સરકારી રીપોરટ ઉપરથી ઉપજાવેલી ટીપ છે. પારસી નામોની ટીપની સુચના બાહારથી ઘણી શારી લાગે છે, પણ તેની ખટપટ, ખરચ વીગરે હેવું છે કે તે શેહલાઈથી બનો શકેજ નહી, પણ જે વરશે પારશી નામોનાં લીસટ છપાય છે તે વરશનાં કેલેંડર હમેશ જેટલાં ખપતાં નથી, તેનો ઢગ પડે છે. તેનો ખયાલ બાહુરનાઓને આવી શકે તેમ નથી.

વરતમાન પતરોના મત.

"ઝોરાસ્ત્રીયન કેલેંડર"—યાને પારસી પંચાંગ.—પ્રગટ કરનાર—મી૦ મનચેરજી હોશંગજી જાગોસ. કીંમત રૂ. ૧॥.—પારસી પંચાંગના પીતા મી૦ જાગોસ તરફથી ગુજસતા સાલ ૧૨૮૨ ય૦ ઝ૦ નું વારષિક કેલેંડર બાહેર પડયું છે. પારસી કોમને લગતી દરેક દરેકે ઉપયોગી વીગતો, તેઓનાં સખાવતો, કેળવણી વગેરે બાબદો ઉપરાંત ઇ. સ. ૧૮૮૯ ના સાલ પછીથી પારસી કરતાઓએ બાહેર પાડેલી ઇંગરેજી ગુજરાતી ચોપડી ચોપાન્યાંઓનું લીસટ પણ આમેજ કરવામાં આવયું છે; પણ લીસટ ફકત ૧૯૦૮ સુધીનું આપી મી૦ જાગોસ અટકી ગયા છે, જે પછીના વરસોનું લીસટ પણ સંપુરણ કરી આપયું હોત તો વધારે બહેતર થાત.

ઓ૦ સર દીનશાહ ધનજીભાઇ દાવર તથા સર સાપુરજી બરજોરજી ભરૂચાના જનમ ચરિતરો તેઓની તસવીરો સાથ આપવામાં આવયાં છે, જે બરહક છે, પણ ઉપલા માનવંત ગ્રહસથોની લગોલગ નાગપુરવાલા શેઠ મેહતા ઉપર પણ સર નાઇટના ખેતાબની નવાજેસ ઉતરી છે, અને એ ઉદયોગી પારસી સર નાઇટનું તસવીર સાથનું જનમ ચરિત્ર પણ પ્રગટ થતે તો પ્રસંગોપાત થઈ પડતે અને ઉંચા ખેતાબો મેળવનારા પારસીઓના તસવીર સાથના જનમ ચરિતરો પોતાના વારસીક પોથામાં પ્રગટ કરવાનો—મી૦ જાગોસના પોતાના ખુલાસા પ્રમાણે—નિયમ પણ જલવાત!" [નાગપોરવાલા સર મેહેતાનું જનમ ચરીત્ર તદન છોડી દીધેલું નથી. ખેતાબોવાલા બાબમાં તે કાલેંડરમાં શવીશતર છપાયલુ આ ભાઈબંધનાં જોવામાં આવ્યું નહી હશે.]

આખા સાલની સામટી નોંધ ધરાવનારૂં ઉપલું પુસતક પારસી કોમનો કીંમતી સેવા બજાવે છે, અને તેના બુનેરગ પરતાવનાર મી૦ જાગોસના સાહસીકપણાને ખરો ધનયવાદ ઘટે છે.

ફીરદોશ—નવેમબર ૧૯૧૨.

ઝોરાસ્ત્રીયન કેલેનડર યાને પારસી પંચાંગ ૧૨૮૨. [બનાવનાર—મી૦ મનચેરજી હોશંગજી જાગોસ.] મી૦ જાગોશનું પંચાંગ વેળાસર બાહેર પડયું છે, અમો એમ કેહેવામાં અતીશયોકતી કરતા નથી કે ઘણીએક આંખ્યોએ એની આતુરતાથી રાહ જોઈ હશે. આ તેનાં વધતાં જતાં ઉપયોગીપણાંનો એક સુંદર ખુબી છે. જો કોઇપણ ગ્રંથ આવી આતુરતાની હાલત ઉત્પન્ન કરતાને શકતીવાન થતો હોય તો તેનો કરતા તે માટે બેશક વાજબી, રીતે મગરૂર થઈ શકે. અમો જોઇ શકયે છિયે કે પારસી પંચાંગના બનાવનારની પણ એવીજ સ્થીતી છે. મી૦ મનચેરજી જાગોશ પોતાના આ પંચાંગની લોકપ્રીયતા માટે કેટલા કાળજીમંદ છે તેનો અંગત અનુભવ તો અમને મળી ચુકયોછે. જરથોસ્તીઓના બારે માસના કોઠાવાલા વિભાગમાં હિંદુ માસો જે પ્રમાણે મોટા ટાઇપમાં છાપવામા આવેછે તેજ પ્રમાણે અગરેજી માસોના નામો પણ છાપવાની શેઠ મનચેરજી જાગોશને અમોએ ૧૨૮૦ નાં પંચાંગનો રીવ્યુ લેતાં ભલામણ કરી હતી. તુરતજ બીજે વરશના એટલે ૧૨૮૧ નાં સાલનાં પચાગમાં તે સુધારો એવણ સાહેબે મેહેરબાની કરી દાખલ કરયો હતો........ કવરનો સુધારો કરવાનો જવાબ આપતાં એવણ સાહેબ અમારી તપાસ હેઠળનાં પંચાંગમાં જણાવેછે કે "આ માનવંત ભાઇબંધની સુચના ઉપર બનતી તકે ધ્યાન આપીશું." હવે જયારે અમોને આવો આશાવંત જવાબ મલ્યોછે ત્યારે એ બાબતમાં અમો કશી વધુ સતરો લખીશું નહિ, પરંતુ આવું ઉદાર મન અને મગજ શકિત દેખાડવા માટે મી૦ મનચેરજી જાગોશને ધન્યવાદ દઈ તેવણનો ઉપકાર માની ૧૨૮૩ નાં સાલનાં પંચાંગનો રીવ્યુ લેવા માટે તે શોભાયમાન જાડાં પુથાંવાલા વારસીક ગ્રંથની આતુરતાથી રાહ જોના બેસીશું. જ્ઞાનવરધક—જાન્યુવારી ૧૯૧૩ [પણ આ માનવંત ભાઈબંધ આ વરશના ભાઇબંધોના જવાબમાં જોઈ શકશે કે તેમ બની શકતું નથી, તેથી દળગીર છીએ. અધીપતી—કેલેંડર.

"૧૨૮૨નું ઝોરાસ્ત્રીયન કેલેન્ડર"—અમારા પુરાણા મિત્ર મી૦ જાગોસની સંભાલભરી કાળજીથી હર વરસે આપણને આપણા સખીતજેહ ટોળા માટે જે વાંચન, તવારીખ, બનાવો અને સખાવતોનું લીસ્ટ મલ્યું જાય છે તેજ માફક આ વરસે પણ મલ્યું છે, પરન્તું અમારી લંબાણ માંદગી વિગેરે કારણથી અત્યાર આગમચ એ ઉપયોગી કેલેન્ડર વિષે જાહેરમાં લખવા જેટલી અમને જોગવાઈ ન થઇ શકી તે માટે ખસુસ કરી દલગોર છીએ. હર સાલ મી૦ જાગોસ સુધારા વધારા કરતા જાય છે અને મોટી પદવી મેળવનારા આસામીઓનું ચરીત્ર દાખલ કરે છે તેને અનુસરી આ પુસ્તકમાં જસ્ટીસ દાવર અને શેઠ શાપુરજી ભરૂચાના જન્મ ચરીત્ર આવ્યાં છે, જે ઉપરથી બે તકરાર પુરવાર થાય છે કે ગરીબાઇમાં જન્મ થયલો હોવાં છતાં જાતી ચાલાકી અને ખંતથી એક માણસ મોટાઈના શીખરે પહોંચી સકે છે..........

ફુરસદ—ફેબરવારી ૧૯૧૩.

☞ આશા છે જે તહરે કીશમની સુચના કરવા માંગતા ભાઈબંધોને આટલો ખુલાસો મનમાનતો લાગશે. હવે એક સુચના બાકી છે તેનો ખુલાસો એમ છે કે કેટલાક ભાઇઓને "બાવા આદમનાં વખતનો" કાલેંડરનો શંગાર ગમતો નથી. પણ નવી ચલકતી ચાઈ ચાઈ જેવું જોઈએ છે. ખરી વાત છે, જમાનોજ ચલકતો છે તેથી એમ થાય. હેવી સુચના થયા કરીઆથી કાલેંડરનાં કરતાએબી મનપર લીધું કે વારૂ જોઇએ તો ખરા જરા કંઇ ચલકતું થાય તેમ કરીએ. અનુભવ મલેઓ કે ચલકતું કરવા જતાં ફકત ઉપરનીજ શોભા તકલીદી થાય. આરટ પેપરોનાં થોડા વખતમાં ફુરચા થઈ જહલે બહલે શહે ઢંકાઈ જાય. નવાં વરસના ખાશ અંકોનાં નીકલતાં વરતમાન પતરોનાં હાલ હેવાજ થઇ જાએચ, તે ઉપરાંતબી શો શવાશોના ખરચની ચોતલી થતી દેખું, તે અશલથી નીકલતાં શાદા પણ ટકાઉ ને ગરીબરા કાલેંડરને પરવડે નહી બા!

જાહેર ખબરો.

"દરેક ચીજનાં માલની તથા પેકીંગ વીગેરેની પસંદગી માટે વગર સોનો."
જહાંગીર મેહેલી સરટીફીકેટોમાંની આ એકજ બસ છે.

(તા૦ ૯ મી ફેબ્રુઆરી ૧૯૦૮ નાં "કયસરે હિન્દ" ઉપરથી.)

વલસાડના એક સાહસિક પારસી
વેપારી મી૦ નવરોજી હીરજીભાઈ બંધનીવાલા.

આ ચહનાં પત્ર પારસી ભાઈઓને પોતાને માથે નકૃત નોકરીની જુસરી ઘાલ્યા કરતાં ધંધા રોજગારમાં ઝંપલાવવાને તેની હસ્તીની શરૂઆતથીજ સુચના કરતું આવ્યું છે. અને જેઓ આ સુચના મુજબ કરતા રહ્યા છે તેઓને અમો અમારાથી બની શકતું ઉત્તેજન આપયે છિએ. આવાજ ઇરાદાથી અમો વલસાડના એક સાહસિક પારસી વેપારી મી૦ નવરોજી હીરજીભાઈ બંધનીવાલા વલસાડ જેવા નાના કસબામાં પોતાની ટુંક પુંજીનો શેડો ઉપયોગ કરી ખોરાકી વિગેરેની દરેક ચીજો કમીશનથી મોકલવાનો ધંધો વર્ષોથી કરતા રહ્યા છે. એ ઉપરાંત તેઓ આટુસ પાઉરીની કેરીઓ, મુરબ્બો અને જેલી, જુદી જુદી જાતનાં અથારો, મચ્છીઓ, મરઘી, ઈંડાં, ઈંડાંપાક તથા મગજને અને તનને પુષ્ટી આપનારા બીજા પાકો તથા તૈયાર સ્વાદીસ્ટ વાણીઓ જેવી આપણા મુંબઈ શેહેરમાં ભાગ્યેજ જોવામાં આવે છે એ સઘળું તેઓ પોતાની જાતી દેખરેખ હેઠળ તૈયાર કરાવી મુંબઈ અને બીજા મોટા શેહેરોમા મોકલવાનો સ્વતંત્ર ધંધો કરે છે. અને જેઓને આવો માલ પુરો પાડવામાં આવ્યો છે તેઓ તે માલની ખુબીની તારીફ કરે છે. ખચિત, વલસાડ ખાતેનું મી૦ બંધનીવાલાનું ખાતું મુંબઈની બાહેર હવા માટે જનારા વીઝીટરોની જેટલી ગરજ સારે છે તેટલુંજ તે વેપારીઓ માટે પણ લાભકારીક થઈ પડયું છે. પારસી કોમે આવાં એક ઉપયોગી ખાતાને જરૂર ઉત્તેજન આપવું જોઈએ છે. આ ખાતું કેટલીક હદ સુધીની હાજત પુરૂં પાડવાને સામર્થવાન છે તેનો કાંઈક ખ્યાલ મેલવવા માટે વલસાડ ખાતે મી૦ બંધનીવાલા પાસેથી ગામડેની સ્વાદીસ્ટ વાણીઓનું અને દરરોજની વપરાશની ચીજોનું લીસ્ટ મંગાવવું. મી૦ બંધનીવાલા લીસ્ટમાંની દરેક ચીજ ઘણી કીફાયત ભાવે મોકલી આપવાને કબુલાત આપે છે.

અગતની શુચનાં.

વરદી મોકલનારાઓને, નીચે મુજબ બે રીતનાં જુદાં-જુદાં એડરેસ અમારાપર લખી મોકલવા વીગેરે માટે વીનંતી.

પારસલ માટેના એડરેસ-દૂર-દૂરની અને અતરંતની જગામાં માલ મંગાવનારાઓમાનાં કોઈ-કોઈ ગ્રાહકો યા ભાનુઓ પારસલ મંગાવવા માટે કઈ કઈ **રેલવે લાઈનોનાં કીયા-કીયા વાયા** અને કીયાં-કીયાં **જંકશનોથી** છેલ્લી પોતા તરફની કઈ રેલવેનાં કીયા સ્ટેશને, વલસાડથી પારસલ બુક કરાવવાં તે ચોકસ ખુલાશાથી **નહી લખવાને લીધે** અને વલસાડનાં સ્ટેશનપર લગેજ ક્લાર્કો **નવા નવા બદલાવાને લીધે** રશીદ અને પારસલો બુક કરાવતી વખતે ઘણી અડચણ અને અટકાવ થઈ પડે છે. અને વલી પારસલો સીધી લાઈને જલદી નહી જતાં-ઉલટી લાઈને જઈ-રખડીને વધુ દીવસે મંગાવનારને મલે છે. માટે પારસલ મંગાવવાનું એડરેસ,-દરેક રેલવેના **વાયા** વીગેરે સાથે; યાને બી૦ બી૦ લાઈનનાં જે-મથકથી બીજી જે રેલવે લાઈન બદલાતી હોય તેનાં કીયાં મથક-કે સ્ટેશનથી તે **પારસલ** આગળ વધે તે **વાયા** અને તે પછી જો ત્રીજી લાઈન બદલાતી હોય તો તે ત્રીજી **લાઈનનું** પણ એજ પ્રમાણે **વાયા** યા મથક સાથે ખુલાસાથી-ચોકસ,-પારસલનું એડરેસ લખી **મોકલવા તસદી લેવી.**

કાગળ તથા રસીદ માટેનું એડરેસ—જુદું લખી મોકલવું તેમાં આખું નામ તથા જે જીલ્લામાં રહેતા હોય તે જીલ્લો, રહેવાનું ગામ—અને ઠેકાણું અને પોસ્ટ આફીસ બીજા ગામમાં હોય તો તે પોસ્ટ આફીસનું ગામ સાથે લખવાની મહેરબાની કરવી.

એડરેસ વીગેરે જે કંઈ બાબત કાગળમાં લખવી હોય તે અંગરેજીમાં અને ટુંકમાં નહી પણ ગુજરાતીમાંજ લખવી. જો કોઈ શબ્દ **અંગરેજીનો** લખવો પડે તો તે **અંગરેજી હરફે નહી પણ ગુજરાતીજ હરફે લખવા** વીનંતી છે કારણ હમને અંગ્રેજીની માહીતી નહી હોવાથી અડચણ થઈ પડે છે.

લીસ્ટમાં જણાવેલી ચીજોમાંની કેટલીક ચીજો જેતી તેની મોશમે મળે છે ને કેટલીક ચીજો જાજુક મળે છે. ને કેટલીક કોઇ-કોઇ વખત મળે છે ને કોઇ-કોઈ **વખત નથી મળતી** જેથી અને વલી મછી વીગેરે તેના અસલ રૂપમાં લઇને બીજા-ત્રીજા રૂપમાં બનાવી મોકલવામ આવે છે. માટે જે મોસમની જે ચીજ કે માલ જે દીને જોઇયે તેની **૧૨-૧૫ દીવસ અગાઉથી** વરદી મોકલવી અને કંઈ વધુ ખુલાશો પુછાવવો હોય તો જવાબની ટીકીટ બીડ્યાની વીનંતી છે.

નીચેની ચીજોમાં—કેટલીક ચીજોનાં ભાવ યા કીંમત જણાવી છે તે ૧૯૧૩ ની મોંઘવારીની છે. મછી વીગેરે, એવી બજારુ ચીજો અછતનાં શબબે કે દુકાળનાં શબબે એક વખત મોંઘી થયા પછી, તે ચીજની છત થવા છતાં અને દુકાળ મીટયા છતાં—તે ચીજ વેચનારાંવો એકાએક ઓછે ભાવે નહી આપતાં જે મોંઘો ભાવ થયલો હોય તેનેજ ચીવટપણે ઘણું કરી વળગી રેહેછે માટે એવી બજારુ ચીજોનાં સસ્તા મોંઘાનો સવાલ ટકી શકતો નથી. જે વખતે—જે ભાવે જે ચીજ મલે તે કીંમત ખરી. આખા દેસમાં કેટલી બધી હદ ઉપરાંતની દરેક ચીજની મોંઘવારી વધી ગયલી છે. તે કોઇને અજાણ્યું નથી.

હરેક ચીજનાં માલનું લીસ્ટ નીચે મુજબ.

તનદરોસતીનાં સુધારા વધારા માટેનાં વઈદક વસાણા તથા પાકો—જેવાં કે ઠંડી-ગરમી અને વરસાદ ૠતુનાં દરેક ૠતુને અનુસરતાં તેમજ પ્રકૃતી યાને દેહને માફક આવતાં જેમકે લોહીબાર પ્રકૃતીવાલાને ઠાડ અને શરીરે ઠંડક આપી ગુણ કરનારાં અને કમી લોહીવાલા યા નારાકિતવાલાને તથા જઇફોને અને પીતવીકાર, વાયુવીકાર, બલગમ વીકારવાલાને—વીકારો દફે કરી શરીરમાં લોહીનો શુધારો-વધારો કરી, શકિત પેદા કરનારાં પુસ્ટીકારક તથા વાઈ—ચસક અને સાંધાવોની કલતર મટાડી સાંધાઓને મજબુતી આપનારાં તથા આંખનું તેજ વધારી જ્ઞાનજ્ઞું તથા મગજને તર અને ચાલાક કરનારાં તથા બાલકોની માતાઓને પોતાના દુધનો વધારો અને તે દુધથી દુધમલ બાલકોને વધારે તનદોરસ્ત—નીરોગી બનાવનારાં અને બાનુઓના શરીર તથા બાંધા અને ગરભસ્થાનને ફાયદો કરનારાં વીગેરે બાનુઓ તથા ગ્રહસ્થો અને નાની મોટી ઉમરનાં બાલકોને હરેક **રીતે ગુનકારાં** ઘણીક જાતના **વઇદક વસાણાં તથા પાકો** કે જેનાં નામો સાધારણ વપરાએ છે તેજ—નીચે જણાવેલાં—કાયમ રાખેલાં છે. પણ તે **હરેક** જુદાં-જુદાં વસાણા તથા પાકોમાં—ઉપર **દરસાવેલા** ફાયદા માટે **વધારા તરીકે** જુદી-જુદી ગુનકારી કેટલીક બીજી કીંમતી **વઇદક** ચીજો ઉમેરીને તથા દુધનો માવો, બદામ, પસ્તાં ચારોલી વીગેરે **ઘીમાં તલી** પીશીને અને જેમાં ઇંડાંની જારી લેવા ઘટે તેમાં-તે લઇ એકઠાં કરી ઉમદી જાતનાં **માલમશાલા અને તેજાનાનો** સમાવેશ કરીને ઘરગતુ બનાવનારા પાસે જાતી દેખરેખ નીચે બનાવી લઇ મોકલવામાં આવે છે. **એ વશાણાં તથા પાકો માત્ર બાંડનાં તે વઉનાં દુધનાં લોંદા જેવાં બજારૂ કે સાધારણ જેવાં નથીજ.**

બદામપાક ભાવ રૂ. ૧ નો શેર ... ૧ા લેખે		
શાલમપાક ,, ,, ... ૧ાા ,,		**ગુંદરપાક, મેથીપાક**
ઈંડાંપાક ,, ,, ... ૧ાા ,,		**અડદીયું, બતરીશું**
અમરૂતપાક ,, ,, ... ૨ ,,		વગેરે દરેકનો **ભાવ**
શાહજીરનપાક ,, ,, ... ૨ ,,		રૂ ૧)નો શેર–રા થી–રાા
ગુસાપાક ,, ,, ... ૨ ,,		

શીવાય–૨) ૪) જાતનાં **ખરેખરા બાદશાહી પાકો** જે કે દીલ્હીનાં આગલા **મોગલ શેનશાહો વાપરતા** તેના હાથ લેખના નુશખાનો ઉપરથી **ઘણીજ મુલ્યવાંન કીમતી ચીજોનાં,** પુસકળ મેહનત અને કાકુટથી એક આકવાડીએ થાંણુ તયાર થયાં પછી, આતશની ગરમીથી નહી પણ અમુક જાતના અનાજના મોટા જથામાં અમુક દીવસો લગી દાટી રાખી અનાજની ગરમીથી પકવવામાં આવે છે. રૂ. ૧) નો શેર ૧ા લેખે.

કુબલી–બાંટવી, નવી મીશ્ટાંનવાની–કે જે કોઠે ઠંડક આપી મગજને તર કરનાર જેમાં દુધનો માવો, બદામ, પસ્તાં, ચારોલી વગેરે ઘીમાં તળી–પીશાને ઈંડાંના મેલવની સાથે એકઠાં કરીને 'ભઠીમાં' ભુંજીને બનાવવામાં આવે છે. રૂ ૧)ની શેર–રા લેખે.

ફરમાશુ આફુસ, પાયરી વીગેરની કેરી ઉંનબી જાતની રીયલ ટકાઉ આખા હિન્દના ને એશીયાનાં નજીકનાં તેમજ દુર–દુરના દરેક ભાગમાં તથા પરદેશોમાં, એડન, ઇંગલાંડ લગી સેવક મારફતનાં નંગો જાએ છે. મુંબઇના વેપારી જે બાહરગાંમ મોકલે છે તેઓ પણ મારી મારફતે મંગાવે છે. હિન્દનાં કોઇ પણ ઠેકાણાનાં નંગો કરતાં અહીંના નંગો ટ્રેસ વીગેરેમાં ઘણાં ચઢીઆતાં હોવાથી દરેક ઠેકાણે ઘણાં વખણાએ છે. મુંબઇમાં ગાંમઠી રીયલને નામે ઘણી મોંઘી દામને વેચાએ છે તે સેવકનાં તરફનાંજ બગીચાઓની વાતી વીગેરે વેપારીઓ લઇ જઇ વેચે છે. મોસમ મેની ૧૫ મી થી તે જુનની આખર લગી અને કોઈ વરસ જુનની ૨૦ મી કે ૨૫ મી લગીમાંજ ખલાસ થઇ જાએ છે જેથી અગાઉથી વરદી નોંધાવનારાંનો ફાવે છે. ને તેઓને નંગો પણ ઘણા સારાં અને ફાયદાથી મળે છે. ભાવ **૧૩૨** નંગનાં પકા ૧) થાના.

આફુસના રૂ. ૧૦ થી તે ૧૮ લગી અને પાયરીનાં રૂ ૬ થી તે ૧૦ લગી.

ફરમાશુ અનીનાસ મોસમ જુનની ૧૫ માથી જુલાઇની ૨૫ મી લગી **કીંમત** નંગ ૧ ના આના ૩ થી ૧૦ લગી.

જેલી આફુસ પાયરીની તથા **અનીનાસની** અને **ભુરાં કોરાંની** પહેલાં નંબરની **ભાવ** રૂ. ૧) નો શેર ૩ થી ૩ાા લેખે.

મુરંબો જેવા કે આફુસ પાયરીનો, અનીનાસનો, ભુરાં કોરાં તથા પંપાઉ વીગેરેનો **ભાવ** રૂ. ૧) નો શેર ૨ાા લેખે.

લીલી ફરૂત તથા કેલાં—

શંત્રા મોસમી **ભાવ** દા. ૧ રૂ. ૦ાા થી રૂ. ૧ા } એના ભાવનું ચોકસ
સફરચંદ, દાડમ ,, ,, ,, ૦ાા થી રૂ. ૧ાા } ધોરણ રેહતું નથી. } નંગ જુસ્સાની કીંમતથી?
પપૈનાશ નં. ૧) નાં આનાં ૩) થી ૧૦ આનાં લગી.
કેલાં સુનેરી નંગ ૧૦૦)નાં રૂ. ૧ાા થી રાા લગી.
,, **રાતાં** કોઇ કોઇજ વખત મળે છે—**ભાવ** ડજન ૧) નાં આના ૪ાા થી ૬ાા લગી.
,, **તબરાનાં** મોસમ જુલાઇથી સપટેમબર – **ભાવ** દા. ૧)નાં આના ૪ાા થી ૬ાા લગી.

તાજી તલેલી મચ્છી અને ઘરબ

બીંગ મોદાર મચ્છી તેમાં ઘરબ ૧) પાંટ ૨) સાથની ભરેલી, **કીંમત** કાચી નંગ ૧) ના આનાં ૧૨ થી તે ૨૦ લગી. સીવાય શમરાઇ તેલ, મસાલો સરપન તલાઇ સાથે તલેલી નંગ ૧) ઘરબ સાથે રૂ. ૧ થી તે રૂ. ૧॥। લગીને સુમારે **ઘરબ તાજી** મચ્છી વગરની છુટી મછીના વધુ છત હોય ત્યારેજ કોઇ કોઇ વખત મલે છે. **કીંમત** કાચી નંગ ૧) તે પાંટ ૨) નાં ૪॥ થી ૫ આનાં લગી. તેલ, મસાલો, ટલાઇ જુદી. } જે મોસમ ઋતુમાંની મળી શકશે તેટલી આપશું લગી.

ઘરબની ભરેલી મોટી બોઇ, માગન, રામસ, કાંટા વગરની પાઠન તાજા છમનાં અને મોટી સાંધ કોલમી એ દરેકનો **ભાવ** કાચી શેર ૧) ના આનાં ૩॥ થી ૪ લેખે મલે છે. શીવાય શમરાય, તેલ, મસાલો, શરપન તલાઇ શેર ૧)ને સુમારે ૧॥। આના થાએ છે.

બીજી શારી જાતની મછી જેવી કે ગરીયું, બાહુ, શેવાલ વીગેરે તથા મધ્યમ કૅાલમીનો **ભાવ** કાચી શેર ૧) ના આનાં ૩॥ લેખે અને નાની **બોઇ** લેવટા, લેવટી ફગના આના ૩) લેખે મલે છે, સીવાય સમરાઇ, તેલ, મસાલો, સરપન તલાઇ વીગેરે શેર ૧) ને સુમારે આનાં ૧॥ થી ૨ આના.

સવાદીરટ વખણાતી વાંનીઓ.

હાડકાં વગરનાં મટનનો ખુરમો—બદામ, પસ્તા વીગેરે મેવા સાથનો-ઘીમાં દુબને કુવતમંદ રૂ. ૧) નો શેર ૧॥ લેખે.

મોટી સાંધ કોલમીનાં—કબાબ, પેટીશ, કટલેશ, લીલકી, ભજીઆં અને આખી તલેલી વીગેરે.

દીતો ઘરબનાં—પેટીશ, કટલેશ, પોરા, ભજીયાં વીગેરે.

પાટીયો તમતમતો વખનાતો બગડે નહી એવો **મોટી સાંધ** તથા મધ્યમ કોલમી લેવટા, લેવટી, મછી, બુમલા વીગેરેનો.

તાજી આખી ભુંજેલી મછી ઘરબ—ચીરી શમારી ધોઇ શાફ કરીને તેમજ ભરપટે મશાલો-તેલ યા ઘી આમલી ઘરબ વીગેરે ભરીને શીવી કપડામાં લપેટી બાંધીને આખા ભુંજેલી **કીટ** નંગ ૧ રૂ. ૧॥ થી ૨॥ા લેખે.

બટેરવાનું રેશાદાર ઘડીયું જીભે સ્વાદ રહી જાય એવું.
ખડીયા સુંડીનું મશાલેદાર મઘનું મઘનું તપેલું.
ઉબડીયું-પાપડી, કણ, પપેટા, તાજી મછી વીગેરે સાથનું.
} જેટલા માણસનું જેટલી વેરનું જોઇયે તે પરમાણે તેની કીમત.

તાજી તફડતી ચરબદાર-ઘરબની ભરેલી—તલેલી મોટી માંગણ બોઇ કીંમત તાજી મછીમાં જુઓ.

તમતમતી પતરેલ વીગરે ઘણી જાતની વાનીઓ.

ભાટયું જેમાં-મસાલેદાર-પરેકા, ઢેકનાં, શાંખનાં કરકરીયાં, પોપટજી, ઘઉની જુરા રોટી, જુવારની રોટી, પતરેલ વીગરે તથા બદામ પસતાં વીગરે પીશેલો મેવો વીગરે ભરેલી-આખી રોશટ મરઘી, કટકાની ખારી મરઘી, ખારૂ મટન, કબાબ, કટલેસ, તલેલા પટેટા, શકરકન્દ વીગેરે. ઇંડાં, આખાં બાફેલાં, પોરા અને તાજી તલેલી મછી; ઘરબ, પાટીયો-અચાર વીગરે વીગરે ઘણીક જાતની વાનીયો સાથનું. } જેટલા માણસોનું તથા જેટલી ચીજનું જે વાનીઓનું તેઓને જોઇએ તેની કીમતનો આંકડો.

અચાર-તાજી તલેલી મછી, ઘરબ, કોલમી વીગેરેનું.

બોઇ, રામસ વીગરે મછીનું
ભાવ રૂ ૧) નું શેર-૨॥

ઘરબનું ભાવ રૂ ૧) નું શેર-૨। થી ૨॥
કોલમીનું " " " " "

અથાર શુકી યા મીઠ દીધેલી કાચી મળી ધરબ, છોલા-કોલમી છમનાં વીગેરેનું

ધરબનું ભાવ રૂ ૧) નું શેર—રાા—૩ | **છોલા-કોલમીનું ભાવ** રૂ ૧)નું શેર ૩ાા
મળી—રામસ,તુમરી,શીરમાઈ, આગણ | **છમનાનું** „ „ „ ૩ાા
વીગેરેનું ભાવ રૂ ૧) નું શેર ૩ાા થી ૪.

અથાણા—કેરી, લીંબુ, મેથ વીગેરેનાં પેહલા નંબરનાં ખગાડ નહી એવાં મસાલેદાર.

પ્યાઝરશીનું-શુકા મેવા સાથનું—ખાટડું મીઠું ભાવ રૂ ૧ નું શેર ૪ લેખે અને ફક્ત ખાટડું શેર ૪ાા થી ૫ લેખે.

બીજોરાંનું-સાવાદાર-ખાટડું-મીઠું ભાવ રૂ ૧) નું શેર ૨ાા થી ૨ાા લેખે,

કાગદી લીંબુનું-ખાટડું-મીઠું ભાવ રૂ ૧)નું શેર ૩ થી ૩ાા. તથા ફક્ત ખાટું શેર ૪ લેખે.

ગોલ કેરી અલેસની ભાવ રૂ ૧) ની શેર ૩ાા લેખે. | **બફેના કેરી—સાવાદાર કલમની કેરીનાં** રૂ. ૧)ના શેર—૮ થી ૧૦ લેખે.
„—**ચીરની ચીન રેસાની** સાવાદાર ભાવ રૂ ૧)ની શેર ૪) લેખે. | **અવેજી રાઇ કેરી ભાવ** રૂ૧)ની શેર ૫)લેખે.
મેથીયાં કેરી ભાવ રૂ૧)ની શેર ૪ થી ૪ાા. | **પાનીયાં કેરી ભાવ** રૂ૧)નાં નંગ ૫૦થી ૭૫.

ચટનીઓ—મસાલેદાર—પેહલા નંબરની ઉગાડ નહી એવી—ખમનેલી કેરીની ખાટી-મીઠી **દેશમાં વેલાતી કરતાં ઘણી ચઢીયાતી**—તથા નારીએલ વીગરેની ખાટી-મીઠી રૂ ૧)ની શેર ૨ાા થી ૩ લેખે મોટી બાટલી રૂ. ૦ાા=

સુકી યા મીઠ દીધેલી કાચી મળી—ધરબ—છમના છોલા—ઝુમલા વીગેરે

બીંગ યા મોહાર મળી ધરબની.
બરેલી નંગ ૧) રૂ૦ાા થી તે રૂ૦ાાા લગી મલે છે. ધરબ વગરની ખાલી રૂ ૧) ની નંગ ૨) થી ૩ લગી.
ધરબ—દરેક બે પાટી રૂ ૧)ની નંગ ૩ થી ૪—૫ લગી મલે.
(મોસમ આસોથી આસાડ લગી—તથા મોટી)

છોલા ગામઠી મોરા ભાવ મન ૧) રૂ ૬ાા—૬ા
છોલા ખારા „ „ „ ૪ાા—૪ા
મહેરીયાં „ „ „ ૨ા—૨ાા
સુકડાં „ „ „
જુનીકોલમી
કરંપદી „ „
ઝુમલા રાસબંદી પડકુ ૧ માં સુમારે નંગ બે હજારના **ભાવ** રૂ ૫ાાથી ૭ લગી
ઝુમલા ઝુડક ખાવા લાયક સારા રૂ ૧) ના નંગ ૨૫૦ થી ૩૨૫.
ઝુમલી મોટી રૂ ૧) ની નંગ ૨૨૫ થી ૨૫૦ લગી.
(મોસમ—માગસર—પોષ—મહા થી તે જેઠ—આસાડ)

રામસ કીઠ નંગ ૧) રૂ૦ાા=થી રૂ૧ા= લગી મોસમ આગટથી બનેવારી
આંગણ ભાવ કુડી ૧ ના રૂ ૧૩—૧૫
છમના „ „ „ ૧ા=—૧ાા=
શીરમાઈ „ „ „ ૨૩—૨૪
(મોસમ કારતક—વૈશાખ માસનું)
„ ગામઠી તુમરી ભાવ રૂ) ની—૨ાા લેખે—મોસમ બે માસ.

મરઘી—કીંમત ફાકુ—કોલ નંગ ૧)નાં ૫ થી—૬ આના તથા ઈંડાં મુકતીનાં ૧૨ થી ૧૪ આના અને—વધારે મોટી—માતબલ—વજનદાર ફરગેનાં ૧૬ થી ૨૦ આની મુજબ—મલે છે. | મુંબઈની માફક જથાબંધ મરઘીઓના અહી વેપારીઓ નથી—જરૂર પડે ત્યારે ફેરીઆ વેનિ ખરીદી માટે નાણું આપી—મજુરીથી મોકલીએ તારે તેઓ આણુબાણુ—ગરબામેડ ફરીને લાવે.

ઈંડાં—એનાં ભાવનું કશું ચોકશ ધોરણ નથી—વખતો—વખત વેચારે—ઓછો ભાવ થયા કરે છે. સાધારણ **ભાવ** હજાર ૧)નો રાસબંદીનાં રૂ ૨૧ાા થી ૨૩) લગી અને કેટલાક પ્રસંગે તથા પાર તેહવારો વીગેરેનાં ટાંકણાઓપર રૂ ૨૪ થી ૩૨ લગીનાણી થઇ જાય છે.

ઘી-માખણ આમળી તલબદુ સુરમદાર.

નાં૦ ૧ તાજું નરી ભેંસના માખણનું ભાવ મણ ૧ રૂ.
નાં૦ ૨ ભેંસ તથા બકરાંના તાજા માખણનું „ „

એ બેઉ નંબરનું કાચું ખાવા લાયક તથા ગોળપર છે અને ઉંચા પકવાન બેકરીમાં વાપરવા લાયક.

નાં૦ ૩ રાંધવાનું તાજા માખણનું ચોખ્ખું પણ થોડા દીવસના વાશીનાં રૂ

નાં૦ ૪ બાહારના ઇલાકાનું ઉપલાથીબી ઓછા ભાવે મલે છે પણ તે ખાત્રીદાર નહી.

ગોળ ચડાનો સુકો મણ ૧ નાં રૂ. ૩।
ઇમલ રાઇસ ગીલનાં
જીણાં ૧) દાંની „
„ ચાલણા વણાંના „
દાલ તુવેરની વીનેલી „
દાલ વટેનાની મણ રૂ
„ વાલની „
„ મગની „
ચોલા મોટા „
ચોળી „

અંગુરી સરકો શીકાર બાટલી ૧ ના આના ૫) લેખે
શરકો શેરડીનો મણ ૧) નાં પેહલાં નંબરનાં ના રૂ. ૨॥ તથા બીજા નંબર ના રૂ. ૨ અને ત્રીજા નંબરનો રૂ. ૧॥ પણ તે ખાત્રીદાર નહી.
પાપટ ઉજરા ૧૦૦ નાં રૂ. ૧॥—
દીતારાના „ „ ૦॥॥
શારીયા „ „ ૨॥
શેવ રૂ. ૧ ની શેર—૬ લેખે.
ઘઉંનો નીશાસ્તો રૂ ૧ નો શેર—૪ થી ૪
રાઇ દલેલી રૂ ૧ ની શેર ૨॥ લેખે.
તપકીર રૂ ૧ ની શેર ૧॥ લેખે.

તરકારી સુકી લીલી.

કમો દીયો કન ગોલ ભાવ મણ ૧ ના રૂ.
„ „ લાંબો „
સકરીયા „ ... ... „
રતાલુ „ ... ... „
સુરણ „ ... ... „
કાંજણ યાને આલુ કન ... „
પપેટા ... ... „

લીલી તરકારી જેવી કે—પાપડી, ફરેંચબીજ, ટામેટાં, ફાબીજ, વટેનાની શીંગ, ચોલા—ચોળીની શીંગ, શેકટાની શીંગ, ગાજર દોધી, તુરીયાં, ભીંડા, કારેલાં, વેગણ, કોરાં, આદુ, કાંદાં, લીંબુ, કારેલાં, કંટોલાં, વગેરે.

ખુશાખબતી માટે—પતેતી નવરોજ, નવજોત, આલમેહ, શાહદી—રામશની, દીપવાલી અને નાતાળ વીગેરે તેહવારો તથા શારે—રૂંડે—શરઅવશરનાં ખપ અને ભેટ—શોગાદ માટે ઉનચાં માલ મસાલા પહેલાના નંબરનાં, આખા એશીઆમાં વખણાએલાં અને પ્રદરશનોમાંથી મલેલા ચાંદોની મશ્હુરાત બેકરીનાં, ટેશદાર—શાદાં તેમજ ફેનસી કેકો તથા દરેક જાતની પેસ્ત્રી લીલો—સુકો મેવો, કેલાં તથા ઉનચી સુરતી ફરમાસુ નાનખટાઇ, બરફી, પેંડા. બગલાં લેમરો, ચણા—પાપડી સુરતી પનીર ને ખારાં બટર બતાસાં વીગેરે.

પરચુરણ ચીજો—સેરડી, જમરૂખ, બુટ, સફીચર, શપાટ, કસ્તી. નાર, ધુપેલ, સુખડ, લોબાન ફુલ, હાર, કલગી, તોરા, તોરન, પતરાવલી, કેલના પાતરાં, વીગરે—વીગર.

બાળવાના લાંકડાં—બાવલ વીગરેનો ફોટા—ગડેરી.

વાંહાન યા પડાઉ અને માળીઓના કામ માટે—ઘડ માટેની ઓરી, મીઠું તેલ, એરંડીયું આમલી વીગરે.

ઘર તથા ઇમારત બાંધવા માટે—સાગી વીગરે નાનામોટાં લાકડાં, વાંસ, ખાપુ. ઇંટ, ળે, ચુનો, નળીઆં વીગેરે.

ઘાસ ગાંસડી—ગાંસડીનું તથા છુટું અને બેસો-બળદો માટે ઢોરની દાસ્તું ફેરયુ-ખુશ.

વેચાતી ઘાસનું બી—જેને કેટલાકો રજકો કહે છે.

પીછાં-પાંખ—મગરમચ્છનાં તથા મોટાં શીંગાડાં વીગરે મછીનાં.

બગીચાઓ માટેની કલમ—આપુસ, પાયરી, વીગરે ફુલ ઝાડોની.

ખાતર-ખત—બગીચાઓનાં ફુલફુલ ઝાડો તથા તરકારી અને ખેતી માટેનું ઘણું ગુણકારી હોય છે. **સુકી મછી, ખુમલા વીગેરેનું** જેને કુટો કહે છે. તે તથા **એરંડીયાં અને કરજનાં** ખોલનું અને ભેંશ, ગાએ, બળદ, ઘોડાની લીદ, છાંન તથા ચારા કુંટા, કચરા વીગેરેનું—૨) ૩) વરસનું જુનું-માવાદાર.

વીગરે-વીગરે ખોરાકીની તથા બીજી દરેક જાતની ચીજોનો માલ-વેપારને ખરનો તથા ઘરગતુ ખપનો જેમ બને એમ સારો ને ફાયદા પડતો કશીને ખરીદ કરીને હકસાઇથી મોકલવામાં આવે છે.

ઉપલા લીસ્ટમાં માલના તોલ તથા માલની કીંમત જણાવી છે તેનો અને પારસલોના નોર તથા ખરચનો ધ્યાનમાં રાખવા જોગ ખુલાસો અને સમજ.

તોલ સંબંધી—અનાજને માટે ભરતનું કે ફરાનાં માપનું ચલન નથી. દરેક માલ ઘણું કરી તોલથી મલે છે અને કોઇ કોઇ માલ કે ચીજ ગણતીથી મલે છે——અત્રેનું તોલ સુરતી કેવાય છે ને તે ૪૦ાા રૂપીઆ ભારનો ૧) શેર ને તેવા ૪૦ સેરનો ૧ મણ અને ૨૦, મણની ૧) ખાંડી ગણાએ છે—એ ૧) ખાંડીનાં મુંબઇનાં ૮) ફરાને ઉપર-૧) મણને સુમારે થાએ છે. અત્રેનો સુરતી ૧) મણ તે મુંબઇનાં ૨૮ રૂપીઆ ભારના સેરથી મુંબઇનો મણ ૧ા ને ઉપર સેર ૩ાા ને સુમારે થાએ અને બંગાલી યા રેલવેનાં ૮૦ રૂપીઆ ભારના શેરથી ૧૮ાા સેરને સુમારે થાએ.

કીંમત સંબંધી—ઉપલા લીસ્ટમાં કેટલાક માલની જણાવેલી કીંમત કે ભાવમાં જાં-જાં-રૂપીઆ અમુકથી અમુક લગી તથા જાં-જાં-રૂ ૧) નાં અમુક નંગથી અમુક નંગ લગી એમ જણાવવામાં આવ્યું છે તેનું જાણવું કે—તે ચીજ કે માલનો જેવો આવગ-ઉપાડ ને જેવી છત-અછત અને જેવો માલ-કે નાના મોટાં વીગેરે જેવાં નંગ તે મુજબ તે વધુ ઓછો ભાવ-કીંમત કે નંગ સમજવાં——લીસ્ટમાં જે જે ચીજ યા માલનો જે ભાવ અને કીંમત જણાવી છે તે ગીએ સાલની છે.

પારસલ સંબંધી—રેલવેના વજનથી પારસલનું એકંદર વજન સેર ૧) કે ૨) નું હોય તેનો જેટલો ખરચ અને નોર થાએ તેટલેજ ૫) સેરના વજનનાં પારસલનો થાએ તથા ૫ાા કે ૬ સેરનાં વજનનાં પારસલનો જે કંઇ ખરચ અને નોર થાએ તેટલોજ ૧૦) સેર લગીનાં પારસલનો થાએ-અને ૧૧) કે ૧૨) સેરનાં વજનનાં પારસલનો જે કંઇ ખરચ નોર થાએ તેટલોજ ૨૦) સેર લગીનાં પારસલનો થાએ છે. જેથી——મંગાવનારને ગેરફાયદો નહીં થવાને લીધે પારસલોનું એકંદર (દરેકનું) વજન રેલવેનાં ૫) યા ૧૦) કે ૨૦) સેરને સુમારેનાં તોલીને કરવામાં આવે છે. તેમાં જેટલી કે જેટલા રૂપીઆની ચીજો મંગાવી હોય તે કરતાં થોડી વધારે કે ઓછી સમાઇ શકે તેટલી મુકી મોકલવામાં આવો છે ને તે જેટલી મોકલી હોય તેટલાનીજ કીંમત ગણવામાં આવે છે.

બોરડીંગ-લોડજીંગ—ક્રીસમસની તેમજ—બીજી-કાબની રજાપર **વેકેશન ગુજારવા** તથા **પલેઝર** કરવા તેમજ **તંનદરોશતીનાં સુધારા અરથે** પા **હવા ફેરફાર** કરવા અથવા **કાંઇ બીજા** કામસર વલશાડમાં આવી, વધુ—ઓછા દીવસો રહેનારાઓ માટે બોરડીંગ લોડજીંગ પણ ચલાવવામાં આવે છે. આવનારા શાહેબોએ—કેટલાંક માણુશ આવનાર છે તે ૩)૪) દીવશ અગાઉથી લખવા—અને જેઓએ ફીઇ વીગરેનો ખુલાશો પુછવો હોય તેઓએ જવાબની ટીકીટ બીડવા વીનંતી છે.

તીથલ સેનીતેરીયમ વીગેરેમાં આવનારા પરોનાંઓને દરરોજનું બજાર વીગરે જોઇતી ચીજો મંગાવવા વીગેરેની ઘણી તકલીફ પડે છે અને તીથલનાં મજુર ઘણી રીતે જુલમ કરે છે. તેથી જે પરોનાંઓને દરરોજનું જે કંઇ બજાર મંગાવવાની જરૂર પડે તો બજાર લાવવા સાથે બીજા દીવશ માટે ૧) દીન અગાઉથી વરદી લખી મોકલતા રેહશો બજાર વીગેરે જોઇતી ચીજો વલશાડથી સવારનાં તીથલ મુકામે પોંહચાડતા રેહશું.

ઉદવાડે આતશબેરામ પાદશાહને શેહજદો કરવા બાહારગામનાં કોઇ અંનજાણ્યાં ગ્રહસ્થો આવવા ઇછતા હશે. તેઓ મને ૫-૭ દીવશ અગાઉથી લખી જણાવવાથી તેઓને ઉદવાડામાં શારી ઉતારા વીગરે ની દરેક ગોઠવન કરી આપીશું.

ભલી દુઆ તમને આમીન થજો—તમને તથા મારાં બાલુકનાં અને તરા દરેક ધરાકોને ખુદા શદા તંનદરોશતી ભરેલા શુખી-ખુશાલ રાખે. આમીન

લા૦ દુવાગો સેવક,

નવરોજી ભીમજીભાઇ બધનીવાલા,

વલસાડ—મોટા પારસીવાડ.

TELEPHONE—OFFICE No. 264. TELEGRAPHIC ADDRESS—GLORY BOMBAY.
RESIDENCE No. 1398. Code 4th Edition A. B. C.

MUNCHERSHAH NUSSERWANJEE CHANDABHOY,

M. S. A., M. S. E. (LON.)

ARCHITECT, ENGINEER AND SURVEYOR.

Office-Raja Bahadur Motilal's Mansions, Apollo Street, Fort, Bombay.

Residence-Gowalia Tank Road, Bombay.

Services rendered on Moderate terms.

In all branches of **Architecture** and **Civil Engineering viz:—**

1. Designing in various styles of Architecture and preparing Drawings, Detail Plans, and Estimates of large Buildings, Dwelling Houses, Bungalows, Mill Buildings, Godowns, Chawls &c., and superintending the erection of the same.

2. Inspecting, Surveying, Levelling and valuing Estates, Buildings, Lands, Fields &c., and furnishing Reports and Certificates in all matters of dispute connected therewith.

3. Advising on and superintending all works of alterations and improvements (with their plans, estimates, &c.) including Drainage works, required under the Municipal Act.

4. Advising and Reporting in all disputed questions regarding light and air.

5. Advising, Surveying and Reporting on matters relating to Fire Insurance, and preparing Fire Insurance Statements.

6. Arbitrating either by Private Reference or by an Order of a Court in matter of Dispute regarding contract of Buildings, Valuations, Boundaries of Lands or Estates &c. &c. &c.

7. Advising and preparing valuation Reports of properties, vacant land &c. coming within the Scheme of City Improvement Trust, and giving Evidence & conducting the cases before the Special Collector.

મનચેરશા નસરવાનજી ચાંદાભાઇ,

એમ. એસ. એ., એમ. એસ. ઇ. (લંડન)

આરકીટેકટ, ઇજનેર અને સરવેયર.

આફીસ—રાજા બહાદુર મોતીલાલ મેનસનસ,
એપોલો સ્ટ્રીટ, કોટ મુંબઇ. ટેલીફોન નં. ૨૬૪.

રહેવાનું ઠેકાણું-ગોવાલીયા ટેન્ક રોડ, મુંબઇ. ટેલીફોન નં. ૧૩૯૮.

શીલ્પશાસ્ત્ર તથા બાંધકામને લગતાં નીચે દરશાવેલાં દરેક કામો કીફાયત ભાવથી કરી આપવામાં આવશે.

૧. શીલ્પ શાસ્ત્રની તરેહવાર ઢબની મોહોટી અથવા નહાની ઇમારતોના ડીઝાઇન તથા રહેવાનાં મકાનો, બંગલાઓ, મીલ ઇમારતો, ગોડાઉનો, ચાલીઓ વીગેરેના નકશાઓ તથા તફશીલવાર પ્લાનો અને તે માટેના અડસટાઓ કરી આપવામાં આવશે અને એવાં સરવે બાંધકામો ઉપર દેખરેખ તથા ઉપરીપણું રાખવામાં આવશે.

૨. સ્ટેટો, મકાનો, ખેતરો, જમીનો વીગેરે તપાસી તથા માપીને તેની કીંમતના અડસટા કરી આપવામાં આવશે; તથા તેને લગતા કાંઇ પણ વાંધા હશે તો તે માટેનો રીપોર્ટ કરી આપવામાં આવશે તથા સરટીફીકેટ આપવામાં આવશે.

૩. હમણાના ચાલુ મ્યુનીસીપાલ કાયદા પ્રમાણે મકાનોમાં જે ફેરફાર તથા સુધારા બાંધકામ તથા ગટર કામમાં કરવામાં આવે છે તે વીશે સલાહ આપવામાં આવશે તથા તેના પ્લાનો બનાવી આપી તે કામો ઉપર દેખરેખ રાખવામાં આવશે.

૪. હવા અને ઉજાસના સઘળા તકરારી સવાલો ઉપર સલાહ આપવામાં આવશે.

૫. આગના વીમાને લગતી બાબદો ઉપર સલાહ આપવા તથા સરવાઇ કરી રીપોર્ટ તથા નુકશાનીના સ્ટેટમેન્ટ આપવામાં આવશે.

૬. બાંધકામનાં કંટરાકટના વાંધા, જગાની હદના વાંધા, ઇસ્ટેટની કીંમતના વાંધા ઇતયાદી પતાવવાને લગતાં લવાદીનાં કામ ખાનગી ફરમાસથી અથવા કોરટના હોકમથી કરી આપવામાં આવશે.

૭. નવા સીટી ઇમપ્રુવમેન્ટ ટરસ્ટની યોજનના સંબંધમાં આવતી દરેક મીલકતો જેવી કે ઇમારતો, ખાલી જગા વીગેરેની બાબતો ઉપર યોગ્ય સલાહ આપીને તે મીલકતોના અડસટા આપી રીપોર્ટ કરવામાં આવશે તથા સ્પેશીઅલ કલેકટરની કોરટમાં પણ તે બાબતોને માટે સાક્ષી આપવામાં તથા કેસ ચલાવવામાં આવશે.

લોકો મેલેરીયા તાવ તથા નરમ પ્રકારની

પ્લેગ માટે ભુમો મારે છે,

પણ તે માટે **બાટલીવાલા એગ્યુમીક્ષ્ચર** જાદુ જેવો ઈલાજ છે.

કડવું પીવા ન ગમે તો તેજ માટે વાપરો **બાટલીવાળા એગ્યુ પીલ્સ-રૂ ૧.**

બાટલીવાળાની ઍંબીરીયલ શકતીની ગોળીઓ

ઘરડાંને નવજુવાન બનાવે છે—રૂ૧॥.

બાટલીવાળા ટુથ પાઉડર દાંતનો દુખાવો નરમ પાડી

દાંત મોતી જેવા સાફ રાખે છે. આના ૪.

બાટલીવાળાનો દરાજનો મલમ—એકજ દીવસમાં

દરાજ ખુજલીમાં તફાવત કરે છે. આના ૪.

સરવે ઠેકાણે મલશે.

ડાકટર હો. લી. બાટલીવાલા, જે. પી.

વરલી લેબોરેટરી—**મુંબઈ.**

એમપ્રેસ આયર્ન એન્ડ બ્રાસ વર્કસ.

☞ છેલ્લાં મુંબઈનાં ને ગુજરાતના હુન્નર ઉદ્યોગ અને ખેતીવાડીને લગતાં પ્રદર્શનોમાં મીલ ગીયરીંગ અને ઓટકામ માટે અમોને સોનાં રૂપાંનાં ચાંદા મલ્યા છે.

હરેક મેકરના સ્પીનીંગના અને વીવીંગના સાંચાઓના છુટા ભાગો
વીલાયતી કાસ્ટીંગમાંથી બનાવીએ છીયે.

મીલો તથા જીનીંગ અને પ્રેસીંગના કારખાનાં માટે છાપરાઓ તથા થાંભલાઓ પીતલ અને લોખંડના તેમજ મોતરનું ઓટકામ ટુંક મુદતમાં અને કીફાયતે કરી આપીએ છીયે.

આ ઉપરાંત બીડની નકસીદાર રેલીંગ સીડીઓ, બ્રેકેટ, તથા મ્યુનીસીપાલીટીને માટે મેનહોલ મોટા જથ્થામાં તઇયાર રાખીયે છીયે, તેમ આરડર મુજબ પણ કીફાયતથી બનાવી આપીશું.

વધુ વીગત માટે નીચલે ઠેકાણે લખવું.

બરજોરજી પેસ્તનજી રીપોર્ટર,

વીકટોરીઆ ગારડનની પાસે કેનાટ રોડ, ભાયખલા.

શાખાઓ. { **નોર્થબ્રુક ગારડનની પાસે, ગ્રાંટરોડ,**
{ **અને તાંબાકાંટા, પાયધુની—મુંબઈ.**

TOTAL FUNDS. ROYAL INSURANCE COMPANY LTD. **£. 19,031,200.**

ANNUAL INCOME. **£. 7,139,552.**

Classes of Business Transacted.

FIRE. Insurances effected at current rates. Prompt and equitable settlement of losses. Losses Adjusted and paid without reference to Head Office.

PROFITS. Special Policies are issued covering, in the event of Fire, Loss of Net Profit, and providing for payment of Standing Charges and Increase in cost of working.

LIFE. Low rates of premium for India. Liberal Policy Conditions. Reversionary Bonus declared in 1910 £. 7-10-0 per cent, which quinquennial rate has been maintained for 15 years. Special facilities for proposals.

MARINE. The Company underwrites Marine Insurance Risks on conditions favorable to the Assured, Passengers proceeding Home can insure their Baggage at very low rates.

MOTOR CAR Insurance of private and Office Motor Cars against all risks. The "Royal's" Comprehensive Policy is specially designed to meet the requirements of Motorists in India.

Absolute Security. Moderate Rates of Premium.
Liberal Policy Conditions.

Send for prospectus and Particulars to :—

COLIN M. ROSS,
Resident Secretary,
Royal Insurance Buildings,
BOMBAY.

Or to :—

CHIEF AGENTS—
Messrs. T. H. Moore & Co.,
27, Hummum Street,
FORT, BOMBAY.



જવારા-હરી જેનો અર્થ "બોખાર કાઢી નાખનાર" એવો છે.

તે દરેક જાતના તાવ ઉપર મુખ્ય કરીને સાદા, અથવા ચાલુ મેલેરીઅ (જંગલની તાવ) ચઢ ઉતરની અથવા આંતરેની ઉપર રામબાણ છે, જો કે તે કડવી છે, તોપણ સ્વાદમાં સરસ છે, અને સહેલાઈથી લેવાય છે અને બીજી બધી જાતની તાવો ઉપર લેવા માટે દરેક જાતના ઉપયોગી ગુણ ધરાવે છે. જ્યારે તાવ હોય છે ત્યારે પણ તે લેવાય છે, અને તે દવાથી બહેરાપણું આવતું નથી અથવા બીજી કોઈપણ રીતની નાપસંદ નીશાનીઓ થતી નથી, કે જે વારંવાર ક્વીનાઈનના ઉપયોગ પછી થાય છે.

સરવે દવા વેચનારા પાસેથી મળશે.

નાના ટોઠ તરીકે **જવારા-હરી** એક ઉત્તમ ટોનીક છે, જ્યારે સાધારણ સરદી કાઢી નાખવામાં તે ઠરીક વગરની દવા છે. મુંબઈના સોલીસીટર **મી૦ શામરાવ પાંડુરંગ** લખે છે કે—ખાસતીના મારા ગામના મજુરોમાં તાવ ફાટી નીકળવાથી મેં **જવારા-હરી** વાપરતાં ટુંક વખતમાં મજુરો સારાં થયાં હતાં.

કીંમત ૦॥, ૧॥, ૨॥ અને ૧૧.

Omum Carpoor ઓમમ કારપુર.

કોલેરા, મરડો, પેટમાં થતી ચુંક, આંકડી, બદહજમયત વગેરેનો

રામબાણ ઈલાજ છે.

માસીક માંદગીથી અને સુવાવડમાંથી ઉઠયા પછી હેરાનગતી ભોગવતી બાનુઓનાં દરદ માટે તે એક ખાસ ઉપાય છે.

કડલોરની મ્યુનીસીપાલ કાઉનસીલના સરનસીન મી૦ શ્રીનીવાસ જણાવે છે કે:—કોલેરા શરૂ થતાંવાર જો **ઓમમ-કારપુર** લીધું હોય તો તે ઘણુંજ ફાયદો કરે છે.

રેવરંડ ટી. એફ. નીકલસન તે વેસટરન મીશનરી સોસાયટીવાળા લખે છે કે—મારા મનારગુડી ગામમાં અને બીજે આસપાસ કોલેરા ચાલતો હતો તે વેળા એક પોલીસ સીપાઇ અને બે માણસ ગભરાયલાં આવી લાગાં અને કોલેરાની દવા માંગી. મેં **ઓમમ કારપુરની** એક બાટલી આપી. પંદર દીવસ રહી તેઓએ પાછા ફરી મારો ઉપકાર માની જણાવ્યું કે એ દવાથી સાત બચ્યાં અને ત્રણ ઓરતોના જાન બચ્યા.

કીંમત રૂ. ૦॥, ૧, ૧॥, ૨॥ અને ૧૧.

સરવે દવા વેચનારને ત્યાંથી મળશે.

મુંબઈ ઈલાકાના એકલા એજંટો—કોન્ટ્રેકટ મોદીની કું૦, કોટ, મુંબઈ.

હેનરીઝ ગ્રેટ ઇંડયન રેમેડીઝ કં૦,

નં૦ ૨૭/૮, સેકંડ બીચ લેન, મદ્રાસ.

મિસિસ કમળા બાઇની

અબળા સંજીવની સ્ત્રીઓ માટે ગોળીઓ.

ગરભસ્થાન અને સ્ત્રીઓના અટકાવ સંબંધી સઘળા રોગોનો દેશી ઇલાજ. હજારો સ્ત્રીઓ મિસિસ કમળાબાઇની ગોળીઓ ઘરમાં રાખે છે અને જ્યારે કોઇપણ પ્રકારના ગરભસ્થાનના દરદ જેમ કે, અટકાવ સાફ ન આવવું, પેડુનો દુખાવો, અનિયમીત અટકાવ, લોહીવા, સફેદ ધાતુનું જવું, તેઓ તેનો ઉપયોગ કરેછે અને તેઓ ખીજાને હકીકત લખી દવા મગાવવા માટે ભલામણ કરે છે તેથી તેનું જથ્થાબંધ વેચાણ થાયછે. કીં. રૂ. ૧ પોસ્ટેજ તથા વી. પી. ૪ આના. સીક્રેટ માહીતીનું ચોપાનીયું મફત.

નકલી માલથી સાવધ રહેજો.

મિસિસ કમલાબાઇ જી. એમ. સી.

કાલબાદેવી રોડ, મુંબઇ.

આખા હીંદુસ્થાનમાં વખણાયલો ડા૦ નવરત્નનો વાળ કાળા કરવાનો

પક્કા કલપ.

આ કલપ મુછોના તથા દાઢીના સફેદ વાળને લગાડતાં, તે પાંચજ મિનીટમાં સુંદર કાળા થઇ જાય છે. વાળના શોખીનોએ યાદ રાખવું કે, એની બરોબર આજ કોઇ પણ **કલપ** નથી. આ કલપ વાપરવામાં સહેલો છે, સોડમમાં ગમતો છે, ગુણમાં અકસીર છે, રંગમાં પાકો છે અને કીંમતમાં સસ્તો છે. કીંમત રૂ ૧, ટપાલ ખરચ માફ.

ડા૦ નવરતન એંડ સનસ—કાલબાદેવી, મુંબઇ.

અમેરીકન ઇલાજ.

આંધળાં દેખતા થાય છે. કેટેરેકટોડાઇન

(આંખના મોતીઆ વાઢકાપ વગર મટે છે.)

"હવે આ નક્કી થયું છે કે આંખનાં મોતીઆ વાઢકાપ વગર ખાત્રીથી મટી શકે છે." તેને માટે **કેટેરેકટોડાઇન** એક બરકતદાર ઇલાજ છે. એ રોગથી પીડાતાઓને હવે વાઢકાપ કરાવવાની ખટપટમાં પડવાનું કારણ નથી. વાઢકાપ કરાવનારા સઘળાઓની આંખ વાઢકાપથી સુધરે છે એમ નથી, પણ **કેટેરેકટોડાઇનથી** કોઇપણ દરદીને નીરાસ થવું પડતું નથી, એમ અનુભવથી સિદ્ધ થયેલું છે. મોતીઆ કઢાવ્યા પછી જેમની આંખ બગડી ગઇ હોય તેને પણ આ દવા લાગુ પડે છે. કીંમત શીશી એકના રૂ૦ ૫, પોસ્ટેજ ૪ આના વધુ.

ડા૦ નવરતન એંડ સનસ—કાલબાદેવી, મુંબઇ.

નાજુક બાંધાની સ્ત્રીઓ માટે

તન્દુરસ્તી.

નાજુક બાંધાની સ્ત્રીઓને વાસ્તે ડાકટરો ખાસ આ ઇલાજની ભલામણ કરે છે. જે સ્ત્રીઓ ગર્ભધારણ કરવાની શક્તિ અતિતીવ્ર હોય છે અને જેમનામાં પ્રસુતિના કષ્ટો વેઠવાની પોતાના નાજુક બાંધાને લીધે બીલકુલ શક્તિ હોતી નથી તેઓને વાસ્તે આ ઇલાજની ખાસ ભલામણ કરવામાં આવે છે. **કીંમત રૂ. ૫, પોસ્ટેજ તથા વી. પી. ચાર આના.**

ડા૦ નવરતન એંડ સનસ—કાલબાદેવી, મુંબઇ.

ડા. રૂ. એ. હકીમના અકસીર ઇલાજો.

શીરપ ઉશબા.

સુપ દેશી વનસપતીમાંથી બનાવેલો જેને માટે સરકારી વડા રસાયણ શાસ્ત્રીએ સરટીફીકેટ આપી છે.

લોહી સુધારનાર, પેટની કબજીઆત દુર કરનાર, ભુખ વધારનાર, ધાતુપુષ્ટ અને ખોરાક હજમ કરનારી દવા છે. લાંબી માંદગીથી ગયલી શકતી પાછી લાવે છે. લોહીના બીગાડથી અનેક દરદો લાગુ પડે છે. જેવાં કે ફુલ્લા, કદરૂપી ચાઠાં શરીર ઉપર ફુટી નીકળે છે તે, કંઠમાલા, નાશુર, ગાંઠ, ખુજલી તથા સરવે પ્રકારનાં ગરમીનાં જખમ તથા એને લગતાં દરદો, સાંધાનું રહી જવું, કલતર, લીવરને લગતાં દરદો, ચાલુ બદહજમી, ઓરતોનાં દરદો, મગજની થાકથી થતી નબળાઈ, એ સરવે બીમારી માટે **શીરપ ઉશબા** રામબાણ ઇલાજ છે. વાપરવાની રીત શીશી સાથે છે.

બાટલીની કીંમત રૂ. ૧.

જવારીશે રૂશતમી.

વીર્ય વરધક તથા શકતીને માટે અકસીર ઇલાજ.

કોઇ પણ રીતની નબળાઇથી ધાતનું જવું, કમતાકાતી, ગુરદા તથા છાતીના દરદો, લકવાનું દરદ, માથાનો ચાલુ દુખાવો, ચકરી, અભ્યાસ કરવાથી આંખની નબળાઇ, પીશાબનું વારંવાર થવું, પાચન શકતીમાં થતો બીગાડો, ગરમીનાં દરદથી થતો લોહીનો બીગાડો, સાંધાનો દુખાવો, કળતર, નજલો, સંધીવા, કમરનો દુખાવો વગેરે મરદ તથા ઓરતને એક સરખો ફાયદો કરે છે. એ પાખ, **નબળા** માણસોને માટે એક ઉત્તમ ચીજ છે. દરેક પ્રકારની નબળાઇ માટે રામબાણ ઇલાજ છે, સેંકડો બીમારોને ફાયદો થયો છે. ખાવાની રીત પાખની ડબી સાથે છે. **કીંમત રૂ. ૧ તથા ૨.**

હકીમની ગરમીના રોગની દવા.

પીશાબના કોઇ પણ જાતનાં દરદ તેમજ ગરમીના રોગથી અથવા તો ખરાબ સંગતથી થતાં વહેતાં દરદને તથા તેમાં થતી અનેક વેદનાઓ ફક્ત સોહજ વખતમાં નાબુદ કરે છે અને એ દવા મરદ તથા ઓરતને બંનેને એકસરખો ફાયદો કરે છે. કીંમત શીશી ૧ ના **રૂ. ૧.**

હરસ તથા મસાને માટે ખાસ થંડો મલમ.

આએ મલમથી હરસ તથા મસામાંથી પડતું લોહી બંધ કરી, મસ્સામાં પડેલા ચીરાને રૂઝવી અકસ્માત તથા સોજો નરમ પાડી હરસ તથા મસાને જડથી નાબુદ કરે છે. કીંમત શીશી ૧ ના **રૂ. ૩.**

ડા૦ આર. ઇ. હકીમસ નરવાઇન ટોનીક પીલ્સ, ધાતુ પુષ્ટની ગોળીઓ.

આ પ્રખ્યાત ઓન હકીમ ઇચ્છાથી બનાવેલી ટોનીક પીલ્સ જલદી વીજળીની માફક તન તથા મનને શકતી આપે છે. એના ગુણો અદભુત છે. નબળી થયલી પાચનશકિતને તેજસ્વી કરે છે; સારી ભુખ લગાડે છે લોહી સુધારે છે. હરકોઇ કીસમની નબળાઇને દુર કરે છે. કુટેવથી કે બુરા રોગથી થયલી નાકતીને દુર કરે છે. ધાતુને પુષ્ટ બનાવી સુધારે છે અને ગયલી શકતી પાછી આપીને દરદીને નિરોગી અને શકિતવાલો ટુંક સમયમાં બનાવે છે. વાપરવાની રીત ડબી સાથે આપેલી છે. ૪૦ ગોળીની ડબીની કીંમત રૂ. ૧.

દરાજ તથા કીડને માટે અકસીર મલમ.

દરાજ, કીડ, ખરજવું તથા એવાંજ ચાંમડીનાં દરદોને જડમુળથી નાબુદ કરે છે. **કીંમત શીશી એકના આના ૪.**

હકીમ "ડેનટીફ્રીસ," સુગંધી દાંતનું મંજન.

દાંતને મોતી જેવા સાફ કરી, થતો દુખાવો નરમ પાડી મજબુતી આપે છે જે વાપરવાથી ખાત્રી થશે. **કીંમત ૪ તથા ૮ આના.**

હરસ, મસા, નાશુર, ભગંદર, પાઠા, કંઠમાલા તથા શરીર ઉપરના બીકટ દરદો ફક્ત સુનાની ઇલાજોથી સારા કરવામાં આવે છે.

ડા૦ રૂસ. વેજીટેબલ હેર ઓઇલ.

આ તેલ ખુશબોદાર, માથાને થંડક આપનાર હોવાથી યાદદાસ્ત તેજસ્વી કરી માથાંના દુખાવાને ફાયદો કરેછે. બાલમાં થતા ખોરા તથા બીજા રોગને અટકાવી ખરતા બાલોની જડને પુષ્ટી આપી

અને તેની વાચા પણ એવી મિલી કે તેનું વાક (વાણી!) ની શકિત તથા કલમથી લખવાથી પણ પરે છે. તેમ જયોતિષી પણ પુરણ છો અને રમલ શાસ્ત્રમાં પણ સંપુરણ છો અને આ વખતનાં મનુષ્ય આવી વિદયાને મુકીને બીજા ઉદયોગમાં છે. પરંતુ પંડિતજી અર્વાચીન પંડિતોનાં સમાન નથી પરંતુ આગળના વખતના વિદ્વાનોના બરાબર સ્વધરમમાં તપ્પર રહે છે, સંપુરણ વરસના વરષફલ ઘણા પરિશ્રમથી બનાવે છે અને તેની નોછાવાર રૂ. ૧ છે. જે પંડિતજીના પ્રાપ્ત થએલા ગુણ આપેક્ષા દશાંશ પણ નથી. વિશેશ શું લખિયે; પંડિતજીના ગુણને ધન્યવાદ છે અને અમારા જન્મગ્રહ પણ મોકલ્યા હતા તેની પણ વિધિ ઘણીજ સારી મેલી હતી.

શ્રીમહાશય પ્રિયવર તમારૂ મુકેલું વરષફલનાં બરાબર ફલ દિન દિન પ્રતિ પ્રપ્ત થઇ રહયો છે, અને મેં ઘણાં લોક પાસે વરષફલ બનાવ્યાં પરન્તુ એવું યથારથ ફલ કોઇને બતાવ્યાથી તદરૂપ નહીં થયું. તમારા સાચા વિચારનો ચમત્કાર અમે અમારા મિત્રોને કહયો છે, અને એવી આસા છે કે એવણ તમારા પાસે વરષફલ બનાવવાની વીનંતી કરશે. મને શોખ એ વાતનો છે કે ઘણાએ માણસ કુંડલી વરષફલના ફલ જાણવામાં એવે ઠેકાણે વૃથા પરિશ્રમ અને ધન ખરચ કરે છે કે જે લોકોના બતાવેલા ફલમાં ધોકો થાય, સેહેજમાં તમારાથી વરષફલ બનાવીને એક વરસ સુધી નિશ્ચિત કેમ નહીં થાય કે જે ઠેકાણોને વિચાર અટલ (સ્થિર) અને લેખ બ્રહ્મ શકિત મય છે. અને અમારા વરષફલ દર વરસે વરષ પુરા થતાંજ મોકલતા રહો, અને મને તો તમારા નિયમ (ધાસ) થી દુપ્પટ દક્ષિણા દેવાગાં પણ સન્તોષ નથી; ઇત્યલમા !

મહારાજ કુમાર શ્રીલાલ ત્રિભુવનપતિ દીનશાહ સિંહજુદેવ જાગીરદાર, પુંદરપુર,

પ્રિયવર પંડિતજી અનેક પ્રમાણ ને પસ્યાત નિવેદન એ છે કે પાછલા વરસે જે વરષફલ તમો મોકલ્યો હતો તે ઘણુંજ ઠીક થયો. તમે યથારથ જયોતિષ વિદયામાં પુરણ પંડિત છો. તમારી જેટલી પ્રશન્સા કરીયે તે થોડી છે. કૃપા કરીને નવા વરષનું વરષફલ મોકલજો.

જગન્નાથ પ્રાસાદ, સેટલમેંટ આફીસર—ખંડવા,

શ્રીયુત પંડિત મુલચન્દજી શરમાએ મેહરબાની કરીને મારૂ વરષફલ બનાવ્યો હતો તેમાં જે જે શુભ તથા અશુભ ફળ તમે લખ્યા હતા તે બધા બરાબર થયા, અને એથી આગલા મોટા મોટા જયોતિષિઓ ઘણીક વાર મને અનેક ફળ બતાવ્યા પણ તે ફળ આના જેવા સત્ય નહીં થાય કે જેવા પંડિત મુલચન્દજીનાં દેખવામાં આવ્યા. તમારૂ કામ વારતવમાં વિશ્વાસ લાયક છે. અમારા દેશના રાજા મહારાજાઓએ પંડિતજીના ઉતમ ગુણની પરીક્ષાની જરૂર કરવી જોઇએ. અમને એ આશા છે કે પ્રત્યેક મોટા માણસ એના કામથી સંતોષ પામશે.

રામદાસ વરમા સમપાદક શ્રી વેંકટેસ્વર સમાચાર—મુંબઇ.

શ્રીયુત પંડિત મુલચંદ શરમા મહારાજ કુમાર શ્રી રાવબહાદુર વંકાજુદેવ જાગીદાર સાહબા અતરાર છત્રપુરની પગેલાગણ અપરંચ જે વરષફળ અમારે સંવત ૧૯૫૪ નું મોકલ્યો હતો તે બાર મહિના સુધી બરાબર મિલ્યું, કાંઇ પણ ફેરક નહી રહયો. તમારી જયોતિષ શાસ્ત્ર વિદયાની તારીફ કેમ સુધી વરણન કરવામાં આવે ?

જાડખડી સિંહ ઇન્સપેકટર પંડિત બહાદુર ગંજથી લખે છે કે આપનો મોકલેલો વરસફળ બરાબર ફળ દિવસ દિવસ પ્રતિ પ્રપ્ત થાય છે. હવે વરસફળ પુરૂ થયું છે તેથી કૃપા કરીને નવો વરસફળ મોકલજો.

I hereby certify that Pandit Mool Chadra Sharma of Ajeraka is a far advanced scholar of "Astrology." At my request he sent me an year extract from my horoscope for verification by my personal experience. The test has proved to be the most satisfactory one, and every event and occurance took place as it was laid down by the Pandit. No doubt the Pandit has hit the mark, and deserves much credit. He who will search him will have his future life searched.

Pandit Ram Harkh-Dy. postmaster—Akola.

SURGEON BONESETTER
DR. FAKIRJEE RATANJEE L. M. & S.

હાડવૈદ,

ડાકટર ફકીરજી રતનજી, એલ. એમ. એન્ડ એસ.

ડાકટરનું વહાડકાપનું, સરવે પ્રકારનું કામ કરવા ઉપરાંત હાડવઈદનું કામ એટલે હાડકાં ભાગેલાં તથા ખસેલાં દરૂસ્ત કરવાનું કામ અસલના દેશી તેમજ હાલના જમાનાના સુધરેલા ઇંગરેજી કાનુન મુજબ ખાસ રીતે ૩૫) વરસ થયાં ખાત્રી પુરવક બજાવે છે. અકસમાતથી હાડ ભાગેલા તથા જખમી થયલા "કેસો" ની પુરતી સંભાલ અને ધ્યાનથી માવજત કરવામાં આવે છે.

ઠેકાણું—બહારકોટ, સર જમશેદજીના અલાહીબાગની નજદીકમાં અબદુલ રહેમાન સ્ટ્રીટ, નંબર ૫૦૦ વાલાં દવાખાનામાં.

મેલાપ—સવારના ૧૧ થી રાતના ૮ વાગા સુધી, બાકીનો રાતનો અને સવારનો વખત નં૦ ૫૦, વાલકેસ્વર રોડ, મલબાર હીલ, ગવરમેનટ ગેટની બાજુમાં રહેવાના મકાનમાં.

રૂશનાઈ માટે ઉત્તમ તક.

મીણબતી નંગ ૫૦ના ફકત રૂ. ૧ એક.	**૪, ૬, ને ૮ કલાક ચાલે તેવી રાતની સ્વદેશી મીણબતી.**	પ્યાલી નંગ ૧ નો ફકત ૧ આનો.

પ્યાલી ભાડે જોઇએ તો નંગ ૧ ની ફકત ૩ પાઇ.

શુધ્ધ મીણમાંથી બનાવેલી સેહેલી, સાફ ને સસ્તી.

મલવાનું ઠેકાણું

કાલબાદેવી	કે૦ એમ૦ નારણજીની કુંપની હીન્દ સ્ટોરસ.
પ્રીનસેસ સ્ટ્રીટ	એન૦ ડી૦ પટેલની કુંપની.
ભુલેસ્વર	લોટસ સોપ કુંપની. થાણાવાલા શરાફની કુંપની.
બોરીબંદર	સ્વદેશી સ્ટોર.
માંડવી જુમા મસીદ	મહમદઅલી પીરાઅલી. દુલભદાસ શામજી
વડગાડી	જેઠા રાગવજી વાઘજી રામજી

સોલ એજન્ટસ—ગોવીંદજી માધવજીની કુંપની, ૬, હમમ સ્ટ્રીટ, ફોરટ.

અમારા ઘરાકોની સવડતાને ખાતર અમોએ દરેક લતા ઉપર એજન્સી આપવાને વીચાર કીધો છે તો એજન્ટોએ તાકીદે પોતાની અરજી નોંધાવવી.

દોસતો અને વ્હાલાંઓની યાદગીરી.

અમારાં પહેલાં વર્ગનાં રંગીન કામો બીજે ઠેકાણે બનતાં હલકાં અને કાચાવાળાં કામોથી કેટલાં બધાં સારાં બને છે તે જેઓએ તે કામો અમારી પાસે બનાવ્યાં છે અને જેઓએ અમારે ત્યાં નજરે જોયાંછે તેઓજ જાણેછે. અમારાં બ્રોમાઇડ એનલારજમેંટો હજારોની સંખ્યામાં ચાલુ થઇ ગયલાં હોવાથી ઉપલાં રંગીન કામોને ગમે તેટલા ખરચના બોજે પણ ચાલુ કરવાના એકજ હેતુથી, હાલ તુરત નફાની કંઇપણ પરવા રાખ્યા વગર, હરીફાઇને લીધે નીચલા ભાવે બનાવી આપીશું.

ઉંચા રંગીનકામોના ભાવો.

તમારી નાની છબી ઉપરથી ૨૦ ઇંચ લાંબી અને ૧૬ ઇંચ પહોળી જાતજાતના ઉંચા સુંદર તમને મનપસંદ રંગોથી તૈયાર કરેલી મોટી "વોટરકલર" છબી બનાવવાના રૂ. ૧૨. ઉપલીજ સાઇઝમાં ઉંચા મનપસંદ તેલના રંગોથી તૈયાર કરેલી "ઓઇલ પેનટીંગ" છબી બનાવવાના રૂ. ૨૦

નીચલી બીના ખાસ જણાવવી.

રંગીન કામોના ઓરડર મોકલતી વખતે વાળનો રંગ, આંખનો રંગ, ચહેરાનો રંગ, કપડાંનો રંગ વીગેરે રંગો કેવા જોઇએ છે તે ખાસ જણાવી જણાવવું.

બીજા વરગનાં રંગીન કામો.

બીજા વર્ગના વોટરકલર રંગીન એનલારજમેંટો રૂ. ૮ માં બનાવી આપવામાં આવશે અને ઓઇલપેનટીંગ રૂ. ૧૨ માં બનાવી આપવામાં આવશે.

સુંદર સેપીઆ કામો.

તમારી નાની છબી ઉપરથી કાબેલ આરટીસ્ટોના હાથના ઉંચી ફીનીશ કરેલા પહેલા વર્ગના
સેપીઆ કામના... ... ... રૂ. ૮.
સેપીઆ ટોન ... ... બીજો વર્ગ ,, ૪.

બ્રોમાઇડ એનલારજમેંટો.

આખી દુનીયામાં પ્રસીદ્ધ ટ્રુથ, પોલીસ રીવ્યુ, ગુજરાતી વીગેરે વરતમાનપત્રો અને સેંકડો લોકોએ વખાણેલાં અમારા ૨૦×૧૬ ની સાઇઝના ૬૦ વરસ સુધી ઝાંખા નહીં પડે તેવા બ્રોમાઇડ એનલારજમેંટો હવે રૂ. ૨ ની ઓછી કીંમતે અમે બનાવીએ છીએ. ને સાથે તમારા ચહેરાનું આખે હુબહુ લોકેટ ચામ **મન પસંદ સુંદર રંગોથી રંગેલું** સોનેરી પેનડનટ અથવા બટ્ટનમાં મઢેલું અને શ્રી કૃષ્ણનું મોટું લોકેટ ચામ પીન સાથે મફત મળશે. **અમે તમારા ચહેરાનું જે સુંદર રંગોથી રંગેલું લોકેટ ચામ સોનેરી ફ્રેમ સાથે મફત આપીએ છીએ તે એકલુ આખા હીંદુસ્તાનમાં રૂ. ૨ ખરચતાં કોઇ બનાવી આપે તેમ નથી.**

(પારસીઓને શ્રીકૃષ્ણનાં લોકેટ સાથેને બદલે પેગમબર જરથોસ્ત સાહેબનું લોકેટ ચામ મળશે.)

ઉપલા તમામ ભાવો ૨૦ ઇંચ લાંબા અને ૧૬ ઇંચ પહોળાં એનલારજમેંટોના છે. મોટી સાઇઝના ભાવો માટે લખી પુછાવવું.

અમે જાહેર કરીએ છીએ કે કીંમતનાં પ્રમાણમાં અમારા જેવું ચોખ્ખું અને સુંદર કામ આખા હીંદુસ્તાનમાં કોઇ બનાવી આપે તેમ નથી. અને તેનું એકજ કારણ એજ છે કે બીજાઓની માફક અમને મકાનોના ભાડાં કે નોકરો વીગેરેના મોટા ખર્ચા એ ધંધા પાછળ કરવા પડતા નથી અને અમારૂં તમામ કામ યુરોપના મોટાં એક્ઝીબીશનોમાં પહેલું ઇનામ મેળવી જનાર અને પહેલે નંબરે આર્ટની પરીક્ષાઓ પસાર કરનાર કાબેલ અને અનુભવી આરટીસ્ટોના હાથેજ બને છે.


વધુ માટે લખો યા મળો:


એ. બી. મહેતા, એમ. આઇ. એફ. એ. સી. (લંડન.)

મેનેજર, ધી બ્રીટીશ ફોટો એનલારજીંગ કુંo

ગોકળદાસ સ્કુલથી જરા આગળ,
૩૭, દાદીશેઠ અગીઆરી સ્ટ્રીટ, કાળબાદેવી, મુંબઇ.

હોતીમભાઇ ગુલામહુસેન એન્ડ બ્રધર્સ,







નં૦ ૧૧૯, ૧૨૧

નાગદેવી સ્ટ્રીટ,

મુંબઇ.





મીલ જીન એન્ડ રેલવે

સટોર સપલાયર

પાઈપ તથા ફીટીંગ

મોટા સટોકમાં

રાખ્યે છે.

TELEGRAPHIC ADDRESS **FITTING Bombay.**

Telephone No. 752.


જાહેર

ગ્રહસ્થો માટે ઉત્તમ જા

એકસેલસીયર

ચાવી વગરનાં લીવરવાળાં ઉત્તમ બનાવતના ઘડીયાલો.
બે વરસની જામીનગીરી આપવામાં આવે છે.

ખરાં રૂપાનાં	૧૮ કેરેટ સોનાનાં
કોટલામાં	કોટલામાં
ઓપન ફેસ રૂ. ૬૫	ઓપન ફેસ રૂ. ૧૬૫
હનટીંગ રૂ. ૭૦	હનટીંગ રૂ. ૨૦૦
હાફ હનટીંગ રૂ. ૭૫	હાફ હનટીંગ રૂ. ૨૦૫



બાનુઓને માટે નાની સાઇઝના ઉપલા ઘડીયાલો
બનાવવામાં આવ્યાં છે.

૧૮ કેરેટ સોનાના કોટલામાં

ઓપન ફેસ રૂ.૧૩૦ હનટીંગ રૂ.૧૬૦ હાફ હનટીંગ રૂ.૧૬૫

વલી ઇનેમલ્ડ અને હીરા જડીત કોટલામાં રૂ.૧૭૫ થી રૂ.૨૫૫ સુધીનાં મલશે.

રોકડે અથવા વેલ્યુપેએબલ પોસ્ટથી મોકલવામાં આવશે.
જુદી જુદી જાતનાં અને ભાવોનાં ઘડીયાલો માટે ચીત્રો સાથનાં પ્રાઇસ લીસ્ટ જુવો.
મોટાં ઘડીયાલો અને સોના રૂપાના દાગીના માટે ખાસ તયાર કરેલાં લીસ્ટ જુવો.

વેસ્ટ એંડ વોચ કુંપની.

મુંબઈ અને કલકત્તા.